
યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/- ● વર્ષ - ૧૭ અંક -૮-૯ ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦

Postal Registration No. GAMC 1417/2018-2020 Valid up to 31-12-2020 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-

સંયુક્ત અંક



## શ્રીમદ્ ભાગવતામૃત વિશેષાંક

# गोविन्द दामोदर स्तोत्रम्

करारविन्देन पदार्विन्दं मुखार्विन्दे विनिवेशयन्तम् ।
वटस्य पत्रस्य पुटेशयानं बालं मुकुन्दं मनसा स्मरामि ॥१॥

श्रीकृष्ण गोविन्द हरे मुरारे हे नाथ नारायण वासुदेव ।
जिह्वे पिबस्वामृतमेतदेव गोविन्द दामोदर माधवेति ॥२॥

विक्रेतुकामाकिलगोपकन्या मुरारिपादार्पितचित्तवृतिः ।
दध्यादिकं मोहवशादवोचद् गोविन्द दामोदर माधवेति ॥३॥

गृहे गृहे गोपवधूकदम्बाः सर्वे मिलित्वा समवाप्य योगम् ।
पुण्यानि नामानि पठन्ति नित्यं गोविन्द दामोदर माधवेति ॥४॥

सुखं शयाना निलये निजेऽपि नामानि विष्णोः प्रवदन्ति मर्त्याः।
ते निश्चितं तन्मयतां व्रजन्ति गोविन्द दामोदर माधवेति ॥५॥

जिह्वे सदैवं भज सुन्दराणि नामानि कृष्णस्य मनोहराणि ।
समस्त भक्तार्तिविनाशनानि गोविन्द दामोदर माधवेति ॥६॥

सुखावसाने इदमेव सारं दुःखावसाने इदमेव ज्ञेयम् ।
देहावसाने इदमेव जाप्यं गोविन्द दामोदर माधवेति ॥७॥

श्रीकृष्ण राधावर गोकुलेश गोपाल गोवर्धननाथ विष्णो ।
जिह्वे पिबस्वामृतमेतदेव गोविन्द दामोदर माधवेति ॥८॥

जिह्वे रसज्ञे मधुरप्रिया त्वं सत्यं हितं त्वां परमं वदामि ।
आवर्णयेथा मधुराक्षराणि गोविन्द दामोदर माधवेति ॥९॥

त्वामेव याचे मम देहि जिह्वे समागते दण्डधरे कृतान्ते ।
वक्तव्यमेवं मधुरं सुभक्त्या गोविन्द दामोदर माधवेति ॥१०॥

संसारकूपे पतितोऽत्यगाधे मोहान्धपूर्णे विषयाभितप्ते ।
करावलंबं मम देहि विष्णो गोविन्द दामोदर माधवेति ॥११॥

## जय गोविन्द जय गोपाल

## શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૧૭ અંક : ૮-૯ ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)**
**શ્રીમતી રૂપા મજમુદાર**

○

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યશેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

### લવાજમ

| | | |
|---|---|---|
| **ભારતમાં** | | |
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

ॐ

जानाम्यहं शेवधिरित्यनित्यं
न ह्यध्रुवैः प्राप्यते हि ध्रुवं तत् ।
ततो मया नाचिकेतश्चितोऽग्नि –
रनित्यैर्द्रव्यैः प्राप्तवानस्मि नित्यम् ॥

**कठोपनिषद : १-२-१०**

નચિકેતા ! હું આ વાતને સારી રીતે જાણું છું કે કર્મોના ફળસ્વરૂપ આ લોક અને પરલોકમાં ભોગસમૂહની જે નિધિ મળે છે, તે ભલે ગમે તેટલી મહાન કેમ ના હોય, એક દિવસ તેનો વિનાશ નિશ્ચિત છે, માટે તે અનિત્ય છે અને આ સિદ્ધ છે કે અનિત્ય સાધનો વડે નિત્ય પદાર્થની પ્રાપ્તિ થઈ શકે નહીં. આ રહસ્યને જાણીને જ મેં નાચિકેત અગ્નિના માધ્યમથી જે કંઈ યજ્ઞાદિ કર્તવ્યકર્મ અનિત્ય વસ્તુઓ દ્વારા કર્યાં, બધાં કામના અને આસક્તિથી રહિત થઈને કેવળ કર્તવ્ય-બુદ્ધિથી કર્યાં. આ નિષ્કામભાવની જ મહિમા છે કે અનિત્ય પદાર્થો દ્વારા કર્તવ્ય-પાલનરૂપ ઈશ્વર-પૂજા કરી મેં નિત્ય-સુખરૂપ પરમાત્માને પ્રાપ્ત કરી લીધા.

## શિવાનંદ વાણી

### ભાગવતપુરાણ અને દશાવતાર

ભાગવતપુરાણમાં ભગવાન વિષ્ણુના વિવિધ અવતારોનું વર્ણન છે. શ્રી વિષ્ણુના દશ અવતાર થયેલા. પ્રત્યેક અવતારનું એક ધ્યેય હોય છે : ધર્મની ઉન્નતિ, અધર્મનો નાશ, પુણ્યાત્માઓનું રક્ષણ અને પાપીઓની સાફસૂફી.

વૈવસ્વત મનુને પ્રલયના સાગરમાંથી બચાવવા માટે ભગવાને મત્સ્યાવતાર ધારણ કરેલો. આ જળપ્રલયમાંથી કેટલીક મૂલ્યવાન વસ્તુઓને બચાવી લેવા માટે એમણે કૂર્માવતાર લીધો. દૈત્યરાજ હિરણ્યાક્ષે જ્યારે પૃથ્વીને ઘસડીને છુપાવી દીધેલી ત્યારે પોતે વરાહ અવતાર લઈને પૃથ્વીનું રક્ષણ કર્યું હતું. ભક્ત પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુના વધ દ્વારા વિશ્વકલ્યાણ કરવા માટે નરસિંહાવતાર થયેલો. રાજા બલિએ તપ કરીને દેવતાઓની શક્તિ છીનવી લીધેલી, તે પાછી અપાવવા વામનાવતારની જરૂર હતી. પરશુરામ અવતાર ધારણ કરીને ભગવાને સૃષ્ટિને ક્ષત્રિયોની સરમુખત્યારીમાંથી મુક્ત કરી. રાવણ વધ માટે રામાવતાર થયેલો. શ્રીકૃષ્ણાવતારમાં કંસનો વધ થયો, ગીતાનું સર્જન થયું અને ભક્તિમાર્ગ આરંભ થયો. પશુઓનું ક્રૂર બલિદાન રોકવા બુદ્ધ અવતાર થયેલો. આ રીતે દુષ્ટોના વિનાશ દ્વારા ધર્મની સ્થાપના હેતુથી ભગવાનનો કલ્કિ અવતાર થશે. **– સ્વામી શિવાનંદ**

**શ્રીમતી કોકિલાબેન ઉપેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) દ્વારા તેમના ૮૪મા જન્મદિવસ પ્રસંગે દિવ્યજીવનના મુદ્રણ માટે સાદર ₹ ૨૧,૦૦૦ ન્યોછાવર**

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. કઠોપનિષદ્ | | ૩ |
| ૨. અનુક્રમ, તહેવાર સૂચિ | | ૪ |
| ૩. સંપાદકીય | તંત્રી, શ્રી સ્વામી અધ્યાત્માનંદજી.. | ૫ |
| ૪. માહાત્મ્ય | | ૬ |
| ૫. પ્રથમ સ્કંધ | | ૭ |
| ૬. દ્વિતીય સ્કંધ | | ૧૦ |
| ૭. તૃતીય સ્કંધ | | ૧૨ |
| ૮. ચતુર્થ સ્કંધ | | ૧૮ |
| ૯. પંચમ સ્કંધ | | ૨૪ |
| ૧૦. ષષ્ઠ સ્કંધ | | ૨૯ |
| ૧૧. સપ્તમ સ્કંધ | | ૩૨ |
| ૧૨. અષ્ટમ સ્કંધ | | ૩૯ |
| ૧૩. નવમ સ્કંધ | | ૪૪ |
| ૧૪. દશમ સ્કંધ | | ૫૦ |
| ૧૫. દશમ સ્કંધ-ઉત્તરાર્ધ | | ૬૫ |
| ૧૬. એકાદશ સ્કંધ | | ૬૮ |
| ૧૭. દ્વાદશ સ્કંધ | | ૭૩ |
| ૧૮. વૃત્તાંત | | ૭૬ |


**કોરોના કોવિડ-૧૯ને કારણે સરકારશ્રીની સૂચના પ્રમાણે આગામી મહિનાઓમાં શિવાનંદ આશ્રમ ખાતે કોઈપણ જાહેર કાર્યક્રમ રાખવામાં આવેલ નથી. જેની સૌ ભક્તોએ નોંધ લેવી.**

**- વિજય સોની, - સચિવ/ટ્રસ્ટી, શિવાનંદ આશ્રમ.**

"અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. સરનામું બદલો ત્યારે સરનામાની ચોકસાઈ માટે વિનંતી.
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું ક્રમ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

## તહેવાર સૂચિ

સપ્ટેમ્બર-૨૦૨૦

| તા. | તિથિ | (ભાદ્રપદ સુદ) |
|---|---|---|
| ૨ | ૧૫ | પૂર્ણિમા, મહાલય (શ્રાદ્ધ પક્ષ) શરૂ |
| | | (ભાદ્રપદ વદ) |
| ૮ | ૬ | સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૩૩મો પ્રાગટ્યોત્સવ |
| ૧૩ | ૧૧ | ઈન્દિરા એકાદશી |
| ૧૫ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૧૭ | ૩૦ | દર્શ અમાવાસ્યા, મહાલય (શ્રાદ્ધ પક્ષ) સમાપ્ત |
| | | (અધિક આસો સુદ) |
| ૧૮ | ૧ | અધિક પુરુષોત્તમ આસો માસ પ્રારંભ |
| ૨૪ | ૮ | ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્યોત્સવ |
| ૨૭ | ૧૧ | કમલા એકાદશી |
| ૨૯ | ૧૩ | પ્રદોષ પૂજા |

ઓક્ટોબર-૨૦૨૦

| | | |
|---|---|---|
| ૧ | ૧૫ | પૂર્ણિમા |
| | | (અધિક આસો વદ) |
| ૨ | ૧ | મહાત્મા ગાંધી જયંતી |
| ૧૩ | ૧૧ | કમલા એકાદશી |
| ૧૪ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૧૬ | ૩૦ | દર્શ અમાવસ્યા, અધિક પુરુષોત્તમ માસ સમાપ્ત |
| | | (આસો સુદ) |
| ૧૭ | ૧ | શારદીય નવરાત્રિ પ્રારંભ |
| ૨૨ | ૬ | શ્રી સરસ્વતી આહ્‌વાન |
| ૨૪ | ૮ | દુર્ગાષ્ટમી |
| ૨૫ | ૧૦ | વિજયાદશમી |
| ૨૭ | ૧૧ | પાશાંકુશા એકાદશી |
| ૨૮ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૩૧ | ૧૫ | શરદ પૂર્ણિમા, મહર્ષિ વાલ્મિકી જયંતી |

## દિવ્ય સ્ફુલિંગ

### દિવ્ય અવતાર

પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ રૂપે જ્યારે અવતર્યા ત્યારે જેટલાં નકારાત્મક પરિબળો એકઠાં થયાં હતાં, તેનાથી વધારે કલ્પના કરવી અશક્ય છે. ભગવાન શ્રીકૃષ્ણના અવતારની ક્ષણમાં પણ બધું જ અ-દિવ્ય, તામસિક - રાજસિક - આસુરી અને અનાધ્યાત્મિક ભર્યું પડ્યું હતું. પરંતુ આવા સાવ જ અશુભ સંજોગો વચ્ચે પણ અંતે દિવ્યતાનો જ્વલંત જયજયકાર થયો !

**- સ્વામી ચિદાનંદ**

## સંપાદકીય

**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**

'શ્રીમદ્ ભાગવત' સંસ્કૃત વાઙ્મયની સર્વોત્કૃષ્ટ પરિણતિ છે. તેનું લક્ષ્ય, સાધન અને શૈલી મહાન તથા વિલક્ષણ છે. તેનું સ્વરૂપ પણ અત્યંત ગંભીર માધુર્ય તથા પ્રસાદપૂર્ણ છે. આ ગ્રંથનો આવિર્ભાવ જીવમાત્રના કલ્યાણ માટે છે. આજે પણ શ્રદ્ધા-ભક્તિ અને ભાવથી નિરખવાથી શ્રીમદ્ ભાગવતના રૂપમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થઈ શકે છે.

ભાગવત્ શબ્દનો અર્થ છે - જે ભગવાન દ્વારા કહેવામાં આવેલ છે. શ્રીમદ્ ભાગવતના અનેક પ્રસંગમાં ભક્તના અર્થમાં 'ભાગવત' શબ્દનો પ્રયોગ થયો છે. ભક્તોનાં હૃદય-દૃષ્ટિ- રોમ-રોમમાં ભગવાનનો નિવાસ છે, ભક્તોના પ્રત્યેક શ્વાસ એકમાત્ર શ્રી પ્રભુના માટે જ હોય છે. તેનું સાધ્ય, સાધન સમગ્ર જીવન પ્રભુ શ્રીચરણે સમર્પિત હોય છે. એવી જ રીતે શ્રીમદ્ ભાગવતજીમાં જે કંઈ છે, સ્વયં જાતે પણ - બધું ભગવાનનું જ છે, સ્વયં ભગવાન જ છે. આ બધું માત્ર પરમ સત્ય હોવા છતાં આધુનિક મનોવૃત્તિ આને ભાવુકતા પણ કહે છે. ભાગવતજીની રક્ષાની આવશ્યકતા નથી. તે તો સ્વયં સુરક્ષિત જ છે, તેથી યુગોથી આ દશાવતાર અને શ્રી રામ કથા તથા શ્રીકૃષ્ણાયનનું ગાયન ભારતીય જનજીવનનાં લોહીના પ્રત્યેક બિંદુ-બિંદુમાં ઓતપ્રોત થયેલ છે. તાર્કિકો તો રહેવાના જ, ચાર્વાકો પણ પ્રત્યેક યુગમાં રહે જ છે. ભક્તજનોનાં હૃદય-જીવન-સ્પંદન, શ્વાસ-પ્રાણને સતત ભક્તિમય અને પ્રભુમય રાખવા માટે ભાગવતજી છે. જગતના ઈતિહાસમાં અનેક પ્રકારના આરોહ-અવરોહ- આંટીઘૂંટી આવ્યાં - ગયાં પછી પણ વેદ, ઉપનિષદ, મનુસંહિતામાં સ્પષ્ટ કથન છે કે ભગવાનના પ્રશ્વાસમાંથી જ ઋગ્વેદ, યજુર્વેદ તથા ઈતિહાસપુરાણ પણ વગેરે પ્રગટ થયાં છે.

**अस्य महतो भूतस्य निःश्वसितमेतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणम्।**

**( वाजसनेयि ब्राह्मणोपनिषद : ४.२२.५ )**

**इतिहासपुराणं पञ्चमं वेदानां वेदम्।**

**( छांदोग्योपनिषदः ७ : १ : २ )**

વેદની જેમ પુરાણ પણ પ્રભુના નિઃશ્વાસમાંથી જ પ્રગટ થયેલા ગ્રંથ છે. વેદનાં ઉપવૃંહણ અર્થાત્ વેદના અનુસંધાનની સરળ સમજણ માટે ઈતિહાસ અને પુરાણને માન્યતા આપવામાં આવેલ છે.

**इतिहासपुराणाभ्यां वेद समुपबृंहयेत्।**

સંસારનો અર્થ છે, જે **संसरति इति** - જે સરકતો જાય છે તે. સંસાર પ્રતિપળ પરિવર્તનશીલ જ છે. સંસારના બધા પદાર્થ પ્રતિક્ષણ મૃત્યુ પ્રતિ જ અગ્રસર થઈ રહેલ છે, છતાં જેમનાં અંતઃકરણ શુદ્ધ છે. પરીક્ષિતની જેમ મૃત્યુના ભયથી મુક્ત, સંસારમાંથી મન અંતર્મુખ કરી લે છે, તેઓ પરમાત્મા પ્રત્યે અગ્રસર થાય છે.

શ્રીમદ્ ભાગવતજી શ્રી શુકદેવજીનું માનવજાતિ માટે અનુપમ દાન છે. ભાગવતજી પ્રભુકૃપા અમૃતનું પ્રત્યક્ષ પ્રમાણ છે, જેના દર્શન- સ્પર્શ, સ્મરણ-અધ્યયન- શ્રવણથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને ભગવાન તથા તેની કરુણાનો સાક્ષાત્ અનુભવ થાય છે.

દિવ્ય જીવનનો આ ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૨૦નો સંયુક્ત 'શ્રીમદ્ ભાગવત્ અમૃત' અંક પ્રસ્તુત કરતાં હર્ષ અને આનંદની લાગણીનો અનુભવ કરીએ છીએ. ભાગવત શ્રીકૃષ્ણ કથામૃત છે. દુઃખી લોકોના દુઃખમાં સુખની સરવાણી ઉત્પન્ન કરે છે. આપણાં જીવન કર્તવ્યપરાયણ અને પ્રભુપરાયણ બને તે જ આકાંક્ષા.. ૐ શાંતિ.

**- સંપાદક**

# માહાત્મ્ય

ૐ

**સચ્ચિદાનંદરૂપાય વિશ્વોત્પત્ત્યાદિહેતવે ।**
**તાપત્રયવિનાશાય શ્રીકૃષ્ણાય વયં નુમઃ ॥**
**(માહાત્મ્ય અ-૧, શ્લોક-૧)**

શાસ્ત્રમાં પરમાત્માનાં ત્રણ સ્વરૂપ કહેવામાં આવેલ છે - સત્, ચિત્ તથા આનંદ. સત્ સર્વત્ર પ્રગટ સ્વરૂપ છે. ચિત્ મૌન તથા આનંદ અપ્રગટ છે. જડ વસ્તુઓમાં સત્ અને ચિત્ છે, પરંતુ આનંદ નથી. જીવમાં સત્ અને ચિત્ પ્રગટે છે, પરંતુ આનંદ તો આપણું સૌનું સાચું સ્વરૂપ છે. તે ભલે અપ્રગટ હોય છતાં **'શાન્તોઽયમ્ આત્મા, આનંદોઽયમ્ આત્મા'** - આપણાં વાસ્તવિક સ્વરૂપ શાંત છે, આનંદ સ્વરૂપ આત્મા છે. માટે જ તૈત્તિરીયોપનિષદ કહે છે, **"યતો વાચો નિવર્તન્તે । અપ્રાપ્ય મનસા સહ । આનંદં બ્રહ્મણો વિદ્વાન્ । ન બિભેતિ કદાચનેતિ । તસ્યૈષ એવ શારીર આત્મા યઃ પૂર્વસ્ય ।"** (તૈ. ૨:૪:૧) જ્યાં મન કે વાણી પહોંચી શકતાં નથી, પાછાં વળે છે, તે બ્રહ્મનો જ્ઞાતા કદી ભય પામતો નથી.

તૈત્તિરીય ઉપનિષદ્‌માં ૧. સાધનજન્ય આનંદ અને ૨. સ્વયં સિદ્ધ આનંદનો ઉલ્લેખ છે. સાધનજન્ય આનંદ એટલે વિષયાનંદ. સાધન હોય તો આનંદ અને સાધનના નાશ સાથે આનંદનો પણ નાશ, પરંતુ જે મુમુક્ષુ બાહ્ય અવકાશમાંથી ચિદાકાશમાં પ્રવેશ કરે અને **આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિઞ્ચિદપિ ચિન્તયેત્ (ગીતા : ૬:૨૫)** સ્થિતિને પ્રાપ્ત થાય ત્યારે તે સદૈવ પરમ ચૈતન્ય સ્વરૂપ પરમાત્મામાં સ્થિત સ્થિર થાય છે.

ભાગવતજીના વક્તા શ્રી શુકદેવજી છે, શ્રોતા પરીક્ષિત છે. કથાનો સાર **"કથાસારં મમ કર્ણરસાયનમ્"** ભાગવતના ગોપી ગીતમાં ગોપીઓ કહે છે,

**જયતિ તેઽધિકં જન્મના વ્રજઃ, શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ ।**
**દયિત દૃશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ॥**
**(ભા. ૧૦ પૂર્વાર્ધઃ ૩૧:૧)**

હે પ્રભો ! અમે તો કેવળ આપના માટે જ જીવી રહ્યાં છીએ.

ભાગવતજીમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની કથા છે. કળિયુગમાં હરિનામ સંકીર્તનનો જ મહિમા કહ્યો છે, જેથી તે વડે દુઃખનો નાશ અને પ્રભુકૃપાનું અમૃત પ્રાપ્ત થાય છે. ભક્તિએ કથામૃતનું પાન કર્યું, તેથી નવયૌવન આવ્યું, પરંતુ જ્ઞાન અને વૈરાગ્ય તો વૃદ્ધ રહ્યા. ભાગવતજીનું માહાત્મ્ય અને ઉપસંહાર એક જ વાત કહે છે કે,

**કલેર્દોષનિધે રાજન્નસ્તિ હ્યેકો મહાન્ ગુણઃ ।**
**કીર્તનાદેવ કૃષ્ણસ્ય મુક્તસંગઃ પરં વ્રજેત્ ॥**
**(ભા : ૧૨:૩:૫૧)**

કળિયુગમાં ભલે અનેક દોષ હોય, પરંતુ એક મોટો ગુણ છે કે સત્યયુગમાં ભગવાન વિષ્ણુનાં ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞ કરવાથી, દ્વાપરમાં વિધિવિધાન સાથે વિષ્ણુપૂજાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે કળિયુગમાં હરિનામ સંકીર્તનથી પ્રાપ્ત થઈ શકે છે.

અહીં આત્મદેવની કથા છે. આ આત્મદેવ છે, આત્મવેદ નથી. જો આતમને ઓળખનારો હોય તો સર્વત્ર બ્રહ્મનાં દર્શન કરે અને ઈશ્વર પ્રદત્ત જે કંઈ છે તેને પ્રસાદ માનીને જીવે, પરંતુ આત્મદેવને પુત્રેષણા છે. પત્ની ધુંધુલી છે, જેની જીવનદૃષ્ટિ સ્પષ્ટ ના હોય તે ધુંધુલી. અંધકારે-અજ્ઞાનના માર્ગે અથડાતો જીવ એટલે ધુંધુલી. તેમનો પુત્ર પણ ધુંધુકારી છે. લંપટ છે અને પ્રેત ગતિને પામે છે. કથા કહે છે કે તે પાંચ વેશ્યાના બંધન કે મોહમાં ફસાયેલો હતો. આ પાંચ વેશ્યા એ પંચેન્દ્રિયના ભોગવિલાસમાં બંધાયેલો જીવ એટલે ધુંધુકારી. ગોકર્ણની કથા દ્વારા તેને મુક્તિ મળે છે. વાંસની ગાંઠનું તૂટવું એટલે ગ્રંથિભેદન કરવું. ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહે છે, અભિમાન ત્યાગો. સેવા

કરો. Give up સંન્યાસી અભિમાન. સંન્યાસીઓ, બ્રાહ્મણો, ડોક્ટરો, વકીલો કે હું પુરુષ તેવા અભિમાનની ગ્રંથિ છૂટે ત્યારે જ આંતર ચૈતન્યમાં પ્રકાશ પથરાય.

જે કામસુખનો ઉપભોગ કરે છે તે યોગાભ્યાસ ન કરી શકે. જો ભોગી યોગી થવા પ્રયત્ન કરે તો તે રોગી જ થવાનો. જ્ઞાન માર્ગમાં જેમનું પતન થાય છે તે નાસ્તિક થાય છે. ભક્તિમાર્ગમાં જેનું પતન થાય તે આસક્ત બને છે. ભાગવતશાસ્ત્રની રચના એક ઉજજવળ જીવનપથ પર મુમુક્ષુને અગ્રસર કરે છે.

ગોપીઓની ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ છે. તેઓ શ્રીકૃષ્ણરૂપ બની છે. ભાગવત ધર્મવ્યવહાર અને પરમાર્થનો સમન્વય કરે છે. સંસારના વિષયોનાં સુખમાં વૈરાગ્ય આવે ત્યારે જ પ્રભુ પ્રત્યે પ્રીતિ જાગે. ભાગવતનો હેતુ જ ભક્ત અને ભગવાનના મિલનનો છે.

## પ્રથમ સ્કંધ

વ્યાસજીએ ભાગવતજીનું લેખન કર્યું. હવે તેને જન-ગણ સુધી કેમ પહોંચાડવું ? લાગ્યું મારે મારા પુત્ર શુકને કહેવું જોઈએ, પરંતુ શુકદેવ તો સદૈવ સમાધિમાં જ રહેતા હતા. તેઓ તેમની માતાના ગર્ભમાં સોળ વર્ષ સુધી રહ્યા અર્થાત્ માતાના ગર્ભમાં રહેલું બાળક દુન્યવી જંજાળથી પરપૃથક્ હોય છે તેવી જ રીતે શુકદેવજી પણ સોળ વર્ષની આયુ થતાંની સાથે વનના માર્ગે જવા લાગ્યા. શુકદેવજીની બ્રહ્મનિષ્ઠા, વૈરાગ્ય, અલૌકિક પ્રેમલક્ષણા ભક્તિનાં દર્શન કરી વ્યાસજી પણ શુકદેવજીની સ્તુતિ કરે છે. તેમને વનમાં જતા દેખીને વ્યાસજી મહાજ્ઞાની હોવા છતાં પુત્ર મોહના કારણે શુકદેવજીની પાછળ દોડે છે. કહે છે, 'હે પુત્ર ! ન જાઓ ! ન જાઓ, પરંતુ શુકદેવજીની ચેતના વૈશ્વિક ચેતના છે. તેમના વતી વૃક્ષો જવાબ આપે છે, 'અમને કોઈ પથ્થર મારે તો પણ અમે ફળ આપીએ છીએ, જ્યારે તમે પુત્ર વિયોગમાં રુદન કરો છો ? આપનો પુત્ર **"આત્મનો મોક્ષાર્થ જગત્ હિતાય ચ"** જગતના હિત માટે આત્માના મોક્ષ માર્ગે સંચરી રહ્યો છે. કેટલા જન્મ આવ્યા અને ગયા. પુત્ર-પિતા, ભાઈ-બંધુ, સગાં-સંબંધી આ બધાંમાં ઈશ્વર દર્શન કરો. મોહ ન રાખો. જે કંઈ દશ્યમાન છે તે બધું જ નાશવંત છે, માટે જે શાશ્વત છે - તેને ચાહો."

વ્યાસજીએ એક શ્લોકની રચના કરી, પોતાના શિષ્યને આ રચના વનમાં જઈ શુકદેવની આજુબાજુ ફરી ગાવા માટે આદેશ કર્યો.

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં**
**બિભ્રદ્ વાસઃ કનકકપિશં વૈજયન્તીં ચ માલામ્।**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃંદૈઃ**
**વૃંદારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ॥**
**(ભા. ૧૦, ૨૧.૫ વેણુ ગીત)**

શ્રીકૃષ્ણ ગોપબાળકો સાથે વૃંદાવનમાં પ્રવેશ કરી રહ્યા છે. મસ્તક પર મોરમુકુટ ધારણ કર્યો છે. કાનમાં કરેણનાં પીળાં પુષ્પ, પીળું પીતાંબર અને ગળામાં પાંચ પ્રકારનાં પુષ્પની વૈજયંતીમાળા ધારણ કરી છે. રંગભૂમિ પર અભિનય કરવા આવી પહોંચેલ શ્રેષ્ઠ નટના જેવી વેશભૂષા છે. વાંસળીમાંથી મધુર સ્વર રેલાવી રહ્યા છે અને તેમની પાસે ગોપબાળકો તેમની લોકપાવન કીર્તિનું ગાયન કરે છે. વૃંદાવનધામ શ્રીકૃષ્ણ ચરણ ચિહ્નોનાં સ્પર્શથી રમણીય બન્યું છે. મોરપીંછ મસ્તક પર ધારણ કરેલ છે, શ્રીકૃષ્ણને મોર વહાલા છે, કારણ મોર ઈન્દ્રિયોથી કામસુખ ભોગવતો નથી, જે કામનો ત્યાગ કરે, કામ એટલે ઐન્દ્રિય એષણાનો ત્યાગ કરે તે જ શ્રીકૃષ્ણનો પ્રેમ સંપાદન કરી શકે.

પ્રથમ સ્કંધ અધિકાર લીલા છે, પ્રાર્થના છે.

**જન્માદ્યસ્ય યતોઽન્વયાદિતરતશ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્**
**તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્સૂરયઃ।**
**તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગોઽમૃષા**
**ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ॥**
**(ભા. ૧.૧.૧.)**

શ્રીમદ્ ભાગવતજીના આ મંગલાચરણમાં

વૈદિકત્વ અને સત્યત્વનું પ્રતિપાદન ખૂબ જ કુશળતાપૂર્વક કરવામાં આવ્યું છે. **સત્યં પરં ધીમહિ**ના વૈદિકત્વને જોઈએ. કઠોપનિષદ કહે છે : **'પુરુષાન્ન પરં કિંચિત્સા કાષ્ઠા સા પરા ગતિઃ'** (કઠઃ ૧ઃ૩ઃ૧૧) પુરુષ સૌથી પૃથક્ છે, તેનાથી પૃથક્ બીજું કંઈ નથી. માટે ભાગવતજીનું સત્ય જડાત્મક સત્ય નથી. તે ચેતનાત્મક સત્ય છે. બધાંના અધ્યારોપ અને અપવાદ પછી જે શેષ રહે તે સત્ય. જે પ્રત્યક્ ચૈતન્યાભિન્ન પરમ સત્ય છે, અમે તેનું અનુચિંતન કરીએ છીએ.

વ્યાસજીના શિષ્યો ગાન કરે છે :

**અહો બકી યં સ્તનકાલકૂટં,**
**જિઘાંસયાપાયયદપ્યસાધ્વી।**
**લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોઽન્યં,**
**કં વા દયાલું શરણં વ્રજેમ॥** (ભા. ૩.૨.૨૩)

જે પૂતના પોતાના સ્તન પર વિષનું લેપન કરીને કૃષ્ણનો વધ કરવા આવેલી તેને પણ કૃષ્ણ મોક્ષ આપે છે, આવું આપના સિવાય અન્ય કોણ કરી શકે?

શ્રીકૃષ્ણનાં આવાં સુખદ અને હૃદયંગમ વર્ણનો સાંભળીને શુકદેવજીને ભાગવતશાસ્ત્ર અધ્યયનની રુચિ ઉત્પન્ન થઈ. માટે જ શુકદેવજી જ્યારે શૌનકાદિ ઋષિઓને કથામૃતનું પાન કરાવે છે ત્યારે કહે છે,

**આત્મારામશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે।**
**કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થમ્ભૂતગણો હરિઃ॥**
(ભા. ૧ઃ૭ઃ૧૦)

જે જ્ઞાની છે, જેમની અવિદ્યાની ગાંઠ ખૂલી ગઈ છે, જે સદા આત્મામાં જ રમમાણ રહે છે તેઓ જ ભગવાનની હેતુરહિત અહેતુક ભક્તિ કરી શકે છે.

**નૈવાતિદુઃસહા ક્ષુન્માં ત્યક્તોદમપિ બાધતે।**
**પિબન્તં ત્વન્મુખામ્ભોજચ્યુતં હરિકથામૃતમ્॥**

મને તૃષા પણ લાગતી નથી છતાં હરિકથામૃતનું પાન કરું છું. તેથી મને ક્ષુધાની પણ પીડા નથી. સૂતજી વર્ણન કરીને કહે છે કે શુકદેવજીએ પરીક્ષિતને કથા સંભળાવી ત્યારે મારા ગુરુદેવ પણ ત્યાં હતા. તેમની પાસેથી મેં સાંભળ્યું છે તે તમને કહું છું. અહીં રાજા પરીક્ષિતના જન્મ, કર્મ અને મોક્ષની કથા તથા પાંડવોના સ્વર્ગારોહણની કથા કહી છે. અહીં પિતૃશુદ્ધિ, માતૃશુદ્ધિ, વંશશુદ્ધિ, અન્નશુદ્ધિ અને આત્મશુદ્ધિ - આમ, પંચાધ્યાયિની કથાનો પ્રારંભ કર્યો છે. ૭ થી ૧૧ અધ્યાયમાં 'બીજ' શુદ્ધિની કથા છે. બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા છે.

અશ્વત્થામા ગુરુપુત્ર છે. તેણે બ્રહ્માસ્ત્ર વડે દ્રૌપદીના પાંચ પુત્રની નિર્મમ હત્યા કરી. અર્જુન અશ્વત્થામાને પકડીને દ્રૌપદી પાસે લાવે છે. દ્રૌપદીની કરુણા, માતૃત્વ અને પવિત્રતમ ભાવનાનું અહીં સુંદર દર્શન છે. કહે છે, મારા આંગણામાં બ્રાહ્મણનું અપમાન ન કરો. તેણે મારાં પાંચ સંતાનની હત્યા કરી છે, તે સત્ય છે, પરંતુ તેની હત્યા કરશો તો તેની માતા કૃપી કોના આધારે જીવશે? કૃપીને પતિ નથી, પુત્ર પણ જાય તો તે બ્રાહ્મણીનું દુઃખ આપણે દેખી શકીએ નહીં. અદ્‌ભુત ! પોતાના પાંચ પુત્રની હત્યા કરનારને દ્રૌપદી ક્ષમા આપે છે. આપણો વેરી-દુશ્મન પણ આપણા આંગણે આવે તો તેનું સન્માન કરવું. ભાગવત કથાનાં શ્રવણથી શાંતિ અને નિર્વૈર વૃત્તિ આવે છે.

પ્રથમ સ્કંધમાં ભીષ્મ પિતામહના મહાપ્રયાણની કથા છે. શરશૈયા ઉપર પોઢેલા ભીષ્મ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. કહે છે કે અત્યાર સુધી મેં મારી બુદ્ધિ નામની કન્યા હસ્તિનાપુરના રાજ સિંહાસન સાથે બાંધી રાખી હતી. પ્રભો ! આ કન્યા- આ બુદ્ધિ હવે આપને સમર્પિત કરું છું, સ્વીકાર કરો.

**ઈતિ મતિરુપકલ્પિતા વિતૃષ્ણા**
**ભગવતિ સાત્વતપુંઙ્ગવે વિભૂમ્નિ।**
**સ્વસુખમુપગતે ક્વચિદ્વિહર્તું**
**પ્રકૃતિ મુપયુષિ યદ્ભવપ્રવાહઃ॥**
(ભાઃ૧ઃ૯ઃ૩૨)

ભક્તિ મૃત્યુને સુધારે છે. અનેક વાર જ્ઞાન મૃત્યુને બગાડે છે. માટે ભગવાનને તમે તમારાં બુદ્ધિ અને હૃદય અર્પણ કરો. પિતામહને જ્ઞાનમાં ભરોસો નથી, સ્તુતિ કરી છે.

त्रिभुवनकमनं तमालवर्णं रविकरगौरवराम्बरं दधाने।
वपुरलककुलावृताननाब्जं विजयसखे रतिरस्तु मेऽनवद्या॥
(ભા.૧:૯:૩૩)

જેમનું શરીર શ્યામ સુંદર છે. ત્રિભુવન સુંદર અને નિલતમાલ સમાન છે, નીલવર્ણ છે, જેમના વદન ઉપર સૂર્યકિરણ સમાન શ્રેષ્ઠ પીતાંબર શોભિત છે અને મુખ પર કમળના સમાન ઊડતી કાળા કેશની લટો આમતેમ વિખરાયેલી છે. દિવ્ય સૌંદર્યનું દર્શન આપે છે તેવા હે અર્જુનના સખા ! શ્રીકૃષ્ણમાં મારી નિષ્કપટ પ્રીતિ થાઓ.

'વિષ્ણુસહસ્રનામ'નો પાઠ ઊંચા સ્વરે કરો. બુદ્ધિ શુદ્ધ થશે. પાપવૃત્તિઓનો વિનાશ થશે. જન્મ-મરણના આવાગમનમાંથી મુક્તિ મળશે. આદિ શંકરાચાર્યજીએ પણ કહ્યું છે, **'ગેયં ગીતાનામ સહસ્રમ્'** ગીતા અને શ્રી વિષ્ણુસહસ્રનામનું આલંબન કરો. જીવન ધન્ય અને સાર્થક થશે.

ધર્મનાં ચાર મુખ્ય અંગ છે : ૧. સત્ય ૨. તપ ૩. પવિત્રતા ૪. દયા. આ ચારેયનો યોગ એટલે ધર્મ. જ્યારે આ ચારેય અંગ ઉપર ધર્મ આધારિત હતો ત્યારે સતયુગ (સત્યયુગ) હતો. અંગ ત્રણ થયાં એટલે ત્રેતાયુગ ધર્મ જ્યારે માત્ર બે અંગ ઉપર આધારિત રહ્યો તે દ્વાપર અને માત્ર એક અંગ ઉપર ધર્મ રહ્યો તે કળિયુગ.

**સત્ય (સત્)** : સત્ય જ પરમાત્મા છે. સત્ય અને પરમાત્મા ભિન્ન નથી. માટે હિતભાષી અને મિતભાષી રહેવું. આવશ્યકતા ન હોય તો મૌન રહેવું.

**તપ** : ઐન્દ્રિયજન્ય સુખોનો ઉપભોગ ન કરવો એટલે તપ અને સત્યનું જીવનમાં અનુશીલન તથા પરિશીલન કરવું એટલે તપ. **'સાચ બરોબર તપ નહીં, જૂઠ બરોબર પાપ નહીં'** તપનો પાયો જ સત્ય છે.

**પવિત્રતા** : લોકોને કપડાંમાં ડાઘ ન પડે તેની ચિંતા છે, પરંતુ જીવનકવનના માર્ગે ચારિત્ર્યમાં કેટલા ડાઘ છે તે વિષે લોકો અજાણ જ હોય છે. મન-વચન અને કર્મમાં ઐક્ય હોય, દંભ, છળ અને કપટ ન હોય; જીવન પારદર્શક હોય તેનું જ નામ પવિત્રતા છે.

**દયા** : ધર્મનું ચોથું ચરણ દયા છે. જે વ્યક્તિ બીજાને જમાડીને જમે છે તે કરુણા, ઉદારતા અને દયાનું મૂર્તસ્વરૂપ છે.

આ ચારેય ચરણોમાં સત્ય સર્વોપરી છે, જ્યાં સત્ય હોય ત્યાં લક્ષ્મી, દાન, સદાચાર, યશનો નિવાસ હોય છે.

સુતજી વર્ણન કરે છે. કળિયુગમાં દાન જ પ્રધાન ધર્મ છે.

પાંડવોએ જ્યારે પોતાના પૌત્ર પરીક્ષિતને હસ્તિનાપુરના સિંહાસન પર સ્થાપિત કર્યો પછી તેઓ હિમાલયમાં શેષ જીવન યાપન કરવા નિવૃત્તિ માર્ગે ગયા. પાંડવોએ જે જે રાજાઓને પરાજય આપ્યો હતો તેમનું ધન પોતાના રાજકોષમાં રાખ્યું હતું. અહીં જરાસંઘનો મુગટ પણ હતો. આ મુગટ અધર્મ, અનીતિ અને અસદ્ સંસ્કારોનો મુગટ હતો. પરીક્ષિત આ મુગટ પહેરીને મૃગયા કરવા જાય છે. તૃષાતુર અવસ્થામાં શમિક ઋષિના આશ્રમમાં જતાં ત્યાં ઋષિ ધ્યાનસ્થ હતા. હું રાજા છું. ઋષિ મારી અવગણના કરે છે તેવું વિચારી પરીક્ષિતે એક મરેલો સર્પ શમિક ઋષિના ગળામાં નાખ્યો અને વિદાય લીધી. સર્પ કાળ સ્વરૂપ છે. જે તમામ ઇન્દ્રિયવૃત્તિઓથી અંતર્મુખ થઈ ભગવત્ ચિંતન કરે છે, તે જ્ઞાની જીવ જ શમિક છે. જ્ઞાની જીવનના ગળામાં સર્પ પહેરાવવાનો અર્થ કાળને મારવો, પરંતુ રાજા રજોગુણ અને ભોગવિલાસી જીવ છે, તેના ગળામાં તો જીવિત સર્પ કાળ લટકે છે.

શમિક ઋષિના પુત્ર શૃંગી ઋષિએ પરીક્ષિતને શ્રાપ આપ્યો છે કે આજથી સાતમા દિવસે તક્ષક નાગ તમને કરડશે અને તમે મૃત્યુને પ્રાપ્ત થશો.

પાપનો મુગટ માથે પહેરે એટલે ભ્રષ્ટ થયેલી બુદ્ધિથી જ માનવ કે જીવ પાપ કરે છે. મુગટ માથેથી ઊતાર્યો ત્યારે પરીક્ષિતને પોતાની ભૂલનું ભાન થયું. જીવ જ્યારે મતિભ્રષ્ટ થાય ત્યારે જાણજો કે કંઈક અશુભ થવાનું છે. પરીક્ષિતના જીવનનું આ પહેલું અને

અંતિમ પાપ હતું. ત્યારબાદ તેણે પાણી પણ પીધું નહીં. વિચાર્યું કે મેં કરેલાં પાપની જ આ સજા છે, તે ઉચિત પણ છે. ચિંતન હંમેશાં સકારાત્મક કરો. વ્યવહાર સકારાત્મક કરો. જ્યારે અનુભવાય કે મૃત્યુ ક્યારેય પણ આવી શકે છે તો પછી પાપ નહીં થાય.

પરીક્ષિત રાજપાટનો ત્યાગ કરી ગંગાતટે આવે છે. ગંગા એટલે જ્ઞાન. જીવનની સાચી સમજણ. મૃત્યુ પૂર્વે તો સાચી સમજણ થવી જ જોઈએ. આખુંયે જીવન અસત્ય આચરણ અને મિથ્યાત્વમાં જીવવાથી મૃત્યુ સમયે સત્યનિષ્ઠા આવી શકે નહીં. જીવનના પ્રત્યેક વિચાર, વ્યવહાર, વાણીને પવિત્ર રાખો. ઈશ્વરાર્પણ ભાવથી જીવો, મૃત્યુનું મૃત્યુ થશે. મૃત્યુની વેદના નહીં થાય.

અહીં ગંગાતટે શુકદેવજીનું આગમન થાય છે. અધિકારી શિષ્ય મળે તો ગુરુ હૃદયમાંથી પ્રસન્ન થાય છે. શુકદેવજી પરીક્ષિતને કહે છે. ભય પામીશ નહીં. હજુ સાત દિવસ બાકી છે. શ્રીકૃષ્ણ કથામૃતનું પાન કર, ભજનાનંદના આનંદમાં મૃત્યુનો ભય વિલય થઈ જશે. જીવ દેહાતીત થઈ પરમ તત્ત્વનો આશ્રય લે છે.

પરીક્ષિત પૂછે છે, પ્રભો મૃત્યુ સમયે જીવ કોનું સ્મરણ કરે ? કોનું ભજન કરે ? કોનો આશ્રય લે તે કહો અને મારી તમામ વૃત્તિઓને પ્રભુમય કરો. લૌકિક રસના ભોગીને કૃષ્ણ કથામૃતનું રસપાન ન મળે. જ્યાં કામનાનો ત્યાગ છે, વાસનામુક્ત જીવન છે ત્યાં જ ભક્તિરસ છે – શ્રીકૃષ્ણ કૃપા છે.

## દ્વિતીય સ્કંધ

ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે. પ્રથમ શ્રી વેદવ્યાસજીનું. બીજું શ્રી શુકદેવજીનું અને ત્રીજું તથા છેલ્લું સુતજીનું. યૌવનમાં મંગલ આચરણની આવશ્યકતા છે. માટે જ શુકદેવજી મંગલાચરણથી કથાનો પ્રારંભ કરે છે.

બીજો સ્કંધ જ્ઞાન લીલા છે.

શુકદેવજી ઉત્તમ વક્તા છે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય છે. જ્યારે જીવ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની ત્રિવેણીમાં અવગાહન કરે ત્યારે જ તેની વૃત્તિ બ્રહ્મમય બને છે.

પરીક્ષિતનો પ્રશ્ન છે, મૃત્યુ નિકટ હોય ત્યારે જીવનનું કર્તવ્ય શું ? અંતકાળે વાત, પિત્ત અને કફનો ત્રિદોષ થાય છે. મૃત્યુની વેદના ભયંકર હોય છે.

**જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખ દોષાનુદર્શનમ્ ।**

**(ગીતા : ૧૩ઃ૮)**

જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને વ્યાધિનાં દુઃખનો વારંવાર વિચાર કરો. સંસારની આંટીઘૂંટીઓમાં મન નહીં બંધાય, વૈરાગ્ય ઉપજશે. વિવેક જાગૃત થશે, ઈશ્વર ચિંતન થશે, જીવન ભાગવત બનશે.

ગીતામાં ભગવાન કહે છે :

**અંતકાલે ચ મામેવ સ્મરન્મુક્તા કલેવરમ્ ।**

**(ગીતા : ૮, ૫)**

અંતકાળે જે મારું સ્મરણ કરતાં દેહત્યાગ કરે છે તે મને પ્રાપ્ત થાય છે. ભગવાનની આજ્ઞા છે,

**તસ્માત્ સર્વેષુ કાલેષુ મામ્ અનુસ્મર ।**

**(ગીતાઃ૮ઃ૭)**

માટે નિરંતર મારું સ્મરણ કર.

**નિદ્રયા હ્રિયતે નક્તં વ્યવાયેન ચ વા વયઃ ।**
**દિવા ચાર્થેહયા રાજન્ કુટુંબભરણેન વા ॥**

**(ભા. ૨ઃ૧ઃ૩)**

મનુષ્યનો મોટા ભાગનો સમય નિદ્રા અને અર્થોપાર્જનમાં જાય છે. વાંચન, વાતો કરવા અને શબ્દજ્ઞાન વધારવામાં જાય છે. પુસ્તકોનું જ્ઞાન અભિમાન આપશે. માટે જે સમય વ્યતીત થઈ ગયો છે તે માટે રુદન કરવાનો અર્થ નથી. વર્તમાનમાં જીવતાં શીખો. વર્તમાનને સુધારો, પરીક્ષિતને સાત દિવસ મળ્યા છે, આપણી કંઈ ખબર નથી, માટે મરણને સુધારવું હોય તો જીવનની પ્રત્યેક ક્ષણને સુધારવી.

મનની બે પ્રકારની મલિનતા હોય છે :

સ્થૂળ મલિનતા અને સૂક્ષ્મ મલિનતા.

શુકદેવજી પ્રારંભમાં વિરાટ પુરુષનું ધ્યાન કરે છે. શુકદેવજીની નિષ્ઠા નિર્ગુણમાં છે, પરંતુ શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન તેમના મનને જ શ્રીકૃષ્ણપ્રેમમાં બાંધી રાખે છે. શાસ્ત્રો વાંચો, પરંતુ વિચાર કરો કે તેનો સાર શું છે?

**આલોહ્ય સર્વશાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ।**
**ઈદમેકં સુનિષ્પન્નં ધ્યેયો નારાયણો હરિઃ॥**

અનેક શાસ્ત્રના અભ્યાસ અને મનન, ચિંતન નિદિધ્યાસનના મંથન પછી એક જ સાર સમજાયો છે કે ભગવાનનું ધ્યાન અને હરિકીર્તન જ મોક્ષ આપી શકે છે. વિષયાનંદી વ્યક્તિ બ્રહ્માનંદને કદીયે ન સમજી શકે. ઉપનિષદમાં દૃષ્ટાંત છે, મીઠાની પૂતળી દરિયાનું ઊંડાણ માપવા ગઈ, દરિયામાં ઓગળી ગઈ. જે એક વાર ઈશ્વરમાં લીન થઈ જાય પછી તેને તેનું જીવત્વ રહેતું નથી, તે શિવ થઈ જાય છે.

ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બંને છે.

દ્વૈત અને અદ્વૈત પણ છે, પરંતુ ઉપનિષદોએ કહ્યું : **રસો વૈ સઃ** । અર્થાત્ ઈશ્વર રસસ્વરૂપ છે. **'કીટ ભ્રમર ન્યાય'**ના સૂત્રે કીડો ભમરીનું ચિંતન કરતાં જાતે જ ભમરી થઈ જાય છે. ભગવાનનું અખંડ ધ્યાન રહે, સાતત્ય રહે, એકમાત્ર પ્રભુ-સ્મરણ જ પ્રત્યેક શ્વાસનો આધાર બની રહે તે જ કૈવલ્ય મુક્તિ છે. **બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ** - વૈરાગ્યની ઈચ્છાવાળો મુમુક્ષુ તીવ્ર ભક્તિયોગથી પરમ પુરુષ પૂર્ણ પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત કરે છે.

**"તીવ્રેણ ભક્તિયોગેન યજેત્ પુરુષં પરમ્"**।

તીવ્રતા વગરની ભક્તિથી કંઈ વિશેષ ઉપલબ્ધિ થતી નથી. મુક્તિ પ્રાપ્ત કરવી હોય તો ભોગનો ત્યાગ કરવો પડે. ભોગ જ્ઞાન અને ભક્તિ બંને સ્થાને ભયસ્વરૂપ છે. ભોગ કરતાં ત્યાગમાં અનંત સુખ છે. ભોગ ઐન્દ્રિયજન્ય સુખ છે. ત્યાગ આત્માનું સંધાન કરાવે છે.

શુકદેવજીને દેહાધ્યાસ નથી. દેહભાન ન હોવાના કારણે તેમણે છેક ચોથા અધ્યાયમાં મંગળાચરણ કર્યું છે. (સ્કંધ : ૨, અધ્યાય-૪, શ્લોક-૧૨)

કથા સાધકને માર્ગ પ્રદર્શિત કરે છે. શુકદેવજીના કથામૃતનું પાન કરવા પરાશરજી અને વ્યાસજી પણ પધાર્યા હતા. ભાગવતના બીજા સ્કંધના અધ્યાય-એક, બે અને ત્રણમાં ભાગવતનો સમગ્ર સાર અને બોધ સમાહિત થાય છે. શુકદેવજી સ્તુતિ કરે છે :

**નમો નમસ્તેઽસ્ત્વૃષભાય સાત્વતાં,**
**વિદૂરકાષ્ઠાય મુહુઃ કુયોગિનામ્।**
**નિરસ્તસામ્યાતિશયેન રાધસા,**
**સ્વધામનિ બ્રહ્મણિ રંસ્યતે નમઃ॥**

**(ભા. ૨.૪.૧૪)**

જે મહાન ભક્તવત્સલ છે અને હઠપૂર્વક ભક્તિહીન સાધનાવાળા મનુષ્ય, જેની છાયાનો પણ સ્પર્શ કરતા નથી, જેમના સમાન અન્ય કોઈનું ઐશ્વર્ય નથી તો પછી તેનાથી વધુ તો ક્યાંથી હોઈ શકે ! તથા જે ઐશ્વર્યયુક્ત થઈને નિરંતર બ્રહ્મસ્વરૂપ જેઓ પોતાના સ્વકીય ધામમાં વિહાર કરે છે તેવા ભગવાન શ્રીકૃષ્ણને હું વારંવાર નમસ્કાર કરું છું.

પ્રેમમાં પક્ષપાત તો થઈ જ જાય. શુકદેવજી રાધાકૃષ્ણને બે વાર નમસ્કાર કરે છે. ભાગવત ટીકાકાર શ્રીધર સ્વામી આ પાંચ વસ્તુઓને નિત્ય માને છે. ભગવાનનું સ્વરૂપ, ભગવાનની લીલા, ભગવાનનું ધામ, ભગવાનનું કામ અને પરિકર.

અહીં સૃષ્ટિની રચનાનું વર્ણન પણ છે. ઈશ્વરને ઈચ્છા થઈ, **'એકોઽહમ્ બહુસ્યામ્'** હું એક છું, અનંત થાઉં. તેમણે ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યાં. પછી પ્રત્યેક તત્ત્વમાં પ્રવેશ કર્યો. તેથી તત્ત્વોમાં ચેતનશક્તિ પ્રગટ થઈ. સાતમા અધ્યાયમાં ભગવાનની લીલાઓ અને અવતારોનું સંક્ષિપ્ત વર્ણન છે.

શુકદેવજી કહે છે કે બ્રહ્માજીએ તપ કર્યું. તેમની નિષ્કપટ ભક્તિનાં દર્શન કરી, પ્રસન્ન થઈ ભગવાને

પોતાના સ્વરૂપનું તેમને દર્શન કરાવ્યું. આત્મતત્ત્વના જ્ઞાન માટે જે પરમ તત્ત્વ પરમાર્થ તત્ત્વનો ઉપદેશ કર્યો તેની કથા હું તમને સંભળાવું છું.

તપ કર્યા વગર કદીયે કોઈ વિશેષ ઉપલબ્ધિ થતી નથી. તપ ન કરે તેનું પતન થાય. અહીં ભગવાને બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવતજીનો ઉપદેશ કર્યો છે. દ્વિતીય સ્કંધના નવમા અધ્યાયના ૩૨ થી ૩૫ શ્લોક ચતુઃશ્લોકી ભાગવત છે.

જ્યારે વિશ્વ અસ્તિત્વમાં ન હતું ત્યારે પણ ભગવાન તો હતા જ. જ્યારે જગત નહીં રહે ત્યારે પણ ભગવાન તો રહેશે જ. ઈશ્વર સિવાય જો કંઈ પણ બીજું દેખાય તો તે અસત્ય છે. તે ઈશ્વરની માયા છે. વિશ્વમાં બધાંનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ જ છે. માટે આ દશ્યમાન સંસાર સત્ય નથી, માયાના કારણે જ દષ્ટિગોચર થાય છે.

માયાની બે શક્તિ છે :

૧. **આવરણશક્તિ :** માયાની આવરણશક્તિના કારણે જ ભગવાન દશ્યમાન નથી, અંતર્ધાન છે. શોધવા પડે, તપ કરવું પડે ત્યારે સહજ થાય.

૨. **વિક્ષેપશક્તિ :** માયાની વિક્ષેપશક્તિ ઈશ્વરના અધિષ્ઠાનમાં જ જગતનું દર્શન કરાવે છે. ઈશ્વરમાં જગત દશ્યમાન થાય છે. જેવી રીતે અંધકારમાં જે છે તે દેખાતું નથી અને જે નથી તે દેખાય છે. આત્મસ્વરૂપનું વિસ્મરણ જ માયા છે. પોતાના સ્વરૂપની વિસ્મૃતિ સ્વપ્ન છે. જગતમાં વિસ્તૃત બ્રહ્મતત્ત્વ એક જ છે, પરંતુ માયાના કારણે અનેકત્વનું દર્શન-ભાસ થાય છે. માયાનું બંધન જીવ સાથે અનાદિ છે. તેના મૂળને શોધી શકાય નહીં.

માયાના ત્રણ પ્રકાર છે :

**૧. સ્વમોહિકા, ૨. સ્વજન મોહિકા, ૩. વિમુખજન મોહિકા**

જેમની દષ્ટિમાં બ્રહ્મતત્ત્વનું સાતત્ય છે, અખંડ છે, તેમને માયા પકડી શકતી નથી. માયા નર્તકી છે. સૌને નચાવે છે. નર્તકીથી વિમુખ થાઓ, કીર્તન થશે. કીર્તન હોય ત્યાં માયા સામ્રાજ્યનો વિસ્તાર ન કરી શકે. માટે માયાપતિ પરમાત્માનું ધ્યાન કરો. ગીતામાં કહ્યું છે **'મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥'** જે મને ભજે છે તે સંસારથી પાર થઈ જાય છે. માટે માયાની ચર્ચા કરવી નહીં. આ ઉપદેશ નારદે વ્યાસજીને કર્યો, તેમાંથી ભાગવતનો પ્રાદુર્ભાવ થયો.

## તૃતીય સ્કંધ

ભાગવતનો તૃતીય સ્કંધ સર્ગલીલા છે.

આપણાં આ શરીર જડ છે. આત્મા ચેતન છે. આમ, આ ચેતનને જડ શરીર કેમ બાંધી શકે ? શરીર સાધન છે - આત્મતત્ત્વને ઓળખવાનું, તેને પ્રાપ્ત કરવાનું. વિદુરજી કૌરવ સભાના મંત્રીપદે છે, પરંતુ કૌરવ-શરીરના બંધનમાં નથી. આત્મસ્થ છે. પવિત્ર ચરિત્રના ધારક છે. માટે જ ભગવાન દુર્યોધનનો રાજભોગ છોડીને વિદુરને ત્યાં ભાજી આરોગવા પધારે છે. વિદુર અને તેમનાં પત્ની સુલભા તમસ પ્રધાન રાજમહેલનો ત્યાગ કરી ભક્તિ ગંગાના તટે કુટિર બાંધીને રહે છે. વિદુર અને સુલભાજી પ્રભુને પ્રાર્થે છે.

**રથારુઢો ગચ્છન્ પથિ મિલિતભૂદેવપટલૈઃ**
**સ્તુતિ પ્રાદુર્ભાવં પ્રતિપદમુપાકર્ણ્ય સદયઃ।**
**દયાસિંધુર્બંધુઃ સકલ જગતાં સિંધુ-સુતયા**
**જગન્નાથઃ સ્વામી નયનપથગામી ભવતુ મે ॥**
**(શ્રી શંકરાચાર્યકૃત જગન્નાથ અષ્ટકમ્)**

પ્રભુ કૌરવ રાજ્યસભામાંથી વિદુરજીને ત્યાં ગયા છે. શ્રીકૃષ્ણને તો સરળ જીવનમાં, નિષ્કપટ નિષ્પાપ જીવનથી પ્રભુ ભક્તિ કરે તે જ પસંદ છે. આડંબર-દંભ, છળ-કપટથી પ્રભુ સદૈવ દૂર રહે છે. માટે જીવનને પારદર્શક બનાવો. **Be true to Thy OWN SELF!**

ઈશ્વરને ભોજન નહીં, ભજન પ્રિય છે. આપણે

સૌ સાથે મળીને ભોજન કરીએ છીએ. પરિવાર સાથે મળીને ભજન પણ કરો, તમારો ગૃહસ્થાશ્રમ વૈકુંઠ થઈ જશે.

શુકદેવજી કહે છે, રાજન ! સંગનો રંગ લાગે છે. માનવ જન્મથી ભ્રષ્ટ નથી હોતો. જન્મ સમયે તો શુદ્ધ હોય છે. જેમ જેમ તેમની સંગત બદલાતી જાય છે તેમ તેમ તેના જીવનના રંગ પણ બદલાતા જાય છે. સત્સંગથી જીવનમાં જાગરણ આવે. જ્ઞાન, પ્રકાશ અને આત્મવિકાસ પ્રગટે. જ્યારે કુસંગથી જીવન અજ્ઞાન, અંધકાર અને અવનતિ પામે છે.

જીવનમાં સત્કાર્ય એવાં કરો કે પ્રભુ વિના આમંત્રણે આપણા આંગણે પધારે. જીવ ઈશ્વર સમાન થઈ જાય તો ભગવાન સ્વયં તેના દર્શને આવે છે. પ્રભુએ ધૃતરાષ્ટ્રને ત્યાં પાણી પણ પીધું નથી. તેથી જ કૌરવોનો નાશ થયો.

શુકદેવજી કથા સંભળાવે છે.

દુર્યોધને પાંડવોના રાજ્યને છીનવી લીધું. પાંડવો વનમાં ગયા. વનમાંથી પાછા આવ્યા ત્યારે પણ તેમને રાજ્ય ન આપ્યું. શ્રીકૃષ્ણ દૂત બનીને આવ્યા. વિદુરજીએ સમજાવ્યા, પરંતુ કૌરવોએ વાત માની જ નહીં. જે બીજા લોકોનું ધન હડપી લે તે ધૃતરાષ્ટ્ર ! ધૃતરાષ્ટ્ર રાજ્યનો પહેલો ધૂર્ત પુરુષ છે. તે બાહ્ય ચર્મચક્ષુથી જ અંધ નથી. તે કામાંધ છે. મોહાંધ છે. રાજ્યસભામાં દુર્યોધન ભગવાનનું તો અપમાન કરે છે. વિદુરજીનું પણ કરે છે. વિદુરે રાજ્યસભાનો ત્યાગ કર્યો તેની સાથે કૌરવોનું પુણ્ય પણ ચાલી ગયું.

**સઃ નિર્ગતઃ કૌરવપુણ્યલબ્ધો। (ભા.૩ઃ૧ઃ૧૭)**

વિદુરજી પોતાની તીર્થયાત્રાનું વર્ણન કરતાં કહે છે :

**ગાં પર્યટન્ મેધ્યવિવિક્તવૃત્તિઃ**
**સદાઽઽપ્લુતોઽધઃ શયનોઽવધૂતઃ।**
**અલક્ષિતઃ સ્વૈરવધૂતવેષો**
**વ્રતાનિ ચેરે હરિતોષણાનિ॥**

**(ભા. ૩.૧.૧૯)**

લોકો તેમને ઓળખી ન લે તે માટે અવધૂત વેશમાં વિદુર ભ્રમણ કરતા હતા. જીવનનિર્વાહ માટે અલ્પ આહાર અને અંગ ઢાંકવા માટે આવશ્યક થોડાં વસ્ત્ર, તીર્થોમાં સ્નાન, ભૂમિ શયન અને પ્રભુનું ધ્યાન. સંતો તીર્થોને પાવન કરે છે. ભારદ્વાજ મુનિ સ્નાન માટે પધાર્યા તો ગંગાજી પચીસ પગથિયાં ઉપર આવ્યાં હતાં. ગંગા જાણતાં હતાં કે લોકો મારી પાસે પોતાના પાપથી મુક્ત થવા આવે છે, આ સંત મને પાપમુક્ત કરવા પધાર્યા છે.

સંપત્તિનો અતિરેક અનર્થ કરે છે. માટે જ સોનાની દ્વારિકા જળમાં ડૂબી ગઈ. તીર્થોમાં જાઓ ત્યારે ખુલ્લાં નેત્રોએ ભગવાનનાં દર્શન કરો. તમારા નેત્રદ્વારથી ભગવાનને હૃદયમાં પધરાવો. પછી ઘેર આવીને તેનું મંગળમય ધ્યાન કરો.

સંતોની ઉપસ્થિતિથી તીર્થો પવિત્ર થાય છે. દ્વારિકામાં ભગવાન શ્રીકૃષ્ણની મનોહરમૂર્તિ છે. કાશીના પ્રમુખ દેવ ભૈરવનાથ છે.

**વિશ્વેશં માધવં ઢુંઢિ દંડપાણિં ચ ભૈરવમ્॥**

એવું કહેવાય છે કે આ શ્લોકનો નિયમિત પાઠ કરવાથી કાશીવાસનું ફળ મળે છે. કાશીના મણિકર્ણિકા ઘાટ પર લખ્યું છેઃ

**મરણં મંગલં અત્ર। સફલં જીવનં અત્ર॥**

શિવજી જ્ઞાનના દેવ છે. કાશી નિવાસ જ્ઞાન આપે છે. માટે જ કાશી જ્ઞાનની નગરી છે. તીર્થ ક્ષેત્રોમાં ગયા શ્રાદ્ધ (પિતૃશ્રાદ્ધ)ની નગરી છે. કાશી જ્ઞાનભૂમિ છે. અયોધ્યા વૈરાગ્યભૂમિ છે. વ્રજ પ્રેમભૂમિ છે. નર્મદાનો તટ તપોભૂમિ છે. **રેવાતીરે તપઃ કુર્યાત્ ।** નર્મદાના કિનારે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ત્રણેય સિદ્ધ થાય છે. તીર્થોમાં ક્રોધ કરવો નહીં. બ્રહ્મચર્યનું પાલન કરવું. માત્ર નિર્ગુણ બ્રહ્મનું ધ્યાન પર્યાપ્ત નથી, સગુણ બ્રહ્મનું ધ્યાન પણ કરવું જોઈએ. પ્રભાસમાં ઉદ્ધવજીને ઉપદેશ આપ્યા પછી ભગવાન ઉદ્ધવને બદરીકાશ્રમ જઈને ભાગવત ધર્મ પાલનની આજ્ઞા કરે

છે, પરંતુ કહે છે કે બદરીકાશ્રમ જતાં પૂર્વે પ્રયાગ જજો. ત્યાં મારો ભક્ત વિદુર છે, તેનાં દર્શન કરજો. સત્સંગ કરજો. લોકો મૃત્યુ સમયે પ્રભુને યાદ કરવા પ્રયત્ન કરે, પરંતુ અહીં સાક્ષાત્ દ્વારિકાધીશ પોતાના મહાપ્રયાણ પૂર્વે વિદુરને યાદ કરે છે. કહે છે, ઉદ્ધવ ! વિદુર મને પ્રાણ-પ્યારો છે. માટે સતત હૃદયમાં ભાવ રાખો. "હે નાથ ! હું તમારો જ છું. બીજા કોઈનો પણ નથી. **કૃષ્ણ તવાઙસ્મિ ન ચાઙસ્મિ પરસ્ય ।** " ઉદ્ધવજીનાં દર્શન કરી વિદુરજીનાં નેત્રો હર્ષ અશ્રુઓથી ભરાયાં.

**આત્માનં ચ કુરુશ્રેષ્ઠ કૃષ્ણેન મનસેક્ષિતમ્।**
**ધ્યાયન્ ગતે ભાગવતે રુરોદ પ્રેમવિહ્વલઃ॥**
**(ભાગવત : ૩:૪:૩૫)**

પુણ્ય કૃષ્ણાર્પણ થઈ શકે, પાપ નહીં.

બ્રહ્માજીએ સૃષ્ટિનું નિર્માણ કર્યું, તેમાં કામને પણ જન્મ આપ્યો. આ કામથી સૌથી પહેલાં બ્રહ્મા જ મોહિત થયા. સૌથી પહેલાં સ્વયંભૂ મનુ અને શતરૂપા રાણી થયાં ત્યારે પૃથ્વી રસાતળમાં ડૂબેલી હતી. બ્રહ્મા વિચારે છે કે પ્રજાનું નિર્માણ થાય તો રહેશે ક્યાં ? બ્રહ્માજીની નાસિકામાંથી વરાહ ભગવાનનું પ્રાગટ્ય થયું. તેમણે પૃથ્વીને રસાતળમાંથી બહાર લાવી મૂકી. હિરણ્યાક્ષ નામનો રાક્ષસ પૃથ્વીને પાતાળમાં લઈ ગયો હતો. વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો.

આ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તે કશ્યપ અને દિતિના પુત્રો હતા. દિતિના પુત્રો દૈત્ય થયા. અદિતિના દેવ થયા. કશ્યપ એક સાંજે ધ્યાનસ્થ હતા ત્યારે દિતિએ તેમને શરીર સાહચર્ય માટે બળાત્કારે ફરજ પાડી. કશ્યપ દુઃખી થયા, પરંતુ દિતિ પણ પાછળથી પશ્ચાત્તાપ કરવા લાગી. તે અકાળે-કસમયે ઐન્દ્રિય ઉપભોગના પરિણામે જ તેમને ત્યાં રાક્ષસ પુત્રો જન્મ્યા. હિરણ્યાક્ષ એટલે જેની આંખો સદૈવ હિરણ્ય એટલે સોના (સ્વર્ણ) ઉપર જ મંડાયેલી રહે તે મહાલોભી. તે જ પૃથ્વીને પાતાળમાં લઈ ગયેલો. ભગવાનના વરાહ અવતારે હિરણ્યાક્ષનો વધ કર્યો.

સંધ્યા સમયે સૂર્ય અને ચંદ્રનાં તેજ ક્ષીણ થાય છે, સૂર્ય બુદ્ધિનો સ્વામી છે, ચંદ્ર મનનો સ્વામી છે. મન અને બુદ્ધિ સંધ્યાકાળે સૂર્ય-ચંદ્રના ક્ષીણ તેજના કારણે દુર્બળ બને છે, તેથી જ મનમાં કામ પ્રવેશ કરે છે. માટે જ સંધ્યા સમયે જપ, ધ્યાન, પ્રાર્થના, ઘંટારવ, શંખનાદ, અર્ચના, આરતી કે ત્રિકાળ સંધ્યા કરવાની પરંપરા છે. સંધ્યાકાળે જે જપ-ધ્યાન કરે છે તેના મનમાં કામ પ્રવેશ કરતો નથી.

આ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ એ બંને શ્રાપના કારણે રાક્ષસ થયા હતા. તેઓ પૂર્વે વૈકુંઠના દ્વારપાળ હતા. તેમણે સનતકુમારોનું અપમાન કર્યું હતું. પ્રભુ તો બ્રાહ્મણોનું હૃદય છે. કદીયે સન્માન ન કરી શકાય તો પણ કોઈનું પણ અપમાન કરશો નહીં. બ્રાહ્મણો શ્રાપ ન પણ આપે, પરંતુ તેમના દુઃખી થયેલા હૃદયના નિસાસા કદીયે કોઈનું કલ્યાણ કરતા નથી. ક્રોધ સાત્વિક હોય કે રાજસિક, ક્રોધ અધ્યાત્મપથની સૌથી મોટી બાધા છે. સનતકુમારોને જય-વિજયે વૈકુંઠમાં પ્રવેશ કરતાં અટકાવ્યા. આ જય અને વિજય એટલે કીર્તિ અને પ્રતિષ્ઠા. કીર્તિ અને પ્રતિષ્ઠા પચાવવાં બહુ દુષ્કર છે. ઈશ્વરમાં અનન્ય ભક્તિ હોય તો જ આ દુષ્કરતાની જાળ-જંજાળમાંથી બચી શકાય. જ્ઞાનીના માટે જ્ઞાન-માર્ગમાં અભિમાન વિઘ્નહર્તા છે. અભિમાનનું મૂળ ક્રોધ જ છે. બ્રાહ્મણને શિક્ષા ન મળે તો તે અજ્ઞાનમાં મરે છે અને જો શિક્ષા કંઈ વધુ મળે તો તે મોટાઈ માટે અભિમાની થઈને મરે છે.

કર્મમાર્ગમાં કામ, ભક્તિમાર્ગમાં લોભ બાધા છે તેમ જ્ઞાનમાર્ગમાં પણ ક્રોધ વિઘ્નકર્તા છે. કામ, ક્રોધ અને લોભ ત્રણેય પુણ્યનો ક્ષય કરે છે.

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ।**
**કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્॥**
**(ગીતા : ૧૬: ૨૧)**

આ કશ્યપ દિતિ પ્રકરણની સમાપ્તિમાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે :

**કામેન કર્મનાશઃ સ્યાત્ ક્રોધેન જ્ઞાનનાશનમ્ ।**
**લોભેન ભક્તિનાશઃ સ્યાત્ તસ્માત્ એતત્ ત્રયં ત્યજેત્ ॥**

વરાહ ભગવાન યજ્ઞાવતાર છે. વર + અહ-વર એટલે શ્રેષ્ઠ અને અહ અર્થાત્ દિવસ. જે દિવસમાં, જે ઘડીએ શ્રેષ્ઠ કર્મ થાય, સારો વિચાર આવે તે જ ઘડી, તે જ મુહૂર્ત, તે જ પળ, તે જ દિવસ શ્રેષ્ઠ.

ગીતા કહે છે **યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ** - યજ્ઞમાં હું જપ યજ્ઞ છું. જે જપ કરે. પ્રભુનો આશ્રિત થઈને રહે તેને આ કામ-ક્રોધ, લોભ કે મોહના વિકાર સતાવતા નથી. જપ-જપના આપનારા-મંત્રદાતા ગુરુ અને જપના અધિષ્ઠાતા દેવતા વચ્ચે ભેદ જાણવો નહીં. આ બધું એક જ છે. જેટલો જપ તમારી અંદર જશે તેટલા વિકારો ઓછા થશે. એક પાત્રમાં ગંદું પાણી હોય તો સારું નાખ્યા જ કરો તો ગંદું નીકળી જશે. શુભ વિચાર કરો. શુભાશયમાં જીવો. શુભ-માંગલ્યની કામના કરો. જીવન દિવ્ય બનશે. જ્યારે પાપનો નાશ થાય ત્યારે જ લોભ મરે. ત્યારે જ હિરણ્યાક્ષનો વધ થાય ત્યારે બ્રહ્મવિદ્યાનું જ્ઞાન બુદ્ધિમાં સ્થાયી થાય.

માનવશરીર એક નગર છે. **નવદ્વારેપુરે દેહી ।** અહીં નવ દરવાજા છે. આપણી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો પર નિયંત્રણ રહે તો જીવન યજ્ઞ સાફલ્ય પ્રાપ્ત કરે. વરાહનું પ્રાગટ્ય થાય. હિરણ્યાક્ષનો વધ થાય.

તૃતીય સ્કંધમાં બે પ્રકરણ છે : પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા.

પૂર્વ મીમાંસામાં વરાહ પ્રાગટ્યની વાત આવી. હિરણ્યકશિપુનો વધ થયો.

ઉત્તર મીમાંસામાં ભગવાન કપિલ નારાયણની કથા છે. કપિલમુનિ જ્ઞાનનો અવતાર છે. સ્વયંભૂ મનુનાં રાણી શતરૂપા. તેમના બે પુત્રો - પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. ત્રણ કન્યાઓ - આકૃતિ, દેવહૂતિ અને પ્રસૂતિ. આકૃતિનું લગ્ન રુચિ સાથે, દેવહૂતિનું કર્દમ સાથે તથા પ્રસૂતિનું દામ્પત્યજીવન દક્ષ સાથે થયું. આ કર્દમ અને દેવહૂતિના સંતાન એટલે કપિલમુનિ.

કપિલ બ્રહ્મજ્ઞાન સ્વરૂપ છે. કર્દમ બની શકાય તો કપિલ અવતરે. કર્દમ એટલે ઇન્દ્રિયોનું દમન કરવાવાળો. કર્દમ એટલે જિતેન્દ્રિય. કર્દમ સરસ્વતીના તટે રહેતા હતા. સરસ્વતી તટ એટલે આત્મવિદ્યા અને સત્કર્મોનો તટ. યમુનાજી ભક્તિસ્વરૂપા છે. ગંગા જ્ઞાન અને સરસ્વતી સત્કર્મ સ્વરૂપ છે.

પ્રભુના કહેવાથી કર્દમે રાજા મનુ અને રાણી શતરૂપાનાં પુત્રી દેવહૂતિ સાથે લગ્ન કર્યાં. પ્રભુએ કહેલું **'હું તમારે ત્યાં પુત્ર થઈને આવીશ.'** આમ, કર્દમે એક પુત્ર થાય ત્યાં સુધી દામ્પત્ય જીવન યાપન કરવાની સંમતિ આપી.

પરંતુ પૂર્વે તેમને નવ કન્યાઓ થઈ. આ નવ કન્યા એટલે નવધા ભક્તિ - શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય અને આત્મનિવેદન. આ નવધાભક્તિ સિદ્ધ થાય ત્યારે કપિલ નારાયણ પ્રગટ થાય છે. આ નવ કન્યાઓ નવ ઋષિઓને કન્યાદાનમાં આપી. કલાને મરીચિ સાથે, અનસૂયાને અત્રિ સાથે, શ્રદ્ધા અંગિરા સાથે, હવિર્ભૂને પુલસ્ત્ય સાથે, ગતિને પુલહ સાથે, ક્રિયાને કલહ સાથે, ખ્યાતિને ભૃગુ સાથે, અરુંધતીને વસિષ્ઠ સાથે અને શાન્તિને અથર્વા ઋષિ સાથે પરણાવવામાં આવી.

કર્દમનું કાર્ય પૂરું થયું. ભગવાન ગર્ભમાં પધાર્યા છે, જાણી આનંદ થયો અને કપિલ મુનિના પ્રાગટ્ય પછી એકાંતમાં તેમની પાસે ગયા. વિવિક્ત ઉપસઙ્ગમ્ય. ભગવાન સાથે વાત કરવી હોય તો ભરી સભામાં નહીં, એકાંતમાં વાત કરવી જોઈએ. કપિલ મુનિએ ભગવાનની આજ્ઞા લઈને સંન્યાસ ગ્રહણ કર્યો. સંન્યાસનો અર્થ છે - **કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।** જે ઈશ્વર માટે જ જીવે તે જ સંન્યાસી. સંન્યસ્ત પછી એક જ માત્ર ચિંતન. **અહં બ્રહ્માસ્મિ ।** ઈશ્વરાર્પણ જીવન થાય તો મુક્તિ મળે. મુક્તિ બે પ્રકારની છે : ૧. **કૈવલ્યમુક્તિ :** અહીં જીવ ઈશ્વરમાં

લીન થાય અને જીવ તથા ઈશ્વરનું ઐક્ય થાય. **૨. ભાગવતી મુક્તિ :** અહીં પણ ઈશ્વરમાં જીવ પ્રેમથી એક તો થાય જ છે, પરંતુ થોડો દ્વૈત ભાવ રાખીને નિત્ય લીલા, નિત્ય સેવામાં મગ્ન રહે છે. કર્દમ ઋષિએ સંન્યાસ ગ્રહણ કર્યો.

હવે કપિલ ગીતાનો પ્રારંભ થાય છે. દિવ્ય પ્રસંગ છે. પુત્ર માતાને ઉપદેશ કરે છે. ભાગવતના આ પ્રકરણમાં નવ અધ્યાય છે. કપિલ ગીતાનો પ્રારંભ ૨૫મા અધ્યાયથી થાય છે. અહીં સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ છે. દેવહૂતિ માતા છે. પુત્ર કપિલ મુનિ પાસે જઈને પૂછે છે, હું પ્રશ્ન કરું તો પ્રત્યુત્તર આપશો. **શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વામ્ પ્રપન્નમ્।**

દેવહૂતિ પૂછે છે : જગતમાં સાચું સુખ ક્યાં છે ? જગતમાં સાચો આનંદ ક્યાં છે ? નિત્ય આનંદ ક્યાં છે ? શાશ્વત આનંદ ક્યાં છે ?

**વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્।**
**પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્॥**
**(ગીતા. અ. ૧૮:૩૮)**

વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી જે સુખ ઉત્પન્ન થાય છે તે આરંભથી ભોગવિલાસ સમયે અમૃત જેવું લાગે છે, પરંતુ પરિણામની દૃષ્ટિએ તે વિષ સમાન જ છે. તેથી તે સુખને રાજસ કહેવામાં આવ્યું છે.

**યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે।**
**આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ॥**
**(ગીતા : ૫ : ૨૨)**

ઐન્દ્રિયજન્ય ઉપભોગ સદા દુઃખ જ આપનારા હોય છે. માટે આરંભથી અંત સુધી બુદ્ધિમાન લોકો આ વિષયભોગ લાલસાથી દૂર જ રહે છે.

ઇન્દ્રિયોના કહેવાતા સુખથી કદીયે તૃપ્તિ થતી નથી. વિવેકરૂપી ધનનું હરણ કરી ઇન્દ્રિયો જીવને સંસારરૂપી અંધકારમાં ધકેલી દે છે. આનંદ બહાર નથી. અંદર છે. આપણું સાચું સ્વરૂપ જ આનંદ છે. **આનંદોઽયમ્ આત્મા.** આનંદ અવિનાશી અંતર્યામી સ્વરૂપ છે. કપિલજી આગળ કહે છે, 'હે માતા ! જો આનંદ શરીરમાં હોય તો તેમાંથી પ્રાણ નીકળી ગયા બાદ આપણે તે નિષ્પ્રાણ શરીરને કેમ સાચવીને રાખતા નથી?'

વિષય જડ છે. જડ પદાર્થોમાં આનંદ રહી શકે નહીં. ચૈતન્યના સ્પર્શના કારણે જ જડ પદાર્થોમાં આનંદનો આભાસ થાય છે. વસ્તુતઃ આત્મા અને પરમાત્માનું ઐક્ય જ સાચો આનંદ છે.

કપિલ મુનિ કહે છે, 'માતા ! આનંદનો વિરોધી શબ્દ નથી. આનંદ તો બ્રહ્મસ્વરૂપ છે. જીવાત્મા પણ આનંદસ્વરૂપ છે. અજ્ઞાનના કારણે જીવ આનંદને બહાર શોધે છે. બાહ્ય આનંદ ભ્રાન્તિ છે, સત્ય નથી.

હે માતા ! જીવના બંધન અને મોક્ષનું કારણ મન જ છે.

**ઉદ્ધરેદાત્માનાઽઽત્માનં નાત્માનમવસાદયેત્।**
**આત્મૈવહ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ॥**
**(ગીતા : ૬ : ૫)**

માનવે પોતાના આત્માનો ઉદ્ધાર જાતે જ કરવો પડે, કારણ કે આત્માનો મિત્ર આત્મા જ છે. આત્માનો શત્રુ પણ આત્મા જ છે અર્થાત્ આપણે જ આપણા મિત્ર કે શત્રુ છીએ.

**ચેતઃ ખલ્વસ્ય બંધાય મુક્તયે ચાત્મનો મતમ્।**
**ગુણેષુ સક્તં બંધાય રતં વા પુંસિ મુક્તયે॥**
**(ભા. ૩:૨૫ : ૧૫)**

જો મન વિષયોમાં આસક્ત થઈ જાય તો તે બંધનનું કારણ બને છે અને જો મન પરમાત્મામાં આસક્ત થાય તો તે મન મોક્ષનું કારણ બને છે.

પાણીનો સ્વભાવ હંમેશાં નીચાણ તરફ વહેવાનો હોય છે, પરંતુ જો તેને પંપ-મોટર વડે પ્રયત્ન કરાય તો તે ઉપર પણ ચઢી શકે છે. મનને જો મંત્ર-જપનો સાથ મળે તો મન મુક્તિ-મોક્ષના માર્ગે અગ્રસર થઈ શકે છે. મનને મંત્રનો સંગ આપો. મન અધોગામી માર્ગ છોડીને ઊર્ધ્વગામી બનશે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે.

આ જગતમાં સુખ માટે બે માર્ગ છે – જ્ઞાનમાર્ગ

અને ભક્તિમાર્ગ. ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજીએ મહાસમાધિ પૂર્વે જે બે શબ્દ લખ્યા હતા તે છે - Detach - Attach. છોડો - જોડો. જ્ઞાનમાર્ગ ત્યાગની વાત કરે છે. ભક્તિમાર્ગ પ્રભુપરાયણ થવાની વાત કરે છે.

જગતમાં અંધકારનું અસ્તિત્વ છે, માટે જ પ્રકાશનું મૂલ્ય છે. સંતોનું પ્રથમ લક્ષણ છે - તિતિક્ષા અને બીજું છે - કરુણા અને છેલ્લે જાણ્યા - અજાણ્યા - જીવ-જડ-ચેતન સૌના પ્રત્યે સદ્‌ભાવ.

હવે કપિલજી ધ્યાનની વાત કરે છે.

મહર્ષિ પતંજલિએ યમ-નિયમ, આસન-પ્રાણાયામ, પ્રત્યાહાર-ધારણા અને ધ્યાનની વાત કરી છે. ભાગવતજીમાં પણ કહેવામાં આવ્યું છે કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાનનો પાયો નાખો. આ મજબૂત મંડાણ ઉપર જ શરીરની સ્થિરતા આવે છે. પ્રાણાયામ વડે તથા ઇન્દ્રિય નિગ્રહ વડે એકાગ્ર થયેલા મનથી જ ધ્યાન થઈ શકે. મોડી રાત સુધી ખાણી-પીણી, ટીવી, મોબાઈલ અને જગતનો વિષાક્ત કચરો મનમાં લાવ્યા કરીએ તો ધ્યાન કદીયે સંભવ ન બને. ધ્યાનનું દ્વાર આત્મસંયમ છે. ઇન્દ્રિય નિગ્રહ છે. પ્રભુ પ્રેમમાં નિષ્ઠા છે. આહારશુદ્ધિ, આચારશુદ્ધિ, વ્યવહારશુદ્ધિ, વાણીશુદ્ધિના મંડાણ ઉપર જ અધ્યાત્મની અટ્ટાલિકાનું નિર્માણ થઈ શકે.

કપિલ ભગવાન માતા દેવહૂતિને ચતુર્ભુજ નારાયણનું ધ્યાન કરવા માટે આદેશ કરે છે.

શુકદેવજી વર્ણન કરે છે:

જેવી રીતે મદિરાથી વ્યક્તિ મદાંધ થઈને દેહભાન ભૂલી જાય છે, તેવી જ રીતે પ્રભુ પ્રેમનો નશો ભક્તને દેહાતીત અવસ્થામાં નિમજ્જ કરે છે.

**સાલોક્યસાર્ષ્ટિ સામિપ્યસારુપ્યૈકત્વમપ્યુત।**
**દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ॥**
**(ભા :૩:૨૯:૧૩)**

મારા નિષ્કામ ભક્ત મારી સેવાનો ત્યાગ કરીને સાલોક્ય, સાર્ષ્ટિ સામિપ્ય, સારુપ્ય અને સાયુજ્ય મુક્તિનો પણ સ્વીકાર નહીં કરે.

**હરિનાં જન તો મુક્તિ ન માગે,**
**માગે જનમ જનમ અવતાર રે।**
**અષ્ટમહાસિદ્ધિ આંગણિયે ઊભી,**
**મુક્તિ છે તેમની દાસી રે।**

કપિલ ભગવાન કહે છે, ''માતા પ્રભુથી વિભક્ત થયેલો જીવ કદી સુખી થતો નથી. પરમાત્માનાં ચરણોનો આશ્રય ગ્રહણ કરીને જે જન્મ-મરણના આવાગમનના ચક્રમાંથી મુક્ત થયો છે તેનું જ જીવન સફળ થયું છે, સાર્થક થયું છે.''

માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ચાલ્યા ગયા. માતાની આજ્ઞા લઈને ગંગાસાગર ગયા. આજે પણ હજારો ભક્તો આ પવિત્ર સ્થળની યાત્રા અને સ્નાન કરે છે.

માતા દેવહૂતિ સરસ્વતી નદીના કિનારે ત્યાગ અને વૈરાગ્ય તથા વિવેકને ઓઢીને બેઠાં. ધ્યાનસ્થ થયાં. જે ધ્યાન કરે છે તેની મન-શુદ્ધિ થાય છે. માનસિક વિકારનો નાશ થાય છે. મનોવિરામ થતાં મન એકમાત્ર આત્મામાં સ્થિર થાય છે.

**શનૈઃ શનૈ-રુપરમેદ્, બુદ્‌ધ્યા ધૃતિ-ગૃહીતયા।**
**આત્મ-સંસ્થં મનઃ કૃત્વા, ન કિઞ્ચિદપિ ચિન્તયેત્॥**
**(ગીતા : ૬ : ૨૫)**

ધૈર્યયુક્ત બુદ્ધિ દ્વારા ધીરે ધીરે ઉપરતિને પ્રાપ્ત થાઓ તથા મનને આત્મામાં સમ્યક્‌રૂપે સ્થિત - સ્થિર કરીએ, (આત્મામાં અચળ કરીને) બીજું કંઈ પણ ચિંતન ન કરો.

માતા દેવહૂતિ નારાયણનું ચિંતન કરતાં નારાયણમાં વિલીન થઈ ગયાં. તેમને જે સ્થળે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ તે સ્થળનું નામ સિદ્ધપુર. અહીં માતૃશ્રાદ્ધ કરવાની પરંપરા છે.

# ચતુર્થ સ્કંધ

ચતુર્થ સ્કંધ વિસર્ગ લીલા છે. પુરુષાર્થ ચાર છે - **ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.**

ચતુર્થ સ્કંધમાં પ્રકરણ પણ ચાર છે.

પ્રથમ પ્રકરણ ધર્મ પ્રકરણ છે, તેમાં સાત અધ્યાય છે. શુદ્ધિ સાત પ્રકારની હોય તો ધર્મના દ્વારમાં પ્રવેશ થાય. ૧. દેશશુદ્ધિ, ૨. કાળશુદ્ધિ, ૩. મંત્રશુદ્ધિ, ૪. દેહશુદ્ધિ, ૫. વિચારશુદ્ધિ, ૬. ઇન્દ્રિયશુદ્ધિ અને ૭. દ્રવ્યશુદ્ધિ.

**અર્થ :** આ પ્રકરણમાં પાંચ અધ્યાય છે. અહીં અર્થપ્રાપ્તિનાં પાંચ સાધન કહેવામાં આવેલ છે - ૧. માતા-પિતાના આશીર્વાદ, ૨. ગુરુકૃપા, ૩. ઉદ્યમ, ૪. પ્રારબ્ધ અને ૫. પ્રભુકૃપા. આ સાધનોથી ધ્રુવને અર્થની પ્રાપ્તિ થઈ.

**કામ :** આ પ્રકરણમાં અગિયાર અધ્યાય છે. આ અધ્યાયોનું કથન છે - કામ અગિયાર ઇન્દ્રિયોમાં વસેલો છે. પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન.

**મોક્ષ :** આ પ્રકરણના આઠ અધ્યાય છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, પ્રકૃતિના આઠ પ્રકાર છે.

**'ભૂમિરાપોડનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ।'**
**(ગીતા : ૭ : ૪)**

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર. આ અષ્ટધા પ્રકૃતિ ઉપર સંયમ મેળવી શકાય તો મોક્ષ મળે.

આમ, એકતાલીસ અધ્યાયનો આ ચતુર્થ સ્કંધ છે.

પહેલો પુરુષાર્થ ધર્મ છે, અંતિમ મોક્ષ. અર્થ એવો થયો કે જે ધર્મનું પાલન કરે તે મોક્ષને પ્રાપ્ત કરે. ગીતાનો પ્રથમ શબ્દ ધર્મ છે (ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે) અને અંતિમ શબ્દ મમ (તત્ર શ્રી વિજયો-ભૂતિર્ ધ્રુવા નીતિર્ - મતિર્ - મમ) ગીતા પણ એ જ કહે છે કે ધર્મનું પાલન કર અને મને પ્રાપ્ત કર. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ છે. માટે અર્થ અને કામ ધર્મના અનુસંધાનમાં જ હોવા જોઈએ. અધર્મ આચરણથી અર્થ કે કામની પ્રાપ્તિ મોક્ષથી વિમુખ કરે છે. **'શ્રી વિષ્ણુસહસ્રનામ'**નું પણ કથન છે. **આચારો પ્રભવો ધર્મઃ।** શ્રેષ્ઠ ધર્મ તમારું આચરણ છે. Your attitude, તમારો વ્યવહાર, તમારી અંદર રહેલી માનવતા, ખાનદાની, વિવેક, વિનય, શીલ, લજ્જા, મર્યાદા આ બધું ધર્મના પાયામાં છે.

અર્થને ધર્માનુકૂળ રાખો. તે અનર્થ ન થાય તે માટે જાગૃત રહો. ધર્મની ગતિ સૂક્ષ્મ છે, ધ્યાન ન રહે તો તે પણ અધર્મ થઈ જાય છે. **'બહુજન હિતાય સુખાય ચ'**ની કામના હોય તો તે ધર્મનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. **સત્યં ભૂતહિતં પ્રોક્તમ્।** ધર્માચરણ કરતી વખતે ભાવ શુદ્ધ રાખો. હૃદય શુદ્ધ રાખો. **સર્વેષામ્ અવિરોધેન બ્રહ્મકર્મ સમારંભે।**

અહીં અત્રિ અને અનસૂયાનું આખ્યાન છે. ન - ત્રિ એ જ અત્રિ, જેમાં સત્વ, રજસ્ અને તમસ્ નથી. જે ગુણાતીત છે. તે જીવ અત્રિ છે. અસૂયા એટલે અદેખાઈ કે ઈર્ષ્યા, જેનામાં અદેખાઈ કે ઈર્ષ્યા નથી તે અનસૂયા. આવાં પવિત્ર ચારિત્ર્ય દંપતી હોય ત્યાં જ દત્તાત્રેયનું પ્રાગટ્ય થાય.

પ્રથમ સ્કંધમાં અધિકારનું વર્ણન છે. ભાગવતના શ્રોતાની યોગ્યતા કહેવામાં આવી. દ્વિતીય સ્કંધમાં જ્ઞાનલીલા છે. મૃત્યુ જ્યારે દ્વારે ઊભું હોય ત્યારે જીવ કેવો વ્યવહાર કરે, મનુષ્યનું તે ક્ષણે શું કર્તવ્ય છે ? વગેરે જ્ઞાન શુકદેવજી મહારાજ દ્વિતીય સ્કંધમાં આપે છે. તૃતીય સ્કંધ સર્ગલીલા છે. જ્યારે ચતુર્થ સ્કંધમાં વિસર્ગલીલા છે.

અહીં દક્ષ યજ્ઞની કથાનું વર્ણન છે.

દક્ષ પ્રજાપતિની સૌથી નાની કન્યા સતીનું લગ્ન મહાદેવજી સાથે થયું છે. દક્ષ પ્રજાપતિએ શિવજીનું અપમાન કર્યું એટલે સતીએ પોતાના શરીરને યજ્ઞમાં ભસ્મીભૂત કર્યું. ભગવાન શિવ તો જગદ્ગુરુ છે. તમામ મંત્રના આચાર્ય શંકર છે. ભગવાન શિવ તો આશુતોષ છે, માન કે અપમાનથી પર-પૃથક્ છે. શિવજી તો ગુણાતીત છે. માટે જ તેઓ નિર્ગુણ બ્રહ્મ વિધિનિષેધાતીત પરમાત્મા છે.

**જગતઃ પિતરૌ વંદે પાર્વતી પરમેશ્વરૌ।**
**ક્રિયાદક્ષો દક્ષઃ ક્રતુપતિરધીશસ્તનુભૃતામ્-**
**ઋષીણામાર્ત્વિજ્યં શરણદ સદસ્યાઃ સુરગણાઃ।**
**ક્રતુભ્રંષસ્ત્વત્તઃ ક્રતુફલવિધાનવ્યસનિનો**
**ધ્રુવં કર્તુઃ શ્રદ્ધાવિધુરમભિચારાય હિ મખાઃ॥**
**(શિવમહિમ્નસ્તોત્ર)**

**ક્રિયા દક્ષઃ અપિ અદક્ષ મૂર્ખઃ।** દક્ષ ક્રિયા દક્ષ નથી, ક્રિયા અદક્ષ છે.

દક્ષ પ્રજાપતિ માત્ર મહાદેવનું જ નહીં, સતીનું પણ અપમાન કરે છે. જ્ઞાન અને ભક્તિ બંનેની અવગણના થાય તે વ્યક્તિ કદીયે દક્ષ હોઈ જ ન શકે. દક્ષ યજ્ઞ પ્રસંગમાં એટલું સ્પષ્ટ થાય છે કે અનન્ય ભક્તિનો અર્થ એ નથી કે એકની ભક્તિ અને બીજાની ઘૃણા કરો. અનેકમાં એક અને એકમાં અનેકનાં દર્શન કરો. ભક્તિનો અર્થ છે, પ્રભુ સર્વવ્યાપક છે. જે સર્વત્ર પ્રભુનાં દર્શન કરે તે જ સાચો વૈષ્ણવ છે.

શિવ પંચાયતનો અર્થ સમજવો જોઈએ.

**પૃથ્વીતત્ત્વ** - ગણેશ. ગણેશ વિઘ્નવિનાશક છે, વિઘ્નહર્તા છે.

**જળતત્ત્વ** - શિવજી. શિવની ઉપાસનાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**તેજતત્ત્વ** - સૂર્ય. સૂર્યોપાસના નીરોગી રાખે છે. **આરોગ્યં ભાષ્કરાત્ ઈચ્છેત ।** પૃથ્વી માટે સૂર્ય પ્રત્યક્ષ દેવતા છે. સૂર્ય છે તો પ્રાણ છે. સૂર્ય છે તો ઊર્જા છે. સૂર્ય છે તો જીવન છે. માટે દરરોજ બાર સૂર્યનમસ્કાર કરો.

**વાયુતત્ત્વ** - પ્રાણતત્ત્વ એટલે માતા પાર્વતી. માતૃ ઉપાસના ધન આપે છે.

**આકાશતત્ત્વ** - વિષ્ણુની ઉપાસના છે. તે પ્રેમ અને ઉદારતા આપે છે.

માનવજીવનનું લક્ષ્ય ભોગ નથી, ભજન છે. સમભાવ, સદ્ભાવ માટે સત્સંગ કરવો જોઈએ. બીનુ **સત્સંગ વિવેક ન હોયે** - વિવેકથી જ વૈરાગ્ય આવે. **'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'** માટે સત્સંગ કરવો. તમામ પંચદેવતાઓની પૂજા એટલે પંચમહાભૂતોનું રક્ષણ. ભાગવતજી પર્યાવરણના રક્ષણની વાત કરે છે. આપણી નદીઓ - પર્વતો, વૃક્ષ-વનરાજીનું સંરક્ષણ કરો. પ્રકૃતિનું રક્ષણ જ પ્રવૃત્તિમય જીવન આપશે. પ્રકૃતિની વિકૃતિ જીવનને અંધકાર તરફ લઈ જશે. પંચદેવપૂજા એટલે પ્રાકૃત જીવન જીવો. જીવન પારદર્શક બને. દંભ, છળ અને કપટમુક્ત બને, ત્યાં જ ઈશ્વર ઉપાસનાનો ઉપોદ્ઘાત થશે.

ભાગવતજીના ચોથા સ્કંધના આઠમા અધ્યાયમાં પ્રથમ પાંચ શ્લોકમાં અધર્મના વંશનું વર્ણન છે. દંભનો પુત્ર લોભ. લોભનો પુત્ર ક્રોધ.

ભાગવતજીનો ઉદ્દેશ છે, હરિરસમાં ડૂબીને રહેવું. નામદેવ દરજી હતા, ગોરા ભક્ત કુંભાર હતા, ભક્ત સેના વાળંદ હતા. સજન કસાઈ હતો. તુલાભાર વૈશ્ય હતો. સૌએ પોતપોતાનાં કામ કરતાં જ્ઞાન અને ભક્તિની પ્રાપ્તિ કરી, વ્યવહારશુદ્ધિના કારણે ભવસાગર તરી ગયા.

હવે અર્થ પ્રકરણનો પ્રારંભ થાય છે. શાંતિ સંપત્તિથી નહીં, પરંતુ સંયમ, સદાચાર અને સત્સંસ્કારથી પ્રાપ્ત થાય છે. સંપત્તિથી વિકારવાસના વધે છે, માટે પહેલાં ધર્મ પ્રકરણ આવ્યું. હવે અર્થ પ્રકરણ.

મનુ મહારાજને બે પુત્ર હતા - પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. પ્રિયવ્રતની કથા પંચમ સ્કંધમાં આવશે. અત્રે ચતુર્થ સ્કંધમાં ઉત્તાનપાદની કથા છે. ઉત્તાનપાદને બે રાણી હતી - સુરુચિ અને સુનીતિ. સુરુચિના પુત્રનું નામ ઉત્તમ અને સુનીતિના પુત્રનું નામ ધ્રુવ. જીવમાત્ર ઉત્તાનપાદ છે. માતાના ગર્ભમાં રહેલ પ્રત્યેક બાળક ઉત્તાનપાદ જ હોય છે. જીવમાત્રની પત્ની પણ બે હોય છે - સુરુચિ અને સુનીતિ. સુરુચિ સૌને વહાલી હોય. સુનીતિ રાખવા આત્મસંયમ કેળવવો પડે. જ્યારે ઈન્દ્રિયો વિષયભોગની લાલસા રાખે, જીવ અધોગતિના માર્ગે જાય તે સુરુચિ જ છે. સુનીતિ અર્થાત્ નિયમ, સંયમ, સદાચાર, શિષ્ટાચાર, અહિંસા, સત્ય વગેરે. ઉત્તાનપાદને પણ સુરુચિ પ્રિય છે, સુનીતિ પ્રિય નથી.

સુનીતિનું ફળ ધ્રુવ છે. ધ્રુવ એટલે શાશ્વત, ચિરંતન, અવિનાશી. અનંત સુખ, બ્રહ્માનંદનો કદી વિનાશ થતો નથી. સુરુચિનો આનંદ ક્ષણિક છે. દુઃખદાયક પણ છે, જ્યારે સુનીતિનો આનંદ પ્રારંભમાં કષ્ટ પ્રદાયક લાગશે, પરંતુ દીર્ઘકાળે તે અનંત સુખનો પ્રદાતા છે.

ધ્રુવની ઈચ્છા પિતાના ખોળે બેસવાની હતી. જ્યારે સુરુચિની ઈચ્છા ઉત્તમમાં હતી, ધ્રુવમાં નહીં. એટલે તેણે ધ્રુવને ઉત્તાનપાદના ખોળે બેસવા દીધો નહીં. હવે ધ્રુવ દુઃખી થઈ અને વનગમન કરે છે. નારદ મહર્ષિથી દ્વાદશાક્ષરી મંત્રની દીક્ષા લઈ કઠોર તપ કરે છે.

ઉચિત જ થયું. જો ધ્રુવ ઉત્તાનપાદના ખોળે બેસવાને માટે શક્તિમાન થયો હોત તો તે પણ સુરુચિને પ્રિય થયો હોત, પરંતુ ધ્રુવની માતા તો સુનીતિ છે. ધ્રુવને મોક્ષનો માર્ગ દેખાડે છે. સાધારણ પિતાના ખોળે બેસવા કરતાં પરમ પિતાના ખોળે બેસવાની પ્રેરણા કરે છે.

**આરાધયાધોક્ષજ પાદપદ્મં**
**યદીચ્છસેઽધ્યાસનમુત્તમો યથા।** (ભા. ૪.૮.૧૯)

જો તું ઉત્તમની જેમ પિતા કે રાજસિંહાસન ઉપર બેસવાની ઈચ્છા કરતો હોય તો શ્રી ભગવાનનાં ચરણકમળની આરાધના કર.

**અનન્યભાવે નિજધર્મભાવિતે**
**મનસ્યવસ્થાપ્ય ભજસ્વ પૂરુષમ્॥**
(ભા. ૪.૮.૨૨)

સ્વધર્મપાલનથી પવિત્ર થયેલા તારા ચિત્તમાં ભગવાન પુરુષોત્તમની સ્થાપના કર અને બધું દુન્યવી ચિંતન છોડીને ભગવદ્ ભજન કર.

**દુઃશીલો માતૃદોષેણ, પિતૃદોષેણ મૂર્ખતા।**
**કાર્પણ્ય વંશદોષેન, આત્મદોષાદ્ દરિદ્રતા॥**

બાળક માતાના દોષના કારણે ચારિત્ર્યહીન, પિતાના દોષના કારણે મૂર્ખ, વંશના દોષના કારણે કાયર અને સ્વયંના દોષના કારણે દરિદ્ર થાય છે.

ગુરુ અધિકારી હોય, શિષ્ય યોગ્ય હોય તો ઈશ્વરકૃપા, ગુરુકૃપા અને આત્મકૃપાની પ્રાપ્તિ અવશ્ય થાય. ધ્રુવ વનગમન કરે છે.

**યત્પ્રસાદં સ વૈ પુંસાં દુરારાધ્યો મતો મમ॥**
(ભા. ૪.૮.૩૦)

સાધારણ લોકો માટે તો ભગવત્પ્રાપ્તિ દુષ્કર હોય જ છે, દુરારાધ્ય પણ ખરી. મોટા મોટા ઋષિઓ અનેક જન્મ સુધી ધ્યાનસ્થ રહે છે, છતાં ઈશ્વરપ્રાપ્તિ નથી થતી ત્યારે ધ્રુવ તો માત્ર સાત વર્ષની વયના છે. ધ્રુવનો અટલ નિશ્ચય જોઈને નારદજી કહે છે :

**ધર્માર્થકામમોક્ષાખ્યં ય ઈચ્છેચ્છ્રેય આત્મનઃ।**
**એકમેવ હરેસ્તત્ર કારણં પાદસેવનમ્॥**
(ભા. ૪.૮.૪૧)

જે વ્યક્તિ ધર્મ-અર્થ, કામ-મોક્ષની આકાંક્ષા કરતી હોય તેના માટે એક જ માત્ર સાધન છે - શ્રી હરિ ચરણોની સેવા.

નારદજીએ ધ્રુવને આજ્ઞા કરી છે :

**તત્તાત ગચ્છ ભદ્રં તે યમુનાયાસ્તટં શુચિ।**
**પુણ્યં મધુવનં યત્ર સાંનિધ્યં નિત્યદા હરેઃ॥**
(ભા. ૪.૮.૪૨)

વત્સ, તારું કલ્યાણ થાઓ. યમુનાતટે મધુવનમાં શ્રીહરિનો નિત્ય નિવાસ છે, ત્યાં જા.

નારદજીએ ધ્રુવને મંત્ર આપ્યો -

**ૐ નમો ભગવતે વાસુદેવાય।**

ગીતામાં કહ્યું છે, 'બહુનાં જન્મનામન્તે' વિદ્વાનોએ કહ્યું, 'ઓછામાં ઓછા ત્રણ જન્મ તો સાધના કરવી જ પડે, પરંતુ ધ્રુવજીને છ મહિનામાં જ ભગવાન મળ્યા છે.

**માસૈરહં ષડ્ભિરમુષ્ય પાદયોશ્છાયામુપેત્યાપગતઃ।**

(ભાઃ૪.૯.૩૦)

ધ્રુવજીએ કહ્યું, 'ભગવદ્ ચરણોની કૃપા' - મને છ મહિનામાં પ્રાપ્ત થઈ છે.

ખરેખર પૂર્વનાં અનેક જન્મનાં પુણ્યોના સંચયના કારણે જ ધ્રુવજીને છ માસમાં પરમાત્માનાં દર્શન થયાં.

ધ્રુવજીએ મધુવનમાં ક્રમશઃ અનશન, અન્ન પછી ફળાહાર, પછી માત્ર જળ અને અંતે વાયુભક્ષણ કર્યો. છેવટે શ્વાસને પણ રોક્યો. ધ્રુવે શ્વાસ રોક્યો તેનાથી સમગ્ર સૃષ્ટિનો શ્વાસ રુંધાવા લાગ્યો. વ્યક્તિ ચેતના જ્યારે સમષ્ટિ ચેતના સાથે એક થાય ત્યારે વ્યક્તિ સમષ્ટિમાં પરિણત થાય છે. ધ્રુવનો નિશ્ચય અટલ હતો. તેમની વૃત્તિ બ્રહ્માકાર થઈ ગઈ હતી. પહેલાં જપ વૈખરી હતો, પછી ઉપાંશુ થયો. અંતે માનસિક થયો. ધ્રુવજીની તપશ્ચર્યાથી દેવલોક પણ પ્રભાવિત થયું. તેમની પ્રાર્થનાથી પ્રભુ ધ્રુવ સમક્ષ પ્રગટ થયા. પ્રભુનું કથન છે, 'હું દર્શન આપવા નહીં ધ્રુવનાં દર્શન કરવા આવ્યો છું' માટે કહેવામાં આવ્યું છે -

**મધોર્વનં મર્ત્યદિદૃક્ષયા ગતઃ।**

પ્રભુ પ્રગટ થતાં, ધ્રુવજીનાં હૃદયાકાશમાંથી શ્રીનારાયણ વિગ્રહ અન્તર્ધાન થઈ ગયો. ધ્રુવજી અકળાઈ ગયા. તેમણે નેત્રો ખોલ્યાં, પરંતુ તેઓ કશું બોલી શક્યા નહીં ત્યારે નારાયણ ભગવાને તેમના શંખ દ્વારા ધ્રુવજીના ગાલનો સ્પર્શ કર્યો ત્યારે ધ્રુવજીએ સ્તુતિ કરી છે :

**યોઽન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તાં**
**સંજીવયત્યખિલ શક્તિધરઃ સ્વધામ્ના।**
**અન્યાંશ્ચ હસ્તચરણશ્રવણત્વગાદીન્**
**પ્રાણાન્નમો ભગવતે પુરુષાય તુભ્યમ્॥**

(ભા. ૪.૯.૬)

પ્રભુ આપ સર્વશક્તિ સંપન્ન છો. આપે જ મારાં અંતઃકરણમાં પ્રવેશ કરીને આપ જ આપના તેજથી મારી વાણીને ચેતનયુક્ત કરો છો તથા મારા હાથ-પગ, કાન-ત્વચા વગેરે તમામ ઇન્દ્રિયોમાં પ્રાણ પૂરો છો. એવા હે અન્તર્યામી ! હું આપને વંદન કરું છું. મારી બુદ્ધિમાં પ્રવેશ કરીને તેને સત્કર્મની પ્રેરણા આપનારા હે નાથ! હું આપને વારંવાર વંદન કરું છું.

માત્ર સાધનાથી ઈશ્વરદર્શન થતાં નથી. કૃષ્ણ સાધના સાધ્ય નથી, તે કૃપા સાધ્ય છે. સાધના તો કરવી જ પડશે, પરંતુ દેહાભિમાનનો ત્યાગ કરીને જ્યારે જીવ વ્યાકુળ થઈ જાય, દર્શન માટે હૃદયથી આક્રંદ કરી રડી પડે ત્યારે પ્રભુ દર્શન આપે છે. માટે જ કઠોપનિષદમાં કહ્યું છે :

**નાયમાત્મા પ્રવચનેન લભ્યો**
**ન મેધયા ન બહુના શ્રુતેન।**
**યમેવૈષ વૃણુતે તેન લભ્ય-**
**સ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનૂઃ સ્વામ્॥**

(કઠ : ૧-૨-૨૩)

આ આત્મોપલબ્ધિ વેદાભ્યાસથી પ્રાપ્ત થતી નથી, તે બુદ્ધિચાતુર્યથી પણ ઉપલબ્ધ નથી કે શાસ્ત્ર શ્રવણથી પણ નહીં. જે આત્માનુસંધાન-વરણ કરે છે, તેને જ તેની પ્રાપ્તિ થાય છે. આત્મા તેને જ પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે.

સાધ્યની પ્રાપ્તિ થયા બાદ પણ સાધનાની ઉપેક્ષા કરવી જોઈએ નહીં. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ કહે છે, "લોટાને રોજ માંજવો-અજવાળવો પડે, નહીં તો તે કાળો પડી જાય." સાધનાનું પણ તેવું જ છે. જ્યાં સુધી નદી સમુદ્રમાં એકરૂપ ન થઈ જાય ત્યાં સુધી તેણે વેગ છોડવો જોઈએ નહીં. ધ્રુવજીએ સ્તુતિ કરી છે.

જે નિષ્કામ છે, નિર્વિકાર છે, જેના મનનો નિરોધ થઈ ગયો છે તેને જ બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે. બ્રહ્માકાર વૃત્તિ જ્યારે થાય ત્યારે આ 'હું' અને 'તું'ના ભેદ મટી જાય છે, તેનું અસ્તિત્વ જ રહેતું નથી. ભગવાન પ્રસન્ન થયા છે, ધ્રુવને ૩૬૦૦૦ વર્ષના

રાજ્ય પછી પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ છે. આ ૩૬૦૦૦ વર્ષ એટલે **સતુ દીર્ઘકાલનૈરન્તર્ય સત્કાર સેવિતો દૃઢભૂમિઃ । (પાતંજલ યોગસૂત્ર : ૧ : ૧૪)** સાધનામાં નિરંતરતા હોવી જોઈએ. દીર્ઘકાળ સુધી જ્યાં સુધી લક્ષ્યપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મક્કમ મન-દૃઢ સંકલ્પ સાથે રુચિ સાથે સાધના કરવી જોઈએ.

જ્યારે શ્રીરામ વનગમનમાંથી પાછા આવ્યા ત્યારે સૌથી પહેલાં કૈકેયી અંબાનાં દર્શને ગયા. ''માતે ! તમારા થકી જ મને આ અગણિત સંતો-ઋષિમુનિઓનાં દર્શન અને સત્સંગનો લાભ મળ્યો.'' તેવી જ રીતે ધ્રુવજીએ પણ વનમાંથી પાછા આવીને પહેલાં સુરુચિ માતાનાં દર્શન કર્યાં છે.

ધ્રુવનો રાજ્યાભિષેક થયો ત્યારે એક દિવસ તેમનો અનુજ ઉત્તમ જ્યારે મૃગયા કરવા ગયો ત્યારે યક્ષ દ્વારા તેને મારી નાખવામાં આવ્યો. આમ થવાથી ધ્રુવજીએ યક્ષ-કુબેર ઉપર ચઢાઈ કરી યુદ્ધ કર્યું. ત્યાં તેના પિતામહ મહારાજ મનુ પધાર્યા અને યુદ્ધ થયું. ભીષણ યુદ્ધ કર્યું. પિતામહે કહ્યું : "વીરનું સૌંદર્ય ક્ષમા છે." મનુ મહારાજ કહે છે :

**તિતિક્ષયા કરુણયા મૈત્ર્યા ચાખિલજંતુષુ।**
**સમત્વેન ચ સર્વાત્મા ભગવાન્ સંપ્રસીદતિ॥**
**સમ્પ્રસન્ને ભગવતિ પુરુષઃ પ્રાકૃતૈર્ગુણૈઃ।**
**વિમુક્તો જીવનિર્મુક્તો બ્રહ્મ નિર્વાણમૃચ્છતિ॥**
**(ભા. ૪.૧૧.૧૩/૧૪)**

પોતાનાથી મોટા-વડીલો પ્રત્યે સહનશીલતા, નાનાઓ પ્રત્યે દયા, સમાન વયસ્ક સાથે મૈત્રી અને સમસ્ત જીવો સાથે સમાન વર્તાવ કરવાથી જ પ્રભુ પ્રસન્ન થાય છે. તિતિક્ષા - સહનશીલતા, સર્વજન પ્રતિ કરુણા અને જગત્‌ના પ્રત્યેક જીવ પ્રત્યે મૈત્રી - આ ત્રણ ગુણોથી સંપન્ન વ્યક્તિ સુખી થાય છે.

પ્રભુના વહાલા ભક્તો મૃત્યુ અર્થાત્ કાળના મસ્તક ઉપર પગ મૂકીને વૈકુંઠ જાય છે. ભાગવતજીના ચોથા સ્કંધના બારમા અધ્યાયના ત્રીસમા શ્લોકમાં લખ્યું છે, ધ્રુવજી મૃત્યુના મસ્તક ઉપર પગ મૂકીને વિમાનમાં બેસી વૈકુંઠ ગયા છે.

**મૃત્યોર્મૂર્ધ્નિ પદં દત્ત્વા આરુરોહાદ્‌ભુતં ગૃહમ્।**
**(ભા. ૪:૧૨:૩૦)**

ભગવાનના ભક્તો મૃત્યુથી ભય પામતા નથી. ભક્તને ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ પ્રાપ્ત થાય પછી તે અભય. અહીં આ અભય, નિર્ભય અને ભયને સમજવું પડે. સુગ્રીવ ઋષ્યમૂક પર્વત ઉપર વાલીના ભયથી જીવે છે. વિભીષણને રાવણનો ભય નથી, તેની શ્રીરામમાં ભક્તિ છે, તેથી તે નિર્ભય છે, પરંતુ શ્રી હનુમાનજીની નિષ્ઠા... હું છું જ નહીં. બધું શ્રીરામ જ કરે છે, તેથી તે અભય છે. ધ્રુવજી કાળથી ભય પામતા નથી. જાણે છે તે પણ ઈશ્વરનું જ બીજું સ્વરૂપ છે.

ધ્રુવાખ્યાન સમજાવે છે કે કોઈ પણ કાર્યનું ઈચ્છા અનુસાર પરિણામ ત્યારે જ આવે કે જ્યારે દૃઢ સંકલ્પ હોય, "કાર્ય સિદ્ધ કરીશ નહીં તો દેહ ત્યાગ કરીશ." **"દેહં વા પાતયામિ કાર્યં વા સાધયામિ।"**

અહીં ધ્રુવાખ્યાન સમાપન થાય છે.

ધ્રુવજીના વંશજ હતા-પ્રચેતા. તે વંશમાં એક રાજા થયા-અંગ. અંગનો પુત્ર હતો-વેન. અંગ સદાચારી હતા. વેન દુરાચારી હતો. વેનના શાસનકાળમાં પ્રજા બહુ દુઃખી થઈ. જ્યારે અધર્મ બહુ વધ્યો, વેનનો અત્યાચાર - દુરાચાર વધ્યો ત્યારે બ્રાહ્મણોના હૃદયની આર્તવ્યથાના પુણ્યબળે વેનનું મૃત્યુ થયું. વેન રાજાના શરીરનું મંથન કરવામાં આવ્યું, તેમાંથી એક કાળો પુરુષ પ્રગટ થયો. વેનની ભુજાઓના મંથનમાંથી પૃથુ મહારાજનું પ્રાગટ્ય થયું.

કાળા પુરુષનું પ્રગટીકરણ થવાનું કારણ વેનની નાભિના નીચેના ભાગનું મંથન હતું. શરીર નીચેનો ભાગ ઉત્તમ નથી, અધમ છે. દુર્ભાગ્યે વેનની ભુજાઓનું મંથન થયું. જો હૃદયનું મંથન કરવામાં આવ્યું હોત તો સાક્ષાત્ નારાયણ પ્રગટ થયા હોત.

પૃથુ મહારાજ અર્ચન-ભક્તિનું સ્વરૂપ છે. તેમનાં રાણીનું નામ અર્ચિ છે. તેમના શાસનકાળમાં પ્રજા સુખી થઈ. તેમણે અશ્વમેધ યજ્ઞ પણ કર્યો. અશ્વનું બીજું નામ મનોજ છે. મનોજ કામદેવનું નામ પણ છે. આ અશ્વ વાસના સ્વરૂપ છે. જો તે કોઈના બંધનમાં ન બંધાય તો તે આત્મસ્વરૂપમાં લીન થાય છે.

સનત્કુમારોના સત્સંગથી પૃથુને વિવેક અને વૈરાગ્યની પ્રાપ્તિ થતાં તેઓ રાણી અર્ચિ સાથે વનમાં ગયા, તપ કર્યું અને મોક્ષની પ્રાપ્તિ કરી. આ વનમાં ગયા પછી તપ આવશ્યક છે. દુર્ભાગ્ય છે કે આજકાલ જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ વૃત્તિ બ્રહ્માકાર થતી નથી, ટીવી આકાર, મોબાઈલ આકાર થતી જાય છે. પહેલાં લોકો સવારે ઊઠીને **'પ્રભાતે કરદર્શનમ્'** કહેતા, જેથી ભગવાન વિષ્ણુ, માતા સરસ્વતી, ભગવતી લક્ષ્મીનું ધ્યાન કરતા. શુદ્ધ-સાત્ત્વિક પ્રભાતનો આરંભ થતો. હવે **પ્રાતઃકાળે સ્મરે TV, મધ્યાહ્નેડપિ પુનઃ તથા દીવા રાત્રૌ TV TV, TV પરાદેવતા** થયું છે. જેવા વિચાર સાથે ઊઠશો કે ઊઠીને વિચારશો તેની અસર આખોયે દિવસ રહેશે અને જેવું જોઈ-વિચારીને નિદ્રાધીન થશો તેની અસર તમારાં અચેતન મન ઉપર સમગ્ર રાત્રિ દરમિયાન રહેશે. માટે જ ગુરુદેવ સ્વામી શિવાનંદજી કહેતા - **"Start the day with God, End the day with God. Feel the day with God. This is the only way to God."** સંસારમાં રહેવાનું ખોટું નથી. સંસાર આપણા જન્મ પૂર્વે હતો. સંસાર વગર આપણાં જીવન સંભવ નથી. એક રોટલાની પાછળ મોટું વિશ્વ છે. મૃત્યુ પછી પણ સંસાર વગર આપણો ઉદ્ધાર નથી. સંસારમાં જ રહેવાનું છે. નૌકા પાણીમાં જ રહે, પરંતુ પાણી નૌકામાં આવે તો ન ચાલે.

મહર્ષિ નારદે બર્હિરાજાને પુરંજન આખ્યાન સંભળાવ્યું છે.

પુરંજન એટલે પુરમાં રંજન કરે તે. તેનો એક મિત્ર હતો - અવિખ્યાત. શ્વેતાશ્વતરોપનિષદના ચતુર્થ અધ્યાયના છઠ્ઠા શ્લોક-મંત્રમાં કહ્યું છે :

**દ્વા સુપર્ણા સયુજા સખાયા,**
**સમાનં વૃક્ષં પરિષસ્વ જાતે।**
**તયોરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્ત્ય-**
**નશ્નન્નન્યો અભિચાકશીતિ॥**

**(શ્વેતાશ્વતર ૪.૪.૬)**

એક વૃક્ષ પર બે પક્ષી બેસે છે. બંને મિત્ર પણ છે. બંને સમાન સ્વભાવવાળાં નથી. એક પક્ષી વૃક્ષ ઉપર લાગેલાં ફળનો આસ્વાદ લે છે. બીજું પક્ષી મૌન-ધ્યાનથી તેને દેખે છે. અનેક વાર મૌન પક્ષી બોલે છે, કહે છે, "તે ફળ ખાઈશ નહીં, તે કડવું હશે," પરંતુ પહેલું પક્ષી આ સલાહની પરવા કર્યા વગર કડવાં ફળ પણ ખાય છે અને દુઃખી થાય છે. આ બંને પક્ષી એટલે જીવાત્મા અને પરમાત્મા. જીવાત્મા વિષય ભોગમાં રુચિ ધરાવે છે. પરમાત્મા અનેક વાર તેને સાવધાન કરે છે, પરંતુ તે ભોગ ભોગવીને દુઃખી થાય છે.

આ પુરંજનને પણ દેહ-ગેહના વિષયાનંદમાં અત્યંત રુચિ છે, તે પુરંજની બુદ્ધિને પરણે છે. તે પુરંજનીની જાતિ, ભેદ, આચાર-વિચારની પરવા કર્યા વગર પરણ્યો. ભેંસને દેખી બળદને કામ વિકાર થતો નથી. પશુઓમાં પણ સંયમ હોય છે. અસંયમી જીવ જ વિકાર અને વાસનાની પરંપરા ઊભી કરે છે. પુરંજન અને પુરંજનીથી અગિયારસો સંતાન થયાં તેમ કહ્યું છે. આ સંતાનો એટલે કામના કે વાસનાઓ, જેની કદીયે પૂર્તિ થતી નથી. કામના અને વાસના રક્તબીજ સમાન છે. રક્તનાં જેટલાં ટીપાં જમીન ઉપર પડે તેટલા નવા રક્તબીજ ઉત્પન્ન થાય, તેવું જ ઈચ્છાઓનું છે. ઈચ્છાઓને પંપાળ્યા કરીએ તો તેનો વિસ્તાર જ થશે. સતત સ્ત્રીઓનું ચિંતન કરતા પુરંજનનો નવો જન્મ સ્ત્રીનો જ થયો. માટે જ Old testament કહે છે. "How ye thinketh, so ye becometh." તમે જેવું વિચારશો તેવી જ જીવનશૈલીને પ્રાપ્ત થશો.

કર્મ કરવાથી ચિત્તશુદ્ધિ થાય તો ભક્તિની પ્રાપ્તિ

થાય. પુરંજનની માફક આપણે પણ આ અવિજ્ઞાત મિત્ર છે. આપણો હિતચિંતક આપણો આત્મા, પરંતુ આપણને આ આત્માના અવાજને સાંભળવાની ટેવ જ નથી. માટે જપ કરો, ધ્યાન કરો, અંતર્નાદ - અનાહત નાદ સંભાળશે.

ભગવાનના નામ-રૂપ, ગુણ-પ્રભાવ, લીલાઓનું શ્રવણ-કીર્તન, સ્મરણ-પાદસેવન, અર્ચન-વંદન, દાસ્ય-સખ્ય અને આત્મનિવેદન - આ નવધા ભક્તિ છે. આ પ્રચેતાઓએ નારાયણ સરોવરના તટે સાધના કરી. સાધના માટે કહેવામાં આવ્યું છે. **It must be everyday, systemetically, Scientifically, Regularly, without fail and with Interest.** સાધનામાં રુચિ અને સાતત્ય બંને જોઈએ. શિવજી ઉપર જલાધારીમાંથી શિવલિંગ ઉપર અખંડ જળની ધારા વહે છે. સાધના પણ અખંડ હોય તો જ અખંડ, અનાદિ, અવિનાશી, પરમતત્ત્વની પ્રાપ્તિ થાય. માટે જ ભગવાન કહે છે, 'એક ડગલું તો ચાલ, હું દશ ડગલાં ચાલીશ.'

**ગૃહેષ્વાવિશતાં ચાપિ પુંસાં કુશલકર્મણામ્।**
**મદ્વાર્તાયાતયામાનાં ન બંધાય ગૃહા મતાઃ॥**
**(ભાગ. ૪.૩૦.૧૯)**

જે મનુષ્ય ભગવત્ અર્પણ બુદ્ધિથી કાર્ય કરે છે અને જેની વૃત્તિ મારી કથાવાર્તામાં વ્યતીત થાય છે તે ભલેને ગૃહસ્થાશ્રમી હોય તેનું ઘર જ વૈકુંઠ છે, તેને બંધનનું કોઈ કારણ નથી અર્થાત્ તે સંસારની માયાજાળમાં ફસાતો નથી કે સંસાર તેને ફસાવી શકતો નથી. માટે જ ભગવાન ભાષ્યકાર આદિશંકરાચાર્યજી કહે છે :

**ષડંગાદિવેદા મુખે શાસ્ત્રવિદ્યા**
**કવિત્વાદિગદ્યં સુપદ્યં કરોતિ।**
**હરેરંઘ્રિ પદ્મે મનશ્ચેન્ન લગ્નં**
**તતઃ કિમ્ તતઃ કિમ્ તતઃ કિમ્ તતઃ કિમ્॥**
**(શંકરાચાર્યકૃત ગુર્વષ્ટકમ્ઃ૩)**

ષડંગાદિ વેદોનું જ્ઞાન હોય, શાસ્ત્ર વર્ણિત સુવિદ્યા કંઠસ્થ હોય, કવિત્વમય વાણીમાં સુંદર ગદ્ય-પદ્યની રચના કરવા સક્ષમ હોય, પરંતુ જો હરિચરણમાં રતિ-મતિ ન હોય આ બધાંનો કોઈ હેતુ નથી. તાત્પર્ય નથી, અર્થ નથી.

નારદ મહર્ષિએ પ્રભુકૃપા પ્રાપ્તિ માટે ચતુર્થ સ્કંધમાં ત્રણ માર્ગ દર્શાવ્યા છે.

**દયયા સર્વભૂતેષુ સંતુષ્ટ્યા યેન કેન વા।**
**સર્વેન્દ્રિયોપશાન્ત્યા ચ તુષ્યત્યાશુ જનાર્દનઃ॥**
**(ભાગ. ૪ઃ૩૧ઃ૧૯)**

જીવમાત્ર પ્રત્યે દયા, જીવનમાં સદા સંતોષ, ઐન્દ્રિય નિગ્રહ કે આત્મસંયમ - આ ત્રણ જો જીવનમાં હોય તો પ્રભુ સદૈવ પ્રસન્ન રહે છે. માટે **Think Positive. Act Positive. Abide in supreme Bliss.**

## પંચમ સ્કંધ

શ્રી શુકદેવજી મહારાજ કહે છે, પરીક્ષિત તને દુર્લભ જ્ઞાનામૃતનું પાન કરાવું છું. ભાગવતશાસ્ત્રમાં સર્ગ-વિસર્ગ, સ્થાન-પોષણ, ઉતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય વગેરે દશ વિષયનું વર્ણન છે. અહીં જે દશમ આશ્રય તત્ત્વ છે, તેનો અર્થ થાય અધિષ્ઠાન. અદ્વૈત વેદાન્તમાં જેને અધિષ્ઠાન કહેવામાં આવે છે, તેને ભાગવતજીમાં આશ્રય કહેવામાં આવે છે.

પંચમ સ્કંધ સ્થાન લીલા છે, સ્થિતિ લીલા છે.

શ્રી શુકદેવજી કહે છે, શ્રીમદ્ ભાગવત કથા સાત દિવસોમાં મુક્તિ આપે છે. વક્તા અધિકારી હોય અને શ્રોતા સાવધાન થઈને કથા શ્રવણ કરે તો સાંસારિક વિષયો પ્રત્યે ક્રમશઃ અરુચિ વધતી જાય અને પરમાત્મા પ્રત્યે રુચિ જાગ્રત થતી જાય.

જ્ઞાની અને ભક્તનું લક્ષ્ય તો એક જ હોય છે, પરંતુ સાધન જુદાં જુદાં છે.

ભાગવત પરમહંસનું કહેવું છે -
**વાસુદેવઃ સર્વમિતિ ।**

શંકરાચાર્યજી બ્રહ્મને સત્ય અને જગતને મિથ્યા કહે છે. જ્યારે વૈષ્ણવોનું કથન છે. જગત મિથ્યા નથી તે બધું જ પરમાત્મ સ્વરૂપ છે. વેદાંતીનો વિવર્તવાદ છે. વૈષ્ણવોનો પરિણામવાદ છે. જ્ઞાનીઓનો વિવર્તવાદ એટલે દૂધમાંથી દહીં બને છે, પરંતુ દહીં દૂધ નથી.

ભાગવતનો પંચમ સ્કંધ બ્રાહ્મણ અર્થાત્ ભાષ્યરૂપ કે વ્યાખ્યારૂપ છે. દ્વિતીય સ્કંધમાં ગુરુએ સાધન આપ્યું. ત્યારબાદ વાદજ્ઞાન આપ્યું. જ્ઞાનને જીવનમાં કેવી રીતે ઉતારવું તે તૃતીય તથા ચતુર્થ સ્કંધની સર્ગ-વિસર્ગ લીલાઓમાં કહ્યું.

ભાગવતજીનું કથન છે, ગૃહસ્થાશ્રમ એક ગઢ છે - કિલ્લો છે, તેમાં જીવની પાછળ પડેલા ષડ્રિપુ-કામ, ક્રોધ-લોભ, મોહ-મદ અને મત્સર તેની સાથે લડવાનું છે. આ છ શત્રુઓનો વિજેતા ગૃહસ્થાશ્રમી હોય તો પણ તે વાનપ્રસ્થી- વનવાસી છે.

બ્રહ્માજીની આજ્ઞાથી રાજા પ્રિયવ્રતે દામ્પત્યજીવનમાં પ્રવેશ કર્યો. બ્રહ્માજીનું કથન છે, દામ્પત્ય જીવનમાં સ્વલ્પકાલીન બંધનથી જ વિકાર વાસનાનો ક્ષય થાય છે, માટે જ ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થનું કથન છે.

વૈરાગ્ય વિના બ્રહ્મજ્ઞાન ટકી શકે નહીં. 'તીરકીટ ધા' બોલવાનું સરળ છે, પરંતુ મૃદંગ ઉપર આટલું વગાડવા માટે છ મહિનાનો અભ્યાસ જોઈએ. બ્રહ્મજ્ઞાનની વાતો કરવાનું સરળ છે, પરંતુ વૈરાગ્ય વગર ત્યાગ ટકી શકે નહીં અને ત્યાગ વગર પ્રભુ દર્શન સંભવ નથી.

મહાપુરુષોની સેવા મુક્તિનું દ્વાર છે. કામીઓની સેવા કે સંગ દુઃખનું દ્વાર છે. યોગ વાસિષ્ઠમાં જ્ઞાનની સાત ભૂમિકાઓ કહેવામાં આવેલ છે : ૧. શુભેચ્છા ૨. સુવિચારણા ૩. તનુમાનસા ૪. સત્ત્વાપત્તિ ૫. અસંસક્તિ ૬. પદાર્થભાવિની ૭. તુર્યગા.

**૧. શુભેચ્છા :** આત્મકલ્યાણ હેતુ, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના શરણમાં જઈને ઉપદેશ અનુસાર શાસ્ત્રોનું અવલોકન - અધ્યયન કરીને આત્મવિચાર તથા આત્મસાક્ષાત્કારની ઉત્કટ ઈચ્છા કરવી તે શુભેચ્છા છે.

**૨. સુવિચારણા :** સદ્ગુરુ કથિત ઉપદેશ વચનો તથા મોક્ષશાસ્ત્રોનું વારંવાર ચિંતન તથા વિચાર કરવો તે સુવિચારણા છે.

**૩. તનુમાનસા :** શ્રવણ-મનન અને નિદિધ્યાસનથી શબ્દાદિ વિષયો પ્રતિ જે અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિના અભ્યાસથી બુદ્ધિની જે તનુતા-સૂક્ષ્મતા પ્રાપ્ત થાય તેને તનુમાનસા કહેવામાં આવે છે.

**૪. સત્ત્વાપત્તિ :** ઉપરોક્ત ત્રણેય સાધનાથી સાક્ષાત્કાર સુધીની સ્થિતિ અર્થાત્ નિર્વિકલ્પ સમાધિરૂપ સ્થિતિ જ સત્ત્વાપત્તિ છે. જ્ઞાનની ચોથી ભૂમિકા સમ્પન્ન પુરુષ બ્રહ્મવિત્ કહેવાય છે.

**૫. અસંસક્તિ :** ચિત્ત વિષયક પરમાનંદ અને નિત્ય અપરોક્ષ એવી બ્રહ્માત્મ ભાવનાના સાક્ષાત્કારરૂપ ચમત્કાર અસંસક્તિ છે, જેમાં અવિદ્યા તથા તેનાં કાર્યને કોઈ સંબંધ હોતો નથી, તેને જ અસંસક્તિ કહેવાય.

**૬. પદાર્થભાવિની :** પદાર્થોની દૃઢ અપ્રતીતિ થાય તે પદાર્થભાવિની છે.

**૭. તુર્યગા :** અવસ્થાત્રયથી મુક્તિ એટલે તુર્યગા. બ્રહ્મને જે અવસ્થામાં આત્મારૂપ અને અખંડ જાણી શકાય તે અવસ્થા તુર્યગા છે.

આ સાતેય ભૂમિકામાં પ્રથમ ત્રણ ભૂમિકા સાધન કોટિની છે. જ્યારે અન્ય ચાર જ્ઞાન કોટિની છે. ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો. જ્ઞાનની ભૂમિકા પર પહોંચતાં જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે. આત્માનુભૂતિ થાય છે. આત્મા શરીરથી ભિન્ન છે. ક્રમશઃ આ ભૂમિકાઓ પરથી પસાર થતાં સાધક દેહાતીત થઈ ઉન્મત્ત દશાને પ્રાપ્ત કરે છે. ઋષભદેવજીની આવી દિવ્ય સ્થિતિ હતી.

યૌવનમાં જ વૈરાગ્ય ન આવે, સાંસારિક વિષયો

પ્રત્યે અરુચિ ન થાય તો પ્રભુભક્તિ પ્રાપ્ત નથી થતી. વિષયો પ્રત્યે વૈરાગ્ય થાય ત્યારે જ ભક્તિનો પ્રારંભ થાય છે.

ઋષભદેવનો શ્રેષ્ઠ પુત્ર હતો-ભરત. ભરતનું જીવન નિષ્કામ કર્મથી પરિપૂર્ણ હતું. કર્મની સમાપ્તિમાં કહેવું જોઈએ. વિચારવું જોઈએ. આવો જ ભાવ જોઈએ.

**અનેન કર્મણા ભગવાન્ પરમેશ્વરઃ**
**પ્રિયતામ્ ન મમ ન મમ।**

ભરતજીને યુવાવસ્થામાં જ વૈરાગ્ય થયો. પરમાત્માએ માયાને છ વસ્તુઓમાં રાખી છે : ૧. ભોજન ૨. દ્રવ્ય ૩. વસ્ત્ર ૪. સ્ત્રી ૫. ઘર ૬. પુસ્તકો. આમાંથી પ્રથમ ચાર પ્રધાન છે, છેલ્લાં બે ગૌણ છે. રાજા ભરતે રાજ્ય, રાણીઓ વગેરે સર્વસ્વનો ત્યાગ કર્યો. વનમાં આવીને રહ્યા, પરંતુ એક હરણનાં બચ્ચાંમાં પ્રીત થઈ. એનાં કારણે મૃત્યુ સમયે આ હરણનું ચિંતન કરતાં દેહ છોડ્યો અને હરણની યોનિમાં જન્મ લીધો. આ જન્મમાં પૂર્વજન્મનું ભાન હતું એટલે હરણ ઋષિ-મુનિઓના આશ્રમમાં બેસતું. વેદોની ઋચાઓનું શ્રવણ, હવિસ્યાન્નનો આહાર કરતું. પછી ફરીથી મૃત્યુ થયું ત્યારે એક પવિત્ર ચરિત્ર બ્રાહ્મણના ત્યાં જન્મ થયો. અહીં પણ પૂર્વજન્મના જ્ઞાનના કારણે ભરતજીએ વિચાર્યું, સંસારમાં પડવું જ નહીં, તેઓ મૌન જ રહ્યા. જેથી કોઈ આસક્તિ ન થાય, ભાગવતજીના સાતમા સ્કંધના બીજા અધ્યાયના ચાલીસમા શ્લોકમાં યમરાજે રાજા સુયજ્ઞના સંબંધીઓને ઉપદેશ આપ્યો હતો.

**પથિચ્યુતં તિષ્ઠતિ દિષ્ટરક્ષિતં**
**ગૃહે સ્થિતં તદ્વિહતં વિનશ્યતિ।**
**જીવત્યનાથોઽપિ તદીક્ષિતો વને**
**ગૃહેઽપિ ગુપ્તોઽસ્ય હતો ન જીવતિ॥**

જો પરમેશ્વરની કૃપા હોય તો તે ભલે અનાથ હોય વનવાસી હોય તો પણ જીવિત રહે છે, પરંતુ પરમેશ્વર દ્વારા માર્યો ગયેલો જીવ ઘરમાં સુરક્ષિત હોય તો પણ જીવિત રહેતો નથી, મરે જ છે. ભરતજી તો પરમાત્માથી રક્ષિત હતા. બાકી કાળને તો કોઈના પ્રત્યે દયા હોતી નથી. માટે કાળથી સદા સાવધાન રહો.

**ન હિ પ્રતીક્ષતે મૃત્યુઃ કૃતમ્ અસ્ય ન વા કૃતમ્।**

મૃત્યુ કોઈની પણ પ્રતીક્ષા કરતું નથી. માટે જીવનમાં પ્રતિપળ સાવધાન રહો. મૃત્યુ આવે તો તે જ ક્ષણે તેની સાથે જવા તૈયાર રહો. કોઈ બંધન નહીં. કોઈ મોહ નહીં. કોઈ કલ્પ-વિકલ્પ નહીં. બસ, એક જ ચિંતન 'આનંદોઽહમ્ આનંદોઽહમ્ આનંદ બ્રહ્માનંદમ્' ભરતજી સતત બ્રહ્મ ચિંતનમાં જ રહેતા. શંકરાચાર્યજી કહે છે : જ્ઞાન ભોગ માટે નથી, ભગવાન માટે છે.

**વિદુષામ્ યચ્ચ વૈદુષ્યમ્ મુક્તયે ન તુ ભુક્તયે।**

જ્ઞાન, ધન કે પ્રતિષ્ઠા પ્રાપ્તિ માટે નથી, પરમાત્મ પ્રાપ્તિ માટે છે. જ્ઞાનનું ફળ પરમેશ્વર છે. જ્ઞાન પરમ તત્ત્વ પ્રાપ્તિ માટેનું સાધન છે.

એક દિવસ ભરતજી ખેતરમાં એક વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં નિકટમાં કોઈ વનવાસી રાજા રહેતો હતો. તેણે માનતા માની હતી. મારે ત્યાં પુત્રજન્મ થશે તો હું નરબલિ ચઢાવીશ. રાજાએ આજ્ઞા કરી, કોઈ નરને લાવો, ભદ્રકાળીને ભોગ ચઢાવવાનો છે. રાજસેવકોએ ખેતરમાં એકાંતમાં વૃક્ષ નીચે શાંત મુદ્રામાં બેઠેલા ભરતજીને દેખ્યા. તેમને પકડી લાવ્યા.

ભરતજીને સ્નાન કરાવ્યું. ભોજન-પકવાન જમાડી નૂતન વસ્ત્ર ધારણ કરાવ્યાં. પુષ્પમાળા પહેરાવી. ભરતજીને કોઈ મોહ-ક્ષોભ કશું જ ન હતું. વનવાસીઓ સમજતા હતા આ પાગલ છે. ખરેખર દુનિયા સંતોને પાગલ જ કહે છે. અમારા ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા - **"સર્વં બ્રહ્મમયં રે રે, સર્વં બ્રહ્મમયં."** આ બધું જ બ્રહ્મ છે અને તેઓ રસ્તે ચાલતાં પશુઓને પણ પ્રણામ કરતા. લોકો તેમને પાગલ મદ્રાસી સાધુ કહેતા. સ્વામી શિવાનંદજી મહારાજની બ્રહ્મનિષ્ઠ ઉન્મત્ત દશા હતી. અહીં ભરતજીની પણ પરમ દિવ્ય અવસ્થા છે. તેમને વધસ્તંભ પર ઊભા રાખ્યા. જેવા ખડગ લઈને તેમનો વધ કરવા ગયા તો જગત્જનની મા ભદ્રકાળી પ્રગટ થયાં અને પૂજારીના હાથમાંથી ખડગ લઈ તેના જ મસ્તકનું છેદન કરી નાખ્યું.

દેવીને બલિદાન આપો, જીવનું નહીં. કામ-ક્રોધ, લોભ-મોહ આદિ દુર્ગુણોનું બલિદાન આપો. ભરતજીને સ્નાન, ભોજન, શૃંગાર કે આ પ્રમાણે દેવી પ્રાગટ્ય... આ બધું સ્વપ્ન જ હતું. તેઓ નિર્મોહી અને નિઃસંબંધ સ્થિતિમાં હતા.

આ જ માર્ગે રાજા રાહૂગણ કે જેઓ સિંધુ દેશના રાજા હતા તેઓ કપિલમુનિ પાસે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા પાલખીમાં બેસીને જતા હતા. પાલખી ઉપાડનારો એક માણસ માંદો પડ્યો એટલે ભરતજીને પકડી લાવી પાલખી ઉપાડવામાં જોડ્યા. ભરતજીની સ્થિતિ દિવ્ય છે. In all condition I am bliss bliss bliss absolute.

**હર હાલ મેં અલમસ્ત સચ્ચિદાનંદ હૂઁ।**
**અજરાનંદ અચલાનંદ અમરાનંદ હૂઁ।**
**કૈવલ્ય કેવલ કૂટસ્થ આનંદ હૂઁ।**
**નિર્ભય ઔર નિશ્ચિંત ચિદ્ ઘનાનંદ હૂઁ॥**

રાજા રાહૂગણની પાલખી તો ભરતજી ઉપાડતા હતા, પરંતુ નીચે જોઈને જમીન ઉપર કોઈ જીવજંતુ પગ નીચે દબાઈ ન જાય તેનો ખ્યાલ રાખીને ચાલતા હતા. તેથી કોઈ ડગલું લાંબું તો કોઈ ટૂંકું થવાથી પાલખી હાલક-ડોલક થતી હતી. આમ થવાથી રાજા રાહૂગણ અકળાયો. જૂના શ્રમિકોએ કહ્યું : "પ્રભુ ! આ નવો શ્રમિક બરોબર ચાલતો નથી." રાહૂગણના વારંવાર કહેવા છતાં ભરતજીની ચાલ બદલાઈ નહીં એટલે રાહૂગણે તેને કહ્યું, "અરે ! તું જીવે છે કે મરેલો છે ? તને કંઈ ભાન છે કે નહીં ? બરોબર કેમ ચાલતો નથી ?" પરંતુ કીડી-મંકોડા જોઈને ભરતજીની ચાલ કૂદાકૂદ કરતી હતી. આમ થવાથી રાજાનું માથું આમતેમ ભટકાતું હતું. હવે રાજાનો આક્રોશ વધ્યો ! જતો તો હતો સત્સંગ સાંભળવા, પરંતુ મદાંધ અને અભિમાની પણ હતો. રાજાએ આ શ્રમિકને કંઈ મહેનતાણું આપ્યું ન હતું. ભોજન પણ આપ્યું ન હતું, પરંતુ ક્રોધે ભરાયો. બોલ્યો : "જાણે છે હું કોણ છું ? રાજા રાહૂગણ છું. તને દંડ દઈશ."

રાહૂગણ રાજા ભાગ્યશાળી હતા. ભાગવતના સંતો મિતભાષી હોય છે, પરંતુ જ્યારે કંઈ બોલે ત્યારે તે કલ્યાણકારી વચનો જ બોલે છે. ભરતજી હવે બોલ્યા છે : "હે રાજન્ ! હું જીવતો છું કે મરેલો છું ? એવું આપે પૂછ્યું ને ?" તો આપનું વચન સત્ય જ છે. સમગ્ર જગત જીવતાં છતાં મરેલું જ છે. આ તમારી પાલખી અને તેની અંદર બેસેલા તમે બધું જ મરેલું છે. વિશ્વની તમામ વિકારી વસ્તુઓનો અંત થાય જ છે. આદિથી અંત સુધી બધું મૃત્યુમય જ છે. તમે પણ એક શબ-મૃતદેહ સમાન જ છો, કારણ આત્મા અને શરીરના ધર્મ ભિન્ન ભિન્ન છે. આત્મા નિર્લેપ છે. આત્મા મનનો દૃષ્ટા છે, સાક્ષી છે. જ્ઞાની પુરુષ જગતને મિથ્યા તો માને છે, છતાં તમામ જડ-ચેતનમાં પ્રત્યક્ષ પરમાત્માની અનુભૂતિ પણ કરે છે. હવે કહો રાજા કે "કોણ રાજા અને કોણ સેવક ?" વ્યવહારિક દૃષ્ટિથી ભેદ ભલે હોય પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી હું અને તું બંને એક જ છીએ."

"રાજા સત્ય કેવળ એકમાત્ર ઈશ્વર છે. તમે કહ્યું કે, તમે મને મારશો ! તો શું શરીરને સજા કરવાથી શું શરીર ચાલ બદલશે ? શરીરને સુખ અને દુઃખનું જ્ઞાન નથી. શરીર જડ છે, ચેતન તો આત્મા છે."

જડભરતનાં આવાં વિદ્વત્તાપૂર્ણ વચન સાંભળીને રાજાએ વિચાર્યું, આ વ્યક્તિ પાગલ નથી જ ! કોઈ પરમહંસ છે. જ્ઞાની મહાત્મા છે. કોઈ અવધૂત સંત છે. વેદાંતના દુષ્કર સિદ્ધાંતો સમજાવે છે. તેની બ્રહ્મનિષ્ઠા અલૌકિક છે. મેં અપરાધ કર્યો છે. આટલું વિચારીને રાજા પાલખીમાંથી નીચે ઊતરી આવ્યા. જે માર મારવા માટે ઉત્સુક હતો તે હવે પ્રણામ-વંદન કરવા લાગ્યા. વેશ દ્વારા સંત થવાનું સરળ છે, હૃદયથી સંત થવું કઠિન છે, હૃદયથી સંત થાય ત્યારે જ સાચું સંતત્વ. ભરતજી નિર્વિકારી છે. માન-અપમાનથી પર છે. ખરેખર, સંતની પરીક્ષા તેની મનોવૃત્તિથી થાય છે, તેની વેશભૂષાથી નહીં. માટે ગુરુ નાનકદેવજી કહે છે :

**સાધો મન કા માન ત્યાગો।**
**કામ ક્રોધ સંગત દુર્જન કી, તાતે અહનિસ ભાગો॥**
**સુખ દુઃખ દોનોં સમ કરી જાનો, માન ઔર અપમાના।**
**હર્ષ શોક તે રહૈ અતીતા, તિન જગ તત્ત્વ પિછાના॥**

**અસ્તુતિ નિંદા દોઉં ત્યાગે, ખોજૈ પદ નિરવાના।**
**જન નાનક યહ ખેલ કઠિન હૈ, કોઉ ગુરુ-મખ જાના॥**

રાજા રાહૂગણે અનેક પ્રશ્ન પૂછ્યા છે. જડભરતજી કહે છે, દુઃખ શરીરને થાય છે, આત્માને નહીં. આત્મા નિર્લેપ છે. દૂધપાક-ખીર બનાવવા દૂધને અગ્નિ ઉપર મૂકવાથી તેમાં રહેલો ભાત રંધાઈ જાય છે, પરંતુ કાંકરા નાખો તો તેને કંઈ થશે નહીં, કારણ કે તે નિર્લેપ છે. આત્મા પણ નિર્લેપ છે.

મનની વિકૃતિ થાય એટલે જીવન વિકૃત થાય. મન સુધરે તો આત્મતત્ત્વને પામી શકાય.

**ગુણાનુરક્તં વ્યસનાય જંતો:।**
**ક્ષેમાય નૈર્ગુણ્યમથો મનઃ સ્યાત્।**
**(ભા. ૫ : ૧૧ : ૮)**

વિષયાસક્ત મન જીવને સંસારની આંટીઘૂંટીમાં ઊલઝાવે છે, પરંતુ જો તે જ મન વિષયરહિત હોય તો શાંતિમય મોક્ષપદને પ્રાપ્ત કરાવે છે. તમે મને પૂછો છો કે હું કોણ છું ? તમે તમારી જાતને જ પૂછો, તમે કોણ છો ? તમે શુદ્ધ આત્મા છો. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. આ ત્રણેય અવસ્થાના સાક્ષી, નિત્ય સત્ય, શુદ્ધ-બુદ્ધ, અજર-અમર, અવિનાશી આત્મા છો. માટે મનને શુદ્ધ કરવા સત્સંગ કરો. માટે જ શ્રી શંકરાચાર્યજીનું કથન છે :

**સત્સંગત્વે નિઃસંગત્વમ્ નિઃસંગત્વે નિર્મોહત્વમ્।**
**નિર્મોહત્વે નિશ્ચલ-ચિત્તં નિશ્ચલ-ચિત્તે જીવનમુક્તિઃ॥**
**(ચર્પટ પંજરિકા સ્તોત્ર :૩)**

સત્સંગથી કુસંગ જાય. કુસંગથી મોહમુક્ત થવાય. જ્યારે મોહાતીત અવસ્થા થાય ત્યારે ચિત્ત નિર્મળ બને અને નિર્મળ ચિત્ત થવાથી જીવનમુક્તિ મળે.

ભરતજીએ પહેલાં રાજા રાહૂગણને દિવ્ય તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો. હવે ભવાટવીનું વર્ણન કરે છે. આત્માના વિવેકરૂપી ધનને એક-એક કરીને બધી ઈન્દ્રિયો લૂંટી લે છે. કોઈ સંત મળે તો કૃપા કરીને સંસારના દાવાનળમાંથી બહાર કાઢે છે. માટે સંસારમાં એકલા જ રહેશો નહીં, સદ્‌ગુરુનો આશ્રય રાખજો તો ભવાટવીની જાળમાં ફસાશો નહીં અને ભવસાગર સરળતાથી પાર કરશો.

જીવનની રેખા સીધી નથી, વાંકીચૂંકી છે. એકમેકના અહંકાર અથડાયા જ કરે છે. ષડ્‌રિપુઓનો ત્રાસ ઓછો નથી. અહંતા- મમતા વચ્ચે રસ્સા ખેંચ જેવું છે, કોણ બચાવશે ?

**ગુરુ બિન કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ।**
**ભ્રાંતિ કી પહાડી નદિયા બિચ મેં। અહંકાર કી લાટ॥ ૧**
**કામ ક્રોધ દો પર્વત ઠાઢે। લોભ ચોર સંઘાત॥ ૨**
**મદ મત્સર કા મેહ બરસત। માયા પવન બહે દાટ॥ ૩**
**કહત કબીર સુનો ભાઈ સાધો। ક્યોં તરના યહ ઘાટ॥ ૪**
**ગુરુ બિન કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ॥**

**"મહત્ પાદરજોઽભિષેકમ્।"** "મહાપુરુષોં કી સેવા સે હી બ્રહ્મ કી પ્રાપ્તિ હોતી હૈ."

થોડા શબ્દોમાં કહીએ તો આ સંસારમાર્ગ દારૂણ, દુર્ગમ અને ભયંકર છે. મનને વિષયાસક્ત કર્યા વગર શ્રી પ્રભુનાં સ્મરણનું આશ્રયપણું લઈને સંસારવનની બહાર નીકળી જાઓ. ભરતજીએ પહેલાં શિક્ષા પછી દીક્ષા આપી છે.

હવે ભરતજીએ પ્રભુસ્મરણ કરતાં સમગ્ર ચેતનાને બ્રહ્મરંધ્રમાં લઈ શરીરનો ત્યાગ કર્યો.

શ્રીમદ્ ભાગવતજીમાં માનવશરીરની ઠેર-ઠેર નિંદા કરવામાં આવી છે, પરંતુ પાંચમા સ્કંધમાં દેવોએ માનવશરીરની સ્તુતિ કરી છે. જો માનવ શુભ સંકલ્પ કરે તો આ શરીર સાધનથી મુક્તિના માર્ગે સંચરી શકાય છે, પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે છે.

**અહો અમીષાં કિમકારિ શોભનં**
**પ્રસન્ન એષાં સ્વિદુત સ્વયં હરિઃ।**
**યૈર્જન્મ લબ્ધં નૃષુ ભારતાજિરે**
**મુકુંદસેવૌપયિકં સ્પૃહા હિ નઃ॥**
**(ભા. ૫. ૧૯ : ૨૧)**

દેવતાઓ ગાયન કરે છે, "અરે ! આ ભારતવર્ષના મનુષ્યએ કયું પુણ્ય કર્યું હશે ? અથવા શું શ્રી પ્રભુની વિશેષ કૃપા થઈ હશે ? તેમણે હરિગુણ ગાવા માટે, પ્રભુ સેવા માટે ભારતભૂમિમાં જન્મ ગ્રહણ કર્યો છે. અમે તો આવાં સૌભાગ્ય માટે હંમેશાં ઉત્સુક રહીએ છીએ.

ભરતજીએ નરક અને યમલોકનાં વર્ણન કરીને આ સ્કંધની સમાપ્તિ કરી છે.

## ષષ્ઠ સ્કંધ

શ્રી શુકદેવજી વર્ણન કરે છે, રાજન્ શાસ્ત્રોમાં પ્રત્યેક પાપનું પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે, પરંતુ એક વાર પ્રાયશ્ચિત્ત કરીને ફરીથી પાપ કરવું જોઈએ નહીં.

**ન તથા હ્યઘવાન્ રાજન્ પૂયેત તપ આદિભિઃ।**
**યથા કૃષ્ણાર્પિતપ્રાણસ્તત્પુરુષનિષેવયા॥**

(ભા. ૬.૧.૧૬)

ભગવાનને આત્મસમર્પણ કરીને તથા ભક્તોની સેવા કરીને પાપીજનોની શુદ્ધિ જે તપશ્ચર્યાથી ન થાય તેવી શુદ્ધિ થાય છે. પાપી મનુષ્ય ભક્તિથી જેવો પવિત્ર થાય છે તેવો તે શમ, દમ, ઉપરતિ, તપ વગેરેથી નથી થતો.

પ્રસ્તુત સ્કંધમાં ત્રણ પ્રકરણ છે :

**૧. ધ્યાન પ્રકરણ :** ચૌદ અધ્યાયમાં ધ્યાન પ્રકરણનું વિવરણ છે. ચૌદ અધ્યાયનો અર્થ પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, મન-બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. આ બધાંને પરમાત્મામાં લીન કરવા માટે ધ્યાનનો અભ્યાસ કરો. ધ્યાન સિદ્ધ થશે જ.

**૨. અર્ચન પ્રકરણ :** બે અધ્યાયમાં સૂક્ષ્મ અર્ચન અને સ્થૂળ અર્ચનનું વર્ણન છે.

**૩. નામ પ્રકરણ :** ગુણ સંકીર્તન અને નામ સંકીર્તનનું વર્ણન ત્રણ અધ્યાયમાં છે.

આ ત્રણેય સાધનોમાં એકાગ્રતા ન કેળવી શકો તો એક સાધનનો અભ્યાસ કરો, શ્રદ્ધા રાખો-ધ્યાનથી મન શુદ્ધ થાય છે. વ્રતથી દ્રવ્ય શુદ્ધ થાય છે, પરંતુ મન શુદ્ધ થતું નથી. માત્ર દાન જ કરવાથી ભગવદ્ પ્રાપ્તિ થતી નથી. ગીતામાં પણ કહ્યું છે :

**નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચ ઈજ્યયા।**

વેદ-તપ-દાન અને યજ્ઞથી મારી (પ્રભુની) પ્રાપ્તિ થતી નથી. ભક્તિ તો કરવી જ પડશે. નામ-જપ કરવો જ પડશે. ધ્યાનને જીવનનું અવિભાજ્ય અંગ બનાવવું જ પડશે. પરમાત્માના નામમાં નિષ્ઠા રાખો-દુષ્કર છે, અસંભવ નથી. શ્રીશ્રી મા આનંદમયીમા કહેતાં, "બાબા ! ચલતે ચલે જાઓ, પહુંચ જાઓગે. રાસ્તે મેં રાસ્તા બંધ હો તો ખૂલ જાયેગા. બસ ચલતે રહો, ઈશ્વર હૈ સર્વત્ર. ઘર્ષણ કરો, અગ્નિ પ્રગટ હો જાયેગી."

ગુરુનાનકદેવ કહે છે, "નાનક નામ જહાજ। ચઢે સો બેડા પાર।" હે નાનક ! નામ-સ્મરણની નૌકાનો આધાર લે, તે ચોક્કસ પાર ઉતારશે જ.

નામ-જપના મહિમા માટે ભાગવતજીમાં અજામિલ આખ્યાન છે. અજામિલ પહેલાં તો મંત્રવેત્તા હતો. સદાચારી હતો. પવિત્ર વ્યક્તિ હતો, પરંતુ માયાની જાળમાં ફસાયો. આ જાળમાંથી મુક્તિનો પથ એક હરિનામ સ્મરણ જ છે.

અજામિલ શબ્દનો અર્થ પણ સમજવા જેવો છે. અજા એટલે માયા અને તેના મોહપાશમાં બંધાયો તે અજામિલ. એક દિવસ તેણે કોઈ ઉદ્યાનમાં કોઈ નગરનારીનાં અડધાં ઉઘાડાં અંગ દેખ્યાં. પાપ આંખોમાંથી જ પ્રવેશ કરે છે. આંખ બગડે એટલે મન બગડે, જેનું મન બગડ્યું તેનું જીવન બગડ્યું. કામાંધ અજામિલ તે નગરનારીના ઘરે ગયો. સમજાવી-પટાવીને પોતાના ઘરે લઈ આવ્યો. એક વાર તેના આંગણે ભિક્ષુક સંતો આવ્યા ત્યારે આ નગરનારી સગર્ભા હતી. સંતોએ તેમની અંતરદૃષ્ટિથી અજામિલના ભ્રષ્ટ જીવનને દેખ્યું. સાધુઓએ તેના કલ્યાણ માટે કહ્યું, ''તારે ત્યાં પુત્રજન્મ થશે, તેનું નામ નારાયણ રાખજે.''

અને અજામિલના સદ્ભાગ્યે તેને ત્યાં પુત્ર જ જન્મ્યો. નામ પણ નારાયણ રાખ્યું. આમ, સદ્ભાગ્યે ચાલતાં, હરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં તે ના... રા.... ય... ણ...! એમ કહીને પુત્રને બોલાવતો. હવે મૃત્યુ સમયે યમદૂત આવ્યા, તેમના ભયંકર સ્વરૂપને જોઈ અજામિલે જોરથી બૂમ પાડી... નારાયણ.... ! અને તત્ક્ષણે વિષ્ણુદૂતો પણ પ્રગટ થયા. યમદૂતો કહે છે, તે તેના પુત્રને બોલાવે છે.

ભગવાન નારાયણના દૂતોએ કહ્યું, અજાણ્યે પણ તે પ્રભુ નામ-સ્મરણ કરે અને મૃત્યુ પામે તો તે વૈકુંઠનો જ યાત્રી કહેવાય.

**સાંકેત્યં પારિહાસ્યં વા સ્તોભં હેલનમેવ વા।**
**વૈકુંઠનામગ્રહણમશેષાઘહરં વિદુઃ॥**
**પતિતઃ સ્ખલિતો ભગ્નઃ સંદષ્ટસ્તપ્ત આહતઃ।**
**હરિરિત્યવશેનાહ પુમાન્નાર્હતિ યાતના॥**
**(ભા. ૬ : ૨ : ૧૪/૧૫)**

મોટા મોટા વિદ્વાનો પણ જાણે છે કે સંકેતથી, વિનોદમાં, આલાપ-તાનમાં કોઈની સાથે સન્માન કે ધિક્કાર સમયે પણ જો પ્રભુનામનું ઉચ્ચારણ થઈ જાય તો તેનાં પાપ નષ્ટ થઈ જાય છે.

**અંતકાલે ચ મામેવ, સ્મરન્ મુક્ત્વા કલેવરમ્।**
**યઃ પ્રયાતિ સ મદ્-ભાવં, યાતિ નાસ્ત્યત્ર સંશયઃ॥**
**(ગીતા : ૮ : ૫)**

જે ભક્ત અંતકાળે, પ્રાણ પ્રયાણ સમયે મારું (શ્રીહરિનું) સ્મરણ કરતો શરીર ત્યાગ કરે છે, તે મારા ભાવને (અર્થાત્ સ્વરૂપને) પ્રાપ્ત થાય છે, તેમાં કોઈ સંશય- સંદેહ નથી. **'તસ્માત્ સર્વેષુ કાલેષુ'** - જો સમગ્ર જીવન-પ્રભુ સ્મરણ કરવાનો મહાવરો ન હોય તો અંતકાળે હરિ સ્મરણ નહીં થાય, માટે જ પ્રભુ સ્મરણનું સાતત્ય રાખવું. પ્રભુને જ મન-બુદ્ધિ અર્પણ કરવાં.

**આત્માનઃ રથિનં વિદ્ધિ શરીરઃ રથમેવ તુ।**
**બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ॥**
**(કઠ : ૧. ૩ : ૩)**

આ શરીર રથનો માલિક આત્મા છે. બુદ્ધિ સારથિ અને મન લગામ છે. આગળ કહ્યું છે કે ઇન્દ્રિયો અશ્વ છે. અહીં ભગવાન તમારાં મન અને બુદ્ધિ મને આપ, એવું કહે છે કે તમારા જીવનરથનો સારથિ મને બનાવ અને રથની લગામ મને સોંપી દે. "સૌંપ દિયા ઈસ જીવન કા સબ ભાર તુમ્હારે હાથોં મેં। હૈ જીત તુમ્હારે હાથોં મેં ઔર હાર તુમ્હારે હાથોં મેં।" સંપૂર્ણ શરણાગતિ સ્વીકારો.

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્॥**
**(ગીતા : ૯ : ૨૨)**

બીજા કોઈનો પણ વિચાર કર્યા વગર જે મને એકલાને જ ભજે છે તે મારી સાથે નિત્ય મુક્ત (જોડાયેલા) મુક્તો કે ભક્તોના યોગક્ષેમનું હું વહન કરું છું.

આ નિત્ય સાધનાની મહત્ આવશ્યકતા છે. અજામિલ શબ્દના બે અર્થ છે - ૧. માયાના બંધનમાં બંધાયેલો જીવ ૨. બ્રહ્મરૂપ થયેલો જીવ.

મણિરત્નમાલામાં સુંદર પ્રશ્નોત્તરી છે :

**બદ્ધો હિ કો વિષયાનુરાગી**
**કો વા વિમુક્તર્વિષયે વિરક્તિઃ।**
**કો વાસ્તિ ઘોરો નરકઃ**
**સ્વદેહ તૃષ્ણાક્ષયઃ સ્વર્ગપદં કિમસ્તિ॥**

બંધનયુક્ત કોણ છે ? જે પાંચ વિષયમાં આસક્ત છે. સ્વતંત્ર કોણ છે ? જે વિષયો પ્રત્યે વૈરાગ્ય ધરાવે છે તે. ઘોર નરક ક્યાં છે ? આપણું શરીર જ ઘોર નરક છે, કારણ કે શરીર તો માંસ-રક્ત - અસ્થિપિંજરનો ઢાંચો છે. મળ-મૂત્રથી ભરેલું છે. તેનાં તમામ છિદ્રમાંથી ગંદકી નીકળ્યા જ કરે છે અને દુર્ગંધ પણ મારે છે. સ્વર્ગનાં સોપાન ક્યાં છે ? તમામ તૃષ્ણાઓનો અંત જ સ્વર્ગનું સોપાન છે.

અજ એટલે જેનો જન્મ નથી તે ઈશ્વર. ઈશ્વરમાં - બ્રહ્મમાં જે લીન થયો છે તે અજામિલ છે. અજામિલ ઉપાખ્યાન કહે છે કે હરિના નામનું સ્મરણ જ કળિયુગમાં પરમતત્ત્વની પ્રાપ્તિ માટેનું એકમાત્ર ઉત્કૃષ્ટ સાધન છે. **"કલૌ કેશવ કીર્તનમ્"** કળિયુગમાં પ્રભુના નામનો આધાર જ - કામ-ક્રોધ વગેરે કષાયોથી મુક્ત કરીને ચિત્તશુદ્ધિ કરી પરમપદે સ્થાપે છે.

શ્રી નારદ મહર્ષિ દ્વારા દક્ષના દશ હજાર પુત્રને સંન્યસ્ત માર્ગે પ્રેરણા આપવાની કથા છે. દશ હજાર પુત્ર એટલે અગણિત ઈચ્છા, કામના અને વાસના. જીવની ઉત્પત્તિ ભગવાન - ઈશ્વરની ઈચ્છાથી થઈ એટલે જીવમાં આનુવંશિક ગુણ ઈચ્છા એવો આવ્યો, પરંતુ ઈશ્વર ઈચ્છાના માલિક છે, જીવ ઈચ્છાનો દાસ છે. ઈચ્છા વગર મન સંભવ નથી અને જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે, મન રહેશે, ઈચ્છાઓ પણ રહેશે, પરંતુ કામના પ્રભુ ચરણકમળની રાખો. ઈચ્છા હરિ ભજનની રાખો.

વાસના સત્સંગ સાંભળવાની રાખો. સત્‌ના માર્ગે અગ્રસર થવા માટે ઈચ્છતા સાધકે U TURN કરવો જ પડશે.

આગળ ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપની કથા છે.

ઈન્દ્રના દરબારમાં એક સમયે તેમના દેવગુરુ બૃહસ્પતિજીનું આગમન થયું. મદાંધ ઈન્દ્રએ સંગીત - નૃત્ય વચ્ચે ગુરુને આવકાર-સન્માન ન આપ્યું એટલે ગુરુદેવ ત્યાંથી ચાલ્યા ગયા. હવે ગુરુ વગરના દેવો ઉપર દૈત્યોએ ચઢાઈ કરી. ગુરુપદે કોને સ્થાપવો ? દક્ષની એક કન્યા અદિતિ હતી. તેનાં સંતાનોમાં એક પુત્ર ત્વષ્ટા હતો. તેનો પુત્ર વિશ્વરૂપ ! હવે આ વિશ્વરૂપને ગુરુપદે સ્થાપવામાં આવ્યો. તેણે દેવતાઓને નારાયણ કવચની દીક્ષા આપી.

**જલેષુ માં રક્ષતુ મત્સ્યમૂર્તિર્યાદોગણેભ્યો વરુણસ્ય પાશાત્‌।**

**સ્થલેષુ માયાવટુવામનોડવ્યાત્‌ ત્રિવિક્રમઃ ખેડવતુ વિશ્વરુપઃ॥** (ભાઃ ૬:૮:૧૩)

ભાગવતજીમાં આ નારાયણ કવચ વિસ્તારથી છે. જળની અંદર જળચરથી મારી રક્ષા હે મત્સ્યનારાયણ કરો. માયાથી બ્રહ્મચારીનું રૂપ ધારણ કરનારા હે વામન પ્રભુ ! મારું ભૂમિ પર રક્ષણ કરો. આકાશમાં વિશ્વરૂપ ત્રિવિક્રમ પ્રભુ ! મારી રક્ષા કરો.

ભાગવતજીના આ ષષ્ટમ્‌ સ્કંધમાં વૃત્રાસુરની કથા છે. તેના જન્મ માટે યજ્ઞ કરવામાં આવેલો. તેનો મંત્ર હતો - **"ઈન્દ્રશત્રો વિવર્ધસ્વ, ઈન્દ્રશત્રો વિવર્ધસ્વ."** (ભાઃ૬:૯:૧૧) આ મંત્ર બોલતાં ઋત્વિજોએ ઈન્દ્ર શબ્દને ઉદાત્ત અને વિવર્ધસ્વને અનુદાન કરી નાખ્યો એટલે ઈન્દ્રને મારે તેવો પુત્ર આપોના બદલે ઈન્દ્રથી મરે તેવો પુત્ર એમ અર્થ થઈ ગયો. આપણે ગુજરાતીઓને બોલવામાં 'સ શ ષ' ના ભેદની બહુ જાગૃતિ નથી. તેથી Good morning to youના જવાબમાં Same to you ના બદલે Shame to you બોલીએ છીએ.

માનવજીવનની ત્રાસદાયક વૃત્તિ જ વૃત્રાસુર છે, જ્યારે સાધકની બ્રહ્મનિષ્ઠા અડગ હોય ત્યારે તે કોઈ પણ મનોમાલિન્યના બંધનમાં બંધાતો નથી અને આ વૃત્તિઓનો વિધ્વંસ કરવાની ક્ષમતા ધરાવે છે. મહર્ષિ દધીચિ બ્રહ્મનિષ્ઠ હતા. તેમનાં હાડકાં - અસ્થિપિંજરથી ઈન્દ્રે વજ્ર બનાવીને વૃત્રાસુરનો વધ કર્યો હતો.

ભાગવતજીના ષષ્ટમ્‌ સ્કંધના એકાદશ અધ્યાયના ૨૪ થી ૨૭ શ્લોક આ વૃત્રાસુરની સ્તુતિ છે. પ્રભો ! આપ મારા ઉપર એવી કૃપા કરો કે જેથી કરીને આપનાં ચરણકમળની અનન્ય ભાવે સેવા કરવાનું મને આવતા જન્મમાં સૌભાગ્ય મળે. હે પ્રાણ વલ્લભ ! મારું મન આપના મંગળમય ગુણોનું સ્મરણ કરતું રહે. વાણી આપનાં ગુણગાન કરતી રહે. મારું શરીર આપની સેવામાં રહે.

શુકદેવજી વર્ણન કરે છે આ વૃત્રાસુર તેના પૂર્વજન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. એક દિવસ ગગનવિહાર સમયે કૈલાસમાં ભગવાન શિવ અને માતા પાર્વતીજી એકાંતમાં બિરાજેલ હતાં. ત્યાં ચિત્રકેતુએ આવીને કોઈ પણ માન-મર્યાદા કે વિવેક વગર શિવ-પાર્વતીજીની એકાંત વિષયક અભદ્ર વાણીનો આલાપ કર્યો ત્યારે શિવના શ્રાપથી તે આ વૃત્રાસુર રાક્ષસ યોનિમાં જન્મ્યો હતો, પરંતુ અંતે હરિચરણોની ભક્તિ કરી પ્રભુનાં મંગલધામને પ્રાપ્ત થયો.

ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ કહે છે, સુખી થવાનો એક જ માર્ગ છે. દરરોજ સવારે MYOB નામની ગોળી ગળી જાઓ. MIND YOUR OWN BUSINESS. લોકોના આંતરિક જીવનમાં દખલ કરવાની કે ટીકા-ટિપ્પણ કરવાની આપણે શી આવશ્યકતા છે?

ષષ્ટમ્‌ સ્કંધ પુષ્ટિ લીલાનો સ્કંધ છે. અહીં સ્કંધની સમાપ્તિમાં દિતિની તપશ્ચર્યામાં ભંગ થવાથી તેને ઈન્દ્રને મારે તેવા સંતાનની પ્રાપ્તિ ન થઈ, પરંતુ તેણે જ પુંસવન વ્રત કર્યું. પરંતુ વ્રતના નિયમોનું બરાબર પાલન ન કર્યું. તેથી વ્રતભંગ થવાથી મરુત્‌ ગણોની ઉત્પત્તિ થઈ. ભેદબુદ્ધિ એટલે દિતિ. ચંચળ મનોવૃત્તિ સાથે કરેલી આધ્યાત્મિક સાધનાનું ફળ દિવ્ય સંભવી શકે નહીં. ષષ્ટમ્‌ સ્કંધના સમાપનમાં આ આખ્યાન સાધકને એકાગ્ર મને સાધના કરવા સાવધાન કરે છે.

## સપ્તમ સ્કંધ

પુષ્ટિ-અનુગ્રહની કથા ષષ્ઠ સ્કંધમાં આવી. ભગવદ્ અનુગ્રહ પછી વિકારવાસના નષ્ટ કરીને જો અનુગ્રહનો ઉચિત દિશામાં સદુપયોગ કરવામાં આવે તો મુમુક્ષુ પુષ્ટ થઈ જાય છે. સેવા સ્મરણમાં તન્મય બનેલો જીવ પુષ્ટ થાય ત્યારે તે ઈશ્વર અનુગ્રહને પ્રાપ્ત થાય છે.

સપ્તમ સ્કંધમાં વાસનાના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે : ૧. અસદ્ વાસના ૨. સદ્ વાસના ૩. મિશ્ર વાસના.

સપ્તમ્ સ્કંધના પ્રારંભમાં પરીક્ષિત શ્રી શુકદેવજીને પ્રશ્ન કરે છે - "આપનું કથન છે કે ઈશ્વર સર્વત્ર છે, તે સમભાવથી વ્યવહાર કરે છે તો પછી જગતમાં વિષમતા શા માટે દૃષ્ટિગોચર થાય છે? જો પ્રભુ સમદૃષ્ટિવાળા હોય તો સદા તેઓ દેવોનો જ પક્ષ શા માટે લે છે? દૈત્યને શા માટે મારે છે?"

શુકદેવજી મહારાજ પ્રત્યુત્તર આપતાં કહે છે કે ક્રિયામાં ભલે વિષમતા દેખાય, પરંતુ ભાવમાં તો સમતા રાખવી જ જોઈએ. પ્રેમ આત્મા સાથે કરવો, દેહ સાથે નહી. શંકરાચાર્યજીએ કહ્યું છે, **"ભાવાદ્વૈતં સદા કુર્યાત્ ક્રિયાદ્વૈતં ન કર્હિચિત્ ।"** જેવી રીતે ભક્તિ દ્વારા ભગવત્પ્રાપ્તિ થાય છે તેવી રીતે કામ દ્વેષ અને ભયથી પણ પ્રભુ ભજન થઈ શકે છે. ગોપીઓએ મિલનની તીવ્ર કામનાથી, કંસે ભયથી, શિશુપાલ વગેરે રાજાઓએ દ્વેષથી, યાદવોએ પારિવારિક સંબંધથી ભગવાનની કૃપા પ્રાપ્ત કરી છે.

**ગોપ્યઃ કામાદ્ ભયાત્ કંસો દ્વેષાચ્ચૈદ્યાદયો નૃપાઃ ।**
**સંબંધાદ્ વૃષ્ણયઃ સ્નેહાદ્ યૂયં ભક્ત્યા વયં વિભો ॥**
**(ભા. ૭.૧.૩૦)**

માટે કોઈ પણ પ્રકારે ઈશ્વર સાથે સંબંધ બાંધીને તન્મય થવું જોઈએ.

**તસ્માત્ કેનાપ્યુપાયેન મનઃ કૃષ્ણે નિવેશયેત્ ।**
**(ભા. ૭.૧.૩૧)**

માટે દરેક વ્યક્તિએ પોતાની જાતને શ્રીકૃષ્ણ સાથે પોતાના મનને સમર્પિત કરી જ દેવું જોઈએ.

હવે નારદજી હિરણ્યકશિપુ અને પ્રહ્લાદની કથાનો પ્રારંભ કરે છે.

દિતિ ખરેખર ભેદબુદ્ધિ છે. ભેદબુદ્ધિમાં જ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનો જન્મ થાય એટલે મમતા અને અહંકાર પ્રગટે, આ 'હું' અને 'મારું' આ ભેદબુદ્ધિનાં સંતાનો છે. અહંકારને મારવો કઠિન છે. વિવેકથી મમતાનો નાશ થઈ શકે.

હિરણ્યકશિપુ અહંકારનું સ્વરૂપ છે. માનવ માત્રના દુઃખનું કારણ તેનો અહંકાર છે. જ્ઞાનપ્રાપ્તિ દુષ્કર નથી, પરંતુ જ્યાં સુધી અહં અને મમતા નષ્ટ ન થાય ત્યાં સુધી જ્ઞાનોપાર્જન મુશ્કેલ છે. હિરણ્યકશિપુ જ્ઞાની હતો, પરંતુ તેનું જ્ઞાન અહંકાર અને મમત્વથી ભરેલું હતું. જે વ્યક્તિ બીજા લોકોને ઉપદેશ આપે અને પોતાના વ્યક્તિગત જીવનમાં તેનું આચરણ ન કરે તે અસુર છે.

ભગવાનના વરાહ અવતારથી હિરણ્યાક્ષનો વધ થયો. મારા ભાઈને વિષ્ણુએ માર્યો છે, માટે હું વિષ્ણુને મારીશ એવી જડબુદ્ધિ સાથે હિરણ્યકશિપુએ છત્રીસ હજાર વર્ષ સુધી તપ કર્યું. અહીં એક પ્રશ્ન થાય છે કે આમ હજારો વર્ષ સુધી તપ કર્યા પછી પણ તે વ્યક્તિમાંથી વેરવૃત્તિનો વિનાશ કેમ થતો નહીં હોય? ઘાણીનો બળદ આખા દિવસમાં કેટલા કિલોમીટર ચાલતો હશે, પરંતુ અંતે ઠેરનો ઠેર. નૌકાને ઘાટ સાથે બાંધીને આખી રાત હલેસાં મારો તો સવારે ત્યાંના ત્યાં જ રહેવાનાં. માટે જ ઔપનિષદિક ઋચાઓ **ૐ સર્વેષાં સ્વસ્તિ ભવતુ । સર્વેષાં શાન્તિર્ભવતુ । સર્વેષાં પૂર્ણં ભવતુ । સર્વેષાં મંગલં ભવતુ**ની કામના કરે છે. તપ-જપ, ધ્યાન અને સાધનાનું લક્ષ્ય **'બહુજન હિતાય સુખાય ચ'** હોવું

જોઈએ.

સદ્‌ભાગ્યે હિરણ્યકશિપુનાં રાણી કયાધુ મહર્ષિ નારદના આશ્રમમાં રહ્યા, જેથી તેના ગર્ભમાં રહેલ બાળકને ભક્તિના સંસ્કાર આવ્યા.

તપશ્ચર્યાના અંતે બ્રહ્માજીએ પ્રસન્ન થઈ તેને વરદાન માગવાનું કહ્યું ત્યારે તેણે અમરત્વ માગ્યું હતું. બાકી જેનો જન્મ છે તેનું મૃત્યુ પણ છે જ. દશ્યમાન સૃષ્ટિનો નાશ થવાનો જ છે ત્યારે હિરણ્યકશિપુએ માગ્યું કે મને એવું વરદાન આપો કે હું દિવસે કે રાતે ન મરું. જડ કે ચેતનથી ન મરું." સંતો અહીં એટલું પણ કહેતા હોય છે કે તેણે એમ પણ માગ્યું હતું કે "હું ઘરની અંદર ન મરું, બહાર પણ ન મરું. હું પૃથ્વી ઉપર ન મરું તેમ આકાશમાં પણ ન મરું." પરંતુ ઈશ્વરે જે નક્કી કર્યું હોય તેમ જ થતું હોય છે. બ્રહ્માજીએ વિચાર્યું કે મુશ્કેલ તો છે જ, પરંતુ 'તથાસ્તુ' કહીને વિદાય થયા. આમ, આ વરદાન પ્રાપ્ત કરીને હિરણ્યકશિપુ બહુ જ શક્તિશાળી થઈ ગયો. ત્રિભુવનમાં સૌ ત્રાહિમામ્ ત્રાહિમામ્ ! રક્ષમામ્ ! રક્ષમામ્ ! કરવા લાગ્યા.

બીજી તરફ કયાધુના ખોળે જન્મેલ શિશુનું નામ પ્રહ્‌લાદ રાખવામાં આવ્યું. જેનાં દર્શન કરીને, જેની ઉપસ્થિતિમાં સૌને આનંદ થાય તે પ્રહ્‌લાદ. દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય હતા. તેમને શંડ અને અમર્ક નામના બે પુત્ર હતા. જ્યારે પ્રહ્‌લાદ પાંચ વર્ષના થયા ત્યારે આ શંડામર્કને આજ્ઞા થઈ કે પ્રહ્‌લાદને રાજનીતિનું શિક્ષણ આપો, પરંતુ જેના જીવનમાં ભક્તિનો રંગ ચઢેલો હોય તેના ઉપર બીજા રંગ ચઢી શકે નહીં. મીરાંબાઈ કહે છે, 'ઓઢું કાલી કામળી દૂજો ડાઘ ન લાગે કોય' પ્રહ્‌લાદ ગુરુપુત્રોની વાત તો સાંભળતા હતા, પરંતુ હૃદયમાં સતત નારાયણ નામની અસ્ખલિત પ્રેમધારા વહેતી હતી.

એક દિવસ પિતા મહારાજ હિરણ્યકશિપુએ પ્રેમથી પોતાના ખોળે બેસાડીને પ્રહલાદને પૂછ્યું, "તમે ગુરુગૃહે અભ્યાસાર્થે ગયા હતા, ભણવાનું ગમ્યું? જે પાઠ યાદ હોય તે કહો" પ્રહ્‌લાદે તો પિતાના હિતચિંતનની વાત કહી.

**હિત્વાઽઽત્મપાતં ગૃહમન્ધકૂપં**
**વનં ગતો યદ્ધરિમાશ્રયેત ॥ (ભા. ૭.૫.૫.)**

આપણાં આ ઘર અંધારા કૂવા સમાન છે અને પોતાનાં અધઃપતનનું મૂળ કારણ છે. માટે મુમુક્ષુઓ માટે એ જ શ્રેયસ્કર છે કે તે ગૃહત્યાગ કરી વનવાસી બને અને ત્યાં શ્રીહરિનો આશ્રય લઈ જીવન સાર્થક કરે. પિતાજી ! આ જીવ કેટલી વાર સ્ત્રી-પુરુષ, પશુ કે પક્ષી બન્યો. લૌકિક સુખભોગના ચકડોળમાં ફર્યા કરે છે. તૃપ્તિ ભોગથી નહીં, ત્યાગથી થાય છે. સંસાર તો દુઃખનો સાગર છે. પ્રત્યેક જીવ વ્યથિત છે. જીવે પાપ અને પુણ્ય બંનેનાં ફળ ભોગવવાં જ પડે છે. સંસાર પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે. આ સમગ્ર જગત સ્વાર્થી છે. સૌ કોઈ પોતાના સ્વાર્થ માટે જ જીવે છે.

**આત્મા વૈ સર્વેષાં પ્રિયઃ।**
**ન વા અરે પત્યુઃ કામાય પતિઃ પ્રિયો ભવતિ,**
**આત્મનસ્તુ કામાય પતિઃ પ્રિયો ભવતિ।**
**ન વા અરે જાયાયા : કામાય જાયા પ્રિયા ભવતિ**
**આત્મનસ્તુ કામાય જાયા પ્રિયા ભવતિ॥**
**ન વા અરે પુત્રાણાં કામાય પુત્રાઃ પ્રિયાઃ ભવન્તિ**
**આત્મનસ્તુ કામાય પુત્રાઃ પ્રિયાઃ ભવન્તિ।**

પ્રેમ પતિ-પત્નીનો હોય કે માતા-પિતાનો પુત્ર માટે, આ બધા પ્રેમની પાછળ એક આશા છે, ભવિષ્યમાં તેઓ અમારું રક્ષણ કરશે. લોભ છે, કામના છે. સ્વાર્થ તો પૂરેપૂરો છે. પ્રહ્‌લાદજી કહે છે, પિતાશ્રી સંસારમાં કોઈ સુખી નથી. કોઈને શાંતિ નથી. કોઈને આનંદ નથી. કોઈને સંતોષ નથી. માટે હરિનું સ્મરણ કરો. પ્રભુભક્તિનું પાથેય જ જીવનમાં અગાધ શાંતિ આપી રહેશે.

આવી વાતોની અપેક્ષા હિરણ્યકશિપુને ન હતી. તે અત્યંત ક્રોધિત થયો. તેણે શંડામર્કને ટોણાં મારતાં કહ્યું : મારા પુત્રને આવી શિક્ષા આપો છો?

વારંવાર આવું થતું જ રહ્યું. એક વાર પ્રહ્‌લાદજીએ કહ્યું : પિતાશ્રી શ્રીહરિની ભક્તિ કરો.

ભગવાનની લીલાઓનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણ સેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. આમ, આ નવધા ભક્તિનો આશ્રય લો, તમારું શેષ જીવન સાર્થક થશે. પુત્રની આવી વાત સાંભળીને હિરણ્યકશિપુના ક્રોધનો પારો ખૂબ ઊંચો આવ્યો એણે આજ્ઞા કરી : આ બાળકને મારી નાખો, પરંતુ પ્રહ્લાદ તો શ્રી નારાયણ વડે રક્ષાયેલા હતા. પ્રહ્લાદ તેમની પાઠશાળામાં શિક્ષા આપે છે.

**કૌમાર આચરેત્ પ્રાજ્ઞો ધર્માનૂ ભાગવતાનિહ।**
**દુર્લભં માનુષં જન્મ તદપ્ય ધ્રુવમર્થદમ્॥**
(ભા. ૭.૬.૧)

મિત્રો ! સંસારમાં માનવજીવન દુર્લભ છે. યૌવન અને વૃદ્ધાવસ્થાનો ભરોસો કરશો નહીં. મૃત્યુ ગમે ત્યારે આવી શકે છે, માટે જીવનના પ્રત્યેક શ્વાસે પરમાત્માનું ચિંતન કરો. ભગવદ્ ભજન કરો. શ્રીહરિનું સ્મરણ કરો. ત્યાં જ જીવન સાર્થક્ય છે. ઈશ્વર જ નિત્ય છે, આ શરીર અનિત્ય છે. આ અનિત્યથી જ નિત્યની ઉપાસના કરો.

**યાવત્ સ્વસ્થમિદં કલેવરંગૃહં યાવચ્ચ દૂરે જરા।**
**યાવચ્ચેન્દ્રિયશક્તિરપ્રતિહતા યાવત્ક્ષયો નાયુષઃ॥**
**આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્**
**પ્રોદ્દીપ્તે ભવને તુ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદૃશઃ॥**

જ્યાં સુધી આ શરીરરૂપી ભવન સ્વસ્થ છે, જ્યાં સુધી વૃદ્ધાવસ્થાનું આક્રમણ થયું નથી, જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ, આયુષ્યનો ક્ષય નથી થયો ત્યાં સુધીમાં બુદ્ધિમાન વ્યક્તિએ આત્મકલ્યાણનો માર્ગ અપનાવી લેવો જોઈએ. અન્યથા ઘરમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય.

**તતો યતેત કુશલઃ ક્ષેમાય ભયમાશ્રિતઃ।**
**શરીરં પૌરુષં યાવન્ન વિપદ્યેત પુષ્કલમ્॥**
(ભા. ૭.૬.૫)

આપણા મનમાં અનેક પ્રકારના ભયનાં વમળ ઉત્પન્ન થયેલાં છે. માટે આ શરીર જે ભગવત્પ્રાપ્તિ માટે પર્યાપ્ત છે, રોગગ્રસ્ત બનીને મૃત્યુવશ થઈ જાય તેનાં પહેલાં આત્મકલ્યાણનો માર્ગ બુદ્ધિમાન લોકોએ અપનાવી લેવો જોઈએ.

બાળકો પ્રહ્લાદજીને પૂછે છે, આ રમવા-હરવા-ફરવા, મોજમજાની ઉંમરમાં હરિનામ કરવાનું ? વૃદ્ધાવસ્થામાં આ બધું નહીં થાય તો ત્યારે જ હરિનામ કરીએ તો ન ચાલે ? પ્રહ્લાદજી કહે છે, જો યૌવનમાં હરિનામ નહીં થાય તો વૃદ્ધાવસ્થામાં ક્યારેય ન થઈ શકે ! બાળકોનો પ્રશ્ન છે તો પછી પરમાત્માને અમે કેવી રીતે પ્રસન્ન કરીએ ? પ્રહ્લાદજી કહે છે, સૌમાં ઈશ્વરનાં દર્શન કરો. સૌથી પ્રેમભાવ રાખો. કોઈને પણ ધિક્કારો નહીં. Love all. Hate none. Be kind. Be compassionate.

**તસ્માત્ સર્વેષુ ભૂતેષુ દયાં કુરુત સૌહૃદમ્।**
**આસુરં ભાવમુન્મુચ્ય યયા તુષ્યત્યધોક્ષજઃ॥**
(ભા. ૭.૬.૨૪)

માટે તમો તમારી આ દાનવતા, આસુરીભાવ, આસુરી સંપત્તિ અને આસુરી વૃત્તિનો ત્યાગ કરો. સૌ પ્રત્યે પ્રેમ-કરુણા, દયા- ઉદારતા રાખો. પ્રભુ અવશ્ય પ્રસન્ન થશે.

**સ યદાનુવ્રતઃ પુંસાં પશુબુદ્ધિર્વિભિદ્યતે।**

જ્યારે ભગવત્ કૃપા થાય ત્યારે માનવની પાશવી બુદ્ધિનો નાશ થાય છે.

પ્રહ્લાદજીએ બાળકોને આજ્ઞા આપી, પ્રેમથી કીર્તન કરો.

**ન દાનં ન તપો નેજ્યા ન શૌચં ન વ્રતાનિ ચ।**
**પ્રીયતેઽમલયા ભક્ત્યા હરિરન્યદ્વિડમ્બનમ્॥**
(ભા. ૭.૭.૫૨)

ભગવાનને પ્રસન્ન કરવા માટે દાન, તપ, યજ્ઞ-શૌચ (આંતર-બાહ્ય શુદ્ધિ) વ્રત વગેરે પર્યાપ્ત નથી. પ્રભુ તો કેવળ નિષ્કામ ભક્તિથી જ પ્રસન્ન થાય છે. નિર્મળ હૃદય માટે સત્સંગ કરો. સંતોનો સંગ કરો. સદ્ગ્રંથોનું વાંચન કરો. શ્રવણ-મનન અને નિદિધ્યાસનથી જ આંતર ચૈતન્યનાં દ્વાર ખૂલે છે.

જ્યારે હિરણ્યકશિપુએ જાણ્યુંકે પ્રહ્લાદ પોતે તો માનતો નથી, પરંતુ સમગ્ર રાક્ષસ સમાજને હરિનામ

સંકીર્તનનું ઘેલું લગાડે છે ત્યારે એ ખૂબ અકળાયો. કહે છે કે તેણે પ્રહ્‌લાદને પહાડ પરથી ફેંક્યો, હોળીમાં બળવા બેસાડ્યો, સર્પ વચ્ચે નાખ્યો, દરિયાના ઊંડાણમાં ફેંક્યો, પરંતુ દરેક વખતે પ્રહ્‌લાદ સતત **'હરે રામ હરે રામ રામ રામ હરે હરે ! હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે!!** બોલતો જ રહ્યો. સદૈવ આનંદના આવેગમાં રહ્યો. હવે હિરણ્યકશિપુ કહે છે, તું મારો પુત્ર છે અને મને જ ઉપદેશ આપે છે ? પ્રહ્‌લાદે કહ્યું, 'પિતાશ્રી શ્રીહરિ મારા, તમારા સૌમાં છે, તેની શક્તિ, ઊર્જા, કૃપા વડે જ તમો બોલી શકો છો, હરો છો-ફરો છો, વગેરે.

**ક્વા સૌ યદિ સ સર્વત્ર કસ્માત્ સ્તંભે ન દશ્યતે।**
**(ભાઃ૭ઃ૮ઃ૧૩)**

જો તે સર્વત્ર હોય તો આ થાંભલામાં કેમ દેખાતા નથી. પ્રહ્‌લાદે કહ્યું, ''પિતાશ્રી ! તે આ સ્તંભમાં પણ છે, પરંતુ તમે ક્રોધ-કામના આવેશમાં છો, તેથી તેને દેખી શકતા નથી.'' હવે હિરણ્યકશિપુ કહે છે, 'તો આ સ્તંભને જ તોડીને તારા ભગવાનને મારી નાખીશ.'

હિરણ્યકશિપુએ ક્રોધાવેશમાં થાંભલા ઉપર ગદાથી જોરથી પ્રહાર કર્યો અને સૌના આશ્ચર્ય વચ્ચે ગડગડાટ કરતો થાંભલો ફાટ્યો. તેમાંથી ઘુરરર ઘુરરર કરતાં ભગવાન નૃસિંહ પ્રગટ્યા. નર સિંહ, અડધો નર-અડધો પશુ તેવી આકૃતિનું રૂપ ભયાનક હતું. તેમણે હિરણ્યકશિપુને પકડીને રાજ્યસભાના દ્વાર વચ્ચે તેઓ લાવ્યા. પોતાના ખોળામાં બેસાડીને કહ્યું, 'જો અત્યારે દિવસ નથી, રાત્રિ પણ નથી, સંધ્યાકાળ છે. તું ઘરની અંદર નથી, બહાર પણ નથી, બારણા વચ્ચે છે. આકાશમાં નથી, ધરતી ઉપર નથી, મારા ખોળામાં છે. બ્રહ્માએ બનાવેલ કોઈ નર કે પશુ નથી, નૃસિંહ છું. અસ્ત્ર-શસ્ત્રથી નહીં, તને મારા નખથી મારી નાખીશ અને ઘુરઘુરાટ કરતાં શ્રી નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુના દેહને ચીરી નાખ્યો. ભગવાન નારાયણનો આ અવતાર ભયંકર હતો. સૌ દેવ-દેવીઓ દર્શન માટે આવ્યાં હતાં, પરંતુ પ્રભુને શાંત કોણ કરે ? અંતે પ્રહ્‌લાદે વિનયપૂર્વક પ્રણામ કરી પ્રભુને શાંત થવા પ્રાર્થના કરી ત્યારે નૃસિંહ પ્રભુ શાંત થયા.

મનુષ્યના દુઃખનું કારણ તેનું દેહાભિમાન છે. આ શરીર ઘર છે. શરીર ઘરની ચોખટ જીભ છે. તે બહાર પણ નથી અને અંદર પણ નથી. જો અભિમાનને મારવું હોય તો શ્રીકૃષ્ણનું આ જીભ ઉપર નામ રહેવું જરૂરી છે. માટે જ બધા જ સંતોએ એક જ સ્વરમાં ગાયું છે – હરિનામનું અમૃતપાન કરો. 'સાકર શેરડીનો સ્વાદ તજીને કડવો લીમડો ઘોળ મા, રે રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા – મીરાંબાઈ.'

- સમરને શ્રીહરિ મેલ મમતા પરી,
  જોને વિચારીને મૂળ તારું... **નરસિંહ મહેતા**
- વદામિ નારાયણ-નામ નિર્મલમ્
  સ્મરામિ નારાયણ-તત્ત્વમ્ અવ્યયમ્ - **મુકુંદ માળા**
- ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્
  મૂઢમતે... - **શ્રી શંકરાચાર્ય**
- ભજમન રામ-ચરન સુખદાઈ... - **તુલસીદાસ**
- મત કર મોહ તૂ, હરિ-ભજન કો માન રે... - **કબીર**
- ભજો રે ભૈયા રામ ગોવિંદ હરિ... - **કબીર**
- નહીં છોડું રે બાબા રામ નામ
  મેરી ઓર પઢન સો નહીં કામ... - **કબીર**
- રે મન ! રામસો કર પ્રીત... - **નાનક**
- સુમરન કર લે મેરે મના... - **નાનક**
- નામ જપન ક્યોં છોડ દિયા... - **ખાલસ**
- પાયોજી મૈંને રામ-રતન ધન પાયો... - **મીરાંબાઈ**
- મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ... - **મીરાંબાઈ**
- મેરે રાણાજી, મૈં ગોવિંદ-ગુણ ગાના... - **મીરાંબાઈ**
- રામ-નામ-રસ પીજૈ, મનવા રામ નામ રસ પીજૈ... - **મીરાંબાઈ**
- રામ કહો, રહમાન કહો, કોઉ કાન્હ કહો, મહાદેવ રી... - **આનંદઘન**
- નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે... - **નરસિંહ મહેતા**
- બોલ મા બોલ મા બોલ મા રે

રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા... - **મીરાંબાઈ**

શ્રીહરિનામ-સ્મરણનો મહિમા અપાર છે, વિશ્વભરના તમામ સંત અને શાસ્ત્રોએ પ્રભુ-સ્મરણનો ગુણાનુવાદ કર્યો છે.

પ્રહ્લાદ ઉપાખ્યાન સાવધાન કરે છે, ગુરુ અને મંત્ર જપ આ બંને પાંખો વગર અધ્યાત્મના આકાશમાં ઊંચી ઉડાન નહીં ભરી શકાય. એકવાર ઈશ્વરની સર્વવ્યાપકતાની અનુભૂતિ થઈ જાય, પછી જીવ સદૈવ અભય થઈને રહેશે. નૃસિંહ ભગવાનનો ક્રોધ શાંત ન થયો. ભગવાન નારાયણનું આવું સ્વરૂપ દેખીને સ્વયં લક્ષ્મીજી પણ ડરી ગયાં હતાં, પરંતુ પ્રહ્લાદ જ્યારે નૃસિંહ પાસે ગયો ત્યારે જેમ પશુ પોતાનાં સંતાનોને પ્રેમથી ચાટે તેમ ભગવાન નૃસિંહ પણ પ્રહ્લાદને ચાટવા લાગ્યા. પ્રભુ પ્રસન્નતાનું અમૃતપાન કરવા માટે શુદ્ધ પ્રેમ આવશ્યક છે. ઈશ્વર હિરણ્યકશિપુ જેવા અસુરો પ્રત્યે ક્રૂર છે, પરંતુ પ્રેમી પ્રહ્લાદ માટે કમળ સમાન કોમળ છે. પ્રહ્લાદ સત્ત્વગુણ છે. હિરણ્યકશિપુ તમોગુણ છે. ઈશ્વર સદૈવ સત્યની સાથે જ રહે છે. શ્રીકૃષ્ણે પાંડવોનો પક્ષ નહોતો લીધો, પરંતુ તેઓ સત્યના પક્ષમાં ઊભા રહ્યા હતા. માટે પ્રત્યેક જડ-ચેતન પદાર્થોમાં ઈશ્વરનાં દર્શન કરો, પાપ કે વિકાર તમારી પાસે ક્યારેય નહીં આવે.

આવું જ્ઞાન શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવે તેમના શિષ્યને પણ આપ્યું હતું. એક દિવસ શિષ્ય ભિક્ષાર્થે ગયા હતા. માર્ગમાં પાગલ હાથી આવતો હતો. તેના ઉપર બેઠેલ મહાવત ઘંટ વગાડીને જોર-જોરથી બોલતો હતો, હટો ! હટો ! હાથી પાગલ છે ! હટો ! બધા લોકો રસ્તામાંથી હટવા લાગ્યા. એક શિષ્યે કહ્યું, 'ગુરુદેવે કહ્યું છે કે ઈશ્વર સર્વત્ર છે તો પાગલ હાથીમાં કેમ નહીં ? હશે જ ! પરંતુ હાથીએ તેને સૂંઢમાંથી પકડીને રસ્તામાં પછાડ્યો. તેને જોવા શ્રી રામકૃષ્ણ હોસ્પિટલમાં ગયા ત્યારે તે બોલ્યો, "ગુરુજી ! આવું અસત્ય જ્ઞાન આપો છો ?" શ્રી રામકૃષ્ણદેવે કહ્યું, ''હાથી ઉપર મહાવત હતો ? તે દૂર હટવા કહેતો હતો. હાથી પાગલ છે તેવું જોરજોરથી બોલતો હતો ! તો એક ભગવાન નીચે છે પણ બીજો ભગવાન તેના ઉપર બેસીને આદેશ આપે છે, તે કેમ ન માનવું ?''

શુકદેવજી સાવધાન કરે છે.

શ્રી નૃસિંહ ભગવાને પ્રહ્લાદને વરદાન માગવા કહ્યું. પ્રહ્લાદે પોતાના પિતાજીના અવગુણોને ભૂલી જઈ તેના આત્માને શાંતિ અને પરમધામની ગતિ મળે તેવું માગ્યું છે.

આ પ્રહ્લાદ અને નચિકેતા આજના ભારતના યુવાનો માટે આદર્શ હોવા જોઈએ. પોતાના પિતાશ્રી તરફથી મળેલી ગમે તેટલી કઠોર યાતના પછી પણ સંતાનો માતા-પિતાના કલ્યાણની જ કામના કરે તો વૃદ્ધાશ્રમો નહીં બંધાય. આપણી સંસ્કૃતિ 'માતૃદેવો ભવ,' 'પિતૃદેવો ભવ'ની છે. તેઓ કષ્ટ કરીને સંતાનોને મોટાં કરે, ભણાવે - પરણાવે, જીવનમાં સ્થિર કરે, પરંતુ પરણીને પાંચ વર્ષમાં જ દુર્ભાગ્યે દીકરાની વહુને અમે એવું કહેતાં સાંભળી છે કે, "I Can't Stay with this garbage." What a Shame ? કેટલો દુઃખનો વિષય છે ? પતિનાં માતા-પિતા એ Garbage થયાં ? ઉકરડો ? અને પોતાનાં માતા-પિતા ? અહીં જ આ તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ સાર્થક થાય છે. માતા-પિતા બાળકોને જન્મ આપે છે, તેમણે જીવન પણ આપવું જોઈએ, એમ થાય તો પ્રત્યેક વડીલમાં શ્રદ્ધા-પ્રેમ, ઉષ્મા અને નિષ્કપટ સેવાભાવનો ઉમળકો આવશે !

શ્રી નૃસિંહ ભગવાન પ્રહ્લાદને વરદાન આપી અંતર્ધાન થયા છે.

પ્રભુની પ્રસન્નતા માટેનાં બે સાધન છે-સેવા અને સ્મરણ. બાકી દુર્ભાગ્ય છે. **નર કપડન કો ડરત હૈ। નરક પડન કો નાહિ ॥** માણસ કપડાંની કાળજી કરે છે, સંસ્કાર અને સંસ્કૃતિની નહીં. ઈશ્વર જીવમાત્રના પિતા છે. પ્રભુએ કૃપા કરીને આપણી યોગ્યતા જેટલું આપણને આપ્યું જ છે, માટે લોભ કરો નહીં. ઈશ્વરનો

ધન્યવાદ કરો. બાકી પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ નથી અને પરમાત્મા સમાન પણ બીજું કોઈ નથી.

વેદાંતી બ્રહ્મની વાત કરે છે. જીવ બ્રહ્મ છે, પરંતુ જ્યાં સુધી માનવશરીર છે, માનવ દાસ બનીને રહે. દાસ્યભાવથી જીવન અને મૃત્યુ બંને સુધરશે.

શ્રી નૃસિંહ ભગવાનની પ્રહ્લાદે સ્તુતિ કરી હતી :

**ત્રસ્તોऽસ્મ્યહં કૃપણવત્સલ દુઃસહોગ્ર-**
**સંસારચક્રકદનાદ્ ગ્રસતાં પ્રણીતઃ।**
**બદ્ધઃ સ્વકર્મભિરુશત્તમ તેऽઙ્ ઘ્રિમૂલં**
**પ્રીતોऽપવર્ગશરણં હ્વયસે કદા નુ॥**
**(ભા. ૭.૯.૧૬)**

હે દીનબંધુ ! મને આપના ઉગ્ર સ્વરૂપનો ભય નથી. આ અસહ્ય સંસારચક્રમાં પિસાઈ જવાનો ભય છે. મને કર્મપાશથી બાંધીને આ ભયંકર જંતુઓ વચ્ચે છોડી દીધો છે. સર્વ જીવમાત્રના એકમાત્ર શરણ અને મોક્ષ પ્રદાયક એવા હે નાથ ! આપનાં શ્રીચરણોમાં પ્રસન્નતાપૂર્વક મને ક્યારે બોલાવશો ?

**દૃષ્ટા મયા દિવિ વિભોऽખિલધિષ્ણ્યપાના**
**માયુઃ શ્રિયો વિભવ ઈચ્છતિ યાજ્જનોऽયમ્।**
**યેऽસ્મત્પિતુઃ કુપિતહાસવિજૃમ્ભિતભ્રૂ-**
**વિસ્ફૂર્જિતેન લુલિતાઃ સ તુ તે નિરસ્તઃ॥**
**(ભા. ૭.૯.૨૩)**

હે ભગવાન ! જેની પ્રાપ્તિ માટે સંસારી લોકો સદા ઉત્સુક રહે છે તે સ્વર્ગમાં પ્રાપ્ત તમામ લોકપાલકોની આયુ, લક્ષ્મી અને વૈભવને મેં દેખી લીધેલ છે. મારા પિતા માટે કઈ વાતની કમી હતી ? તેમની આંખોના એક પલકારામાં જગતનું સમગ્ર ઐશ્વર્ય તેમની પાસે ઉપસ્થિત થતું હતું છતાં તેમનો નાશ થયો. માટે જ કહું છું - **આયુઃ શ્રિયં વિભવમૈન્દ્રિયમાવિરિંચાત્ ન ઈચ્છામિ તે।**
**(ભાઃ૭ઃ૯ઃ૨૪)**

હે દીનાનાથ ! આ સંસાર આંધળો કૂવો છે. અંધકારથી જ ભરેલો છે તેમાં એક કાળસર્પ કરડવા માટે સદા તત્પર છે, છતાં વિષયભોગની ઈચ્છાવાળા લોકો આ કૂવામાં ફસાયેલા છે. મન તો **"દુરિતં દુષ્ટમ્ અસાધુ તીવ્રમ્ કામાતુરં હર્ષશોક ભયૈષણા ર્તં"** અવસ્થાવાળું છે.

કોઈ પુરુષને અનેક પત્નીઓ હોય તો તેની કેવી અવસ્થા હોય તેવી જીવની અવસ્થા છે.

**જિહ્વૈકતોऽચ્યુત વિકર્ષતિ માવિતૃપ્તા**
**શિશ્નોऽન્યતસ્ત્વગુદરં શ્રવણં કુતશ્ચિત્।**
**ઘ્રાણોऽન્યતશ્ચપલદૃક્ ક્વ ચ કર્મશક્તિ-**
**ર્બહ્વ્યઃ સપત્ન્ય ઈવ ગેહપતિં લુનન્તિ॥**
**(ભા. ૭.૯.૪૦)**

હે નાથ ! આ જીભ સદૈવ સ્વાદિષ્ટ રસ પ્રત્યે હંમેશાં મને ખેંચે છે. જનનેન્દ્રિય વિષયભોગ માટે સુંદર સ્ત્રીઓ તરફ, ત્વચા કોમળ સ્પર્શ સુખ તરફ, પેટ ભોજન તરફ, કાન મધુર સંગીત તરફ, નાક ભીની ભીની સુગંધ તરફ અને ચપળ નેત્ર મને સૌંદર્ય તરફ આકર્ષિત કરે છે. ઈન્દ્રિયો મને પોતાના વિષય પ્રત્યે આકર્ષણ કરે છે. મારી દશા એક એવા પુરુષ જેવી છે કે જેને અનેક પત્નીઓ હોય અને દરેક પત્ની પોતાના શયનખંડ તરફ ખેંચી રહી હોય.

માટે પ્રભુને પ્રાર્થો. **કામાનાં હૃદ્યસંરોહં ભવતસ્તુ વૃણે વરમ્।**

મારા હૃદયમાં કદીયે કામનાનાં બીજનાં અંકુર પ્રસ્ફુટિત ન થાઓ. જીવ જ્યારે નિષ્કામ થાય છે ત્યારે તેનો જીવભાવ નષ્ટ થઈ જાય છે, જેવી રીતે નદી સમુદ્રમાં મળે પછી તેનું વ્યક્તિગત અસ્તિત્વ રહેતું નથી તેમજ જીવ એક વાર અનન્યભક્તિ સાથે પ્રભુ સાથે ઐક્ય કરે, પછી તેનો વ્યક્તિગત અહંભાવ રહેતો નથી.

ભગવાનના દ્વારપાળ જય અને વિજયના ત્રણ અવતાર થયા :

૧. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ - આ લોભનો અવતાર હતા.

૨. રાવણ અને કુંભકર્ણ - આ કામ અને પ્રમાદના અવતાર હતા.

૩. શિશુપાલ અને દંતવક્ત્ર - આ ક્રોધ અને અભિમાનના અવતાર હતા.

શરીર સુંદર હોય, પત્ની સુલક્ષણા હોય, ધન અને કીર્તિ પર્યાપ્ત હોય, પરંતુ જો મન પ્રભુચરણમાં પ્રેમ ન રાખે તો એવા જીવનનો શો લાભ?

અંતકાળે જગત્‌ની પ્રતિષ્ઠા, ધન કે વિદ્વત્તા કામ કે સાથ આવતાં નથી. સંયોગમાં દોષદર્શન અને વિયોગમાં ગુણદર્શન એ જીવનો સ્વભાવ છે. બાકી જે વિદ્યા અંતકાળે પરમાત્માનાં દર્શન ન કરાવી શકે તે વિદ્યા નથી.

સપ્તમ્ સ્કંધમાં નારદ મહર્ષિ અને ધર્મરાજાનો સંવાદ છે. શ્રી નારદજી કહે છે, તે કથા અગિયારથી પંદર અધ્યાય સુધી ધર્મની કથા છે. ધર્મનાં લક્ષણો : ૧. સત્ય ૨. દયા ૩. પવિત્રતા ૪. તપશ્ચર્યા ૫. તિતિક્ષા ૬. અહિંસા ૭. બ્રહ્મચર્ય ૮. ત્યાગ ૯. સ્વાધ્યાય ૧૦. આર્જવ ૧૧. સંતોષ ૧૨. સમદષ્ટિ ૧૩. મૌન ૧૪. આત્મચિંતન ૧૫. સર્વત્ર ઈશ્વરદર્શન ૧૬. શ્રીકૃષ્ણ કથાશ્રવણ ૧૭. શ્રીકૃષ્ણ કીર્તન, સ્મરણ, સેવા-પૂજા, નમસ્કાર, દાસ્ય, સખ્ય અને આત્મસમર્પણ. તે સૌનો ધર્મ છે. તદુપરાંત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રના ધર્મનું પણ અહીં વર્ણન છે. જે અધ્યયન કરે અને કરાવે તે બ્રાહ્મણ. જે પ્રજાની રક્ષા કરે તે ક્ષત્રિય. જે કૃષિ-વ્યાપાર કરે તે વૈશ્ય અને જે સમાજના તમામ વર્ગની સેવા કરે તે શુદ્ર. શાસ્ત્રોમાં શુદ્રની ક્યાંય પણ નિંદા કરવામાં આવી નથી. ભગવાન શ્રી રામ ગુહને ભેટ્યા છે. ગુરુ વસિષ્ઠે પણ ગુહને કહ્યું, 'દૂર ઊભા ન રહો, અમે રામને વનવાસ આપ્યો, તમે આશ્રય આપ્યો છે. માટે વંદનીય છો' કહીને વસિષ્ઠઋષિએ ગુહને છાતી સરસો ચાંપ્યો હતો. ભગવાન શ્રી રામે શબરીનાં એંઠા બોર અને ભગવાન શ્રીકૃષ્ણે ગોપાલ-બાલમિત્રોનું એઠન-જૂઠન ખાધું હતું. ભગવાને ગાય ચરાવી, રથ હાંક્યો... મહેમાનોના પગ ધોયા. તેમના ભોજન પછી તેમનાં એંઠાં પાત્ર ઉપાડ્યાં. આપણી પાસે આપણા ઈષ્ટદેવનાં જ દષ્ટાંત છે, માટે શુદ્રની નિંદા કે બહિષ્કાર કરવો નહીં.

ત્યારબાદ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત આશ્રમ ધર્મનું વર્ણન છે. બ્રહ્મચારી અવસ્થામાં ઇન્દ્રિય સંયમ રાખીને આગામી જીવનનો પાયો પાકો કરવો. ગૃહસ્થાશ્રમ તો શ્રેષ્ઠ છે. બાકીના ત્રણેય આશ્રમનો આધાર છે. આપણા બધા જ સંતો ગૃહસ્થાશ્રમી હતા. ગુરુનાનકદેવ, મોહમ્મદ પયગંબર, તુલસીદાસજી, મીરાંબાઈ, નામદેવ, તુકારામ, નરસિંહ મહેતા, ગોરા કુંભાર, સજન કસાઈનો પણ ગુણાનુવાદ કરવામાં આવ્યો, તો તુલાભાર વૈશ્યનાં પણ ગુણગાન ગવાયાં. સંત કબીરમાં શ્રદ્ધા રાખનારો આજે પણ એક મોટો સમાજ છે.

વાનપ્રસ્થ આશ્રમમાં જીવન જરૂરિયાતો ઓછી કરવી. "પોતાના બનાવેલા મકાનમાં પોતાનાં સંતાનો સાથે સારા મહેમાન થઈને રહેવું." આમ, વાનપ્રસ્થ આશ્રમ સંન્યસ્ત જીવનની તાલીમનો આશ્રમ છે. ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા - "ADJUST, ADAPT, ACCOMMODATE BEAR INSULT, BEAR INJURY, BEAR INJUSTICE IS HIGHEST SADHANA."

ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુની કથા પણ આવી છે. તેમણે પ્રકૃતિમાંથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. દરિયાનો કિનારો ભલે છીછરો હોય તેનું હૃદય તો ઊંડું છે. સાધુ આકાશ જેવું વિશાળ હૃદય રાખે, વૃક્ષ સેવા જ કરે છે, છાંયો આપે, ફળ આપે, ઈંધણ આપે, સહનશીલ છે. સાધુએ જંજાળ મોટી ઊભી કરવી નહીં, નહીં તો પોતે જ બનાવેલી-વિસ્તાર કરેલી જાળમાં જાતે જ ફસાયેલા કરોળિયા જેવું જીવન થશે. સર્પ પોતાનું દર બનાવતો નથી. દર ઉંદર બનાવે સર્પ તેમાં જઈને રહે છે. સાધુએ પોતાના આશ્રમ ઊભા કરવા નહીં. કોઈના આશ્રમ હોય તેમાં જઈને રહેવું. હાથમાં બંગડી વધુ પહેરી હોય તો ખખડે, એક હોય તો અવાજ ન કરે, જે સાધુ એકમાત્ર ભગવત્ સાક્ષાત્કાર ઈચ્છતો હોય તેણે સમાજથી દૂર રહેવું. (અત્યારે વર્તમાનમાં બધે જ

સમાજ વિસ્તરેલો છે, તેથી સાધુ સમાજમાં રહે, પરંતુ નૌકા પાણીમાં હોય પણ પાણી નૌકામાં આવે તે યોગ્ય નહીં તે પ્રમાણે સમાજમાં રહેવું) તીર બનાવવાવાળાની સામેથી રાજાની સવારી ચાલી ગઈ, પરંતુ તેની એકાગ્રતા એટલી બધી હતી કે કોણ રાજા ? કોની સવારી ? તે પોતાના ધ્યાનમાં જ હતો. સંન્યાસી વ્યક્તિગત જીવનથી બહાર ઈતર સમાજ જીવનની ચર્ચામાં ન પડે. આમતેમ ચંચુપાત ન કરવો. રાજનીતિ, વ્યાપાર અને જગતચર્યાથી દૂર રહેવું.

દત્તાત્રેયે કબૂતર પરિવારની વાત કરી. એકમેકના મોહના કારણે સમગ્ર પરિવાર જાળમાં ફસાયો. પિંગળા નગરનારીની વાત કરી. તે યુવાન હતી ત્યારે તેના પ્રેમીઓ આવતા હતા. તે વૃદ્ધ થવા લાગી ત્યારે સૌ આવતાં બંધ થયાં. દેહને નહીં, આત્માને ચાહો વગેરે કથા અવધૂત ઉપાખ્યાનમાં કરવામાં આવી છે. કહ્યું, મધમાખીની જેમ સંગ્રહ ન કરો, અંતે તમે તો તેનો ઉપયોગ કરી શકવાના નથી. સાધુ અજગરની જેમ એકમાત્ર ભગવત્ ભક્તિમાં રહે, તેના પ્રારબ્ધનું મળી જ રહેશે.

આવી રીતે નારદજીએ ધર્મ રાજાને ઉપદેશ કર્યો, તે સાથે સપ્તમ સ્કંધ સમાપ્ત થયો.

## અષ્ટમ સ્કંધ

પ્રથમ સ્કંધમાં શિષ્યનો અધિકાર કહેવામાં આવ્યો. અધિકારની અનુપસ્થિતિમાં જ્ઞાન શોભિત ન થઈ શકે. અનધિકારી પુરુષ જ્ઞાનનો દુરુપયોગ પણ કરી શકે. બીજા સ્કંધમાં જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો. માનવ માત્રના કર્તવ્યની વાત કહેવામાં આવી માનવજીવન ભોગ માટે નથી, તે પ્રભુપ્રાપ્તિ માટે, ઈશ્વર-ભગવત્ સાક્ષાત્કાર માટે છે, તે કથા આવી. તૃતીય સ્કંધમાં જ્ઞાનના વિનિમયની વાત આવી. ચતુર્થ સ્કંધમાં આ જ્ઞાન ઉપાર્જનથી જીવનમાં ધર્મ-અર્થ, કામ-મોક્ષ - આ ચારેય પુરુષાર્થના સાફલ્યનો રાજમાર્ગ પ્રદર્શિત થયો. પંચમ્ સ્કંધમાં જ્ઞાની પરમહંસ અને ભાગવત પરમહંસનાં લક્ષણનો ઉલ્લેખ થયો. ઈશ્વર તો માતા, ધાતા, પિતા સર્વસ્વ છે તે સમજાવવામાં આવ્યું. ષષ્ટમ્ સ્કંધમાં પુષ્ટિ કથા કહેવામાં આવી છે. પરમાત્મા જીવ પર અનુગ્રહ કરે છે, પ્રભુ જીવ પાસે કશુંયે માગતા નથી. ઈશ્વર નિરપેક્ષ છે. તો પણ જીવ ઉપર કૃપા કરે છે.

માનવનું જ્યારે આ પૃથ્વી ઉપર અવતરણ થાય છે ત્યારે તે જીવ શુદ્ધ હોય છે. ક્રમશઃ તે અસત્ય ભાષણ અને વ્યવહાર કરવા લાગ્યો. ઈશ્વર તેને સુધરવા માટે અનેક અવસર પ્રદાન કરે છે કે કેમેય તેનું જીવન સુધરે-સાર્થક થાય.

સાતમા સ્કંધમાં સદ્વાસના, મિશ્રવાસના અને અસદ્વાસનાની વાત આવી. જીવ પુણ્યનું ફળ તો ઈચ્છે છે, પરંતુ જાતે પુણ્ય કરતો નથી.

**'પુણ્યસ્ય ફલં ઈચ્છન્તિ, પુણ્યં ન કુર્વન્તિ માનવા।'**

પુણ્ય સદ્ હોય કે અસદ્, દરેકનું ફળ ભોગવવું જ પડે છે. અમારા ગુરુદેવ પ્રત્યક્ષ પરમાત્મા સ્વરૂપ બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી સદૈવ કહેતા, **'નાઽહં કર્તા હરિઃ કર્તા'** તેમને પોતાના કર્તાપણાનું લેશમાત્રેય અભિમાન ન હતું. સમગ્ર જીવન હું ગુરુદેવનો સેવક છું. તે ભાવમાં જ તેઓ જીવ્યા અને વાસ્તવિકતા પણ તે જ હતી.

અષ્ટમ્ સ્કંધમાં વાસનાના નિવારણ માટે ચાર ઉપાય કહેવામાં આવ્યા છે.

અષ્ટમ્ સ્કંધ મન્વંતર લીલાનું વર્ણન કરે છે. શુકદેવજી વર્ણન કરે છે, 'હે રાજન ! પ્રત્યેક મન્વંતરમાં ભગવાનનું અવતરણ થાય છે. પ્રત્યેક મનુના રાજ્યમાં ભગવાનના એક વિશિષ્ટ અવતારનું આગમન થાય છે.

આ કલ્પમાં છ મનુ થયા. પ્રથમ મનુ સ્વાયંભુવ, તેને આકૃતિ અને દેવહૂતિ કન્યાઓ હતી, જેમાં આપણે કપિલ ઉપાખ્યાન અને માતા દેવહૂતિને બ્રહ્મત્વની પ્રાપ્તિની કથા આવી.

દ્વિતીય મન્વંતરમાં સ્વાયંભુવ મનુ તપ કરવા વનમાં ગયા, ત્યાં યક્ષ ભગવાને તેમની રાક્ષસોથી રક્ષા કરી. જો ઈશ્વર અવતાર લે તો તેમણે પણ કર્મ કરવાં પડે.

**નહિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્'**

**(ગીતા : ૩:૫)**

(જીવનની એક પણ ક્ષણ કર્મ વગરની હોતી નથી.)

ત્રીજા મનુ થયા ઉત્તમ. ચોથા મન્વતરમાં પ્રભુનો અવતાર શ્રીહરિનો થયો ગજેન્દ્રનો મોક્ષ કર્યો. અષ્ટમ્ સ્કંધમાં દ્વિતીય, તૃતીય અને ચતુર્થ અધ્યાય ગજેન્દ્ર મોક્ષની કથાના છે, જે કથા આ પ્રમાણે છે :

શુકદેવજી કહે છે, 'રાજન ! ત્રિકૂટ પર્વત ઉપર એક બળવાન હાથી તેની અનેક હાથણી (પત્નીઓ) સાથે રહેતો હતો. એક દિવસ જ્યારે તે સપરિવાર ક્રીડા કરતો હતો ત્યારે મગરમચ્છે તેનો પગ પકડ્યો. તેણે યુદ્ધ કર્યું. બધી હાથણીઓ અને મદનિયાં ભયમાં તળાવમાંથી બહાર ચાલ્યાં ગયાં. ગજેન્દ્ર સ્થળનું પ્રાણી છે. જળચરનાં પ્રાણી સાથે યુદ્ધમાં પરાજિત થવા લાગ્યો. મગરથી હાથીને હાથણીઓ કે મદનિયાં કોઈ બચાવી ન શક્યું અને મગરમચ્છ તે ગજેન્દ્રને વધુ ઊંડા પાણીમાં ખેંચતો જ રહ્યો.

ધ્યાન રાખજો. મૃત્યુ સમયે આપણે એકલા જ રહી જઈશું. કોઈ સંગાં-સંબંધી બચાવી શકશે નહીં. સંસાર સરોવર છે. જીવ ગજેન્દ્ર છે. કાળ તે મગરમચ્છ છે. માટે સાવધાન ! મનુષ્ય જ્યારે એકલો પડી જાય ત્યારે તેના અંતરાત્માને ઢંઢોળે છે, જ્ઞાનનાં દ્વાર ખટખટાવે છે. નિરાધાર ગજેન્દ્રને સત્ય સમજાયું કે એકમાત્ર ઈશ્વર જ મારી રક્ષા કરી શકશે. ગજેન્દ્ર સ્તુતિ કરે છે - **માદૃક્પ્રપન્નપશુપાશવિમોક્ષણાય** । (ભા:૮:૩:૧૭) હું પશુ છું. જીવમાત્ર પશુ છે અને કાળની જાળમાં ફસાયેલા છે. પરમાત્મા તો નિરાધારનો આધાર છે, યાદ કરો તો દોડતા આવે છે.

કોઈ પણ પ્રાર્થના નિષ્ફળ જતી નથી. **No prayers are unanswered. Sooner or later, All prayers are answered.**

ગજેન્દ્રની પ્રાર્થનામાં આર્તનાદ હતો, હૃદયનો પોકાર હતો. તેની પ્રાર્થનામાં તેનું સમગ્ર ચેતન ઓતપ્રોત હતું અને ભગવાન દોડીને આવ્યા. ભાગવતજી કહે છે, 'પ્રભુ પહેલાં આવ્યા, ગરુડ પાછળથી આવ્યું.' આપણે પ્રભુ સાથે સંબંધ બાંધીએ. ઈશ્વર સાથેનો યોગ-સંબંધયોગ શ્રેષ્ઠ યોગ છે. સંબંધમાં સાતત્ય જોઈએ. વાર-તહેવારે યાદ કરીએ તેવું નહીં. પરિવારનાં પરિજનો સાથે જેટલું ઐક્ય છે તેનાથી વિશેષ, કારણ કે આ બધાં અહીં જ રહેશે. હરિકૃપા જ ભવોભવ અને ભવપાર માટેનું અમોઘ સાધન છે.

પ્રભુને આવતા દેખીને ગજેન્દ્રએ તળાવમાંથી એક કમળપુષ્પ પ્રભુ સમક્ષ અર્ઘ્ય ધર્યું. સુદર્શનચક્રએ મગરમચ્છના મસ્તકનું છેદન કર્યું. ગજેન્દ્રનો મોક્ષ થયો. આ ગજેન્દ્ર તેના પૂર્વજન્મમાં ઈન્દ્રદ્યુમ્ન રાજા હતો. તે ધ્યાનમાં બેઠો હતો ત્યારે અગત્સ્ય મુનિનું આગમન થયું. મુનિને લાગ્યું કે તે તેમનું અપમાન કરે છે, માટે જ સંતની અવગણના - જાણ્યે-અજાણ્યે કરેલ કર્મફળના ભોગે તેને આ ગજેન્દ્રનો અવતાર લેવો પડ્યો.

ષષ્ટમ્ મન્વંતરમાં સમુદ્રમંથનની કથા છે. આ સંસાર સમુદ્ર છે. સ્વકીય જીવનનું મંથન કરો. ભક્તિરૂપી અમૃતની પ્રાપ્તિ થશે. જ્ઞાન અને ભક્તિરૂપી અમૃતપાન કરી મુમુક્ષુ અમૃતતત્ત્વની પ્રાપ્તિ કરે છે. આપણી અંદર દેવ પણ છે, દાનવ પણ છે. **દૈવી ગુણો :**

**અભયં સત્વ સંશુદ્ધિ ર્જ્ઞાન યોગ વ્યવસ્થિતિઃ।**

**દાનં દમશ્-ચ-યજ્ઞશ્-ચ-સ્વાધ્યાયસ્-તપ આર્જવમ્।**

**(ગીતા. ૧૬ : ૧)**

નિર્ભયતા, અંતઃકરણની સમ્યક્ શુદ્ધિ, આત્માના જાગરણની સભાનતા, દાન, ઈન્દ્રિયોનો સંયમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય,

ક્રોધ ન હોવો, ત્યાગ, શાંતિ, પારકી નિંદા ન કરવી, દયા, અલોભ, કોમળતા, લોક વિરુદ્ધ આચરણમાં લજ્જા, અકારણ ચંચળતાનો અભાવ. આ બધા દૈવી ગુણો છે, જ્યારે કામ-ક્રોધ ઈત્યાદિ ષડ્‌રિપુ આસુરી ગુણો છે.

મંદરાચળ પર્વતને મથાની અને વાસુકિ નાગનું નેતરું કર્યું અને દેવ-દાનવોએ સમુદ્રમંથન કર્યું. મનને મંદરાચળ પર્વતની જેમ સ્થિર કરો. પ્રેમના પાશમાં બાંધીને મંથન કરો. મંથન સમયે મંદરાચળ ડૂબવા લાગે છે. નિરાધાર મન જ ભવસાગરમાં ડૂબે. મનરૂપી મંદરાચળને શ્રીહરિ નામ-સ્મરણનો આધાર આપો, પછી તે સંસારસાગરમાં કદીયે નહીં ડૂબે. મંદરાચળને આધાર આપવા ભગવાને કૂર્મનારાયણનો અવતાર લીધો છે.

મંથનમાંથી પહેલાં વિષ નીકળ્યું પછી અમૃત. જે જગતની કડવાશને પચાવી શકે તે જ અમૃતપાનનો અધિકારી બની શકે. માટે જ કહ્યું છે, **“મીઠા મીઠા સબ પીએ, કડવા ન પીએ કોય. એક વાર કડવા પીએ તો કભી ન કડવા હોય.”** અમારા ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજે કહ્યું, ‘સહન કરતાં શીખો. જે સહન ન થાય તેને પણ સહન કરો.” સુખી થવાની-અમૃતમય જીવનની આ અચૂક ચાવી છે.

નિંદા અને કર્કશ વાણી વિષ જ છે. નરક અને નિંદા પણ એક જ છે. દેવો તો હંમેશાં સ્તુતિ માટે જ ટેવાયેલા છે, વિષની જ્વાળા અને દુર્ગંધ કોઈ સહન ન કરી શક્યું. તેથી મહાદેવને બોલાવવામાં આવ્યા. રક્ષા કરો ! પ્રભુ રક્ષમામ્ ! પાહિમામ્ ! જેના મસ્તક ઉપર ગંગા હોય તે જ વિષ પચાવી શકે. ગંગા એટલે જ્ઞાન. કોઈના પણ શબ્દથી માન-અપમાન, અકળાઈ જવું નહીં, આ બધું હવામાં ‘લકીર’ છે તેમ જાણીએ. મસ્તક હંમેશાં ઠંડું રહે તો વિષપાન દુષ્કર નથી. જે સૌના કલ્યાણની કામના કરે તે શિવ. સાધુ-સંતો પણ જગતના માન-અપમાનને જગત્ કલ્યાણ માટે જ સહન કરતા હોય છે. તેથી જ તેઓ પૂજાને પાત્ર બને છે.

સંગમરમરની શિલા ઉપર મૂર્તિકાર છીણી-હથોડીથી ટપ-ટપ-ટપ આઘાત કરતો જ રહે છે, શિયાળો, ઉનાળો, વરસાદ, તડકો બધું આ પથ્થર સહન કરે છે. અગણિત આઘાત પછી તેમાંથી સુંદર મૂર્તિ તૈયાર થાય છે. આપણે આ મૂર્તિને પ્રતિષ્ઠિત કરીએ છીએ. જે સહન કરે તે પૂજાય, પરંતુ એક-બે ‘ઘા’માં જે પથ્થર તૂટી જાય તે પગથિયા ઉપર જડાય છે, લોકોના પગ તળે આવે છે. હીરો જેટલો વધુ ઘસાય, જેટલા પાસા વધુ પડે તેટલી તેની કિંમત વધે. સંઘર્ષ તો કરવો જ પડશે. સંઘર્ષ એટલે જ જીવન અને સ્થગિતતા એટલે મૃત્યુ. **Struggle struggle struggle is the sine Qua none of Life. Stagnation is Death.** માટે સંઘર્ષ કરો, જે ચાલતો જાય તે પહોંચે, જે મંથન કરે તે પામે. સમુદ્રમંથન સમયે અનેક રત્ન નીકળ્યાં છે. પારિજાત વૃક્ષ, ઐરાવત હાથી, ઉચ્ચ:શ્રવા અશ્વ, વારુણી વગેરે પ્રભુ પ્રાર્થના અને ગહન ધ્યાન-જપના અભ્યાસથી યશ-માન, કીર્તિ-ધન, ઐશ્વર્ય મળશે, પરંતુ તેમાં અટવાઈ જઈએ તો પ્રભુપ્રાપ્તિ ન થાય. માટે મંથન તો જરૂરી છે, પરંતુ લક્ષ્ય એક અમૃત-પ્રભુદર્શનનું જ હોવું જોઈએ.

સમુદ્રમંથનમાંથી અમૃતઘટ લઈને ભગવાન ધન્વંતરિ પ્રગટ થયા ત્યારે તે ‘ઘટ’ માટે ‘ઝપાઝપી’ થઈ. ભગવાન નારાયણે ત્યારે મોહિની સ્વરૂપ ધારણ કરીને અમૃત દેવોને અને વારુણી દૈત્યોને આપી. રાક્ષસો મોહિનીના રૂપ-વૈભવમાં મોહી પડ્યા હતા એટલે છેતરાયા. સાંસારિક વિષયોનો મોહ છૂટે તો જ પ્રભુકૃપા થાય. માત્ર જ્ઞાનથી વિષયોનો નાશ નથી થતો, પ્રાર્થના તો કરવી જ પડશે. ઈશ્વર અનુગ્રહ થાય તો જ મન નિર્વિષયી બને.

**‘રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ।’**

**(ગીતા ૨.૫૯)**

પરમાત્મા કૃપા અને સાક્ષાત્કારથી જ મન વિષયાનુરાગિતામાંથી મુક્ત બને.

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥**

**(ગીતા ૭ : ૧૪)**

જે મારી શરણાગતિ સ્વીકારે છે તે જ અનાયાસે માયાના બંધનમાં બંધાતો નથી, અન્યથા મારી આ માયાનો પાર પામવો દુષ્કર છે.

સમુદ્રમંથનથી દુ:ખી થયેલા દાનવનો અત્યાચાર વધ્યો. કશ્યપ ઋષિએ તેમનાં ધર્મપત્ની અદિતિને પયોવ્રત કરવાનો આદેશ કર્યો. પતિ-પત્ની બંને ધર્મ આરાધના કરવા લાગ્યાં. ગૃહસ્થ આશ્રમમાં જ્યાં જ્યાં પતિ-પત્ની-પરિવાર સૌ સાથે બેસીને પ્રાર્થના કરે છે તે ઘર વૈકુંઠ બને છે. **'યત્ર યોગોહ્યયોગિનામ્।'**

**(ભા. ૮.૧૬.૫.)**

ગૃહસ્થાશ્રમમાં કામ-સુખ ગૌણ છે. ગૃહસ્થ ધર્મ જ મુખ્ય છે.

કશ્યપ અને અદિતિનો ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ હતો, દિવ્ય હતો.

કશ્યપનો અર્થ છે-મન. જેની મનોવૃત્તિ બ્રહ્માકાર થઈ ગઈ છે તે કશ્યપ, જેનાં પત્ની અદિતિ હોય (અદિતિ: કામના શૂન્ય, પવિત્ર ચરિત્ર, પ્રભુપરાયણ) ત્યાં પરમાત્માનું પ્રાગટ્ય થાય છે.

પ્રાગટ્ય પૂર્વે માતા-પિતાને સભાન કરવા માટે ભગવાને સ્વકીય ચતુર્ભુજ સ્વરૂપનું દર્શન કરાવ્યું. પછી તેમાંથી પ્રભુ સાત વર્ષના વામનરૂપે પ્રગટ્યા. વામનજીને યજ્ઞોપવીત ધારણ કરાવવામાં આવ્યું. માતા અદિતિએ કૌપીન, ધરતીએ આસન, બ્રહ્માએ કમંડળ, સરસ્વતીએ જપમાળા અને કુબેરે ભિક્ષાપાત્ર આપ્યું. બૃહસ્પતિએ વામનજીને ઉપદેશ કર્યો. વામનજીએ બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું.

ભર્તુહરિએ કહ્યું છે :

**વિશ્વામિત્રો પરાશરપ્રભૃતયો વાતામ્બુપર્ણાશના -**
**સ્તેડપિ સ્ત્રીમુખપઙ્કજ સુસલિતં દૃષ્ટૈવ મોહં ગતાઃ।**
**શાલ્યન્નં સઘૃતં પયોદધિયુતં ભુઞ્જન્તિ યે માનવાઃ।**
**તેષામિન્દ્રિયનિગ્રહો યદિ ભવેત્ વિન્ધ્યસ્તરેત્ સાગરમ્ ॥**

વૃક્ષોનાં સુકાઈ ગયેલાં પાંદડાં અને હવા-જળનો આહાર કરનારા ઋષિ-મુનિઓ કામના પ્રહારથી બચ્યા નથી તો જીભને લાલચ આપી મરી-મસાલા મિષ્ટાન્ન આદિનું ભોજન કરનારો બ્રહ્મચર્ય શું પાલન કરે?

બૃહસ્પતિની આજ્ઞાથી વામનજી બલિરાજાના ત્યાં યજ્ઞમાં પધાર્યા. અંગમાં એકમાત્ર કૌપીન, પગમાં પાદુકા, હાથમાં કમંડળ, બગલમાં દંડ અને બીજા હાથમાં છત્રી ધારણ કરીને બલિરાજાના યજ્ઞમંડપમાં પ્રભુએ પ્રવેશ કર્યો ત્યારે કમરમાં મુંજ મેખલા, શિર પર જટા, ગળામાં યજ્ઞોપવીત અને મૃગચર્મ સાથે લઈ પધારેલા વામનજીનું તેજ જોઈને સૌ ચકિત અને પુલકિત થયા.

બલિરાજાનાં પત્ની વિંધ્યાવલી અને પુત્રી રત્નમાલાએ વામનજીનું સ્વાગત કર્યું. પાદ-પ્રક્ષાલન કર્યું. ઉચિત આસન સન્માનપૂર્વક આપવામાં આવ્યું. હવે બલિરાજાનું યશોગાન વામનજી કરવા લાગ્યા. બલિ પ્રસન્ન થયા. વામનજીને જે જોઈએ તે માગવા કહ્યું. વામનજી કહે છે, 'હું સ્વસ્થતાથી સંધ્યાવંદન કરી શકું તેટલી માત્ર ત્રણ ડગલાં જમીન આપો." વામનજી ગીતાનું સૂત્ર સાર્થક કરે છે. **'કામ-ક્રોધ અને લોભ' નરકનાં દ્વાર છે.**

બલિરાજાના ગુરુ શુક્રાચાર્યે કહ્યું, 'આ દાન આપશો નહીં. આ વામન દેખાય છે, તે વિરાટ થશે. તમારું સર્વસ્વ લઈ લેશે.' પરંતુ બલિએ કહ્યું, 'મેં વચન આપ્યું છે, તેથી તેનાં ત્રણ ડગલાં ભૂમિ તેને અવશ્ય આપીશ.' કથા કહે છે કે શુક્રાચાર્ય બલિરાજાના કમંડળમાં જઈને બેઠા, જેથી કરીને સંકલ્પ માટે પાણી બહાર આવે જ નહીં. શુક્રાચાર્યજીનો સંકલ્પ વામનજી જાણી ગયા. તેમણે એક દર્ભની સળી લઈ કમંડળના નાળચામાં નાખી. શુક્રાચાર્યની એક આંખ ફૂટી ગઈ. હવે શુક્રાચાર્યને લાગ્યું કે જો હું બહાર નહીં આવું તો બીજી આંખ પણ ફૂટી જશે. બહાર આવ્યા, પરંતુ દુ:ખી છે. કહે છે : ''રાજન ! વિપત્તિ સમયે અસત્ય ભાષણ

ક્ષમ્ય છે. ગાય, સાધુ-સંતો, તપસ્વી બ્રાહ્મણો તથા સ્ત્રીની આબરૂ ઉપરાંત કોઈની પ્રાણરક્ષા માટે ઉચ્ચારેલું અસત્ય પાપ નથી - પુણ્ય છે. રાજન ! તમારા પ્રાણ, તમારું સર્વસ્વ બચાવવા મિથ્યા બોલવું ઉચિત છે." પરંતુ બલિરાજા પુણ્યવાન હતા. તેમણે ત્રણ ડગલાં ભૂમિ આપી તે લઈ લેવા આદેશ કર્યો.

પ્રભુના એક ચરણથી પૃથ્વી, બીજું ચરણ સમગ્ર બ્રહ્મલોકને માપી ગયું. ત્રીજું ક્યાં મૂકવાનું ? વિંધ્યાવલી રાણી બુદ્ધિમાન હતાં. રાજાના મનમાં સૂક્ષ્મ અભિમાન હતું. "મેં દાન કર્યું છે." મસ્તક બુદ્ધિપ્રધાન છે તેમાં જ કામનો વાસ છે. મસ્તક પર પ્રભુનાં ચરણ આવે એટલે બુદ્ધિગત કામનો નાશ થાય છે. ભગવાને બલિરાજાના મસ્તક ઉપર પગ મૂક્યો અને તેને પાતાળમાં નાખ્યો.

ગોપીઓએ પણ કહ્યું છે : **શિરસિ ધે હિ નઃ શ્રીકરગ્રહમ્।**

ગોપીઓ ગોપીગીતમાં કામના કરે છે કે પ્રભુના કરકમળના સ્પર્શની કૃપા તેમના મસ્તક ઉપર થાય.

શરીરનું અર્પણ અર્થાત્ હું અને મારાપણું, અહંકાર-અભિમાનનું અર્પણ. બલિ જીવાત્મા છે. વામન પરમાત્મા છે. બલિરાજાના ગુરુ છે શુક્રાચાર્ય. શિષ્યત્વ એટલે શુક્ર અર્થાત્ વીર્યનું સંરક્ષણ કરે, બ્રહ્મચર્ય વ્રતમાં પ્રતિષ્ઠા હોય-ચારિત્ર્ય હોય તેવા ગુરુના શિષ્યનું સદૈવ ગૌરવ થાય જ છે.

**ત્વદીયં વસ્તુ ગોવિંદ તુભ્યમેવ સમર્પયે।**

આ બધું ઈશ્વરનું જ છે, તેનું જ બધું તેને અર્પણ છે, તેમાં આપણું કશું જ નથી. **પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા...** નરસિંહના આ શબ્દો સમગ્ર જડ-ચેતન સ્વયં ઈશ્વર જ છે તેટલું સ્પષ્ટ થાય તો સુખ-દુઃખ અને માન-અપમાનના આરોહ અવરોહની અનુભૂતિ ન થાય, પછી બધું જ પ્રાકૃત અને વિકૃત ક્યાંય નહીં. જ્યારે ઈશ્વરકૃપા થાય ત્યારે તે માનવનું ધન-નામ, યશ-કીર્તિ બધું જ હરણ કરી લે છે, જેથી તેને અહંકાર ન થાય અને તે પ્રભુનો થઈને રહે.

**બ્રહ્મન્ યમનુગૃહ્ણામિ તદ્વિશો વિધુનોમ્યહમ્।**
**યન્મદઃ પુરુષઃ સ્તબ્ધો લોકં માં ચાવમન્યતે॥**
**(ભા. ૮.૨૨.૨૪)**

પરમ પવિત્ર વામન ચરિત્રની કથા પછી અષ્ટમ્ સ્કંધનું સમાપન મત્સ્યાવતારની કથાથી થાય છે.

મહારાજા મનુ (સત્યવ્રત) દીર્ઘકાળ સુધી કૃતમાલા નદીના તટે તપસ્યા કરતા હતા. એક દિવસ સ્નાન પશ્ચાત્ તર્પણ સમયે એક નાનું માછલું તેમના હાથમાં આવ્યું અને કહેવા લાગ્યું : 'મને બચાવો.' તેને કમંડળમાં મૂકવામાં આવ્યું. સત્વરે તે મત્સ્ય બોલ્યો : 'આ સ્થાન નાનું છે. આ મત્સ્યનો આકાર મોટો થતો ગયો. કમંડળમાંથી નદી અને અંતે સમુદ્રમાં જઈને તે મત્સ્ય રહ્યો. તેણે મહારાજા સત્યવ્રત મનુને કહ્યું : આજથી સાતમા દિવસે પ્રલય થશે. તમો સપ્તર્ષિ, ચારેય વેદ બધી જડીબુટ્ટીઓ લઈને અહીં આવજો, હું બધાંની રક્ષા કરીશ. સાતમા દિવસે તેના માથે મોટું શિંગડું હતું. તેની સાથે એક નૌકાને બાંધવામાં આવી, તેમાં મહારાજ સત્યવ્રત, સપ્તર્ષિ, ઔષધિઓ લઈ તે મત્સ્ય મધ્ય સમુદ્રમાં તેમને લઈ ગયો. પ્રલયમાં સમગ્ર પૃથ્વી ડૂબી ગઈ. આ બધાંની રક્ષા થઈ.

જેના જીવનમાં સત્ય પ્રતિષ્ઠિત છે તે સત્યવ્રત. કૃતમાલા તટે એટલે કર્મશીલ જીવનના તટે, જે ઈશ્વર શરણાગતિમાં જીવન યાપન કરે છે, ઈશ્વર સદૈવ તેનું રક્ષણ કરે છે. આ શરીર નૌકા છે, પ્રભુના ચરણને પકડો, તે જ શિંગડું છે. આ શરીરને પરમાત્માના શ્રીચરણ સાથે બાંધી દો, ઈશ્વર મંગળ કરશે જ.

મત્સ્યસંહિતામાં પણ હયગ્રીવ દ્વારા ચારેય વેદની ચોરી પકડીને દૈત્યનો સંહાર કરીને વેદોની રક્ષા કરવા સંબંધી કથા છે.

અષ્ટમ્ સ્કંધ મન્વંતર લીલા છે. ૪૩,૨૦,૦૦૦ માનવવર્ષનો એક યુગ થાય. આવા ૭૧ મહાયુગોનો એક મન્વંતર થાય. **હરિ અનંત હરિકથા અનંતા.**

# નવમ સ્કંધ

નવમ સ્કંધ ઈશાનુ કથા લીલાનો સ્કંધ છે. અહીં નવમા સ્કંધમાં બે પ્રકરણ છે : સૂર્યવંશ અને ચંદ્રવંશ. શ્રી રામ પ્રાગટ્ય સૂર્યવંશમાં અને શ્રીકૃષ્ણ ચરિત્ર ચંદ્રવંશમાં. ચંદ્ર મનનો દેવતા છે. સૂર્ય બુદ્ધિનો અધિષ્ઠાતા છે. સૂર્ય-ચંદ્રની ઉપાસના વગર બુદ્ધિગત વાસનાનો ક્ષય સંભવ નથી.

પ્રારંભમાં શ્રી રામકથા છે, પરંતુ તેના પૂર્વે અંબરીશ ઉપાખ્યાન છે. અંબરીશનો અર્થ અંબર એટલે આકાશ અને ઈશ અર્થાત્ ઈશ્વર. આ આકાશ આપણી અંદર પણ છે અને બહાર પણ છે. આકાશમાં સૂર્ય-ચંદ્ર, ગ્રહ-નક્ષત્ર, તારા-વાદળ, વરસાદ-ધૂળ બધું છે, પરંતુ આકાશને આમાંની કોઈ કાણ નથી. જંજાળ નથી. આ બધું ગગન ગોખમાં હોવા છતાં આકાશ સ્વયં આ બધાંથી નિર્લેપ છે. અંબરીશ પણ જળકમળવત્ જીવન જીવતા હતા. અંબરીશનો જીવનમંત્ર હતો. **'તસ્માત્ કારુણ્યભાવેન રક્ષ રક્ષ મહેશ્વર।**

અંબરીશ ચક્રવર્તી રાજા હતા, છતાં શ્રીકૃષ્ણ પરમાત્માના અનન્ય ભક્ત અને એકાદશીમાં અપાર નિષ્ઠા ધરાવતા હતા. એકાદશી વ્રત શ્રેષ્ઠ વ્રત છે, તેમાં બે પ્રકાર છે : નિષેધ વ્રત અને પરિપાલન વ્રત. અન્નાહારનો દોષ ન લાગે માટે નિષેધ વ્રત. એકાદશીનું વ્રત ત્રિદિવસીય વ્રત છે. દશમીના દિવસે દિવસમાં એક વાર ભોજન કરો. દૂધ-ભાત-ફળ એવું મીઠાં વગરનું (જૈનોના આયંબીલ જેવું) ભોજન કરો. સાંજે માત્ર જળનો આહાર કરો. એકાદશી સંભવ હોય તો નિર્જળા કરો અથવા ઋતુ પ્રમાણે 'ફળ'નો આહાર કરો. દ્વાદશીની સવારે સૂર્યોદય પછી સ્નાન, ધ્યાન, તર્પણ પછી આહાર ગ્રહણ કરો. ખરેખર પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને મનને પ્રભુની સમીપ રાખો એટલે ઉપવાસ. ઉપ સમીપે, વાસ વસવું. આ શબ્દ અપવાસ નથી. અપ-પારકું વાસ-વસવું. ઈશ્વરથી ભિન્ન અન્યત્ર મનને રાખવું. વિલાસી જીવન યાપન કરવું એટલે અપવાસ. આપણે ઉપવાસ કરવાનો છે.

અંબરીશ એક દ્વાદશીના દિવસે સ્નાન-ધ્યાન-તર્પણ કરીને વ્રત સમાપન કરવા જાય તે પૂર્વે તેમને ત્યાં દુર્વાસા મુનિનું આગમન થયું.

દુર્વાસા નદી તટે સ્નાન કરવા ગયા. ત્યાં પાણીમાં તેમને બાળવત્-શિશુવત્ આનંદ થયો. વ્રત ઉદ્યાપનની વાતને ભૂલી જ ગયા. ઉદ્યાપનનું મુહૂર્ત વ્યતીત થઈ રહ્યું હતું એટલે બ્રાહ્મણોની આજ્ઞાથી અંબરીશે હાથમાં ગંગાજળ અને એક તુલસીપત્ર ધારણ કરી - પ્રભુને નિવેદિત કરી તેને ગ્રહણ કર્યું. ઉદ્યાપન પણ થયું. સંતનો અનાદર પણ નહીં, પરંતુ દુર્વાસાની ક્રોધ જ્વાળામાંથી એક કાત્યા રાક્ષસી ઉત્પન્ન થઈ. અંબરીશને ખાવા જાય તે પૂર્વે કાત્યા અને અંબરીશ વચ્ચે ભગવાન શ્રી નારાયણનું સુદર્શનચક્ર પ્રગટ થઈ ગયું. કાત્યાને ખાવા તેના તરફ વળ્યું. કાત્યા દુર્વાસાજીને ખાવા દોડી. આમ, મુનિ દુર્વાસા તેમની પાછળ કાત્યા અને તેમની પાછળ સુદર્શનચક્ર. આમ, આ સમગ્ર મંડળ ત્રિભુવનમાં ફરી આવ્યું. અંતે દુર્વાસાજીએ ભગવાન નારાયણને પ્રાર્થના કરી. પ્રભુએ કહ્યું, 'દોષી તમો અંબરીશના છો, તેની ક્ષમા માગો.' દુર્વાસા અંબરીશને ત્યાં આવ્યા. ક્ષમાયાચના કરી. અંબરીશે સુદર્શનને પ્રાર્થના કરી. કાત્યાનો ક્ષય કરીને સુદર્શન અંતર્ધ્યાન થયું.

ભગવાને તો દુર્વાસાજીને કહેલું :

**અહં ભક્તપરાધીનો હ્યસ્વતંત્ર દ્વિજ।**
**સાધુભિર્ગ્રસ્તહૃદયો ભક્તૈર્ભક્તજનપ્રિયઃ॥**

**(ભાઃ૯ઃ૪ઃ૬૩)**

હું ભક્ત પરાધીન છું, સ્વતંત્ર નથી જ. મારા નિષ્કપટ ભક્તોએ મને તેમની ભક્તિમાં બાંધી રાખ્યો છે. ભગવાન આગળ કહે છે :

**યે દારાગારપુત્રાત્પાન્ પ્રાણાન્ વિત્તમિમં પરમ્।**
**હિત્વા માં શરણં યાતાઃ કથં તાંસ્ત્યક્તુમુત્સહે ॥**
**(ભા. ૯.૪.૬૫)**

જે ભક્તો પોતાનાં પરિવારજનોનો ત્યાગ કરીને આવે, પત્ની-પુત્ર, ઘર-સ્વજન, ધન-ઈહલોક, પરલોક-પ્રાણ વગેરે બધું જ ત્યાગ કરીને મારી શરણાગતિ સ્વીકારે, હું તેનો ત્યાગ કેમ કરું ?

**મયિ નિર્બદ્ધહૃદયાઃ સાધવઃ સમદર્શનાઃ।**
**વશી કુર્વન્તિ માં ભક્ત્યા સત્સ્ત્રિયઃ સત્પતિં યથા॥**
**(ભા. ૯.૪.૬૬)**

ભક્તો મને ભક્તિથી વશ કરે છે. ભક્તો મારું હૃદય છે, હું ભક્તોનું હૃદય છું.

ભક્તિ માતા છે. જ્ઞાન-વૈરાગ્ય તેનાં સંતાન છે. જ્યાં શુદ્ધ ભક્તિ હોય ત્યાં જ્ઞાન-વૈરાગ્ય દોડતાં આવે છે. સૌમાં શ્રીકૃષ્ણનું દર્શન કરો એટલે સુદર્શન. ભક્તિમાં જો વાણી કટુ કે કર્કશ થાય તો કાત્યા ઉત્પન્ન થાય.

ભાગવતજીમાં સૌભરીની કથા છે. મનુના પુત્ર ઈક્ષ્વાકુ. તેમના વંશમાં માંધાતા થયા. તેમની પચાસ કન્યાઓનો વિવાહ સૌભરી સાથે થયેલો. આ સૌભરીએ યમુનાજીનાં જળમાં મત્સ્ય દંપતિની કેલી ક્રીડા જોઈ. પંચ્યાસી વર્ષની વયે તેમને પુનર્લગ્નની વાસના જાગી. દામ્પત્યજીવન યાપન કરતાં તેમને પોતાની જાત ઉપર ખૂબ જ ઘૃણા થઈ, માટે જ આદિ શંકરાચાર્યજી કહે છે :

**અંગં ગલિતં પલિતં મુંડં દશનવિહીનં જાતં તુંડમ્।**
**વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડં, તદપિ ન મુઞ્ચત્યાશા પિંડમ્॥**
**ભજ ગોવિંદં ભજ ગોવિંદં ગોવિંદં ભજ મૂઢમતે॥**
**(શ્રી શંકરાચાર્યકૃત ચર્પટપંજરિકા સ્તોત્ર)**

માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે : **મુમુક્ષુઃ મિથુનવ્રતિનાં સંગ ત્યજેત્ ।** માટે નર અને નારીનો જે સંગ કરે તેવી વ્યક્તિઓનો મુમુક્ષુ સંગ ન કરે.

**સ્ત્રીણાં સ્ત્રી સંગિનાં સંગ ત્યજેત્ ।** સ્ત્રીઓ અને તેમના પ્રત્યે સાહચર્ય કરનારાઓનો સંગ કરવો નહીં.

સગર નામના ચક્રવર્તી સમ્રાટની કથા છે. તેના યજ્ઞનો અશ્વ ઈન્દ્રએ સંતાડી છુપાવી દીધો. સગરના પુત્રો અશ્વની શોધમાં કપિલ મુનિના આશ્રમમાં આવ્યા. આ જ ચોર છે એમ જાણી પ્રતાડના કરતાં કપિલ મુનિના ધ્યાનમાંની દૃષ્ટિની જ્વાળામાં બધા રાજકુમાર ભસ્મીભૂત થઈ ગયા. તેના ઉદ્ધાર માટે સગરનો પૌત્ર અંશુમાન, પછી તેમના પુત્ર દિલીપ અને અંતે તેમના પુત્ર ભગીરથે ગંગા અવતરણ માટે તપ કર્યું કે જેથી તેમના પૂર્વજોને મોક્ષ મળે. આ ભગીરથના તપથી અવતરિત ગંગા ભાગીરથી પણ કહેવાય છે.

તેમના જ વંશમાં ખટ્વાંગ, દીર્ઘબાહુ, રઘુ - તેનાથી રઘુવંશ કહેવાયો. રઘુના અજ અને તેમના પુત્ર દશરથ. તેઓ અયોધ્યાના રાજા હતા. પૂર્વજન્મમાં તેઓ બ્રાહ્મણ હતા. દશરથને ત્રણ પત્નીઓ હતી - કૌશલ્યા ધર્મપત્ની અને સુમિત્રા તથા કૈકેયી ભોગપત્ની હતી. તેમને સંતાન નહીં હોવાથી ગુરુ વસિષ્ઠની આજ્ઞાથી 'પુત્રકામેષ્ટિ' યજ્ઞ કરવામાં આવ્યો. યજ્ઞપ્રસાદનું વિતરણ ત્રણેય રાણીઓને કરવામાં આવ્યું. તેમ થવાથી કૌશલ્યાંબાને શ્રીરામ, સુમિત્રાંબાને લક્ષ્મણ અને કૈકેયી અંબાને ભરત અને શત્રુઘ્ન એમ ચાર પુત્ર પ્રાપ્ત થયા.

દશરથ જીવાત્મા છે. જે દશ ઈન્દ્રિયને વશમાં રાખે અને જિતેન્દ્રિય બને તો તેને ત્યાં પ્રભુનું પ્રાગટ્ય થાય.

શ્રી રામ પ્રાગટ્ય ચૈત્ર માસ, શુક્લ પક્ષ, નવમી તિથિ અને મધ્યાહ્ન સમયે થયું હતું. **'ભયે પ્રગટ કૃપાલા દીન દયાલા કૌશલ્યા હિતકારી !'** જયજયકાર થયો.

શ્રી રામનું સ્વરૂપ દિવ્ય હતું. **'તત્ર વેદા અવેદા ભવન્તિ'** તેનું વર્ણન વેદ પણ ન કરી શકે.

શ્રી રામ મર્યાદાપુરુષ છે. રામ વિના આરામ નહીં. જીવમાત્ર આરામ ઈચ્છે છે. જીવમાત્ર શાન્તિનો ઉપાસક છે. શાશ્વત શાંતિ, ચિરંતન શાંતિ. જો શ્રી રામ જેવી મર્યાદા જીવનમાં આવે તો જીવનમાં અગાધ શાંતિની પ્રાપ્તિ થાય. ધર્મનું ફળ છે-શાંતિ. અધર્મનું

ફળ છે-અશાંતિ. ધર્મ-મર્યાદા વગર જ્ઞાન-ભક્તિ અને ત્યાગ સંભવ નથી.

શ્રી રામ મર્યાદા પુરુષોત્તમ અને સર્વગુણ સંપન્ન છે. લક્ષ્મણ-વિવેક, ભરત-વૈરાગ્ય, શત્રુઘ્ન-સદ્‌વિચારનું સ્વરૂપ છે. ભરત અને શત્રુઘ્ન અર્થાત્ વૈરાગ્ય અને સદ્‌વિચારની અનુપસ્થિતિમાં જ કે તેઓ જ્યારે અયોધ્યા (આ દેહનગરી)માં ન હોય ત્યારે જ દશરથ કૈકેયીના વશમાં થાય છે.

વિશ્વામિત્રજીના યજ્ઞનો રાક્ષસો ધ્વંસ કરતા હતા, રક્ષા હેતુ વિશ્વામિત્ર મુનિ દશરથ પાસે શ્રી રામ-લક્ષ્મણ માગે છે. વસિષ્ઠની અનુમતિથી દશરથે આ બંને યુવાન રાજકુમારને વિશ્વામિત્ર મુનિ સાથે મોકલ્યા. અહીં યજ્ઞરક્ષામાં તાડકાનો ઉદ્ધાર કર્યો.

યજ્ઞથી ચિત્તશુદ્ધિ થાય છે. ચિત્તશુદ્ધિનું ફળ છે - પરમાત્માપ્રાપ્તિ. આપણી તમામ ઇન્દ્રિયો યજ્ઞમંડપનાં દ્વાર છે. આ તમામ દ્વાર પર શ્રી રામ-લક્ષ્મણને પ્રતિષ્ઠિત કરો. કામ-ક્રોધ, લોભ-મોહ, મદ-મત્સર, છળ-કપટ, અહંકારના રાક્ષસથી રક્ષા થશે.

યજ્ઞ સમાપન પછી પ્રભુ શ્રી રામ અહલ્યા ઉદ્ધાર કરે છે. શ્રી રામ મર્યાદાપુરુષ છે, પોતાનો સ્પર્શ કદીયે કોઈ સ્ત્રીને કરી શકે જ નહીં. અહલ્યા શલ્યા થઈને પડેલાં છે. તે ઋષિ પત્ની પ્રત્યે તેમના પતિ ગૌતમ ઋષિએ લાંછન લગાડી તેમનો ત્યાગ કર્યો. સ્ત્રી માત્રને સ્વતંત્ર રીતે વિચાર કરવાનો અને મર્યાદામાં રહીને જીવન યાપન કરવાનો અધિકાર છે તે સત્યની સ્થાપના શ્રી રામે આ અહલ્યા ઉદ્ધાર પ્રકરણથી કરી છે.

જનકના ત્યાં ધનુષયજ્ઞના નિમંત્રણે વિશ્વામિત્ર ઋષિ સાથે શ્રી રામ-લક્ષ્મણ જનકપુર આવે છે.

અહલ્યા અર્થાત્ બુદ્ધિ. માત્ર કામસુખનો જ વિચાર કરવાવાળી બુદ્ધિ જ જડ-પથ્થર સમાન થઈ જાય, પરંતુ જે બુદ્ધિ કોમળ છે તે બુદ્ધિ જ પ્રભુની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં દિવ્ય ચેતનાને પ્રાપ્ત કરે છે.

અભિમાન જીવને બાંધે છે, આસક્તિ જીવને ચકડોળે ચઢાવે છે. જ્ઞાનીજનો આ બંનેનો ત્યાગ કરે છે. **ઇન્દ્રિયાણિ ઇન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્ ।** તમામ ઇન્દ્રિય પોતપોતાનાં કાર્યો, કાર્ય અને અર્થમાં કરે છે તેવું જાણી-સમજી જ્ઞાની લોકો વિષયોમાં આસક્ત થતા નથી.

શ્રી રામનાં દર્શન કરીને જનકરાજાને અપાર આનંદ થયો છે. આ યુવક અસાધારણ છે. પ્રત્યક્ષ પરબ્રહ્મ છે. જનક વિદેહી છે, છતાં શ્રી રામનાં દર્શનથી મોહિત થયા છે. તેમણે અનુભવ્યું કે અત્યાર સુધી હું નિરાકાર બ્રહ્મનું ચિંતન કરતો હતો. આજે મારું સમગ્ર અસ્તિત્વ સગુણ બ્રહ્મમાં નિમજ્જ થઈ રહ્યું છે. જનકની દૃષ્ટિ પવિત્ર છે. તેઓ જ્ઞાની છે. માટે અભેદભાવથી ચિંતન કરે છે. શ્રી રામનાં દર્શનથી જનક રાજાની દૃષ્ટિ બ્રહ્માકાર થઈ છે, ખરેખર જનક મહાજ્ઞાની છે. માટે જ ગીતામાં પણ કહ્યું છે, **કર્મણૈવ હિ સંસિદ્ધમાસ્થિતા જનકાદયઃ । (ગીતાઃ૩ઃ૩૦)**

જનક રાજાએ કર્મ દ્વારા જ પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, અન્યથા ગીતામાં કોઈ વ્યક્તિવિશેષની પ્રશસ્તિ કરવામાં આવી નથી.

વિશ્વામિત્રજીની આજ્ઞાથી શ્રી રામ-લક્ષ્મણ જનકના ઉદ્યાનમાં પુષ્પ અને તુલસીપત્ર લેવા ગયા. ત્યાં સીતાજી પણ આવ્યાં હતાં. એકમેકની દૃષ્ટિ મળી. સીતાજી જગદંબાને શ્રી રામ જેવા પતિ માટે પ્રાર્થે છે.

**જય જય ગિરિવર રાજકિશોરી।**<br>
**જય મહેશ મુખચંદ ચકોરી॥**<br>
**દેવી પુજ પદકમલ તુમ્હારે।**<br>
**સુર નર મુનિ સબ હોહિ સુખા રે॥**

ઉદ્યાનમાંથી આવીને ત્યાં સીતાજી પણ હતાં તે વાત શ્રી રામે વિશ્વામિત્રજીને કહી. વિશ્વામિત્રજીએ કહ્યું, 'મને ખબર છે કે તે ત્યાં દરરોજ આવે છે, તમે પરસ્પર ત્યાં એકમેકને જોઈ શકો, તેથી જ તમને ઉદ્યાનમાં મોકલ્યા હતા.'

શ્રીરામનો સ્વભાવ સરળ છે. તેમના મનમાં છળકપટ નથી.

**સરલ સ્વભાઉ છુઅત છલ નાહિ।**

હવે સ્વયંવરનો સમય આવ્યો. સભામાં રાવણ પણ ઉપસ્થિત હતો. જે વ્યક્તિ પોતે જ પોતાની પ્રશંસા કરે તે રાવણ, જેની વૃત્તિ બધાંને રડાવવા-અશ્રુપાત જ કરાવવાની હોય તે રાવણ, પરંતુ જેના નામોચ્ચારણ માત્રથી હૃદયમાં આનંદ ઉપજે તે રામ, જે સૌના હૃદયમાં રમણ કરે તે શ્રી રામ.

શ્રી રામ-રાવણ યુદ્ધ પૂર્વે શ્રી રામે શિવ ઉપાસના કરી અને ગાયું :

**નમામીશમી શાન નિર્વાણરૂપં,**
**વિભું વ્યાપકં બ્રહ્મવેદસ્વરુપમ્।**
**અજં નિર્ગુણં નિર્વિકલ્પં નિરીહં,**
**ચિદાકાશમાકાશવાસં ભજેઽહમ્॥**
**(શ્રી રામરક્ષા સ્તોત્રમ્ : ૩૭)**

શબ્દોમાં કોમળતા છે. શબ્દ માધુર્ય છે. ઉચ્ચારણ સાત્ત્વિક ભાવ જગાડે છે અને તે જ સમયે રાવણે પણ લંકામાં શિવ ઉપાસના કરેલી. તેની સ્તુતિ છે :

**જટા-કટાહસમ્ભ્રમ-ભ્રમન્નિલિમ્પ-નિર્ઝરી**
**વિલોલ-વીચિ-વલ્લરી-વિરાજમાન-મૂર્દ્ધની।**
**ધગદ્ધગદ્ધગજ્જલલ્લાટ-પટ્ટ-પાવકે**
**કિશોર-ચન્દ્રશેખરે રતિઃ પ્રતિક્ષણં મમ।**
**(રાવણકૃત શિવતાંડવ સ્તુતિ)**

શબ્દોમાં વજન છે. શબ્દોમાં કર્કશતા છે. ધગત્ ધગત્ ધગત્ શબ્દો માથામાં વાગે છે. ઉચ્ચારણ વીરરસ-શૌર્યરસ જગાડે છે. અહીં સત્ત્વ નથી, રજ અને તમ છે.

જનકરાજાના ધનુષ યજ્ઞમાં કોઈ પણ રાજા ધનુષ ઉપાડવાની વાત તો દૂર, તેને થોડું માત્ર હલાવી પણ ન શક્યા. રાવણની હાલત તો બહુ જ ભયંકર ખરાબ હતી. લજ્જા જેવું તો તેના જીવનમાં કશું હતું જ નહીં, પરંતુ પરાજયથી અહંકાર ખૂબ જ ઘવાયો.

વિશ્વામિત્રજીની આજ્ઞાથી શ્રી રામચંદ્રજીએ ધનુષ્ય ઉપાડ્યું. પ્રત્યંચા ચઢાવીને તેનો ભંગ જ કરી નાખ્યો. સભામાં ધનુષભંગ થતાં આકાશમાં વીજળી-વાદળોના ગડગડાટ જેવો ભયંકર ધ્વનિ થયો. ધનુષભંગ થતાં જનકરાજાના હૃદયમાં અમૃતવર્ષણ થયું. જનકરાજાની કુમકુમ પત્રિકા અયોધ્યા આવી. સૌ પ્રસન્ન થયાં. જાન જોડીને સૌ જનકપુર આવ્યાં.

ભગવાનશ્રી રામની જાનમાં કામદેવ ઘોડો-અશ્વ બનીને આવ્યો હતો. તેનું બીજું નામ મનોજ પણ છે. જે કામ-અશ્વ પર આરુઢ થઈને વિવાહ કરવા જાય તેને કામ પીડિત કરી શક્તો નથી. શુકદેવજી વર્ણન કરે છે, રાજન્ પરમ આનંદ થયો છે.

**રામો રાજમણિઃ સદા વિજયતે રામં રમેશં ભજે।**
**રામેણાભિહતા નિશાચરચમૂ રામાય તસ્મૈ નમઃ॥**
**રામાન્નાસ્તિ પરાયણં પરતરં રામસ્ય દાસોઽસ્મ્યહં।**
**રામે ચિત્તલયઃ સદા ભવતુ મે ભો રામ મામુદ્ધર॥**
**(શ્રી રામરક્ષા સ્તોત્રમ્ : ૩૭)**

શ્રી રામનું સીતાજી સાથે અને રાજા જનકના ભાઈની કન્યાઓનાં લગ્ન લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સાથે થયા. વિવાહની બધી વિધિઓ સંપન્ન થતાં સૌ અયોધ્યા આવ્યા.

એક દિવસ દશરથે જોયું કે રાજસભામાં તેમનો મુગટ વાંકો થયો છે અને તેની પાછળથી શ્વેત કેશોની લટ હવામાં અટખેલી કરે છે. દશરથે વિચાર્યું કે, કેશ આદેશ આપે છે, હવે નિવૃત્તિ સ્વીકાર કરો.

બીજા દિવસે સવારે શ્રી રામના રાજતિલકની જાહેરાત થઈ. એક દાસીએ દોડતાં આવીને કૌશલ્યા અંબાને સમાચાર આપ્યા. માતા કૌશલ્યાએ પ્રસન્ન થઈ પોતાના કંઠમાંથી મૂલ્યવાન મોતીની માળા કાઢી તે દાસીને ભેટ આપી. અન્ય રાણીઓની દાસીઓને કંઈ ન આપ્યું. પરમાર્થમાં ભૂલ થાય તો ઈશ્વર ક્ષમા કરે છે. વ્યવહારમાં ત્રુટિ થાય તો તેનું કડવું ફળ ભોગવવું પડે છે. મોતીની માળા લઈને દોડતી દાસીને માર્ગમાં મંથરા મળી. તેણે આ વાત જાણીને દુ:ખ પ્રગટ કર્યું. વ્યવહાર સમયે આત્મસ્વરૂપનાં સંબંધની રક્ષા જરૂરી છે. મનના બે ભેદ છે : સ્થૂળ અને સૂક્ષ્મ. વ્યવહારમાં મન ભલે સ્થૂળ સંબંધમાં રહે, પરંતુ સૂક્ષ્મ સંબંધે તો મનથી સતત પરમાત્માનું જ સાતત્ય રાખવું પડે.

મંથરાએ કૈકેયી પાસે બહુ ઝેર ઓક્યું છે.

કૈકેયીની મતિ ભ્રષ્ટ કરી નાખી. કૈકેયી મંથરાની કપટભરી કટુવાણીના પ્રભાવમાં આવી ગઈ અને તેણે સ્ત્રિયા-ચારિત્ર્ય કરી, દશરથને ભરતને ગાદી અને શ્રી રામને ચૌદ વરસના વનવાસનાં બે વરદાન માગ્યાં. દશરથજી આ પૂર્વે વરદાન આપવા માટે વચનબદ્ધ હતા.

**રઘુકુલ રીતિ સદા ચલી આઈ,**
**પ્રાણ જાએ પર વચન ન જાઈ।**

દશરથજીએ કહ્યું, 'ભરતનો રાજ્યાભિષેક તો કરી શકાય, પરંતુ રામનો વનવાસ ન માગો.'

કૈકેયી કઠોર છે, કહે છે :

**તાપસ વેષ બિસેષિ ઉદાસી।**
**ચૌદહ બરિસ રામુ બનવાસી॥**

રાજા દશરથ મૂર્છિત થયા છે, જેમ પાણી વગર માછલી તરફડે તેમ તરફડવા લાગ્યા.

**કહઉં સુભાઉ ન છલ મન માંહીં।**
**જીવનુ મોર રામ બિનુ નાહીં॥**

માછલી પાણી વગર, સર્પ મણિ વગર જીવી શકે, પરંતુ હે દેવી ! હું સ્પષ્ટ કહું છું કે શ્રી રામ વગર હું જીવી નહી શકું. મારું જીવન તો શ્રી રામને જ આધીન છે.

દશરથ બેભાન થઈ ધરતી પર ઢળી પડ્યા. શ્રી રામને સંદેશો મોકલવામાં આવ્યો. તેઓ વનગમન માટે તૈયાર થયા. સીતાજીએ પણ કહ્યું, 'મારો તો ધર્મ આપને અનુસરણ કરવાનો છે.' લક્ષ્મણે કહ્યું, 'ભ્રાતા આપની સેવા માટે હું પણ આવીશ.' આ પ્રસંગ વાલ્મીકિ રામાયણમાં ખૂબ સરસ રીતે વર્ણવવામાં આવ્યો છે. શ્રી રામ કહે છે, 'ઊર્મિલાને કહી અને સુમિત્રા અંબાની અનુમતિ લઈને આવો.' ધન્ય છે, સુમિત્રા માતા કહે છે :

**રામં દશરથં વિદ્ધિ, માં વિદ્ધિ જનક આત્મજામ્।**
**અયોધ્યાં અટવીં વિદ્ધિ ગચ્છ તાત યથા સુખમ્॥**

ધન્ય છે, આ માતા. જાણે છે કે પુત્રએ ચૌદ વર્ષ વનવાસ વેઠવાનો છે, પરંતુ તે કર્તવ્યનિષ્ઠ છે. એવું કહેવાયું છે કે ઊર્મિલા બારસાખ પકડીને ઊંબરા ઉપર ઊભાં હતાં. લક્ષ્મણ કહે છે, 'આવું છું.' શ્રી રામચરિત, વાલ્મીકિ કે ભાગવતજીમાં નથી લખ્યું, પરંતુ એવું કહેવાય છે કે આ સતી ચૌદ વર્ષ સુધી એમ જ ઊભાં રહ્યાં, જેના તપે કરીને લક્ષ્મણ યતિએ મેઘનાદને માર્યો. વનમાં પણ આ ચૌદેય વર્ષ - લક્ષ્મણને મૂર્છા આવી ત્યારે તે ઢળી પડ્યા હતા - અન્યથા તેમણે એક પણ રાત્રિ નિદ્રા કરી ન હતી. ભલે અર્જુન ગુડાકેશ કહેવાય, પરંતુ લક્ષ્મણ ખરા અર્થમાં ગુડાકેશ છે.

વલ્કલ વસ્ત્ર ધારણ કરીને રામ-લક્ષ્મણ અને માતા સીતા વનમાં ગયાં છે. તુલસીકૃત માનસમાં ભગવાન રામ સંતોને પૂછે છે, 'પ્રભો ! કહો અમો ક્યાં નિવાસ કરીએ ?' સંતોનો પ્રત્યુત્તર છે.

**કામ કોહ મદ માન ન મોહા!**
**લોભ ન છોભ ન રાગ ન દ્રોહા।**
**જીન્હ કે દંભ કપટ નહીં માયા,**
**તિન્હ કે હૃદય બસહુઁ રઘુરાયા॥**

પ્રભો ! જેમના જીવનમાં કામ-ક્રોધ, મદ-માન, મોહ-લોભ, ક્ષોભ, રાગ-દ્રોહ, દંભ-કપટ કે માયા નથી તેમના હૃદયમાં આપ નિવાસ કરો.

શ્રી રામ વનગમન પછી દશરથે પ્રાણ ત્યાગ કર્યો.

કેવટ પ્રસંગ બહુ સુંદર છે. ભગવાન શ્રી રામ કેવટની વસ્તીમાં ગામ બહાર રાત્રિ નિવાસ કરે છે. ત્યાં ભરત વગેરે રાજકુમાર, ગુરુજનો, માતાઓનું આગમન થાય છે, પરંતુ શ્રી રામ તેમના પિતાશ્રીને આપેલા વચનનું જ પાલન કરે છે અને ભરત પ્રભુ શ્રી રામની પાદુકા લઈને પાછા ફરે છે, રાજસિંહાસન ઉપર પાદુકાજી પધરાવી અને શ્રી રામના પ્રતિનિધિ તરીકે ચૌદ વર્ષ રાજ્ય કરે છે. ભરત ત્યાગમૂર્તિ છે. લક્ષ્મણ વૈરાગ્યમૂર્તિ છે. શત્રુઘ્ન સેવામૂર્તિ છે. સીતાજી પરાભક્તિનું પ્રત્યક્ષ સ્વરૂપ છે.

ભાગવતની ભાષા સમાધિ ભાષા છે. વાલ્મીકિ રામાયણ પણ સમાધિગ્રંથ છે.

ભગવાન રામ ચિત્રકૂટમાં નિવાસ કરે છે. ચિત્ત જ ચિત્રકૂટ છે. અંતઃકરણમાં પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરો, તે ચિત્રકૂટ જ છે. બીજો અર્થ એવો પણ થાય

મહર્ષિ પતંજલિના શબ્દોમાં :

**યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ (પાતંજલ યોગસૂત્ર : ૧ : ૨)** ચિત્તની વૃત્તિઓનો નિરોધ એટલે યોગ. ચિત્રકૂટ એટલે ચિત્તને કૂટવું. મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર આ અંતઃકરણ ચતુષ્ટય છે. ચિત્ત ચંચળ છે. જે ચિત્ત પ્રભુ-સ્મરણ અને ષડ્રિપુઓથી મુક્ત થાય ત્યાં જ પ્રભુનો વાસ થાય.

ભરતમિલાપ આ ચિત્રકૂટમાં જ થયો હતો. ત્યાંથી શ્રી રામે પંચવટીમાં આવીને નિવાસ કર્યો. પંચવટી એટલે પંચ પ્રાણ. પ્રાણ-અપાન, ઉદાન, વ્યાન અને સમાન. જ્યારે અનુલોમ-વિલોમ દ્વારા પ્રાણ અને અપાનને સમાનમાં સ્થિર કરવામાં આવે ત્યારે મૂળ બંધ અને ઉદર બંધ પણ કરવા પડે છે. ઉદર બંધ એટલે ભોજનનો ત્યાગ, મૂળ બંધ એટલે પ્રાકૃતિક વેગોનો ત્યાગ. આમ થાય તો વ્યાન અને ઉદાન પર નિયંત્રણ આવે. આ પંચપ્રાણની ધારામાં પ્રાણનું નિયંત્રણ થાય ત્યારે જ કુંડલિની જાગ્રત થાય અને બ્રહ્મરંધ્રમાં સ્થાપિત થાય. મૂલાધારથી સહસ્ત્રાર સુધીનાં ચક્રનું ભેદન એ સુબાહુ, મારીચ, સુપર્ણખા, વાલી, કુંભકર્ણ અને મેઘનાદ તથા રાવણનું છેદન કે ભેદન છે. શ્રી રામ કથા દિવ્ય યોગતત્ત્વને ઉજાગર કરતી કથા છે.

શબરી પ્રસંગ શ્રી રામની કરુણા અને દયા તથા ઔદાર્યનું દર્શન છે. પ્રભુ ભક્તપરાયણ છે. જટાયુની મોક્ષગતિ તે પક્ષી માત્રની રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા અને રાષ્ટ્રની માતૃશક્તિનાં સંરક્ષણની કથા છે. મારીચનો વધ છળનો નિષેધ છે. વાલીનો વધ મદ અને મત્સરનું ઉન્મૂલન છે. શ્રી હનુમાનનું શિષ્યત્વ શરણાગતિનું સુંદર ઉદાહરણ છે. સેતુબંધ સંસ્કૃતિનો સમન્વય છે. લંકાદહન અહંકારનું દહન છે. રાવણવધ આ તમામ કામ-ક્રોધ ઈત્યાદિ દશ મહાશત્રુઓમાંથી મુક્તિ અને વિભીષણને રાજ્ય તે જે દૈવી ગુણો ધરાવે, જેનામાં પ્રભુ પ્રીતિ હોય, સર્વત્ર ઈશ્વરનાં દર્શન કરી શકે તે જ સંયમવાન રાજા સુવર્ણની લંકાનો અધિપતિ થઈ શકે.

બાકી વેર અને વાસના મૃત્યુને બગાડે છે. માટે જ રાવણ રણમાં રોળાયો છે. બાલકાંડ શ્રી રામનાં ચરણ છે. અયોધ્યાકાંડ શ્રી રામનાં સાથળ છે. અરણ્યકાંડ શ્રી રામનું ઉદર છે. કિષ્કિંધાકાંડ શ્રી રામનું હૃદય છે. સુંદરકાંડ શ્રી રામનો કંઠ છે. લંકાકાંડ શ્રી રામનું મુખ છે અને ઉત્તરકાંડ શ્રી રામનું મસ્તક છે. શ્રી રામ કથા અનંત છે, કારણ શ્રી રામ અનંત, અખંડ, અનાદિ છે.

માનવશરીર પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે છે, ભોગ માટે નહીં. યોગ માટે છે. યોગ એટલે વ્યક્તિ ચેતના અને સમષ્ટિ ચેતનાનું ઐક્ય. નવમ સ્કંધમાં યયાતિની કથા છે. હજારો વર્ષ સુધી વિષયસુખ ભોગવવા તેણે તેના પુત્રનું આયુષ્ય પણ માગી લીધું. માટે જ ભાગવતજી કહે છે :

**ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ।**
**હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે॥**
**(ભા. ૯.૧૯.૧૪)**

વિષયોનો ઉપભોગ કરતાં રહેવાથી કામવાસનાની ક્યારેય તૃપ્તિ થતી નથી. શાંતિ મળતી નથી. જેવી રીતે અગ્નિમાં ઘીની આહુતિ અગ્નિને વધુ પ્રજ્વલિત કરે છે તેવી જ રીતે ભોગ ભોગવવાથી વાસના વધુ ઉગ્ર થાય છે.

માટે જ ભર્તૃહરિ કહે છે :
**ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તાઃ।**
**તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ॥**

ભોગ અહીં ભોગવાતા નથી. આપણે ભોગવાઈએ છીએ. જીર્ણ તૃષ્ણા થતી નથી. આપણે ક્ષીણ થઈએ છીએ.

રંતીદેવનું પણ ઉપાખ્યાન છે. તેઓ ત્યાગમૂર્તિ હતા. પોતાના પ્રાણને સંકટમાં નાખીને પણ તેમણે પોતાનું ભોજન-પાણી બધું જ બધાંને આપી દીધું હતું.

**ન કામયેઽહં ગતિમીશ્વરાત્પરા**
**મષ્ટર્દ્ધિયુક્તામપુનર્ભવં વા।**
**આર્તિં પ્રપદ્યેઽખિલ દેહભાજા**
**મન્તઃ સ્થિતો યેન ભવન્ત્યદુઃખાઃ॥**
**(ભા. ૯.૨૧.૧૨)**

હું પ્રભુ પાસે અષ્ટ સિદ્ધિ કે નવ નિધિ અથવા ઉત્તમ ગતિની ઈચ્છા નથી કરતો. મને મોક્ષની પણ ઈચ્છા નથી. મારી તો બસ ઈચ્છા છે કે હું સર્વે જડ-ચેતનના હૃદયમાં વસી જાઉં (બધાં પ્રાણીઓના હૃદયમાં) તે બધાંનાં દુઃખ હું સહન કરીશ કે જેથી તેઓએ દુઃખ સહન કરવાં ન પડે.

કટકના બાદશાહ શાળબેગની પણ ભગવાનજીને પ્રાર્થના કરે છે : 'હે નાથ ! જગતનાં તમામ પ્રાણીનાં દુઃખ મને આપ. સુખ સૌને આપ. ઝેર મારા મોઢે રેડજે, બાકી સૌને મધ-મિષ્ટાન્ન આપજે. જે મૃત્યુના બારણે ઊભું હોય તેને મુક્તિ આપજે. તેના બદલામાં હું અગણિત નરકમાં જઈશ, પરંતુ પ્રભુ સૌને સુખ આપજે, સ્વર્ગ આપજે.'

નવમ સ્કંધ ત્યાગ-વૈરાગ્ય, સેવા-સમર્પણની સુવાસ સાથે સમાપ્ત થાય છે.

## દશમ સ્કંધ

વેદવ્યાસજીને દશમ સ્કંધનાં આલેખન સમયે સમાધિ લાગી છે. દશમ સ્કંધ ભક્તોનું હૃદય છે. દશમ સ્કંધ ભાગવતજીનું હાર્દ છે. શ્રી શુકદેવજી મહારાજને ઈષ્ટની લીલાનું વર્ણન કરતાં સ્વકીય મુહુર્મુહૂ સમાધિ લાગી જાય છે.

પરીક્ષિતને સાત દિવસમાં મુક્તિ અપાવવાની છે. જો તેનું મન શ્રીકૃષ્ણ કથામૃતમાં નિમજ્જ થઈ જાય તો મુક્તિ પરીક્ષિતના બારણે આવીને ઊભી રહેશે. મુક્તિ તેમને મળે, જેમણે પોતાના મનને માર્યું છે. પૂર્વજન્મમાં શરીર પંચભૂતોને પ્રાપ્ત થઈને ભસ્મીભૂત થયું હશે, પરંતુ પૂર્વજન્મની વાસનાઓને લઈ જન્મેલું  આ મન સત્વરે ઈશ્વરમાં લીન થતું નથી. શ્રીકૃષ્ણ કથા આકર્ષણની કથા છે. મનભાવન કથા છે. કથાનું અમૃત છે. મુક્તિપથનું દ્વાર છે.

શ્રીકૃષ્ણ લીલા નિરોધ લીલા છે. જગતનું વિસ્મરણ અને ભગવત્ આસક્તિ જ નિરોધ છે. સંસારના સંબંધોનો વિચ્છેદ થાય ત્યારે જ બ્રહ્મસંબંધ બંધાય છે. સંસારનું પૂર્ણ વિસ્મરણ અને પરમાત્માના સાતત્યનું અખંડ સ્મરણ જ મુક્તિ છે.

શ્રીકૃષ્ણ કથામાં હાસ્ય, શૃંગાર, કરુણા, ભયાનક તમામ રસ ભરેલા છે. શ્રીકૃષ્ણ સ્વયં રસ સ્વરૂપ છે. **"રસો વૈ સઃ ।"** શ્રીકૃષ્ણ સ્વયં દશમો રસ છે, પ્રેમરસ. પ્રેમરસમાં વાસના, વિષમતા, સ્વાર્થ કે હું અને તુંના વિકાર નથી.

પ્રેમ અને વિરહ બંને હૃદયને આર્દ્ર કરે છે ત્યારે જ રસાનુભૂતિ થાય છે.

શ્રીકૃષ્ણ કથા સૌ જીવને આકર્ષિત કરે છે. આ જીવના ચાર ભેદ છે : ૧. પામર ૨. વિષયી ૩. મુમુક્ષુ ૪. મુક્ત. અનીતિ અને અધર્મથી ધન અર્જિત કરે તે જીવ પામર છે. ધર્મનું પાલન કરીને ધન ઉપલબ્ધિ કરીને વિષય વિલાસમાં ધનનો ઉપભોગ કરે તે જીવ વિષયી. સંસારના વિષયોની માયાજાળમાંથી મુક્ત થવા માટે પ્રયત્નશીલ જીવ મુમુક્ષુ છે. કનક અને કાંતારૂપી માયાનાં બંધનથી મુક્ત થઈ પ્રભુમાં તદ્રૂપ, તન્મય, તદાકાર થવા પ્રયત્નશીલ જીવ મુક્ત જીવ છે.

શ્રી શુકદેવજી જે કૌપીન પણ ધારણ કરતા નથી, તે વિતરાગી સાધુપુરુષને પણ શ્રીકૃષ્ણ કથામૃતના મોહની મસ્તી છે. વેદાંતીઓ કહે છે કે આત્માને કોઈ બંધન નથી તો મુક્તિ કોના માટે ? ગીતામાં આત્માના સ્વરૂપનું વર્ણન છે.

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ॥**
**(ગીતા. ૨ : ૨૩)**

**અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ।**
**નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ॥**
**(ગીતાઃ ૨ : ૨૪)**

શસ્ત્રો તેને છેદી શકતાં નથી, અગ્નિ તેને બાળતો નથી, પાણી તેને પલાળતું નથી, પવન તેને સૂકવતો નથી, તે સર્વવ્યાપી સ્થિર, અવિચળ, સનાતન છે.

શ્રીકૃષ્ણ સમાધિનું કલ્પસૂત્ર છે. સમાધિના બે પ્રકાર છે : જડ અને ચેતન. જો મનને બળપૂર્વક વશમાં રાખવું પડે તો તે જડ સમાધિ છે. આમ કરવાથી યોગી રોગી પણ થઈ શકે. ગોપીઓની સમાધિ ચેતન સમાધિ છે. તેમણે આંખ બંધ કરીને બેસવાની જરૂર નથી. તેમની અવસ્થા **'જીત દેખું બસ શ્યામ સખી રી'**ની છે. **'યત્ર યત્ર મનો યાતિ તત્ર તત્ર માધવઃ।'**

સંતોનું કથન છે કે નવમ સ્કંધ સુધી કથા શ્રી શુકદેવે સંભળાવી, પરંતુ દશમ સ્કંધની કથા સ્વયં શ્રીકૃષ્ણે સંભળાવી છે.

**વૈયાસકિઃ સ ભગવાનથ વિષ્ણુરાતમ્ (ભા. ૧૦.૧.૧૪)**

જ્ઞાની પુરુષ મૃત્યુને ટાળવાનો નહીં, પરંતુ સુધારવાનો પ્રયત્ન કરે છે.

જ્યારે દૈત્યનો ઉપદ્રવ વધ્યો. ધરતીથી સહન ન થયું. તે દેવો પાસે ગઈ. દેવો બ્રહ્માજી પાસે અને ત્યારબાદ સૌ મળીને ભગવાન નારાયણ પાસે ગયા. ભગવાને બ્રહ્માજીને આશ્વાસન આપ્યું અને કહ્યું : 'હું અલ્પ સમયમાં જ વસુદેવ-દેવકીજીના ગૃહસ્થાશ્રમમાં અવતરણ કરીશ.'

મથુરામાં વસુદેવ અને દેવકીનો વિવાહ થયો. રાજા કંસે સ્વયં તેમનો રથ ચલાવ્યો. સારથિ બનેલા કંસને આકાશવાણીએ આહત્ કર્યો. કહ્યું : 'હે કંસ ! દેવકીના આઠમા સંતાનથી તારી હત્યા થશે.'

કંસે વસુદેવ અને દેવકીને કારાગૃહમાં બંદી બનાવ્યાં અને એક પછી એક છ બાળકોને મોતને ઘાટ ઉતાર્યાં. સાતમા બાળકની ગર્ભમાંથી ગોકુળમાં રોહિણીજીના ઉદરમાં સ્થાપના થઇ. ભાદ્રપદ શુક્લ મહિનાની એકાદશીના દિવસે બળદેવજીનું અવતરણ થયું. બળદેવ શબ્દ બ્રહ્મસ્વરૂપ છે. માટે જ પહેલાં બ્રહ્મ પછી પરબ્રહ્મ આવે છે. બલરામના આગમન પછી શ્રીકૃષ્ણ પરબ્રહ્મનું ગોકુળમાં આગમન થાય છે.

કહે છે કે દાઉજીએ નેત્રો ખોલ્યાં જ નહીં. કહ્યું : "મારો લાલો આવશે ત્યારે જ નેત્રો ખોલીશ. જ્યારે પરમ શોભાયમાન અને સર્વગુણ સંપન્ન મુહૂર્ત આવ્યું ત્યારે ચંદ્ર રોહિણી નક્ષત્રમાં હતો. દિશાઓ સ્વચ્છ હતી. આકાશ નિર્મળ હતું. નદીઓનાં નીર શ્રીકૃષ્ણ પ્રાગટ્યનાં દર્શન કરવા થંભી ગયાં હતાં. વનરાજી પ્રફુલ્લિત હતી. મહાનિશામાં કમળ ખીલવા લાગ્યાં. ભ્રમર ગુંજન કરે છે, મયૂરે નર્તન અને પક્ષીઓએ કલરવ કર્યો. મંદિરોમાં સ્વયંભૂ દીપમાળાઓ પ્રગટી, ઘંટારવ શંખ ધ્વનિ થયો. મુનિ અને દેવગણ આનંદથી દેવલોકમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની અષ્ટમીની મધરાતે પ્રભુએ કંસના કારાગારમાં દિવ્ય અવતરણ કર્યું. જ્યારે હૃદય ગવ્હરમાં પ્રભુ પ્રત્યક્ષ થઈ જાય પછી બાહ્ય ધ્યાનની આવશ્યકતા રહેતી નથી.

ભક્તિમાર્ગ સરળ છે. જ્ઞાનદીપના પ્રાગટ્ય પછી જો ઇન્દ્રિયનું કોઈ એક દ્વાર પણ ખુલ્લું રહે તો વિષયરૂપી પવન પ્રવિષ્ટ થઈ જ્ઞાનદીપને બુઝાવી નાખે છે. જ્યારે અગિયારેય ઇન્દ્રિય ધ્યાનમાં એકાગ્ર થાય ત્યારે જ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. ગીતાજીમાં પણ અર્જુનને અગિયારમા અધ્યાયમાં જ વિશ્વરૂપ દર્શન પ્રાપ્ત થયું હતું.

પ્રભુની આજ્ઞાથી વસુદેવજીએ નવજાતશિશુને એક ટોપલામાં પધરાવ્યા, ટોપલો મસ્તક ઉપર ધારણ કરતાંની સાથે જ તેમની બેડીઓ છૂટી ગઈ. કારાગૃહનાં દ્વાર ખૂલી ગયાં. પ્રહરીઓ ધ્યાનસ્થ-નિદ્રાધીન થયા, પરંતુ પ્રભુને મસ્તક પર ધારણ કરવા પડે. બુદ્ધિ મસ્તકમાં જ વિચરે છે. જ્યારે બુદ્ધિ ઈશ્વર અનુગ્રહ અને અનુભવ કરે છે ત્યારે જ સંસારનાં બંધનમાંથી પણ મુક્તિ મળે છે.

યમુનાજીનાં ઊછળતાં નીર પ્રભુનાં ચરણ સ્પર્શથી શાંત થયાં. શેષનાગ- દાઉજીએ છત્ર કરી આપ્યું. ગોકુળમાં યોગમાયાના આવરણના પ્રભાવે સમગ્ર ગોકુળ નિદ્રાધીન હતું. વસુદેવજીએ લાલાને યશોદાજીની બાજુમાં પધરાવ્યો અને ત્યાં જન્મેલ નવજાત પુત્રી-કન્યાને ટોપલામાં પધરાવી, ફરી પાછા કારાગૃહમાં આવ્યા. બેડીઓ પાછી બંધાઈ ગઈ, પરંતુ

કન્યાના રુદને પ્રહરીઓને જાગૃત કર્યા અને કહ્યું આઠમું સંતાન કન્યા ઉત્પન્ન થઈ છે.

કંસે યોગમાયાનું ચરણ પકડીને તેને પથ્થર ઉપર પછાડી, પરંતુ તે યોગમાયા આકાશમાં અષ્ટભુજા સ્વરૂપે-કાત્યાયનીદેવીરૂપે પ્રગટ થયાં અને કહ્યું, 'હે મૂર્ખ ! તારો કાળ પ્રગટ થઈ ચૂક્યો છે, પાપી !' કંસને પશ્ચાત્તાપ થયો છે. તેણે વસુદેવ અને દેવકી માતાની ક્ષમા માગી છે.

જે સૌને યશ આપે છે, તે યશોદા. યશોદાજીના ખોળામાં લાલાનાં દર્શન કરતાં સુનંદાજીનું હૃદય આનંદથી પુલકિત થયું. ગૌશાળામાં જઈ નંદબાબાને સમાચાર આપ્યા. ભૈયા ! ભૈયા ! લાલો ભયો હૈ !

નંદબાબાએ ગાયનું દાન કર્યું. યુગો સુધી તપશ્ચર્યા કરીને પણ મહાન ઋષિ-મુનિઓનો કામ નષ્ટ થયો ન હતો, અભિમાન નિઃશેષ થયું ન હતું, તે બધાએ ગોકુળમાં ગાયોનો અવતાર ધારણ કર્યો, બ્રહ્મસંબંધ થાય તો જ નિષ્કામ થવાય.

**નંદયતિ સર્વજનાન્ સ નંદઃ ।** જે સ્વકીય વાણી-વ્યવહાર અને વિચારથી સૌને આનંદ આપે તે નંદ. નંદભવનમાં ભીડ થઈ છે. ગોપીઓ તો ઘરની અંદર ગઈ, લાલાનાં દર્શન-સ્પર્શ કરી ધન્ય થઈ. પુરુષો બહાર જ રહ્યા. પુરુષ અહંકાર અને અભિમાનનું રૂપ છે, સ્ત્રીઓ નમ્રતા અને દીનતાનું મૂર્તરૂપ છે.

નંદોત્સવમાં આજકાલ દૂધ, દહીં, માખણ, મિસરી સાથે ચોકલેટ પણ ઉડાવવામાં આવે છે, મોટા ભાગે આ પ્રસાદ પગમાં કચડાય છે, જે ઉચિત નથી. ગોકુળ એટલે આપણો દેહ. ગો એટલે ઇન્દ્રિયો. કુલ એટલે સમૂહ. ઇન્દ્રિયોનો સમૂહ એટલે દેહનગરી. તેમાં આત્મા એટલે શ્રીકૃષ્ણ અને જીવ એટલે નંદ. શ્રીકૃષ્ણ પ્રાગટ્ય પછી નંદ કંસને કર આપવા મથુરા જાય છે. મથુરા ભોગ નગરી છે. કંસ વિલાસમૂર્તિ છે. જે જીવ આત્માનો ત્યાગ કરી, શ્રીકૃષ્ણનું સાંનિધ્ય છોડીને ભોગનગરીમાં વિલાસમૂર્તિના ત્યાં પધરામણી કરે ત્યારે તે જીવની અનુપસ્થિતિમાં ગોકુળમાં પૂતનાનું આગમન થાય. નંદોત્સવ થયો. નંદબાબા મથુરા ગયા ત્યારે પૂતના આવે છે. પૂતના વાસના છે.

'શ્રીરામચરિત'માં પ્રભુ શ્રી રામ પહેલાં તાડકાવધ કરે છે અને શ્રી કૃષ્ણાવતારમાં પૂતનાને મોક્ષ આપે છે. આ પૂતના અને તાડકા કામના અને વાસના છે. જે વ્યક્તિ જીવનમાં કંઈક વિશિષ્ટ ક્ષમતા સંપન્ન કર્મ-કર્તવ્ય કરવાની ઈચ્છા ધરાવે તેણે જીવન અટ્ટાલિકાના પાયામાંથી જ કામ અને હવસનો નાશ કરવો જોઈએ. **'ધાતુષુ ક્ષીયમાણેષુ શમ કસ્ય ન જાયતે !'** જે વ્યક્તિ પોતાની યુવાનીમાં મનને અંકુશિત ન રાખી શકે તો વૃદ્ધા અવસ્થા દુષ્કર બની જાય છે. જ્ઞાની પોતાની ઇન્દ્રિયોને નિરુદ્ધ કરીને પ્રાણને બ્રહ્મરંધ્રમાં સ્થિર કરીને સ્વકીય લલાટમાં જ્યોતિનાં દર્શન કરે છે. ભાગવતની ભક્તિમાં દુરાગ્રહ નથી. માત્ર સ્વરૂપમાં નિષ્ઠા રાખવાથી મનોજય થઈ શકાય. જ્ઞાનમાર્ગમાં ભેદનો નિષેધ છે. ભક્ત અને ભગવાનનું ઐક્ય અહીં થાય છે. જે મુમુક્ષુ ધ્યાન કરે તેણે સતત સભાનતા કેળવવી જોઈએ કે તે પ્રભુનું ધ્યાન કરતો નથી. ભગવાન જ ભગવાનનું ધ્યાન કરે છે. વચ્ચે 'હું' હોય જ નહીં, પછી ઐક્ય અને તાદાત્મ્ય ખૂબ જ સરળ છે.

ભગવાન શંકર શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની દ્વાદશીના દિવસે શ્રીકૃષ્ણ દર્શન માટે પધાર્યા છે. હરિ અને હરનું મિલન ખરેખર અદ્ભુત હતું, દિવ્ય હતું.

યોગમાયાની આકાશવાણીથી ભયભીત કંસે ચોપાસ નવજાત શિશુઓના વધ કરવાનું ભયંકર પાપ કરવા માંડ્યું. પૂતના ગોકુળમાં આવી. પૂત એટલે પવિત્ર, પરંતુ જે પૂત નથી, પવિત્ર નથી તે પૂતના. **'પૂતાન નયતિ'** બાળકોને લઈ જાય ને મારે છે તે પૂતના. પૂતનાનો અર્થ છે - અવિદ્યા અને અજ્ઞાન. ગીતામાં કહ્યું છે : **'ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે । (ભ.ગીતા** - ૪.૩૮) સંસારમાં આત્મજ્ઞાનથી વિશેષ બીજું કંઈ પવિત્ર નથી. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન,

બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. આ ચૌદ સ્થાનમાં પૂતનાનો નિવાસ છે. માટે જ પૂતના ચતુર્દશીના દિવસે આવી છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ કે ગંધની તન્માત્રાઓને પોષણ આપવાની વૃત્તિ થાય તો જાણવું કે પૂતના આવી છે.

અજ્ઞાન ત્રણ અવસ્થામાં ત્રાસ આપે છે. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ. જ્યારે તુર્યગામાં જીવ પ્રભુ સાથે તાદાત્મ્ય કરી લે છે, માટે પૂતના ત્યાં પોતાનો પ્રભાવ દેખાડી શકતી નથી. અવિદ્યા પોતાની સાથે પાંચ દોષને લઈ આવે છે : ૧. દેહાધ્યાસ, ૨. ઇન્દ્રિયાધ્યાસ, ૩. પ્રાણાધ્યાસ, ૪. અંતકરણ અધ્યાસ, ૫. સ્વરૂપ વિસ્મૃતિ (વિવેક કે ભાન ભૂલવું તે) જેનું શરીર સુંદર હોય પણ મન વિષથી ભર્યું હોય તે પૂતના છે. પૂતનાએ બાલકૃષ્ણને સ્તનપાન કરાવ્યું. સ્તન ઉપર કાલકૂટ ઝેર ચોપડ્યું હતું. બાલકૃષ્ણ મહાદેવનું ધ્યાન કરે છે, પ્રભુ આવો આ વિષપાન કરો. પૂતનાનો સ્તન બે હાથથી પકડી બાલકૃષ્ણએ માત્ર દૂધ જ નહીં, તેના પ્રાણ પણ પાન કરી લીધા. વ્યથામાં પૂતનાએ બહુ ચિત્કાર કર્યા, 'છોડ ! છોડ !' પરંતુ પ્રભુએ કહ્યું : 'હું તો કોઈને પકડતો જ નથી અને પકડ્યા પછી છોડતો જ નથી.'

**સામુગ્ચ મુગ્ચાલમિતિ પ્રભાષિણી !**

**(ભા:૧૦:૬:૧૧)**

'મને છોડ, મને છોડ' કહેતાં પૂતના વ્યાકુળ થઈ ગઈ. બાલકૃષ્ણને આકાશમાર્ગે વનમાં લઈ ગઈ, પરંતુ બહાર એક ઉદ્યાન ઉપર તેનો દેહ જઈ પડ્યો. વિશાળકાય દેહ આ પ્રકારે પડવાથી અગણિત વૃક્ષ તૂટી ગયાં. ખૂબ મોટો ભયંકર ધ્વનિ થયો. અવિદ્યાના કારણે ષડ્વિકાર ઉત્પન્ન થાય છે. પૂતનાના વક્ષ:સ્થળ ઉપર બાલકૃષ્ણ આનંદભાવે ક્રીડારત હતા.

ભાગવતજીમાં લખ્યું છે : **ગૌમૂત્રેણ સ્નાનયત્વા ।** લાલાને ગોમૂત્રથી સ્નાન કરાવ્યું. ગોપીઓએ પ્રાર્થના - સ્તુતિ કરી છે.

તારાં મંગલમય ચરણોની અજ ભગવાન રક્ષા કરે. યજ્ઞપુરુષ તારાં સાથળની રક્ષા કરે. અચ્યુત ભગવાન તારી કમરની રક્ષા કરે. ભગવાન હયગ્રીવ તારા પેટની, ભગવાન કેશવ તારા હૃદયની, ઈશ ભગવાન તારા વક્ષ:સ્થળની, સૂર્ય તારા કંઠની, ભગવાન વિષ્ણુ તારી ભુજાની, ભગવાન વામન તારા મુખારવિંદની, ઈશ્વર તારા મસ્તકની રક્ષા કરે. જ્યારે મારો લાલો ક્રીડાધીન હોય ત્યારે ભગવાન ગોવિંદ, નિદ્રાધીન હોય ત્યારે ભગવાન માધવ, જ્યારે હરતો-ફરતો હોય ત્યારે ભગવાન વૈકુંઠ અને બેઠો હોય ત્યારે ભગવાન લક્ષ્મીપતિ રક્ષા કરે.

છઠ્ઠા અધ્યાયના ૨૨ થી ૨૯ શ્લોકમાં બાળરક્ષા સ્તોત્ર છે.

ગોપીઓ સતત પ્રાર્થનાશીલ હતી. ભગવાન નારાયણ તારી સર્વદા રક્ષા કરે.

નંદબાબા જ્યારે મથુરાથી ચતુર્દશીના દિવસે પાછા પધાર્યા ત્યારે પૂતનાનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. ભાગવતજીમાં પૂતના ચરિત્ર સિવાય બાળલીલાની ફળશ્રુતિ બીજે ક્યાંય પણ વર્ણવવામાં આવી નથી.

શ્રી રામ કથામાં ભગવાન શ્રી રામ તાડકાનો વધ કરે છે, પરંતુ શ્રીકૃષ્ણ કથા પૂતનાને મોક્ષ આપે છે. શા માટે ? પૂતના ભલે ને પ્રભુ માટે ઝેર લાવી, પરંતુ કશુંક લઈને તો આવી હતી ને ?

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।**
**તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥**

**(ગીતા : ૯.૨૬)**

એકમાત્ર મારા જ ચિંતન સાથે જે કોઈ પણ મારા માટે પત્ર-પુષ્પ, ફળ-જળ આપે છે, હું તેને ભક્તિપૂર્વક આરોગું છું.

**કોઈનો ભાર ન રાખે મુરારિ,**

**સુદામાજીના તાંદૂલ લીધા,**
**તેના મહેલ કનકના કીધા**
**દ્રૌપદીજીનું આવ્યું ટાણું,**
**ચીર પૂર્યાં નવસો નવ્વાણુ -**

રાજા બલિ અને રાણી વિંધ્યાવલીની પુત્રીનું નામ રત્નમાલા હતું. જ્યારે પ્રભુ વામન અવતારમાં બટુકરૂપ ધારણ કરીને આવ્યા હતા ત્યારે રત્નમાલાના હૃદયમાં એક ભાવનો વંટોળ ઊમડ્યો હતો કે મારે આવો પુત્ર હોય તો હું તેને સ્તનપાન કરાવી, દિવ્ય આનંદની અનુભૂતિ કરું. આ વાત્સલ્યભાવ અને શત્રુભાવ બંનેની સાથે આ રત્નમાલા જ પૂતના થઈને આવી.

શુકદેવજી મહારાજ કૃષ્ણ કથામાં તન્મય છે. શકટાસુરના વધની કથા કહે છે. લાલો કરવટ બદલે તો પણ ઉત્સવ થતો હતો. આ 'ઉત્' એટલે ઈશ્વર અને 'સવ' એટલે પ્રાગટ્ય. જ્યારે જ્યારે પ્રભુ પ્રીતિ ઉપજે, હૃદય પ્રભુપ્રેમમાં આનંદવિભોર થાય ત્યારે ઉત્સવ. યશોદાજીએ પણ ઉત્સવ કર્યો, પરંતુ ઉત્સવમાં કૃષ્ણને સૌ ભૂલી ગયાં.

ઘરમાં ભીડ થાય, લાલો જાગી જાય તે બરોબર નહીં તેમ વિચારીને નિદ્રાધીન લાલાનું પારણું એક ગાડાંની નીચે છાંયામાં મૂકવામાં આવ્યું. આ ગાડું-શકટ એક રાક્ષસ હતો. લાલાની નિદ્રામાંથી નેત્રો ખૂલ્યાં. દેખ્યું, હું ઘરમાં નથી. ઓહ ! આ શકટ-પૂતનાનો ભાઈ તેની બહેનનો બદલો લેવા આવ્યો છે ! શકટ-ગાડામાં દૂધ, દહીં, માખણ ભર્યું હતું. તેની વચ્ચે અસુર છુપાયો હતો. બાલકૃષ્ણે બાળસહજ ક્રીડામાં લાત મારીને ગાડું ઊંધું વાળી નાખ્યું. સામગ્રી બધી વેરવિખેર થઈ ગઈ, પરંતુ શકટાસુરનું મૃત્યુ થયું. લાલાએ મનમાં જ કહ્યું, "મામાશ્રી, આવાં તો અનેક રમકડાં તોડવાં જ આવ્યો છું."

આપણો આ ગૃહસ્થાશ્રમ એક ગાડું છે, તેમાં પ્રભુને પધરાવો. પ્રભુને જીવનરથના સારથિ બનાવો. જીવનરથના અશ્વ આપણી ઇન્દ્રિયો છે. ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા, 'સદૈવ મનમાં ભાવ રાખો.' I am thine. Thou art mine. Thy will be done. હેનાથ ! હું તારો છું. તું મારો છે. તારી ઈચ્છા પ્રમાણે જ બધું થાઓ. માટે સદા ભાવ રાખો, 'ગાડું અમારું ચાલતું રે વહાલા કૃષ્ણ તારા નામથી. ગાડાંનો નાથ મારો શ્યામ શામળિયો, તેના આધારે અમે જીવીએ રે વહાલા કૃષ્ણ તારા નામથી.' ગાડામાં શ્રીકૃષ્ણ પધરાવો. જીવન શ્રીકૃષ્ણમય થશે. જીવન સાર્થક થશે. મનુષ્યજન્મ મંગલમય થશે.

જીવનમાં લૌકિક સુખોને પ્રધાનતા આપીએ તો શકટાસુર આપણા ઉપર આધિપત્ય કરશે. પ્રભુને પ્રાધાન્ય આપો. મંગળ થશે.

હવે તૃણાવર્ત વધની કથા કહેવામાં આવી છે.

**તૃણાવત્ જીવં આવર્યતી સ તૃણાવર્તઃ।** કામ અને ક્રોધ બંને રજોગુણની ઉપજ છે. આ રજોગુણનો જ ચક્રવાક તૃણાવર્ત છે. તૃણાવર્ત નામનો વંટોળ મનમાં પ્રવેશતાં જ મન ચંચળ થઈ જાય છે. યશોદાજી બાલકૃષ્ણને ખોળામાં પધરાવીને બાહ્ય પ્રકૃતિનાં દર્શન કરી રહ્યાં હતાં. વંટોળિયો આવ્યો અને બાલકૃષ્ણને માથાથી પકડીને ઉડાવી લઈ ગયો. શ્રીકૃષ્ણે તેમનું ગળું જોરથી પકડીને દબાવ્યું. તેને મોતને ઘાટ ઉતાર્યો. જગતની મુશ્કેલી એ જ છે, પ્રભુ સામે તો પૂજામાં બેસીએ છીએ, પરંતુ **"મનુવા ચહુ દીસ ઔર"** પ્રભુમાં ચિત્તને સ્થાપિત કરો, જગતના કોઈ વા-વંટોળથી વ્યાધિ નહીં ઉપજે, આ સનાતન સત્ય છે. યુગો આવ્યા અને ગયા, પરંતુ જેમણે પણ પરમાત્માની શરણાગતિ સ્વીકારી છે, તેમનું સદા સર્વદા મંગલ જ થયું છે.

બાલકૃષ્ણે યશોદા માતાને પોતાના મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં અને ગર્ગાચાર્યજીએ નામકરણવિધિ કર્યાની કથા પણ કહેવામાં આવી છે.

**હરિ અનંત હરિ કથા અનંતા।** બાલકૃષ્ણનું નામ હવે 'કૃષ્ણ' અને દાઉનું નામ 'બલરામ' રાખવામાં આવ્યું. હવે બાલકૃષ્ણ વધુ નટખટ થયા હતા, છતાં સમગ્ર ગોકુળની ગોપીઓનાં મન મોહી રાખ્યાં હતાં. માટે જ વૃંદાવનના સંતોએ ગાયું છે, **"મૈયા તેરા કાનિયા, કરતા હૈ સૈતાનિયા, દેતા હમકો ગાલિયાં - ફિર ભી કાન પ્યારા હૈ, આંખો કા દુલારા હૈ -"** વગેરે.

એક ગોપીએ તો કહી જ દીધું : **'મુરહર ! રન્ધન સમયે મા કર મુરલીરવ મધુરમ્ ।'** હે મુરારે ! અમે રસોઈ બનાવીએ ત્યારે તારી વાંસળી ન વગાડ. તારી વાંસળીના મધુર સ્વરે ચૂલામાંનાં બળતાં લાકડાંમાં પણ પ્રભુ પ્રીતિનો આનંદ રસ ઝરે છે, અગ્નિ બુઝાઈ જાય છે, આમ થાય તો હું રસોઈ કેમ કરીને બનાવું, કાના ? નિર્ગુણ બ્રહ્મના ઉપાસક મધુસૂદન પણ શ્રીકૃષ્ણની રૂપમાધુરીના મતવાલા હતા. તેમણે કહ્યું છે :

**અદ્વૈતવીથીપકરુપાસ્યાઃ સ્વરાજ્યસિંહાસન લબ્ધદીક્ષાઃ।**
**શઠેન કેનાપિ વયં હઠેન દાસીકૃતા ગોપવધૂવિટેન॥**

માખણચોરી લીલા બાલકૃષ્ણની લીલાઓમાં શ્રેષ્ઠ પ્રસંગ છે. જેમ જેમ બાલકૃષ્ણની ઉંમર વધતી ગઈ, પહેલાં ઘૂંટણિયે, પછી પાપા પગલી અને હવે ગોકુળની ગલીઓ તથા વનરાજીમાં ગાયની પાછળ શ્રીકૃષ્ણનું વિચરણ વધ્યું. શુકદેવજી વર્ણન કરે છે. શ્રીકૃષ્ણે આ માખણચોરી માટે ચોર્ય મંડળની સ્થાપના કરી છે. માટે જ મહાપ્રભુજી શ્રીશ્રી વલ્લભાચાર્યજીએ કહ્યું :

**દાસોઽહં ઈતિ મે વૃત્તિ પુરાસિદ્ યદુનન્દન।**
**દાકારઃ ચોરિતસ્તેન ગોપીવસ્ત્રાપહારિણઃ॥**

'હે નાથ ! દાસોઽહમ્', હું આપનો દાસ છું. પ્રારંભથી જ મારી તો આ જ ભાવના છે, હે યદુ નંદન ! પરંતુ તમે તો ગોપીઓનાં વસ્ત્રને પણ ચોરનારા, મારી આ ભાવનામાંથી 'દા'ને પણ ચોરી લીધો અર્થાત્ હવે **'સોઽહમ્'** શબ્દ થયો. સઃ અહમ્ - તું અને હું એક જ. **'અહં બ્રહ્માસ્મિ, તત્વમસિ,'** હું બ્રહ્મ છું, તમો પણ તે જ છો.

ગોપીઓની ફરિયાદ છે,

**'છૂપકે છૂપકે આતા હૈ, દહીં માખન ચુરાતા હૈ।'**
**બંદર કો ખીલાતા હૈ, મૈયા તેરા કાનિયા...**
**ઘર કા તાલા તોડ દિયા,**
**ગોરસ-ગોળી ફોડ દિયા,**
**ઐસા તેરા કાનિયા !!!**

ગોકુળમાં આનંદ આનંદ છે. ગોપીઓ ફરિયાદ કરે છે ! માતા ! અમારે ગાય દોહવાનો સમય થાય તે પૂર્વે લાલો વાછરડાંઓને છોડી મૂકે છે. વાછરડાં બધું જ દૂધ પી જાય છે. સમય થતાં વાછરડાંને જે છોડે તે ગોપાલ, પરંતુ સમય પૂર્વે જે મુક્તિ આપે તે શ્રીકૃષ્ણ !" વાછરડાંઓનો અર્થ છે - વિષયાસક્ત જીવ ! વત્સ અર્થાત્ વિષયાસક્ત જીવ. **"વત્સાન્ મુઞ્ચન ક્વચિદસમયે"** શાસ્ત્રમાં મુક્તિના બે પ્રકાર છે : ૧. ક્રમમુક્તિ અને બીજી સદ્યઃમુક્તિ. સમય પ્રમાણે જે મુક્ત કરે તે મર્યાદાપુરુષોત્તમ શ્રી રામ, પરંતુ કનૈયાજી તો પુષ્ટિ પુરુષોત્તમ છે. તેને કોઈ ક્રમશઃ મુક્તિની અપેક્ષા નથી. જો જીવપાત્ર હોય તો તે સમય પૂર્વે જ મુક્તિ આપે છે.

ગોપીઓની તમામ ઈન્દ્રિય પોતાના તરફ આકર્ષિત કરીને પરમાનંદના સરોવરમાં અવગાહન કરાવે, વૈકુંઠનું સુખ અને મોક્ષનું દાન આપે તે જ શ્રીકૃષ્ણ !

મોટા મોટા યોગી-મહાત્માઓને પણ પ્રત્યેક શ્વાસમાં નિત્ય સ્મરણ કરવા માટે પ્રયત્ન કરવો પડે છે, સંઘર્ષ કરવો પડે છે, પરંતુ ગોપીઓ શ્રીકૃષ્ણને ભૂલવાનો પ્રયત્ન કરે છે તો પણ ભૂલી શકતી નથી. તેઓ કૃષ્ણ પ્રેમરંગમાં રંગાયેલી છે.

સુબોધિનીમાં મહાપ્રભુજીએ ગોપીઓને પ્રેમ સંન્યાસિની કહ્યું છે. જ્ઞાન અને યોગ ઉપર સદા ભક્તિનો વિજય થાય છે. ભક્તિ ભગવાનને વશીભૂત કરે છે. ગોપી અર્થાત્ ઈન્દ્રિય. આપણી ઈન્દ્રિયો સતત પરમાત્માનું સ્મરણ કરે તેટલા માટે જ પ્રભુની આ બધી લીલાઓનું વર્ણન છે. ઘરકામ કરતાં ગોપીઓ કામ ભૂલીને કૃષ્ણ ચિંતનમાં મગ્ન થઈ જતી હતી. **"પ્રેક્ષ્ય ત્ય ઈજ્ઞત ગૃહાઃ ।" "મનસોઽવસ્થાનમ્"** મન અસ્થિર થઈ જતું હતું. ગોપીઓની શ્રીકૃષ્ણપ્રેમમાં આટલી બધી તન્મયતા હતી. પ્રત્યેક કાર્યમાં પ્રભુનું અનુસંધાન એટલે પુષ્ટિ ભક્તિ. માટે જ ગીતાનું કથન છે.

**યત્-કરોષિ યદ-શ્નાસિ, યત્-જુહોષિ દદાસિ યત્।**
**યત્-તપસ્યસિ કોન્તેય, તત્-કુરુષ્વ મદર્પણમ્॥**
**(ગીતા : ૯ : ૨૭)**

જે કંઈ પણ કર્મ કરો, ખાઓ, યજ્ઞ કરો, દાન કરો, તપ કરો, તે બધું મને અર્પણ કરો.

ઈશ્વરની શોધ અંતરતરમાં કરો. જે બહાર શોધે છે તે દુઃખના માર્ગે છે. ઇન્દ્રિયરૂપી ગોપી કહે છે કે ઈશ્વર બહાર છે. પરમાનંદ બહાર જ છે ત્યારે યશોદા નિષ્કામ બુદ્ધિ ઈશ્વરાનંદના ઘર-હૃદયમાં જ દર્શન કરે છે. ઇન્દ્રિયો ઈશ્વર આનંદને બાહ્ય દશ્ય જગતમાં શોધે છે, ભૌતિક વિશ્વમાં શોધે છે, પરંતુ તેમ કરવાથી ઈશ્વર ઉપલબ્ધિ કદીયે થતી નથી. જ્યારે બુદ્ધિ નિષ્કામ બને, હૃદય ગવ્હરમાં અવગાહન કરે ત્યારે સત્વરે તેને તે પરમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. માટે જ અનુભૂતિજન્ય જ્ઞાન સાથે કબીરદાસે ગાયું છે :

**"મોકો કહાઁ ઢૂંઢેરે બંદે, મૈં તો તેરે પાસ મેં।**
**ના મંદિર મેં; ના મસ્જિદ મેં, મૈં તો હૂં વિશ્વાસ મેં॥"**

એક વાર ગ્વાલબાલોએ યશોદાજીની પાસે ફરિયાદ કરી, લાલો માટી ખાય છે. શ્રીકૃષ્ણ કહે છે, **'નાહં ભક્ષિતવાનમ્બ સર્વે મિથ્યાભિશંસિનઃ ॥'** મા ! આ લોકો અસત્ય બોલે છે, મેં માટી ખાધી નથી. શ્રી વલ્લભાચાર્યજીનું કથન છે કે જ્ઞાનમાર્ગીઓનું કહેવાનું છે કે કૃષ્ણ કંઈ પણ નથી ખાતા. વૈષ્ણવોને તો બાલકૃષ્ણ વહાલા છે એટલે માખણ-મિસરી અને લાડુડીનો ભોગ ધરાવે છે. માતાએ કહ્યું : 'સાચું બોલ !' લાલાએ કહ્યું : "મા ! મેં વ્રજરજ ખાધી છે." ધન્ય છે માતા યશોદા ! જેવું શ્રી બાલકૃષ્ણે મોઢું ખોલ્યું તો ત્યાં તેણે બ્રહ્માંડનાં દર્શન કર્યાં. ગીતા એકાદશ અધ્યાયના શ્લોક ૨૫થી ૩૦ સુધી અર્જુને પણ સમગ્ર બ્રહ્માંડ ભગવાન શ્રીકૃષ્ણના વિરાટ સ્વરૂપના મુખમાં આવતાં-જતાં દેખ્યાં હતાં. મુખદર્શનના બહાને બાલકૃષ્ણે માતા યશોદાજીને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. શુકદેવજી વર્ણન કરે છે, ઈશ્વરના સ્વરૂપમાં જ્ઞાન બાધક છે.

**વૈષ્ણવીં વ્યતનોન્માયાં પુત્રસ્નેહમયીં વિભુઃ ।** પુત્રસ્નેહમાં ભાવવિભોર માતા યશોદાના અંતઃસ્તરમાં યોગમાયાએ સંચાર કર્યો કે જેથી માતા આ વિશ્વરૂપ દર્શનને ભૂલી જાય અને ફરી વાત્સલ્યથી વહાલ કરે.

સાધારણ રીતે કોઈના મૃત્યુ પછી ભાગવત કથાનું આયોજન જે તેના આત્માની શાંતિ અને સદ્‌ગતિ માટે કરાવવામાં આવે છે. ભાગવત મૃત્યુ પછી નહીં, જીવન હોય ત્યારે મુક્તિ-પ્રદાતા શાસ્ત્ર છે. મુક્તિ શરીર મરવાથી નહીં, મન મરવાથી મુક્તિ મળે છે. દશમ સ્કંધ નિરોધ લીલા છે, જ્યારે મન સાંસારિક વિષયોથી મુક્ત થઈ અને ઈશ્વરમાં સંલગ્ન થાય એટલે મુક્તિ. ગુરુદેવ શ્રીમત્‌ સ્વામી શિવાનંદજી મહારાજ કહે છે, "TURN THE GAZE." દૃષ્ટિને બહારથી અંદર કરો. કવિવર રબીન્દ્રનાથ ટાગોરની રચના છે, **અન્તર મમ વિકસિત કરો અન્તરતર હે ! નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે ॥** આપણે આજકાલ બાહ્ય વેશભૂષા શૃંગાર માટે વ્યાપારીકરણ કર્યું છે. અંતરતરને ઉજ્જ્વળ કરવા કોઈ પ્રયત્ન નથી. શ્રીકૃષ્ણ કહે છે,

**ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ !**
**(ગીતા : ૧૮ : ૬૧)**

પરમાત્મા આનંદ સ્વરૂપ છે. મન અર્ધચેતન છે. સંસાર જડ છે, દૂધમાં ખાંડ એકરૂપ થઈ શકે, રેતી નહીં. સજાતીય વસ્તુ જ એક થઈ શકે. પ્રયત્ન પ્રામાણિક હોય તો મન ઈશ્વર સાથે જ અભિન્ન થઈ શકે. ગીતાનું કથન છે.

**મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ।**
**અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે॥**
**(ગીતા : ૧૫.૭.૯)**

માટે શંકરાચાર્યજીએ સાધન પંચકમ્‌માં કહ્યું છે :

**ભવસુખે દોષોઽનુસંધીયતામ્‌** ॥ સંસારના પદાર્થોમાં દોષ દેખો. આત્મસ્વરૂપમાં મનનો લય કરો. મનને વિષય નહીં મળે તો તે અંતરચેતસ્‌માં ઐક્ય મેળવશે, તેવો વિલય જ મુક્તિ છે. માયા જીવને ભ્રમિત કરી શકે છે, રુદન ન કરાવી શકે. જીવાત્મા તો મુક્ત છે, તેને કોઈ બંધન નથી. બંધન માત્ર મનને જ છે. અજ્ઞાનના કારણે એવું માની લેવામાં આવે છે કે આત્મા બદ્ધ છે. આત્મા અજર, અમર, નિત્ય સત્ય, શુદ્ધ, બુદ્ધ,

અવિકારી છે. તુલસીદાસજીએ જીવ માટે સુંદર વાત કહી:

**ઈશ્વર અંશ જીવ અવિનાશી।**
**ચેતન અમલ સહજ સુખ રાશી॥**
**સા માયા બસ ભયઉ ગુસાંઈ।**
**બંધ્યો કીટ મર્કટ કી નાઈ॥**

મન બગડે તો ફસાય. આત્મા મનનો દૃષ્ટા છે, સાક્ષી છે. મનને કોઈ સ્વતંત્ર સત્તા નથી, તે આત્માના આદેશ અનુસાર જ કામ કરે છે. મન નપુંસક છે, તે જ વિષયોમાં આબદ્ધ થાય છે અને આરોપ આત્મા ઉપર કરે છે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. માટે આંખોનો સંબંધ શ્રીકૃષ્ણ સાથે જોડો. બુદ્ધિ પરમાત્માને પકડી શકે નહીં. કઠોપનિષદ આ બાબતનું સ્પષ્ટીકરણ કરે છે:

**નાયમાત્મા પ્રવચનેન લભ્યો-**
**ન મેધયા ન બહુના શ્રુતેન।**
**યમેવૈષ વૃણુતે તેન લભ્ય**
**સ્તસ્યૈષ આત્મા વિવૃણુતેતનૂઁ સ્વામ્॥**
**(કઠ. ૧ : ૨ : ૨૩)**

પરમાત્મા વેદાધ્યયનથી પ્રાપ્ત થતા નથી. શાસ્ત્ર શ્રવણ કે બુદ્ધિચાતુર્યથી પણ નહીં. જે પુરુષ ઉપર આત્માની કૃપા થાય તેને જ તેની પ્રાપ્તિ થાય છે અથવા જે માત્ર તેને જ પ્રાપ્ત કરવાની પ્રબળ ઈચ્છા ધરાવે, પ્રામાણિક પ્રયત્ન કરે તેને જ પ્રાપ્ત થાય છે.

ભાગવતજીમાં જ્યાં જ્યાં 'એકદા' શબ્દનો પ્રયોગ આવ્યો છે ત્યાં ત્યાં વિશિષ્ટ લીલાઓનું વર્ણન છે. નવમ સ્કંધમાં પણ અધ્યાયના પ્રારંભમાં 'એકદા' એક સમય શબ્દનો ઉલ્લેખ હતો. શુકદેવજી વર્ણન કરે છે. અહીં દામોદર લીલાનો પ્રસંગ છે. આ પ્રસંગનું ચિંતન કરતાં ભક્ત કવિ નરસિંહ મહેતાને પણ સમાધિ લાગી છે.

મહિડાં વલોવે છે નંદરાણી.... આજે યશોદાજી દહીં વલોવવા બેઠાં છે, બાલકૃષ્ણ પાછળથી આવીને માતાને વળગી પડે છે. માતા દહીં વલોવી શક્તાં નથી. યશોદા સાધક છે. દહીં વલોવવાની ક્રિયા સાધન છે, શ્રીકૃષ્ણ સાધ્ય છે. સાધના એવી કરો કે સાધ્ય સ્વયં આવીને મળે. સાધનામાં તન્મયતા સાધ્ય સાથે એકરૂપ કરે છે. શુકદેવજી ભગવાન એને સકામ કહે છે, જ્યારે ઉપનિષદે ભગવાનને નિષ્કામ કહ્યા છે.

**તાં સ્તન્યકામ આસાદ્ય મદર્નાન્તીં જનનીં હરિઃ।**
**(ભાઃ૧૦.૯.૪)**

તે સમયે સ્તનપાન કરવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણ માતા પાસે આવ્યા કે જે દહીં વલોવી રહ્યાં હતાં. આમ, જ્યારે લાલો કામમાં વારંવાર બાધા કરતો હતો ત્યારે તેનાથી અકળાઈ જઈ યશોદાજી બાલકૃષ્ણને ખાંડણીયા સાથે બાંધવા લાગ્યાં, પરંતુ દોરી અનેક બદલવા છતાં દરેક દોરી બે આંગળ નાની જ પડતી હતી.

**તદપિ દ્વયંગુલં ન્યૂનં યદ્ યદાદત્ત બન્ધનમ્।**
**(ભા. ૧૦. ૯. ૧૬)**

જ્યારે શ્રીકૃષ્ણએ અનુભવ્યું કે માતા થાકી ગયાં છે, પરસેવે રેબઝેબ થયાં છે ત્યારે દયાવશ બંધાઈ ગયા. ભગવાન કહે છે, 'કૃપા કરું ત્યારે જ બંધાઉં છું.'

**દૃષ્ટ્વા પરિશ્રમં કૃષ્ણઃ કૃપયાऽऽસીત્ સ્વબંધને।**
**(ભાઃ૧૦ઃ૯ઃ૧૮)**

ભગવાન લૌકિક દોરીથી નહીં, "વો તો ખીંચે હુએ બંધે હુએ ચલે આતે હૈ."

જો ભગવાનને બાંધી શકાય તો જીવની મુક્તિ થાય ત્યારથી પ્રભુનું નામ દામોદર પડ્યું છે. પ્રભુ જ્ઞાન કે યોગથી નહીં, ભક્તિના દોરથી બંધાય છે.

નવમા અધ્યાયમાં બંધનલીલા છે. દશમા અધ્યાયમાં મોક્ષલીલા છે. બાલકૃષ્ણલાલ-મુશળને ખેંચીને બે વૃક્ષની વચ્ચેથી નીકળ્યા. લાલા દ્વારા મુશળ ખેંચાવાથી બંને વૃક્ષ ધરાશાયી થઈ ગયાં. વૃક્ષના પડવાથી ભયંકર ધ્વનિ થયો અને આ યમલાર્જુન વૃક્ષમાંથી નળકુબેર અને મણિગ્રીવ બંને કુબેરના પુત્રો હતા તે પ્રગટ થયા. તેઓ દેહાભિમાની હતા. ભાગવતજી કહે છે:

**દેવદત્તમિમં લબ્ધ્વા નૃલોકમજિતેન્દ્રિયઃ।**
**યો નાદ્રિયેત ત્વત્પાદૌ સ શોચ્યો હ્યાત્મવઞ્ચકઃ॥**
**(ભા. ૧૦.૬૩.૪૧)**

ઈશ્વર પ્રદત્ત આ શરીર છે. જે ઈશ્વરકૃપા કરીને આપે છે. જે મનુષ્ય માનવશરીરને સાધન માનીને પ્રભુ કૃપાર્થે સાધના કરે છે તે કૃપામૃતની પ્રાપ્તિ કરે છે અન્યથા તે પોતાની જાતને જ છેતરે છે. માટે 'BE TRUE TO THY OWN SELF.' આપણે આપણી જાતને વફાદાર થઈએ. નળકુબેર અને મણિગ્રીવ મદોન્મત્ત થઈ ફરતા હતા. નારદ મહર્ષિ સામે પધાર્યા તો પણ મર્યાદાવશ વસ્ત્રો ધારણ ન કર્યાં. તેથી ઉદ્ધવજી કહે છે :

**આસામહો ચરણરેણુ જુષામહં સ્યાં**
**વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્।**
**યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા**
**ભેજુર્મુકુંદપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્॥**
**(ભા. ૧૦.૪૭.૬૧)**

જે સત્ય અનુસંધાન વેદ માટે પણ દુષ્કર છે, જેને તજી ન શકાય અને આર્યમાર્ગનો ત્યાગ કરવો પડે છતાં પ્રાપ્ત ન થાય તેવી અનુભૂતિ શ્રીકૃષ્ણ તાદાત્મ્યની આ ગોપીઓને પ્રાપ્ત થયેલ છે અને આ ગોપીઓની ચરણરજથી - કૃપા પ્રાપ્ત આ વૃક્ષ લતા, ઔષધિ વગેરે પણ પુણ્યવાન- લાભકર્તા થયાં છે તેવા વૃંદાવનમાં મારા કોઈ પણ સ્વરૂપમાં જન્મ થાઓ, આવી મારી હૃદયની આરજૂ છે.

નળકુબેર અને મણિગ્રીવને શ્રીકૃષ્ણ ચરણરજનો પાવન સ્પર્શ થતાં જ તે બંને વૃક્ષનો ઉદ્ધાર થયો ત્યારે તેમણે સ્તુતિ કરી છે :

**વાણી ગુણાનુકથને શ્રવણૌ કથાયાં**
**હસ્તૌ ચ કર્મસુ મનસ્તવ પાદયોર્નઃ।**
**સ્મૃત્યાં શિરસ્તવ નિવાસજગત્પ્રણામે**
**દૃષ્ટિઃ સતાં દર્શનેઽસ્તુ ભવત્તનુનામ્॥**
**(ભા. ૧૦.૧૦.૩૮)**

હે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ અમે આપની પાસે કંઈ પણ માગતા નથી, પરંતુ અમારી વાણી આપના યશોગુણનું ગાયન કરે, અમારા કાન આપની કથા સાંભળવા આતુર રહે. અમારા હાથ આપનાં શ્રીચરણોની સેવા કરે, અમારું મન એકમાત્ર આપનું જ સ્મરણ કે ચિંતન કરે. અમારું મસ્તક આપના જગન્નિવાસ સ્વરૂપને પ્રણામ અને અમારી દૃષ્ટિ આપની મૂર્તિરૂપ સંતો કે જે તેમના હૃદયમાં આપની મૂર્તિના ધારક છે, તેમનાં દર્શન હેતુ તત્પર રહે, હે પ્રભો ! આપની મંગળકૃપા અમો પર રહે !

દામોદરલીલા અને યમલાર્જુન ઉદ્ધાર ગોકુળની પ્રમુખ લીલામાંની એક લીલા છે. જ્ઞાની ઈશ્વર સાક્ષાત્કાર તો કરી શકે, પરંતુ તેને બાંધી શકે નહીં. જ્ઞાની બ્રહ્મચિંતન કરીને બ્રહ્મસ્વરૂપ થઈ શકે, પરંતુ સ્વકીય પ્રેમપાશમાં તો ભક્તિસૂત્ર જ બાંધી શકે. માટે જ તપ અને જ્ઞાનની અપેક્ષા ભક્તિ શ્રેષ્ઠ છે.

તુલસીકૃત 'શ્રીરામચરિતમાનસ'માં કહેવામાં આવ્યું. પ્રભુ રામ કહે છે :

**જાતે વેગિદ્રવઉં મૈં ભાઈ।**
**સો મમ ભગતિ ભગવત સુખદાઈ॥**
**સો સ્વતંત્ર અવલંબન ન આના।**
**તેહિ આધીન ગ્યાન-વિગ્યાના॥**

માત્ર ભક્તિ જ મને આર્દ્ર કરી શકે છે. ભક્તિને બીજા કોઈ અવલંબનની આવશ્યકતા નથી. તે પરમ સ્વતંત્ર છે. જ્ઞાન અને વિજ્ઞાન વગેરે બધાં જ ભક્તિને આધીન છે.

**સુરદાસજીએ કહ્યું : "જો સુખ સૂરમુનિજન કો દુર્લભ।**
**સો નંદ ભામીનિ પાવે, યશોદા હરિ પાલને ઝુલાવે॥"**

ભક્ત કવિ રસ ખાન પણ કહે છે કે શેષ, મહેશ, ગણેશ, દિનેશ, સુરેશ વગેરે જે નિત્ય સ્તુતિ કરે છે, વેદોએ પણ જેમને અનાદિ, અનંત, અખંડ, અછેદ, અભેદ કહ્યા છે; નારદ, શુકદેવજી, વ્યાસમુનિ પણ સતત સ્મરણ કરતાં જેનો પાર પામી શકતા નથી તેમને આ ગોકુળની ગોવાલણો થોડી ખાટી છાશના બહાને, નાચ નચાવે છે. **'તાહિ અહીર કી છોહરિયાં છછિયા ભરી છાછ પૈ નાચ નચાવૈ।'**

અહીં ગોકુળલીલાનું સમાપન થાય છે. બાળલીલાનું શ્રવણ શ્રદ્ધા ઉત્પન્ન કરે છે, કિશોરલીલાનું શ્રવણ ભક્તિનું દાન કરે છે. જે ભક્તિનું

વન છે તે વૃંદાવન. વૃંદાવનમાં એકલા ન જવું, વૃંદમાં જવું. શ્રીકૃષ્ણ અગિયારમા અધ્યાયમાં વત્સપાલ છે, હવે ગોપાલ થશે. યમુનાતટે બે બાધા આવે છે : એક વૃત્રાસુર અને બીજો બકાસુર. આ વૃત્રાસુર એટલે અજ્ઞાન અને બકાસુર એટલે દંભ. ભક્તિના તટે, શ્રી યમુનાજીના તટે આ બંનેનો નાશ થવો જ જોઈએ. અહીં અઘાસુરની પણ કથા છે. અઘાસુર એટલે અજગર. તે પૂતના અને બકાસુરનો અનુજ હતો. અઘનો અર્થ પાપ. જે સદા પાપમાં જ રમણ કરે તે અઘાસુર. જો અધ્યાત્મ પથે થોડી પણ અસાવધાની થાય તો પાપમાં પ્રવેશ થાય. અઘાસુરના ઉઘાડા મુખમાં ગોપબાળકો ગુફા સમજીને ગયાં. અઘાસુર અજગરનું રૂપ લઈને આવ્યો અને અસાવધ વ્યક્તિઓને ગળી જતો હતો. પાપ જો એક વાર શરીર કે મનમાં પ્રવેશ કરે તો તેમાંથી મુક્ત થવું દુષ્કર છે, જેના મનમાં પાપ આવે ત્યાં પ્રભુનો વાસ ન હોય. આપણે આપણા પુણ્ય પ્રભુને અર્પણ કરી શકીએ, પાપ નહીં.

**પ્રારબ્ધ કર્મણામ્ ભોગાદેવ ક્ષયઃ ।** સંતો, ગુરુની કૃપા હોય તો જ પાપની વાસનામાંથી મુક્ત થવાય. ગીતામાં અર્જુને પણ આ વિકટ પ્રશ્ન પૂછ્યો છે :

**અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પૂરુષઃ।**
**અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ॥**
**(ગીતા : ૩ : ૩૬)**

પોતાની ઈચ્છા ન પણ હોય છતાં હે વાર્ષ્ણેય! માણસ પાપ કરવા માટે પરાણે શા માટે પ્રેરાય છે?

પ્રત્યુત્તર આપતાં પરમાત્મા શ્રીકૃષ્ણ કહે છે, 'હે અર્જુન રજોગુણમાંથી ઉત્પન્ન થયેલ કામ અને ક્રોધ મનુષ્યના પ્રમુખ શત્રુ છે. તે જ મનુષ્યને પાપ કરવા બાધ્ય કરે છે. **કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ।**
**(ગીતા : ૩ : ૩૭)**

પ્રભુની આ લીલા ન સમજીને બ્રહ્માજીએ પ્રભુની સાથે એક વર્ષ સુધી ગ્વાલબાલ અને ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માના બાળસ્વરૂપને સંતાડી દીધા. એક વર્ષ પછી અનુભૂતિ થઈ કે મેં પરબ્રહ્મ પરમાત્મા સાથે જ છળ કર્યું છે, પરંતુ એક વર્ષ સુધી શ્રીકૃષ્ણ ગાય-વાછરડાં, ગોપાળ, તેમની લાઠી-કામળી બધું થઈને રહ્યા. વૃંદાવનમાં કોઈને શંકા પણ ન થઈ પણ વિશેષ આનંદ થતો. ગોપીઓ કહેતી, આજકાલ મને મારાં બાળક, મારી ગાય, મારાં વાછરડાંમાં આટલું બધું વહાલ કેમ થાય છે ! **એકોઽહમ્ બહુસ્યામ.** જો હરિ અનંત હોય તો તે આ અનંતતાને સમજવા હરિ કથા અનંતાનું અનુસરણ કરવું પડે.

શ્રી શુકદેવજીને કથા કહેતાં સમાધિ લાગી છે. શુકદેવજીએ તેરમા અને ચૌદમા અધ્યાયને વિસ્તારથી કહ્યો છે. ભગવાન રાસ રમે છે. **'રસો વૈ સઃ ।'** પરમાત્મા દિવ્ય રસ સ્વરૂપ છે. તેમની સાથે ઐક્ય એટલે રાસ. રાસનો અર્થ જ બ્રહ્મનું મિલન, કૃષ્ણ સંબંધ, બ્રહ્મસંબંધ. ભગવાનની શોભાનું વર્ણન છે.

**બિભ્રદ્ વેણું જઠરપટયોઃ શૃઙ્ગવેત્રે ચ કક્ષે।**
**વામે પાણૌ મસૃણકવલં તત્ફલાન્યઙ્ગુલીષુ।**
**તિષ્ઠન્ મધ્યે સ્વપરિસુહૃદો હાસયન્ નર્મભિઃ સ્વૈઃ।**
**સ્વર્ગલોકે મિષતિ બુભુજે યજ્ઞભુગ્ બાલકેલિઃ॥**
**(ભા. ૧૦.૧૩.૧૧)**

ત્યારે ભગવાન શ્રીકૃષ્ણની છટા અદ્ભુત હતી. તેમની કમરમાં વાંસળી હતી. બગલમાં શિંગડું અને લાકડી હતાં. ડાબા હાથમાં ઘી અને દહીં-ભાતનો કોળિયો હતો. જમણા હાથમાં ફળનું અથાણું હતું. ચોપાસ ગ્વાલબાલ બેઠેલા હતા. તે સૌની વચ્ચે બાળકો સાથે વિનોદ કરતાં પ્રભુ અન્ન ગ્રહણ કરી રહ્યા હતા. સ્વર્ગના દેવતાઓ પણ પ્રભુની આ દિવ્ય લીલાનાં દર્શન કરી આનંદ-વિભોર બની ગયા હતા. તુલસીદાસજી કહે છે :

**નિરગુન રુપ સુનભ અતિ સોઈ, સગુન ન જાને કોઈ।**

નિર્ગુણ બ્રહ્મને સમજવું થોડું અજ્ઞાન છે, પરંતુ સગુણ બ્રહ્મની લીલાઓનો પાર પામવો અતિદુષ્કર છે. **'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.' - નરસિંહ મહેતા.**

**સર્વ વિષ્ણુમયં ગિરોઽઙ્ગવદજઃ સર્વ સ્વરૂપો બભૌ।**
**(ભા. ૧૦.૧૩.૧૯)**

પ્રભુની આ દિવ્ય લીલાથી બધું જ વિષ્ણુમય જગત છે તે સાર્થક થયું. બ્રહ્માજી બાળકૃષ્ણની પરીક્ષા લેવા ગયા હતા, પરંતુ તેમની પોતાની પરીક્ષા થઈ ગઈ. બ્રહ્માજી સ્તુતિ કરે છે. વ્યાસજીએ આ સ્તુતિમાં ચારેય વેદને એકત્ર કર્યા છે.

**નૌમીડ્ય તેડભ્રવપુષે તડિદમ્બરાય**
**ગુંજ્જાવતંસપરિપિચ્છલસન્મુખાય।**
**વન્યસ્ત્રજે કવલવેત્રવિષાણવેણુ**
**લક્ષ્મશ્રિયે મૃદુપદે પશુપાઙ્ગજાય॥**
**(ભાઃ૧૦ઃ૧૪ઃ૧)**

આપનું સ્વરૂપ વર્ષાકાલીન મેઘ સમાન છે. પીતાંબર વિદ્યુત સમાન પ્રકાશમાન છે. કર્ણફૂલમાં ચણોઠીનાં કુંડળ અને મસ્તક પર મોરપીંછનો મુગટ, જેથી આપના મુખ-કમળ-વદનની શોભા અનોખી છે. વક્ષઃસ્થળ ઉપર વનમાળા ઝૂલી રહી છે. હાથમાં દહીં-ભાતનો કોળિયો (ગ્રાસ) બગલમાં લાકડી અને શિંગડું, કમરમાં વાંસળી બંધાયેલી છે. કમળથી પણ કોમળ ચરણોવાળા તથા મધુર ગોપબાલવેશી, હે પરમાત્મા ! આપને હું વંદન કરું છું.

બ્રહ્માજી પ્રાર્થના કરે છે. કહે છે : પ્રભુ ગર્ભસ્થ શિશુ માતાના પેટમાં પગથી પ્રહાર કરે છે, તેથી માતાને ક્રોધ આવતો નથી, તે આનંદ પામે છે.

**'ઉત્ક્ષેપણં ગર્ભગતસ્ય પાદયોઃ**
**કિં કલ્પતે માતુરધોક્ષજાગસે।'**
**(ભાઃ૧૦ઃ૧૪ઃ૧૨)**

મારું શરીર તો પંચભૂતોનું નિર્મિત છે, પ્રભો ! આપનું દેહત્વ તો આનંદરૂપ છે.

ભગવાને ભક્ત પ્રહ્‌લાદજીને વચન આપ્યું હતું કે પ્રભુ ! પ્રહ્‌લાદના કોઈ પણ વંશજને મારશે નહીં. તેથી ધેનકાસુરનો વધ બલરામજીએ કર્યો છે. ધેનકાસુર દેહાધ્યાસ છે. તે અવિદ્યાથી આવે. ૧. સ્વરૂપ વિસ્મૃતિ, ૨. દેહાધ્યાસ, ૩. ઇન્દ્રિયાધ્યાસ, ૪. પ્રાણાધ્યાસ, ૫. અંતઃકરણાધ્યાસ.

હવે કાલિય મર્દનની કથા આવે છે. કાલિય નાગ ઇન્દ્રિયાધ્યાસ છે. ભક્તિમાં ઇન્દ્રિયાધ્યાસ આવે તો શુદ્ધ ભક્તિ ન આવે. કાલિય નાગ શ્રી યમુનાજીમાં રહે છે, તેથી તે કાલિયકુંડનું પાણી વિષાક્ત હતું. શ્રીકૃષ્ણએ કાલિયદમન કર્યું. એક સવારે ગોપબાળકો સાથે રમતાં તેમનો દડો આ કાલિયકુંડમાં પડ્યો. શ્રીકૃષ્ણ તેમાં કૂદી પડ્યા. કાલિયની એક હાથે ફેણ અને બીજા હાથે પૂંછડી પકડી. નાગણોએ બહુ પ્રાર્થના કરી, પરંતુ શ્રીકૃષ્ણ કાલિયની ફેણ ઉપર ચઢી ગયા અને પગના પ્રહાર કરી નાગને વશ કર્યો. ગરુડના ભયના કારણે નાગ આ કુંડમાં રહેતો હતો. હવે પ્રભુનાં પદચિહ્‌ન તેના મસ્તક ઉપર છપાયાં તેથી તે ગરુડજીથી નિર્ભય થઈને રમણદ્વીપમાં જઈને રહ્યો.

કાલિય નાગની તો ગણેલી મર્યાદિત ફેણ હતી. આપણાં તો રોમ-રોમમાં વિષ-વિકાર ભરેલાં, છે જ્યાં સુધી પરમાત્મા આપણા મસ્તક ઉપર નર્તન ન કરે ત્યાં સુધી વિચાર - વાણી- વ્યવહારનું પવિત્ર યમુના જળ-જીવન જળ શુદ્ધ થતું નથી. ઇન્દ્રિયોનો નાશ નથી કરવાનો, દમન કરવાનું છે, વિવેકથી વશ રાખવાની છે. ઇન્દ્રિયોના વિષને નીચોવી નાખો. સત્સંગમાં મોકલો. ભોગથી ઇન્દ્રિયોનો ક્ષય થાય છે. ભક્તિથી શુદ્ધ ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે.

પ્રલંબાસુર એટલે વાસના. વાસનાઓનો ક્ષય ન થાય ત્યાં સુધી પ્રભુપ્રાપ્તિ ન થાય. મનુષ્યના શરીરનું મૃત્યુ થાય છે, પરંતુ મરણોપરાંત વાસનાઓ જ ફરીથી જન્મ લેવા માટે બાધ્ય કરે છે. જ્યાં સુધી જીવન છે- ઈચ્છાઓ રહેવાની જ. માટે શ્રી પ્રભુ સ્મરણ-કીર્તન - નિદિધ્યાસન-સત્સંગની કામના રાખવી.

જ્યાં સુધી શ્રીકૃષ્ણ વૃંદાવનમાં હતા ત્યાં સુધી જ વાંસળી તેમની પાસે હતી. એક વાર મથુરા પછી દ્વારિકા આવ્યા ત્યારે વાંસળી સાથે આવી નથી. આ વાંસળીએ શું તપ કર્યું હશે કે તે પ્રભુના હાથમાં રહે, ઓષ્ઠ (હોઠ) પર રહે. બાકી પ્રભુના હાથમાં અથવા હૃદય ઉપર બિરાજે ? બંસરીનું કથન છે, મેં મારી જાતને ખાલી કરી

નાખી છે. વાંસળી વાંસની હોય, પરંતુ તેમાં એક પણ ગાંઠ નથી. ગ્રંથિ ભેદન થયેલું છે. અહમ્ - અહમિકાથી દૂર છે. અભિમાન શૂન્ય, સમર્પણ, સમર્પિત જીવનની અધિષ્ઠાતા છે વાંસળી. તેનાં સાતેય છિદ્ર પણ 'ૐ ભુઃ, ૐ ભુવઃ, ૐ સ્વઃ, ૐ મહ, ૐ જન, ૐ સત્ય'ની ઉપલબ્ધિથી પરિષ્કૃત છે. વાંસળી કહે છે, 'મારે તો કંઈ બોલવાનું જ નથી. પ્રભુને ઈચ્છા હોય તેવો સ્વર તેઓ વગાડે છે અને મારું અસ્તિત્વ તથા અસ્મિતા સાર્થક કરે છે.' માટે જ વેણુનાદ એ બ્રહ્માનંદની ઉપાસના છે. પ્રભુના ઓષ્ઠ વાંસળીનો તકિયો છે, હાથ ગાદી છે, આંખો દાસીઓ છે, પલકો-પાંપણ પંખા છે, નાકના ફણા છત્ર છે. બંસરી પ્રભુને વરેલી છે. પ્રભુને પ્રાણ પ્યારી છે, કારણ સંપૂર્ણ શરણાગત છે.

વાંસળી કહે છે, 'હું તો મૌન છું. જે કંઈ મારા થકી બોલાવવું હોય તે શ્રીકૃષ્ણ જાતે જ ફૂંક મારીને વગાડી લે છે. હું મારા સ્વામીની ઈચ્છા પ્રમાણે મારા સૂર વગાડું છું. તે મારા પ્રભુ છે, ઈશ્વર છે. તેની ઈચ્છા પ્રમાણે જ મને વાચા મળે છે. હું મારા પેટમાં કંઈ રાખતી નથી.' શ્રીકૃષ્ણના બંસીવાદનથી વનપૂંજોને આનંદ થાય છે. અમારી પુત્રીને પરમાત્મા પરણ્યા છે. **શ્રુમુમુચુસ્તરવો યથાર્ડ્યાઃ** । એટલું માત્ર નથી. શ્રીકૃષ્ણના બંસીવાદનને શ્રવણ કરી હરણ પણ સપરિવાર ઝુંડનાં ઝુંડ શ્રીકૃષ્ણને ઘેરીને ઊભાં કે બેઠાં રહે છે. **'ધન્યાઃ હરિણ્ય આકર્ષ્ય વેણુરણિતં સહકૃષ્ણ સારાઃ ।'** સહ કૃષ્ણ સારાઃ । એટલે પતિની સંગાથે, જે પત્ની ધર્મકાર્ય અને સત્સંગમાં પતિને સત્કર્મ તરફ પ્રેરે તે ધર્મપત્ની.

વૃંદાવનની વાતો કરતાં કરતાં ગોપીઓ શ્રીકૃષ્ણમય-તન્મય થઈ જતી. તેઓ સદૈવ પ્રભુના પવિત્ર સ્મરણના સાતત્યમાં રહેતી તેમને ધ્યાન ધારણા-સમાધિ પ્રક્રિયાની આવશ્યકતા નથી. શુકદેવજી ગોપીઓની કથા કહેતાં આનંદવિભોર થાય છે. જાણે છે. આ કથા ગોપીઓની નથી, જીવન્મુક્તોની કથા છે.

એક વાર ગોપબાળકોને ભૂખ લાગી. ત્યાં સમીપમાં જ બ્રાહ્મણ યજ્ઞ કરતા હતા. શ્રીકૃષ્ણે ગોપબાળકોને બ્રાહ્મણ પાસે મોકલ્યા. તેઓએ કંઈ ન આપ્યું, પરંતુ બ્રાહ્મણ પત્નીઓએ પ્રેમવશ સૌ ગોપવૃંદ સાથે બાળશ્રીકૃષ્ણને પણ ભોજન કરાવ્યું. યજ્ઞ પત્નીઓના ઉદ્ધારની આ કથાનું પ્રકરણ અહંતા અને જડતા છોડી, સરળતા અને સહજતા તથા ઉદારતા અપનાવીએ તો પ્રભુકૃપા થાય તે સાર્થક કરે છે.

'ગો'નો અર્થ થાય છે-ઈન્દ્રિયો, ઈન્દ્રિયોનું સંવર્ધન ભોગથી નહીં ત્યાગથી થાય. ગોવર્ધનલીલા. ગોવર્ધનપૂજા સમયે કનૈયો સાત વર્ષનો હતો. દર વર્ષે નંદબાબા ઈન્દ્રયાગ કરતા હતા. તેમની સમજણ હતી કે ઈન્દ્રની કૃપા હોય તો મેઘ વરસે, પછી ઘાસ થાય, અન્ન પાકે, ગાયને ચારો મળે. જનજીવનને જીવવાનું પાથેય મળે. પરંતુ શ્રીકૃષ્ણ ખુશ ન હતા.

કનૈયાની કોઈ પણ દેવી-દેવતાની ઉપેક્ષા કરવાની વૃત્તિ ન હતી, છતાં તેનો વિચાર મિથ્યા ન હતો. તેણે કહ્યું : 'આ પહાડ, આ નદીઓ, આ વનપૂંજોથી જ આપણે સમૃદ્ધ છીએ. તેમની રક્ષા કરો. તેમની પૂજા કરો. વર્ષા ઈન્દ્ર આપતો નથી. કનૈયાએ દલીલ કરી, વર્ષોથી તમે ઈન્દ્રની પૂજા કરો છો, કોઈ દિવસ તમે તેને દેખ્યો છે ? આ ગોવર્ધન આપણો પ્રત્યક્ષ દેવતા છે. આપણને ફળ, કંદમૂળ, પુષ્પ ઈત્યાદિ આપે છે. આપણી ગાયને હરવા-ફરવા-ચરવા માટે તે ઉદાર છે. માટે ઈન્દ્ર નહીં, ગોવર્ધન પૂજા થશે.

વ્રજવાસી બાલકૃષ્ણની બુદ્ધિમત્તાથી પ્રસન્ન હતા. પૂજા ગોવર્ધનની થઈ. ઈન્દ્ર કોપાયમાન થયો. બારેમેઘ મુશળધાર વરસ્યા. ચોપાસ પાણી-પાણી થઈ ગયું. હવે ? અને સૌના આશ્ચર્ય વચ્ચે કનૈયાલાલે ગોવર્ધનને તેમની ટચલી આંગળી-અનામિકાથી ઊંચે ઉપાડ્યો. સૌ ગોવાળ અને ગ્વાલબાળકોએ લાકડીના ટેકા કર્યા. સાત દિવસ સુધી સમગ્ર વ્રજવાસીઓ તેમનાં પરિજનો, ગાય-વાછરડાં શ્રીકૃષ્ણ કૃપાથી સુરક્ષિત રહ્યાં. હવે ઈન્દ્રને સભાનતા આવી. આ તો પ્રત્યક્ષ

પરમાત્મા પરબ્રહ્મ નારાયણ છે. વરસાદ રોકાયો. ઈન્દ્રએ ક્ષમા માગી. એકાંતમાં કામધેનુ સુરભિ ગાયથી અભિષેક કર્યો. કનૈયાનો જયજયકાર થયો.

ઉપાસનાના બે ભેદ છે : પ્રત્યક્ષ અને પરોક્ષ. વ્યક્ત અને અવ્યક્ત. સૌ જડ-ચેતનમાં પરમાત્માની ઉપસ્થિતિની અનુભૂતિ થાય તેટલા માટે ગોવર્ધનલીલા છે. ગોવર્ધનલીલામાં પૂજ્ય, પૂજક અને ભક્તવૃંદ બધું શ્રીકૃષ્ણ જ છે. ઈશ્વર જગતમાં વ્યાપ્ત છે, સમગ્ર વિશ્વ ઈશ્વરમાં સમાહિત છે. ગોવર્ધનલીલામાં સેવક-સેવ્ય, ભક્ત અને ભગવાનની તદ્રૂપતાનું દર્શન છે. સ્તુતિ છે :

**ભક્તાભિલાષી ચરિતાનુસારી**
**દુગ્ધાદી ચૌર્યેણ યશોવિહારી।**
**કુમારતાનન્દિત ઘોષનારી**
**મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી॥**
**વૃંદાવને ગોધન વૃંદચારી,**
**મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી॥**

ગોવર્ધનલીલાથી ગોપીઓને વિશ્વાસ થયો કે કનૈયો તો ઈશ્વર છે.

વ્રજવાસીઓ એકાદશીના વ્રત નિમિત્તે રાત્રિ જાગરણ કરતા હતા. નંદજીએ વિચાર્યું કે મધરાત થઈ ગઈ છે અને પ્રાતઃકાળ થયો છે તેમ વિચારી સ્નાનાર્થે યમુનાજળમાં પ્રવેશ કર્યો. મહાનિશામાં ધ્યાન-જપનો આદેશ છે, પરંતુ ભોજન અને જળાશયમાં સ્નાન વર્જિત છે. જળના દેવતા વરુણ છે, તેમના સેવકો નંદબાબાને પકડી ગયા હતા. શ્રીકૃષ્ણ તેમને વરુણ પાશમાંથી મુક્ત કરીને લાવ્યા તે કથા છે. વરુણ જીભના સ્વામી છે. તેમના દૂતો ષડ્રસ છે. જ્યાં સુધી રસના-જીભ ઉપર સંયમ ન આવે ત્યાં સુધી રાસલીલામાં પ્રવેશ ન મળે. નંદ જીવ છે. જીવ જ્યારે ચિત્તની નદીમાં અવગાહન કરે ત્યારે ષડ્રસ તેને સંતાપ કરવા ઉપસ્થિત થઈ જાય છે.

હવે ચીરહરણ અને રાસલીલાના પ્રસંગ વર્ણવવામાં આવેલ છે. ગોપીઓના બે ભેદ છે- નિત્યસિદ્ધા અને સાધનસિદ્ધા. સાધનસિદ્ધા ગોપીના અનેક ભેદ છે. શ્રુતિરૂપા, ઋષિરૂપા, સંકીર્ણરૂપા, અન્યરૂપા વગેરે. શ્રુતિઓ વેદગાન કરીને થાકી ગઈ, ઋષિઓ ધ્યાન કરી, સંકીર્ણતામાં મનમાં કામ ભાવ જાગવો-પ્રભુ પ્રત્યે શુદ્ધભાવ ન હોવો, પરંતુ વાસનાથી પ્રભુ પ્રીત કરવી જેવી કે સૂપર્ણખા. વિવાહ ઉપરાંત પતિમાં મોહ ન રહે ત્યારે ભક્તિ અંકુર ફૂટે તે અન્યરૂપા અને અનન્યરૂપા, જેવાં કે શ્રી શુકદેવજી અને મીરાંબાઈ.

સમાજમાં રહીએ એટલે સમાજની સભ્યતાની અવહેલના ન કરવી જોઈએ. શ્રીકૃષ્ણ એક સમાજશાસ્ત્રી છે, તેથી નિરાભરણ અવસ્થામાં સ્નાન કરતી ગોપીઓનાં વસ્ત્રોની ચોરી કરી છે. ખરેખર કૃષ્ણકૃપાની પ્રાપ્તિ જીવ જ્યાં સુધી નિરાભરણ ન થાય ત્યાં સુધી હોતી કે થતી નથી. જીવે કામ-ક્રોધ, મદ-મોહ, દંભ-છળ-કપટ વગેરે અનેક વસ્ત્ર ધારણ કર્યાં છે, આપણા પ્રયત્ન જ્યારે વામણા પડે ત્યારે શ્રીકૃષ્ણ કૃપા કરીને ચીરહરણ કરે છે. જીવને શિવત્વમાંનું ઐક્ય આપે છે. ભગવાન કહે છે :

**ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે।**
**ભર્જિતા ક્વથિતા ધાના પ્રાયો બીજાય નેષ્યતે॥**
**(ભાઃ૧૦ઃ૨૨ઃ૨૬)**

જેમણે સ્વકીય બુદ્ધિને મારામાં સ્થાપિત કરી છે, તેને સાંસારિક વિષયોમાં રુચિ થતી નથી. માટે પ્રભુ કહે છેઃ હે વ્રજાંગનાઓ હું જાણું છું કે તમારી કામવાસના નિર્મૂળ થઈ છે. તમારાં હૃદય શુદ્ધ થયાં છે. તમો મારું ધ્યાન કરતાં રહેજો. શરદઋતુની રાત્રિઓમાં મારી સાથે રમણ કરી શકશો.

રાસલીલાના ત્રણ સિદ્ધાંત છે : ૧. અહીં ગોપીઓને તેમનાં દેહ-ગેહ સાથે કોઈ સંબંધ નથી ૨. અહીં લૌકિક 'કામ' નથી ૩. આ સાધારણ સ્ત્રી-પુરુષો માટે નથી. આ તો સાધ્ય સિદ્ધ જીવ અને ઈશ્વરનું સુભગ મિલન છે. રાસમાં શુદ્ધ જીવ બ્રહ્મ સાથે વિલાસ કરે છે. જે માયાના આવરણથી મુક્ત થયા તે શુદ્ધ જીવ.

**ભગવાનપિ તા રાત્રિઃ શરદોત્ફુલ્લ મલ્લિકાઃ।**
**(ભાઃ૧૦ઃ૨૮ઃ૧)**

શ્રીધર સ્વામી રાસલીલાને કામ વિજય લીલા કહે છે :

**બ્રહ્માદિ જય સંરુઢ દર્પ કંદર્પ દર્પહા।**
**જયતિ શ્રીપતિર્ગોપી રાસમંડલમંડિત॥**

શ્રીકૃષ્ણ કોઈ સામાન્ય દેવ નથી, સાક્ષાત્ પરમાત્મા છે. તેમણે સ્વકીય લીલાઓ દ્વારા દેવો અને વત્સલીલા દ્વારા બ્રહ્માના ગર્વનું ભંજન કર્યું છે. તેમણે બ્રહ્માજીને કહ્યું, 'તમો પંચભૂતો દ્વારા જગત નિર્માણ કરો છો, હું માત્ર સંકલ્પથી જ કરું છું.' રાસલીલા અનુકરણીય નથી, ચિંતનીય છે. રાસલીલાનું ધ્યાન કામનાશી છે. વેણુનાદથી પશુ-પંખી-નદી સૌ તન્મય થઈ અને બંસીનાદમાં તદ્રૂપ થતાં હતાં.

**નિશમ્ય ગીતં વદનઙ્ગવર્ધનં**
**વ્રજસ્ત્રિયઃ કૃષ્ણગ્રહીતમાનસાઃ।**
**(ભાઃ૧૦.૨૯.૪)**

જેમનું ચિત્ત શ્રીકૃષ્ણના વેણુનાદે હરી લીધું હતું તે વ્રજનારીઓ આતુરતાપૂર્વક યમુનાતટે દોડી આવતી હતી. તેમની શ્રીકૃષ્ણ મિલન માટેની આતુરતાનું શુકદેવજી વર્ણન કરે છે, **દુહન્ત્યોઽભિયયુઃ કાશ્ચિદ્ દોહં હિત્વા સમુત્સુકાઃ। (ભાઃ ૧૦ઃ૨૯ઃ૫)**

બંસીનાદ સાંભળતાંની સાથે ગાય દોહવાનું છોડીને ઉત્સુકતાથી દોડતી હતી. **'લિમ્પન્ત્યઃ પ્રમૃજન્ત્યોઽન્યાઃ।'** કોઈ ગોપી લીંપણ કરી રહી હતી. તે છાણવાળા હાથ ધોયા વગર શ્રીકૃષ્ણ મિલન માટે દોડતી હતી. ગોપીનાં હૃદય શુદ્ધ છે. **'ગોભિઃ ઈન્દ્રિયૈઃ ભક્તિરસમ્ પિબતિ ઈતિ ગોપી।**

જે પ્રત્યેક ઇન્દ્રિય દ્વારા ભક્તિરસનું પાન કરે તે ગોપી. ગોપીઓને આવેલી દેખીને શ્રીકૃષ્ણ સ્વાગત કરે છે. **સ્વાગતં વો મહાભાગાઃ।**

નારદજી પણ તેમના ભક્તિસૂત્રમાં ગોપીઓનું જ દૃષ્ટાંત આપે છે. કહે છે : **'યથા વ્રજગોપિકાનામ્ ।'** શ્રીકૃષ્ણએ ગોપીઓને કહ્યું, 'તમો આમ મોડી રાતે ઘર છોડીને કેમ આવ્યાં, જાઓ પાછાં, પરિવારનું કર્તવ્ય કરો.'

જગતના તમામ વિષયને મનમાંથી ઉન્મૂલન કરી પોતાની સમગ્ર ચેતનાને ભગવદ્ ચરણમાં સમર્પિત કરે તે જીવ ગોપી છે.

**સન્ત્યજ્ય સર્વવિષયાંસ્તવપાદમૂલમ્।**
**(ભાઃ૧૦ઃ૨૯ઃ૩૧)**

સન્ત્યજ્ય એટલે મનથી ત્યાગ. પ્રભુએ વિચાર્યું કે ગોપીઓનો પ્રેમ સાચો છે. શ્રીકૃષ્ણના મનમાં દિવ્ય ભાવ સ્ફુર્યો. જો આજે ગોપીઓને કહીશ કે, 'જાઓ !' તો કદાચ તેઓ આત્મહત્યા કરી લેશે. હવે પ્રભુએ અનેક સ્વરૂપ ધારણ કર્યાં. ગોપીઓ શ્રીકૃષ્ણમય થઈ ગઈ. અદ્વૈત સિદ્ધાંતના આચાર્ય શુકદેવજીએ રાસલીલામાં અદ્વૈતનું વર્ણન કર્યું છે. ઈશ્વરની કૃપા થાય ત્યારે જ લૌકિક કામ, રતિપતિનો હ્રાસ થાય છે.

**તન્નૌ નિધેહિ કરપઙ્કજમાર્તબંધો શિરસ્તુ ચ કિંકરીણામ્।**

પુરુષ તો અભિમાન સ્વરૂપ છે, જીવમાં ગોપીભાવ-વિનમ્રતા આવે તો રાસલીલામાં પ્રવેશ મળે. પ્રેમમાં અતિશય ધૈર્યની આવશ્યકતા છે. રુક્મિણીજીએ શ્રીકૃષ્ણને પત્રમાં લખ્યું હતું. મારે ગમે તેટલા જન્મ લેવા પડે, પરંતુ પરણીશ તો આપને જ.

**યર્હ્યમ્બુજાક્ષ ન લભેય ભવત્પ્રસાદં**
**જહ્યામસૂન વ્રતકૃશાઞ્છ્ત તજન્મભિઃસ્યાત્॥**
**(ભા. ૧૦.૫૨.૪૩)**

ભક્તિમાં દૈન્યભાવ આવશ્યક છે. ગોપીઓને અભિમાન થયું. કેન્સરનો એક નાનો કોષ પણ શરીરના કોઈ પ્રકોષ્ટમાં હોય તો સમગ્ર શરીરમાં કેન્સર પ્રસરી જતું હોય છે. વાસનાનો એક બીજકણ મનમાં હોય તો સમાધિ નિર્બિજ થતી નથી. પ્રભુએ માન આપ્યું. ગોપીઓને અભિમાન થયું. પ્રભુ અંતર્ધાન થઈ ગયા. પ્રભુ તો સર્વત્ર છે, પરંતુ નેત્ર સમક્ષ અભિમાનનો પડદો આવે એટલે પ્રભુદર્શન ન થાય. શ્રીકૃષ્ણ વિરહમાં ગોપીઓએ વિરહ ગીત ગાયું છે ગોપિકા ગીત :

**જયતિ તેઽધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ।**
**દયિત દૃશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે॥**

**ન ખલુ ગોપિકાનંદનો ભવાનખિલ દેહિના મંતરાત્મદૃક।**
**વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્વતાંકુલે ॥**
**તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્।**
**શ્રવણ મંગલં શ્રીમદાદતં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ ॥**

(ભાઃ૧૦ઃ૩૧ઃ૧-૪-૯)

ગોપિકા ગીતમાં ગોપીઓની હૃદયવ્યથાનું દર્શન છે, આક્રંદ છે. તેમના હૃદયમાં રહેલી શ્રીકૃષ્ણભક્તિની સરવાણી છે. અભિમાન થયાનો ખેદ છે.

શ્રીરામાવતારમાં ભગવાન હનુમાનજીના ઋણી છે. કહે છે:

**'કપિસે ઉરિણ ન હોવું ભાઈ'** આ કપિના ઋણમાંથી કદી મુક્ત નહીં થાઉં. શ્રીકૃષ્ણાવતારમાં ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓના ઋણી છે.

**ન પારયેઽહં નિરવધસંયુજાં**
**સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપિ વઃ।**
**યા માભજન્દુર્જરગેહ શૃંખલાઃ**
**સંવૃશ્ચ્ય તદ્ વઃ પ્રતિયાતુ સાધુના ॥**

(ભા. ૧૦.૩૨.૨૨)

ગોપીઓ માટેનું વિશેષ જુઓ -
**વ્રજસ્ત્રિયઃ કૃષ્ણગૃહીત માનસાઃ।**

અહીં મન શબ્દનો પ્રયોગ છે. શરીર શબ્દનો નહીં. શ્રીકૃષ્ણે જેમના મનનું હરણ કર્યું છે તે ગોપીઓ -

**ભક્તિં પરાં ભગવતિ પ્રતિલભ્ય કામં।**
**હૃદ્રોગમાશ્વપહિનોત્યચિરેણ ધીરઃ ॥**

(ભા. ૧૦.૩૩.૪૦)

રાસલીલાનું ચિંતન-મનન અને નિદિધ્યાસન કરવાથી કામવિકારનો નાશ થાય છે.

આગળ શંખચૂડના વધની કથા છે, ગોપીઓ તો શ્રીકૃષ્ણધ્યાનમાં તલ્લીન છે, તેનો ભાવ યુગલગીત અને વેણુગીતમાં છે.

શ્રી શુકદેવજી હવે કંસવધની કથા કહે છે. કંસે અક્રૂરને વૃંદાવન મોકલ્યા. શ્રીકૃષ્ણ-બલરામજીનું મથુરામાં આગમન થાય છે. જે વ્યક્તિ વિષયભોગનું ચિંતન કરે તે ક્રૂર, પરંતુ જે શ્રીકૃષ્ણનું ધ્યાન ધરે તે અક્રૂર.

શ્રીકૃષ્ણ-બલરામના મથુરા ગમનના સમાચારથી સમગ્ર વૃંદાવન શોક વિહ્વળ થયું. શ્રીરાધાજી આવ્યાં નથી. તેઓ જાણે છે. શ્રીકૃષ્ણને કોઈ આવાગમન નથી. તે સદા સર્વદા સર્વત્ર છે.

**વિસૃજ્ય લજ્જાં રુરુદુઃ સ્મ સુસ્વરં।**

(ભા. ૧૦.૩૯.૩૧)

ગોપીઓ લજ્જા છોડીને ઉચ્ચ સ્વરે રડી પડી છે. ગોપીઓ કેવી છે?

**શ્રીકૃષ્ણ વિરકત માનસાઃ।**

શ્રીકૃષ્ણમાં જ તેમનાં મન પરોવાયેલાં હતાં. ભગવાને વચન આપ્યું છે, **વૃંદાવનં પરિત્યજ્ય પાદમેકં ન ગચ્છતિ।** કનૈયાએ ગોકુળનો ત્યાગ નથી કર્યો. તેઓ તો પ્રત્યેક ગોપીના હૃદયમાં શાશ્વત છે.

મથુરામાં શ્રીકૃષ્ણે કુબ્જા-ત્રિવક્રાનો ઉદ્ધાર કર્યો. માલણને આશીર્વાદ આપ્યા. ધનુષનો ભંગ કર્યો. કુવલયાપીડ હાથીનાં દંતશૂળ ખેંચી કાઢ્યાં. ચાણૂર અને મુષ્ટિકનો વધ કર્યો. કંસ તો ભયભીત હતો જ. તેને વાળથી પકડીને રંગભૂમિમાં લાવતાં જ તે ભયથી જ મૃત્યુ પામ્યો. રાજ્યાસન પર ઉગ્રસેનને પ્રશાસન સોંપ્યું. વસુદેવ દેવકીજીને કારાગૃહમાંથી મુક્ત કર્યાં.

શ્રીકૃષ્ણનો જયજયકાર થયો.

કુવલયાપીડ હાથી એટલે દર્પ, મદ અને મોહ. ચાણૂર એટલે કામ અને મુષ્ટિક એટલે ક્રોધ. તેને બલરામજીએ શબ્દબ્રહ્મ-નાદબ્રહ્મથી માર્યો. આ ત્રણેય કંસના મિત્રો છે. કંસ એટલે અભિમાન. તેમની રાણીઓ તે અસ્તિ અને પ્રાપ્તિ. જે સમગ્ર જીવન અસ્તિ અને પ્રાપ્તિના ચિંતનમાં રહે, તે અભિમાની હોવા છતાં ભયમાં પણ શ્રીકૃષ્ણનું સદા સ્મરણ કરતાં અને મૃત્યુ સમયે શ્રીકૃષ્ણનું દર્શન કરતાં મૃત્યુ થવાથી તેનો ઉદ્ધાર થયો.

હવે શ્રીકૃષ્ણ ઉજ્જૈન ક્ષેત્રમાં ગુરુ સાંદીપનિ ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે ગયા. ગુરુકુળમાં એક ગરીબ બ્રાહ્મણ વિદ્યાર્થીની મૈત્રી કરી. એક દિવસ ગુરુ આજ્ઞાથી વનમાં લાકડાં લેવા ગયેલા ત્યારે વરસાદથી બચવા તેઓ એક વૃક્ષ ઉપર અલગ અલગ ડાળીએ ચઢીને બેઠા. ગુરુમાતાએ ભૂખ લાગે તો ખાવા

માટે આપેલા દાળિયા સુદામા એકલા જ ખાઈ ગયા હતા. તેથી તેને ભવિષ્યમાં દરિદ્રતા આવી. અભ્યાસના અંતે ગુરુદક્ષિણામાં પ્રભાસ ક્ષેત્રમાં તેમનો પુત્ર સમુદ્રમાં ડૂબી ગયેલો તે માગ્યો. શ્રીકૃષ્ણે કૃપા કરી તે પુત્રને પાછો લાવીને શ્રી ગુરુમાતાની સેવા કરી.

શ્રીકૃષ્ણ સદૈવ એકાંતમાં ચિંતનમાં રહેતા. ઉદ્ધવજીએ પૂછ્યું તો કહે, 'મને ગોપીઓની બહુ યાદ આવે છે.' શ્રીકૃષ્ણ વતી ઉદ્ધવ ગૌકુળ ગયા. ગોપીઓને કહ્યું, 'મનથી પરબ્રહ્મનું ચિંતન કરો.' ગોપીઓનો ઉત્તર હતો, **'ઉધો મન ન ભયે દશ બીસ, એક હુતો સો શ્યામ લે ગયો.'** હે ઉદ્ધવ મન તો એક જ હોય ને, તે તો શ્યામ લઈ ગયો, બીજું મન ક્યાંથી લાવું. શ્રીકૃષ્ણે ઉદ્ધવને કહ્યું,

**"તા મન્મનસ્કા મત્પ્રાણા મદર્થે ત્યક્ત દૈહિકાઃ।**

**(ભા. ૧૦.૪૬.૪)**

ગોપીઓનું મન સદૈવ મારામાં જ રહે છે, તેમના પ્રાણ અને જીવન હું છું.

ગોકુળમાં યશોદાજી અને નંદજીએ પણ શ્રીકૃષ્ણને સંદેશો મોકલ્યો.

**મનસો વૃત્તયો નઃ સ્યુઃ કૃષ્ણપાદામ્બુજાશ્રયાઃ।**
**વાચોઽભિધાયિનીર્નામ્નાં કાયસ્તત્પ્રહ્વણાદિષુ॥**
**કર્મ ભિર્ભ્રામ્યમાણાનાં યત્ર ક્વાપીશ્વરેચ્છયા।**
**મંગલા ચરિતૈદર્નિ રતિર્નઃ કૃષ્ણ ઈશ્વરે॥**

**(ભા. ૧૦.૪૭.૬૬/૬૭)**

ઉદ્ધવજી, અમે તો એમ જ ઈચ્છીએ છીએ કે અમારી તમામ વૃત્તિ અને સંકલ્પ શ્રીકૃષ્ણનાં ચરણકમળમાં આશ્રિત રહે. અમારી વાણી સદૈવ તેનું નામોચ્ચારણ કરે. અમારાં શરીર શ્રીકૃષ્ણની સેવા કરે. અમને મોક્ષની ઈચ્છા નથી. અમારાં કર્મ અને પ્રભુ ઈચ્છાથી અમે જે પણ યોનિમાં જન્મ લઈએ ત્યાં અમે શુભાચરણ, દાનધર્મ કરતાં રહીએ, ઈશ્વર પ્રત્યે અમારી પ્રીતિ ઉત્તરોત્તર વૃદ્ધિ કરતી રહે. આટલું બોલતાં નંદ-યશોદા, ગોપી સૌ રડી પડ્યાં.

શ્રીકૃષ્ણએ અક્રૂરજીને હસ્તિનાપુર મોકલ્યા. શ્રીકૃષ્ણએ અક્રૂરને કહ્યું, 'જાઓ, જઈને જુઓ, ધૃતરાષ્ટ્રની પાંડવો પ્રત્યે કેવી ભાવના છે. બીજ શુદ્ધ હોય તો પણ કુસંગથી બગડે છે, તે વ્યક્તિ શઠ છે. જેનું બીજ દુષ્ટ છે, તે મૂર્ખ છે. શઠ સત્સંગથી સુધરી શકે, પરંતુ ખલ સુધરી શકે નહીં.'

**મંદારમૂલે વદનાભિરામં**
**બિમ્બાધરે પૂરિતવેણુનાદમ્।**
**ગોગોપગોપીજન મધ્યસંસ્થં**
**ગોવિંદ દામોદરમાધવેતિ॥**

જેમનું મુખારવિંદ અતિશય મનોહર છે, જે બિંબ સમાન લાલ અધર ઉપર વાંસળી રાખીને મધુર તાન છોડે છે, જે કદંબ વૃક્ષ નીચે ગાય-ગોપાળ અને ગોપીઓની મધ્યે બિરાજમાન છે તેવા હે પ્રભો ! હે ગોવિંદ, હે દામોદર, હે માધવ ! અમે સદા સર્વદા આપનું સ્મરણ કરીએ.

## દશમ સ્કંધ-ઉત્તરાર્ધ

ભાગવતજીના પ્રત્યેક ચરિત્રમાં અંતે આધ્યાત્મિક રહસ્ય છે જ. દશમ સ્કંધના ઉત્તરાર્ધમાં પચાસમા અધ્યાયમાં જરાસંધના આક્રમણની કથા છે. આપણી ઉંમર પચાસ વર્ષની થાય એટલે જરાસંધ આવે. જરાસંધ ઉત્તરાવસ્થામાં જ આવે છે. શ્રીકૃષ્ણએ જરાસંધને સત્તર વખત પરાજિત કર્યો ત્યારે અઢારમી વખત તે કાલયવનને લઈ આવ્યો. જરાસંધ એટલે વૃદ્ધાવસ્થા અને કાલયવન એટલે કાળ. આમ, વૃદ્ધાવસ્થા કાળને લઈ આવે ત્યારે બ્રહ્મવિદ્યાનો આશ્રય લેવો. શ્રીકૃષ્ણ પણ મથુરા-માનવકાયાનો ત્યાગ કરીને દ્વારિકા પધાર્યા. દ્વારિકા એટલે બ્રહ્મવિદ્યા. **"દ્વારિક બ્રહ્મ યસ્યા સા બ્રહ્મવિદ્યા।"**

જરાસંધ સાથે સત્તર વખત યુદ્ધ કર્યા પછી લાગ્યું કે અકારણે આ યુદ્ધ શા માટે કરવાં. તેથી મથુરા છોડી પ્રભુ દ્વારિકા પધાર્યા તેથી રણછોડ કહેવાયા. ભાગવત કથા માનવને મહામાનવ બનાવી શકે.

ભાગવતજીનો દશમ સ્કંધ શ્રી શુકદેવજીનું હૃદય છે.

હવે રુક્મિણી હરણની કથા આવે છે. શાસ્ત્રોમાં લક્ષ્મીના ત્રણ ભેદ કહ્યા છે - લક્ષ્મી, મહાલક્ષ્મી, અલક્ષ્મી. ૧. નીતિ કે અનીતિથી ધનોપાર્જન કરે તે લક્ષ્મી ૨. ધર્મ અનુસાર ધનપ્રાપ્તિ કરે તે મહાલક્ષ્મી ૩. પાપાચરણ - અનીતિથી ધનને પ્રાપ્ત કરે તે અલક્ષ્મી.

જે મહાલક્ષ્મી હોય તે પ્રભુ નારાયણની સેવામાં જ હોય. રુક્મિણીજી મહાલક્ષ્મી છે. તેઓ વિદર્ભરાજનાં સુપુત્રી છે. તેમના જ્યેષ્ઠ ભ્રાતાનું નામ રુકમી હતું. તે પોતાની બહેનને શિશુપાલને પરણાવવા માગતો હતો, તેથી તેને જાન લઈ આવવાનું નિમંત્રણ આપ્યું. જ્યારે વિદર્ભરાજ ભીષ્મક અને રુક્મિણીજી શ્રીકૃષ્ણને જીવનપ્રાણ બનાવવા માગતાં હતાં. રુક્મિણીજીએ સુદેવ નામના એક બ્રાહ્મણ સાથે શ્રીકૃષ્ણને પત્ર લખી મોકલાવ્યો. શ્રીકૃષ્ણએ પત્ર વાંચ્યો. અક્ષર અને ભાષાથી મનુષ્યની પરીક્ષા થઈ જાય છે. લખ્યું હતું :

**યર્હ્યમ્બુજાક્ષ ન લભેય ભવત્પ્રસાદં।**
**જહ્યામસૂન્ વ્રતકૃશાઞ્છતજન્મભિઃ સ્યાત્॥**
**(ભાઃ ૧૦:૫૨:૪૩)**

ભલે મારે ગમે તેટલા જન્મ લેવા પડે, પરંતુ હું આપને જ મારા પ્રાણ પ્રભુ માનીને વરીશ. ભગવાને સુદેવને પોતાના રથમાં બેસાડ્યા. સુપાત્ર બ્રાહ્મણનું સન્માન કરો. સાધુ-સંતો, ગુરુજનો - વડીલોનું સન્માન થાય ત્યાં લક્ષ્મીનો વાસ થાય. એક જ રાતમાં શ્રીકૃષ્ણનો રથ વિદર્ભનગરી આવી પહોંચ્યો. સુદેવે જઈ, રુક્મિણીજીને સમાચાર આપ્યા.

સ્વયંવર માટે શિશુપાલ, જરાસંધ વગેરે અનેક રાજા આવ્યા હતા, પરંતુ રુક્મિણીજી જ્યારે પાર્વતીજીનાં મંદિરે પૂજાર્થે ગયાં, ત્યાંથી શ્રીકૃષ્ણે રુક્મિણીજીનું અપહરણ કર્યું. રુકમી પાછળ ગયો, પરંતુ શ્રીકૃષ્ણથી પરાજય પામી પાછો ફર્યો. નંદબાબા અને માતા યશોદાને પોતાના લગ્નમાં ઉપસ્થિત રહેવા માટે શ્રીકૃષ્ણ સ્વયં ગોકુળ ગયા. નંદ-યશોદા, ગોપીઓ સૌ દ્વારિકા આવ્યાં. લગ્ન માધવપુરમાં થયું. શ્રીકૃષ્ણ રુક્મિણીનાં દર્શન કરી ગોપીઓએ દેહોત્સર્ગ કર્યો. તે માટી ગોપીચંદન કહેવાય છે.

ભગવાનને અષ્ટ પટરાણીઓ છે. ગીતામાં કહ્યું છે :

**ભૂમિરાપોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ।**
**અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા॥**
**(ગીતા. ૭ : ૪)**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ મારી આઠ પ્રકારમાં વિભાજિત થયેલી પ્રકૃતિ છે. એક અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે ભગવાનને સોળ હજાર આઠ રાણીઓ હતી. આ સોળ હજાર કન્યાઓ વેદની ઋચાઓ છે. વેદમાં ત્રણ કાંડ અને એક લાખ મંત્ર છે.

૧. કર્મકાંડ : તેમાં એંસી હજાર મંત્ર છે, જે બ્રહ્મચારી માટે છે.

૨. ઉપાસનાકાંડ : અહીં સોળ હજાર મંત્ર છે, તે ગૃહસ્થ માટે છે.

૩. જ્ઞાનકાંડ : જ્ઞાનકાંડના ચાર હજાર મંત્ર વાનપ્રસ્થ માટે છે.

પ્રત્યેક વેદના ચાર ભાગ છે : બ્રાહ્મણ, સંહિતા, આરણ્યક અને ઉપનિષદ. આ ઉપનિષદને વેદાંત પણ કહેવાય છે. જ્ઞાન વિરક્ત સંતો માટે છે, વિલાસી માટે નહીં, પરંતુ ભાગવતજી સૌના માટે છે.

શ્રીકૃષ્ણે ભૌમાસુરના બંધનમાંથી સોળ હજાર કન્યાઓને મુક્ત કરી તે કથા કહેવામાં આવી છે. એક વાર રુક્મિણીજીના મનમાં પણ પોતાની શ્રેષ્ઠતા સંબંધી અભિમાન જાગ્યું હતું. પ્રભુએ કહ્યું : "હજુ ક્યાં મોડું થયું છે, તમારી ઈચ્છા હોય તેમ શિશુપાલ, જરાસંધ કોઈને પણ તમે પરણી શકો છો. આમ, રુક્મિણીજીનું પણ ગર્વ ભંજન થયું હતું. ઉષા અને અનિરુદ્ધના વિવાહની કથા તથા બાણાસુર સાથે શ્રીકૃષ્ણ અને તે પૂર્વે ભગવાન શિવ સાથે શ્રીકૃષ્ણની રોચક કથા પણ કહેવામાં આવી.

સુદામા ચરિત્રની કથા સાથે દશમ સ્કંધ

ઉત્તરાર્ધની કથાનું સમાપન થયું. સુદામાનું દ્વારિકા આગમન શ્રીકૃષ્ણને મન અત્યંત આનંદનો ઉત્સવ હતો. શુકદેવજીને ભાગવત કથામાં બે વખત સમાધિ લાગી છે : ૧. જ્યારે બ્રહ્માજીએ બાલકૃષ્ણ, ગાય-ગોવાળ, વાછરડાંને સંતાડ્યાં અને પછી જ્ઞાન થતાં સ્તુતિ કરી. માફી માગી ત્યારે અને ૨. શ્રી સુદામા ચરિત્રના કથન સમયે. આ કથાને **'કુચૈલ ઉપાખ્યાનમ્'** પણ કહેવામાં આવે છે.

સુદામા શ્રીકૃષ્ણના બાલસખા છે. શ્રીકૃષ્ણ સાથે વિદ્યાર્જન કરેલી છે, પરંતુ તેમણે વિદ્યાનો ભોગ માટે ઉપયોગ કર્યો નથી. દુર્ભાગ્યે તેઓ ખૂબ જ દરિદ્ર હતા. તેમનાં પત્નીનું નામ સુશીલા. યથા નામ તથા ગુણ. સુશીલાજીના કહેવાથી સુદામા શ્રીકૃષ્ણના દર્શને દ્વારિકા પધારે છે. થોડાં ફાટેલાં ચીથરાંમાં વીંટાળીને ચાર મુઠ્ઠી પૌંઆ પણ સાથે લાવે છે. સુદામાજીનું શ્રીકૃષ્ણ પ્રાસાદમાં આગમન થયું. તેનું વર્ણન કરતાં કવિ કહે છે :

**દેખી સુદામા કી દીન દશા,**
**કરુના કર કે કરુના નિધિ રોયે।**
**પાની પરાતકો હાથ છુયો નાહિ,**
**નૈનન કે જલસોં પગ ધોએ॥**

સુદામાનું આગમન થયું છે, જાણી શ્રીકૃષ્ણ દોડ્યા છે, સુદામાને આલિંગન આપ્યું. સુદામાજીને પોતાના પલંગમાં બેસાડ્યા. તેમનાં ચરણ પ્રક્ષાલિત કર્યાં. સુદામાજીની આટલા પ્રેમથી સેવા કરતા પ્રભુનાં દર્શન કરીને સર્વે રાણીઓને મહત્ આશ્ચર્ય થયું છે. શ્રીકૃષ્ણ પૂછે છે, મિત્ર મારા માટે શું લાવ્યા ? સુદામાજી સંકોચવશ પૌંઆની પોટલી છુપાવે છે, પરંતુ ભગવાન મનમાં જ હસતા હતા, ગુરુકુળમાં ચણા એકલો જ ખાઈ ગયેલો, હવે મારા માટે લાવ્યો છે, છતાં આ બ્રાહ્મણ દેવતાનું દારિદ્રય દૂર કરવા માટે મારે જ તેના પૌંઆ આરોગવા પડશે. ભગવાને તેની પોટલી ખેંચી લીધી.

**'સ્વયં જહાર કિમિદમિતિ પૃથુક તંદુલાન્।'**
**(ભા. ૧૦.૮૧.૮)**

ભગવાને પોટલી ખેંચી ન હતી, તેના દારિદ્રયને ખેંચી લીધું હતું. પોટલીની ગાંઠો ખોલતાં પ્રભુએ તેની દરિદ્રતાની તમામ ગ્રંથિઓ ખોલી નાખી. સુદામાજીના કપાળમાં લખ્યું હતું : **'શ્રી ક્ષય ।'** ત્યાં પ્રભુએ લખ્યું : **'શ્રી અક્ષય ।'** સુદામાજીએ પોતાની દરિદ્રતાની વાત ન કરી અને પ્રભુએ તેને પરમ ઐશ્વર્યદાન કર્યું તે વાત ન કરી. જ્યારે સુદામાજી જવા લાગ્યા ત્યારનો પ્રસંગ શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજી બહુ પ્રેમથી વર્ણવે છે.

રુક્મિણીજીએ કહ્યું, 'પ્રભુ આપના મિત્ર ઉઘાડા પગે આવ્યા હતા. તેનાં શ્રીચરણોની દુર્દશા દેખી, આપનાં ચક્ષુઓ અશ્રુપૂર્ણ થયાં હતાં. નેત્રો નીરથી ઊભરાયાં હતાં. હવે તે વિદાય લે છે, તેને પગમાં પાદુકાઓ પહેરાવીને વિદાય આપો પ્રભુ ! ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, "ના દેવી ! આ બ્રાહ્મણ પવિત્ર ચરિત્ર છે, અયાચક છે. આજે આપણી દ્વારિકામાં બહુ પાપ વધ્યું છે, જો આ બ્રાહ્મણ ઉઘાડા પગે મારી દ્વારિકામાં ચાલશે તો મારી દ્વારિકા પવિત્ર થશે. દેવી ભલે તે ઉઘાડા પગે જાય."

ભગવાન તો તેમના ચરણકમળનું સ્મરણ કરે તેને પોતાના સ્વરૂપનું દાન આપી દે છે તો થોડા સાધારણ ઐશ્વર્યનું દાન આપ્યું તેમાં વિશેષતા શું?
**સ્મરતઃ પાદ કમલમાત્માનમપિ યચ્છતિ કિં ન્વર્થકામાન્॥**
**(ભા. ૧૦.૮૦.૧૧)**

દશમ સ્કંધમાં સુભદ્રા હરણની કથા છે.

શ્રીકૃષ્ણ કથા અદ્‌ભુત છે. કારાગૃહમાં પ્રગટ થયા, જગતજીવોને મુક્તિ અપાવવા માટે. શ્રીકૃષ્ણ ગોપબાળકો સાથે રમી શકે, તેનું ઉચ્છિષ્ઠ જમી શકે. કૃષ્ણ રુક્મિણી હરણ કરી શકે. પોતાની બહેન સુભદ્રાનું અર્જુન દ્વારા અપહરણ પણ કરાવી શકે. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં સંતોનાં ચરણ પ્રક્ષાલન કરી શકે. અતિથિઓની એંઠી પાતળ ઉપાડી શકે છે. કુરુક્ષેત્રમાં યુદ્ધ પૂર્વે દૂત બની શકે છે. દુર્યોધનની રાજવી સરભરાનો ત્યાગ કરી શકે છે. વિદુરને ત્યાં ભાજી

આરોગી શકે છે. યુદ્ધ દરમિયાન અર્જુનનો રથ હાંકી શકે છે. રાતે સૌ યોદ્ધાઓ થાકીને નિદ્રાધીન થાય કે પોતાનાં ઘાયલ અંગોની સારવાર કરાવે ત્યારે શ્રીકૃષ્ણ પોતાનાં પીળાં રેશમી પીતામ્બરમાં લઈને કૂણી કૂણી ગદબ - પોતાના રથના ઘોડાઓને ખવડાવી શકે છે. અસ્ત્ર-શસ્ત્ર ધારણ નહીં કરું તેવું નક્કી કર્યા પછી પણ ભીષ્મ સામે રથનું પૈડું લઈને દોડી શકે છે. શ્રીકૃષ્ણ સત્યના પક્ષમાં રહ્યા છે, કારણ શ્રીકૃષ્ણ અને સત્ય એક જ છે. **યતઃ કૃષ્ણ તતઃ જય । સત્યમેવ જયતે નાऽનૃતમ્ ।** જય સત્યની જ થાય છે, અસત્યની કદાપિ પણ નહીં. આમ, **'સત્યાન્નાસ્તિપરોઽધર્મ'** સત્ય સિવાય બીજો કોઈ ધર્મ છે જ નહીં તેવું શ્રીકૃષ્ણ પરમાત્મા સાર્થક કરે છે. તેથી તેઓ જગદ્‌ગુરુ છે. **શ્રીકૃષ્ણં વંદે જગત્ ગુરુમ્ ।** અહીં દશમો સ્કંધ ઉત્તરાર્ધનું સમાપન થાય છે.

## એકાદશ સ્કંધ

એકાદશ સ્કંધ ભગવાનનું શ્રીમુખ છે. અહીં દશમ સ્કંધનો ઉપસંહાર છે. નવમા સ્કંધમાં ઈશાનુકથા લીલા હતી, દશમ સ્કંધમાં નિરોધલીલાનું વર્ણન, કથા આવી. હવે અગિયારમા સ્કંધનો પ્રથમ અધ્યાય વૈરાગ્ય સંબંધિત છે. **'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના, કીજીએ કોટી ઉપાયજી'** - સંતોએ સાચું જ ગાયું છે. વિવેક અને વૈરાગ્ય તે બંને ભક્તિના પુત્રો છે. શ્રેય-પ્રેયના વિચારમાંથી જ યોગ્ય-અયોગ્ય, સદ્-અસદ્‌નો વિવેક જાગે. ભગવાન શ્રીકૃષ્ણે અનુભવ્યું કે હવે દ્વારિકામાં સાંસારિક પ્રવૃત્તિઓ બાધારૂપ થતી જાય છે. શ્રીકૃષ્ણનું તો અવતરણ જ

**"પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્ ।"**
**(ગીતા : ૪.૮)**

સજ્જનોના ઉદ્ધાર માટે અને દુઃખ આપનારા, જનગણનું અહિત કરનારા કે પાપ કર્મનું આચરણ કરનારા લોકોનો વિનાશ કરવા માટે જ થયું છે.

મહાભારતના અંતે ગાંધારીએ પણ શ્રાપ આપ્યો હતો. "હે યદુનંદન ! તમે ધાર્યું હોત તો યુદ્ધ નિવારી શક્યા હોત, પરંતુ તમે અમારા કૌરવકુળનો સંહાર કરાવ્યો છે, હું શ્રાપ આપું છું કે આવી જ રીતે યાદવો પણ અંદર-અંદર લડીને મરી જાય." શ્રીકૃષ્ણ સદા સત્યના પક્ષમાં જ રહ્યા છે. એક દિવસ દ્વારિકાથી નિકટ પિંડારક તીર્થમાં સંતોનું એક વૃંદ વિશ્રામાધીન હતું. ત્યાં યાદવ કુમારોએ શાંબને સ્ત્રીનાં વસ્ત્ર પહેરાવી અને ઋષિમુનિઓ પાસે જઈને પૂછ્યું. "પ્રભુ, આ અમારી સ્ત્રી ગર્ભવતી છું, તે પુત્ર કે પુત્રી કોને પ્રાપ્ત કરશે ?" આંતરચક્ષુઓથી દેખીને ઋષિ-મુનિઓએ કહ્યું : 'મૂશળ પ્રગટ થશે અને તમારા યાદવકુળનો નાશ કરશે." એક તો ગાંધારીજીનો શ્રાપ, બીજું ઋષિમુનિઓની વેદના અને પ્રભુ સ્વયંનું **'વિનાશાય ચ દુષ્કૃતામ્'** અવતરણ આ બધું ભેગું થયું હતું. મૂશળને ઘસી નાખી તેની રજને સમુદ્રમાં વહેતી કરી અને બચેલા નાના ટુકડામાંથી તીર બન્યું, જે શ્રીકૃષ્ણના પગમાં પારધીએ માર્યું, જે પ્રાણઘાતક પુરવાર થયું.

સંતો, ઋષિ-મુનિઓ, બ્રાહ્મણો, વડીલો, દરિદ્રો, પશુ-પંખી તેમની સેવા કે સન્માન ન થાય તો ચિંતા નહીં. કોઈનું અપમાન, અવહેલના કદીયે કરશો નહીં. પવિત્ર કુરાને શરીફની એક આયાતનો આવો અર્થ છે.

**"મેરી એક દુઆ હૈ ખુદા સે,**
**કિસી કા દિલ ના દુઃખે મેરી વજહ સે,**
**એ મેરે ખુદા કર દે કુછ ઐસી ઈનાયત મુઝ પે,**
**ખુશિયાં મિલે સબ કો મેરી વજહ સે." - આમીન**

બુદ્ધિ વિકૃત થાય ત્યારે કાળ આવે જ. જીવને ઉત્પત્તિ અને સ્થિતિમાં આનંદ આવે છે, લયમાં નહીં. ભગવાનને તો લયમાં પણ આનંદ આવે છે, કારણ કે તેઓ સ્વયં આનંદસ્વરૂપ છે.

એક વાર વસુદેવજીને ત્યાં નારદજીનું આગમન થયું. વિધિવત્ પૂજા કર્યા પછી કહ્યું : "પ્રભુ ! કૃપા કરીને

અમને એવો ઉપદેશ આપો આ સંસારના જન્મ-મૃત્યુના આવાગમનમાંથી મુક્ત થઈ જવાય. નારદજીએ વસુદેવજીને નવ યોગેશ્વર અને નિમિરાજાનો સંવાદ સંભળાવ્યો. વિદેહ રાજાએ પણ આવો જ પ્રશ્ન પૂછ્યો હતો. "પરમ કલ્યાણનું સ્વરૂપ કેવું છે? તેનું સાધન શું છે, શું આપ મને ભાગવત ધર્મનો ઉપદેશ કરી શકો?"

**તુલયામ લવેનાપિ ન સ્વર્ગં નાપુનર્ભવમ્।**
**ભગવત્સઙ્ગિસ્ય મર્ત્યાના કિમુતાશિષઃ॥**

ભગવાનમાં આસક્ત સંતોનો સત્સંગ એક ક્ષણભર પણ પ્રાપ્ત થાય તો તે સ્વર્ગ અને મોક્ષની તુલનામાં અધિક મહત્ત્વપૂર્ણ છે. તો અન્ય પદાર્થની ચર્ચાનો વિષય જ ક્યાં?

યોગેશ્વરોનો ઉપદેશ છે.

શ્રીકૃષ્ણ મહત્ ચૈતન્ય છે, જીવ તેનો અંશ છે. આ બંનેનું ઐક્ય થાય તો પરમાનંદપ્રાપ્તિ થાય. જીવ રોગી છે, કારણ કે વિયોગી છે. આ વિયોગત્વની મુક્તિનું એકમાત્ર સાધન છે, મન ઈશ્વરને આપો. બાકી આ શરીર તો મલિન છે. આ શરીર દ્વારા બ્રહ્મસંબંધ કદી પણ નહીં થાય. જેનો જન્મ છે, તેનું મૃત્યુ છે. કાળ સૌના માથે ઊભેલો છે. તેનાથી મુક્તિ એટલે **'શ્રીકૃષ્ણ શરણં મમઃ ।'** શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારો. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સત્સંગનો મહાવરો રાખો. જેમ છોડને લીલો-જીવતો રાખવા ખાતર, પાણી, સૂર્યપ્રકાશ જોઈએ તેમ ઈશ્વરાનુગ્રહના માર્ગે જીવનને અધ્યાત્મ પથે અગ્રસર રાખવા સત્સંગ - સ્વાધ્યાય અને જપ (ધ્યાન-પ્રાર્થના)નો મહાવરો રાખો. ઈશ્વર છે સર્વત્ર. અગ્નિ છે સર્વત્ર, ઘર્ષણ થાય તો અગ્નિ પ્રગટ થાય જ છે. તેમ સત્સંગ - સ્વાધ્યાય, જપ-ધ્યાન, પ્રાર્થનાનું સાતત્ય પરમતત્ત્વનું સાયુજ્ય આપે જ. અધ્યાત્મ પથે બે રાજમાર્ગ છે - ત્યાગ અને સમર્પણ. જો ત્યાગ ન કરી શકો તો સમર્પણ કરો. **'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં'** શ્રદ્ધા અનન્ય હોય તો જ્ઞાનપ્રાપ્તિ થાય જ. **જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ, મચિરેણાધિ- ગચ્છતિ ॥** **(ગીતા : ૪ : ૩૯)** શ્રદ્ધાપૂર્વક જે સાધક અધ્યાત્મ સાધનમાં પ્રયત્નશીલ રહે તે જિતેન્દ્રિય અવશ્યપણે જ્ઞાનની પ્રાપ્તિ કરે છે.

**લભન્તે બ્રહ્મ-નિર્વાણ-મૃષયઃ ક્ષીણ-કલ્મષાઃ।**
**છિન્ન-દ્વૈધા યતાત્માનઃ, સર્વ-ભૂત-હિતે રતાઃ॥**
**(ગીતા : ૫.૨૫)**

જે પાપમુક્ત થઈ ગયેલ છે, જેની તમામ શંકાઓનું સમાધાન થઈ ગયું છે, જે જીવમાત્રનો હિતેચ્છુ છે, જે સંયતેન્દ્રિય છે, વે સમ્યક્-જ્ઞાની બ્રહ્મનિર્વાણ (અર્થાત્ મોક્ષ)ને પ્રાપ્ત કરે છે.

યોગેશ્વર અંતરિક્ષે માયાનાં લક્ષણ કહ્યાં અને યોગેશ્વર પ્રબુદ્ધે માયા પાર ઉતારવાના ઉપાય કહ્યા. **"સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને, શ્વાસોશ્વાસે સ્મરણ કરતાં, પાંચે પાતક જાય રે જોને। અગ્નિને ઉધઈ ન લાગે, મહામણિને મેલ જોને, અપાર સિંધુ મહાજલ ઊંડા, મરમીને મન સહેલ જોને (પ્રીતમ).**

ગુરુ બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ. વાણીનો સંયમ કરો. પ્રતિદિવસ ઓછામાં ઓછું ત્રણ કલાક મૌન પાળો. મૌન મનની એકાગ્રતા અને ચિત્તશક્તિનું વર્ધન કરશે. માટે જ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે,

**"મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥"**
**(ગીતા : ૭.૧૪)**

જે મારો આશ્રય લે છે તે આ માયાને તરી જાય છે.

નામ-જપ સરળ શા માટે છે કે જીભ તમારા વશ છે, **હાથ પાઁવ નહીં હિલના, દશ બીસ કોશ નહીં ચલના, રાધેકૃષ્ણ બોલ... તેરા ક્યા લગેગા મોલ?**

મહાભારતના વનપર્વમાં યક્ષ યુધિષ્ઠિર સંવાદ આવે છે. યક્ષ યુધિષ્ઠિરને પૂછે છે : **"આ જગતમાં સૌથી મોટું આશ્ચર્ય શું?"** યુધિષ્ઠિર ઉત્તર આપે છે :

**અહન્ય હનિ ભૂતાનિ ગચ્છન્તિ યમમંદિરમ્।**
**શેષાઃ સ્થિરત્વમિચ્છન્તિ કિમાશ્ચર્યમત્તઃ પરમ્॥**

યોગેશ્વર આવિર્હોત્રએ કહ્યું : 'તમારો પ્રશ્ન સાચો છે. આ કર્મ-અકર્મ અને વિકર્મની જાળમાંથી કેમ નીકળી શકાય?

**કિં કર્મ કિમકર્મેતિ, કવયોઽપ્યત્ર મોહિતાઃ ॥**
**તત્તે કર્મ પ્રવક્ષ્યામિ, યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ॥**
**(ગીતા : ૪ : ૧૬)**

જે કર્મમાં અકર્મ દેખે છે, જે અકર્મમાં કર્મ દેખે છે, તે મનુષ્ય બુદ્ધિમાન છે. તે યોગી છે અને સમસ્ત કર્મ કરનારો (કૃતકૃત્ય) છે. જેનાં સર્વે કર્મ કામના અને સંકલ્પથી મુક્ત હોય છે અને જેનાં કર્મ જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા ભસ્મ થઈ ગયાં છે, જ્ઞાનીજન તેને પંડિત કહે છે અને જે પુરુષ સમસ્ત કર્મમાં અને કર્મફળની આસક્તિનો સર્વથા ત્યાગ કરે છે અને સંસારના આશ્રયથી રહિત નિત્ય તૃપ્ત છે, તે કર્મમાં સદૈવ પ્રવૃત્ત રહેતા હોવા છતાં તે ખરા અર્થમાં કંઈ કરતો નથી. માટે કર્મ તો કરવું જ પડશે. આપણા જીવનની કોઈ પણ એકેય ક્ષણ કર્મ વગરની હોતી નથી. માટે અનાસક્ત ભાવથી કર્મ કરો. **'મા ફલેષુ કદાચન !'** બધાં કર્મ ઈશ્વરાર્પણ કરો. યોગેશ્વર દ્રુમિલજીએ પ્રભુની લીલાઓનું વર્ણન કર્યું. બધા અવતારની કથા સંભળાવી. યોગેશ્વર ચમસજીએ ભક્તિહીન પુરુષોની અધોગતિનું વર્ણન કર્યું. યોગેશ્વર કરભાજનજીએ પરમાત્માની પૂજાવિધિની વિગત સમજાવી. અંતે નારદજીએ વસુદેવજીને કહ્યું, 'હવે સમય અધિક નથી. શ્રીકૃષ્ણને તમારો પુત્ર ન માનો. તે પ્રત્યક્ષ પરમાત્મા છે.'

હવે દેવગણ ભગવાન શ્રીકૃષ્ણને સ્વધામ પાછા ફરવા માટે વિનંતી કરવા લાગ્યા. દ્વારિકામાં પણ અપશુકન થવા લાગ્યાં. વૃદ્ધ યાદવોએ ભગવાન શ્રીકૃષ્ણ પાસે જઈ કહ્યું, "પ્રભુ! હવે અહીં રહેવું યોગ્ય નથી. ઋષિ-મુનિઓના શ્રાપથી બધું અયોગ્ય અને ડામાડોળ થવા લાગ્યું છે. માટે હવે સૌ પ્રભાસક્ષેત્રમાં જઈએ. આમ, સૌ પ્રભાસ જવાની તૈયારી કરવા લાગ્યા. ઉદ્ધવજીએ આ વાત જાણી ત્યારે તેઓ સમજી ગયા કે પ્રભુ હવે યાદવોનો સંહાર કરીને આ લોકમાંથી મહાપ્રયાણ કરવાની તૈયારી કરી રહ્યા છે. તે પ્રભુ પાસે આવ્યા, કહ્યું, 'નાથ! હું આપના શરણમાં છું. આપના વિરહમાં હું કેવી રીતે જીવી શકીશ ? ભગવાને ઉદ્ધવજીને ત્યાગ અને સંન્યાસનો ઉપદેશ કર્યો કહ્યું, 'તમો તમારા ગુરુ બનો. આત્મા જ આત્માનો ગુરુ છે.' **'આત્મા હી ગુરુરાત્મૈવ.'** દત્ત ઉપાખ્યાન સંભળાવ્યું.

ભગવાને કહ્યું, 'ઉદ્ધવજી! યદુરાજાએ દત્તાત્રેયજીને આવા જ પ્રશ્ન પૂછ્યા હતા. પૂછ્યું હતું : જ્યારે સમગ્ર સંસાર આધિ-વ્યાધિ - ઉપાધિ ત્રિવિધ તાપથી ત્રસ્ત છે ત્યારે તમે તેનાથી લેશમાત્રેય પ્રભાવિત નથી અને અગાધ શાંતિ તથા સ્વ-સ્વરૂપમાં રહો છો તથા સ્વકીય આત્મામાં અનિર્વચનીય આનંદનો અનુભવ કેવી રીતે કરી શકો છો ? દત્તાત્રેયજીએ કહ્યું, 'રાજન ! મેં જાણી લીધું છે કે આ સંસારની જડ વસ્તુઓમાં આનંદ નથી. તેથી જડ વસ્તુઓમાંથી મનને દૂર કરીને આત્મસ્વરૂપમાં દૃષ્ટિ સ્થિત-સ્થિર કરી છે. દૃશ્યથી મુક્ત થયો છું. દૃષ્ટામાં સ્થિર થયો છું.'

રાજન્ દીક્ષા ગુરુ તો એક જ હોય છે, પરંતુ શિક્ષાગુરુ તો અનેક હોઈ શકે. ૧. હું ધરતી પાસેથી શીખ્યો - સહનશીલતા. ૨. વાયુ પાસેથી સંતોષ અને નિઃસંગતા. ૩. આકાશે જ્ઞાન આપ્યું, આત્મા અનાદિ, અવિનાશી છે. ઈશ્વર પણ આકાશની જેમ સર્વવ્યાપી છે. ૪. જળ પાસેથી શીતળતા અને મધુરતાની શિક્ષા મળી. ૫. અગ્નિએ પવિત્રતાનો ઉપદેશ આપ્યો. હૃદયમાં જો વિવેકરૂપી અગ્નિ હોય તો અસદ્ વિચાર-વાણી-વર્તન સંભવી ન શકે. ૬. ચંદ્રમાએ મને ક્ષમતાનું જ્ઞાન આપ્યું. વૃદ્ધિ અને હ્રાસ શરીરનાં થાય છે, આત્માનાં નહીં. માટે સંપત્તિમાં શાન-ભાન ભૂલશો નહીં અને વિપત્તિમાં દુઃખી થશો નહીં. ૭. સૂર્ય પાસેથી પરોપકારનો ઉપદેશ પ્રાપ્ત થયો. એક જ સૂર્ય સર્વત્ર જળરાશિમાં નાનાં કે મોટાં જળાશયમાં એક જ સરખું પ્રતિબિંબ આપે છે. ૮. કબૂતર પાસેથી પણ શિક્ષા મળી. આસક્તિ મૃત્યુનું દ્વાર છે. ૯. પ્રારબ્ધ કર્મ અનુસાર જે મળે તેમાં ખુશ રહો, આ જ્ઞાન અજગરે આપ્યું. ૧૦. સમુદ્ર વર્ષાઋતુમાં ઊભરાતો-છલકાતો નથી, ગ્રીષ્મઋતુમાં સુકાઈ જતો નથી. સુખ-દુઃખમાં

સમતા જાળવવી. આ સંદેશ સમુદ્રએ આપ્યો. ૧૧. અગ્નિથી મોહિત થઈ વારંવાર જીવડાં દીવાની પાસે જાય છે અને મરે છે, મનુષ્ય પણ વિશ્વની ઝાકમઝાળમાં મોહિત થઈ આસપાસમાં બંધાઈને પોતાનો સર્વનાશ કરે છે. ૧૨. ભ્રમર પાસેથી પણ જ્ઞાન મળ્યું. ભ્રમર કમળમાં આસક્તિ રાખે છે. અને અંતે મૃત્યુને વરે છે. ૧૩. હાથી પણ મારો ગુરુ છે. સ્પર્શ સુખની લાલસાના કારણે હાથી પ્રાણ ખોઈ બેસે છે. લાકડાની પૂતળીને પગથી સીધી કરીને તેનું મુખ દેખવું નહીં.

**યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે।**
**આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥**
**(ગીતા : ૫ : ૨૨)**

સંસ્પર્શ ઉત્પન્ન થતા ઉપભોગો એ કેવળ દુઃખ ઉત્પન્ન કરનાર છે, કારણ કે તેઓ આદિ અને અંતવાળા છે, હે કૌન્તેય ! ડાહ્યો માનવી તેમાં આનંદ માણતો નથી. ૧૪. મધમાખીએ પણ મને જ્ઞાન આપ્યું છે. સંગ્રહખોરી ન કરો, દાન કરો. અન્યથા કોઈ પણ તમારી સંપત્તિ લૂંટી જશે. ૧૫. જેવી રીતે હાથીને સ્પર્શ સુખનો આનંદ છે અને ફસાઈને મરે છે તેવું જ હરણને પણ સંગીત શ્રવણનો આનંદ છે, માટે યોગારૂઢ સાધકે સંગીત, નૃત્ય, ગીત, આદિ વિષયનો ત્યાગ કરવો જોઈએ. ૧૬. માછલીને પાણીમાં પર્યાપ્ત આહાર મળી રહે છે, પરંતુ કાંટો નાખીને બેઠેલો માછીમાર માછલીના લોભના કારણે તેને પકડી લે છે. જીભના આસ્વાદનો મોહ સંન્યાસીએ રાખવો નહીં.

સાધારણ રીતે મૃત્યુ પછી ગરુડ પુરાણની કથા વાંચવાની પ્રથા છે તે માનવીએ જીવતા જીવે જ સાંભળવી જોઈએ.

**કુરંઙ્ગ માતઙ્ગ પતઙ્ગ મૃડામીના હતા પંચભિરેવપઞ્ચ।**
**એકઃ પ્રમાદી સ કર્થે ન હન્યતે યઃ સેવતે પંચ્ચભિરેવપંચ ॥**

રાજન્ ! ૧૭. મેં વેશ્યા પાસેથી પણ જ્ઞાન મેળવ્યું છે. ધનવાન ગ્રાહકની પ્રતીક્ષામાં સમગ્ર રાત્રિ પર્યંત તે જાગરણ કરતી હતી, પરંતુ એક વાર તેના જીવનમાં અધ્યાત્મના કિરણનો પ્રકાશ થયો. હું કામી પુરુષોની પ્રતીક્ષામાં આખી રાત જાગું છું તો પ્રભુ સ્મરણ-કીર્તનમાં કેમ નહીં ? ૧૮. કુકર પક્ષી (ટીટોડી)ની જેમ સંગ્રહ કરવાના બદલે ત્યાગ કરો. ૧૯. બાળકના જેવા નિર્દોષ અને ભોળા બની રહો. ૨૦. હાથમાં બે-ચાર બંગડી હોય તો ખખડે, માટે એક સારી. સાધુએ પણ એકલા રહેવું. એક નિરંજન ! ૨૧. બાણ બનાવવાવાળા સામેથી રાજાની સવારી પસાર થઈ છતાં તેને ખબર ન હતી, હું તેની પાસેથી એકાગ્રતાનો પાઠ શીખ્યો. ૨૨. સર્પ પોતાનું દર બનાવતો નથી. દર ઉંદર બનાવે છે, સર્પ તેમાં જઈને રહે છે, સંન્યાસીએ પણ સર્પની જેમ એકલા જ વિચરણ કરવું. પોતાનો આશ્રમ ઊભો કરવો નહીં. કોઈના બનાવેલા આશ્રમમાં જઈને રહેવું. ૨૩. કરોળિયો જાળ બનાવે છે અને ફસાય છે. સંતોએ પણ માયાનો વિસ્તાર કરવો નહીં. ૨૪. 'કીટ ભ્રમર ન્યાય'ને પણ હું સમજ્યો. કીડો ભયમાં છે, ભ્રમર હમણાં આવશે, કરડશે અને ભ્રમરના ચિંતનમાં કીડો ભ્રમર થઈ જાય છે.

How ye thinketh, so ye becometh એવું Old testamentમાં કહ્યું છે. તમે જેવા વિચાર કરો, તમે તેવા થાઓ. શ્રીશ્રી શારદામણીદેવી કહેતાં, **'જગતે જદી સુખ ચાહો નિજેર દોષટા દેખતો હોબે.'** જગતમાં જો સુખની ઈચ્છા હોય તો પોતાના દોષ દેખો. જો આપણે કોઈના દોષનું ચિંતન કરીએ તો આપણે પણ તે દોષ કે વિકારવાન થઈએ, પરંતુ કોઈના ગુણનું ચિંતન કરીએ તો આપણામાં પણ તે ગુણ આવે-માટે ગુણગ્રાહી થવું. ભગવદ્ ચિંતન કરવું. THINK POSITIVE, ACT POSITIVE. BE POSITIVE.

**ન સાધયતિ માં યોગો ન સાંખ્યં ધર્મ ઉદ્ધવ।**
**ન સ્વાધ્યાય સ્તપસ્ત્યાગો યથા ભક્તિર્મમોર્જિતા ॥**
**(ભા. ૧૧.૧૪.૨૦)**

મને પ્રાપ્ત કરવામાં અનન્ય ભક્તિમાં જે સામર્થ્ય છે તેટલી ક્ષમતા કે સામર્થ્ય યોગ-સાંખ્ય, ધર્મ-વેદ અધ્યયન, તપ-ત્યાગ વગેરેમાં નથી. ભક્તિયોગની મહત્તા પશ્ચાત્ પ્રભુએ ઉદ્ધવજીને ધ્યાનયોગની વિધિ

બતાવી. ધ્યાન બે પ્રકારનાં છે - એક જ અંગનું ચિંતન અને સર્વાંગોનું ચિંતન કે ધારણા. ધ્યાન કરતાં કરતાં યોગી તેના ધ્યેય સાથે એકરૂપ થઈ જાય છે. પ્રતિદિન ઈશ્વરનું ધ્યાન કરશો તો બાહ્ય જગતનું વિસ્મરણ થઈ જશે, પછી દેહભાન નહીં રહે, પ્રભુમાં તન્મય અને કર્મ કરીને તદ્રૂપ થઈ જવાશે. ઉદ્ધવ વ્યર્થ ભાષણ ન કરવું. આવશ્યકતા હોય તેટલું જ બોલવું. ભક્તિથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, પરંતુ સિદ્ધિ પ્રભુપ્રાપ્તિમાં બાધક છે, માટે તેનાથી દૂર રહેવું. સિદ્ધિ અને પ્રસિદ્ધિ પ્રમાદ લાવે છે. આમ થાય તો **'પમા દો મુચ્ચનો પદમ્'** એવું ધમ્મપદ કહે છે - **"પ્રમાદો નિત્ય મૃત્યુઃ બ્રાહ્મણ બ્રહ્મસુતઃ"** સનત્સજાતીયનું કથન છે કે પ્રમાદ મૃત્યુનું દ્વાર છે. બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી ચિન્મયાનંદજી મહારાજ કહેતા - 'IF YOU REST, YOU WILL RUST.' માટે ભક્તિ સાધનામાં પ્રમાદ કરવો નહીં.

બ્રહ્મનો વિચાર કરવો જ શ્રેષ્ઠ છે, તે જ સર્વોત્તમ ધન છે.

**ધર્મ ઈષ્ટં સર્વ નૃણાં**। મારી ભક્તિ પ્રાપ્ત કરવી તે સર્વોત્તમ ઉપલબ્ધિ છે. દેહને આત્મા માનવો તે મહાનતમ્ મૂર્ખતા છે. જે નિંદાથી લેશમાત્રેય વિચલિત ન થાય તે સાચો ભક્ત.

હરિદ્વારમાં 'હર કી પૈરી' પાસે એક ભોલાનંદઘાટ છે, ત્યાં એક ભોલેબાબા રહેતા હતા. તેઓ કહેતા, **"ઈસ દેહ કો મૈં માનના, સબ સે બડા પાપ હૈ, સબ પાપ ઈસ કે પુત્ર હૈ, સબ પાપ કા યહ બાપ હૈ।"**

ઉદ્ધવજી ! મનુષ્યના કલ્યાણ હેતુ મેં ત્રણ ઉપાય કહ્યા છે - ૧. જ્ઞાનયોગ ૨. નિષ્કામ કર્મયોગ ૩. ભક્તિયોગ. મનુષ્ય શરીર જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત કરવાનું સાધન છે, તેથી શ્રેષ્ઠ છે. આ માનવશરીર ઉત્તમ નૌકા સમાન છે. અનેક અગણિત પુણ્યનું ફળ છે. કરોડો ઉપાયથી પણ અલભ્ય છે. ગુરુરૂપી નૌકાચાલક અને મારા વાયુ સ્વરૂપથી આગળ ધપી રહેવાય છે. આમ છતાં આ અમૂલ્ય માનવદેહ-નૌકાનો સદુપયોગ ન કરો તો તે માનવનું જીવન વ્યર્થ છે.

**નૃદેહમાદ્યં સુલભં સુદુર્લભં**
**પ્લવં સુકલ્પં ગુરુકર્ણધારમ્।**
**મયાનુકૂલેન નભસ્વતેરિતં**
**પુમાન્ ભવાબ્ધિં ન તરેત્ સ આત્મહા॥**
**(ભા. ૧૧.૨૦.૧૭)**

ઉદ્ધવ સત્સંગ ન થાય તો ચિંતા નહીં, પરંતુ કામી પુરુષનો સંગ તો કદી ન કરશો.

**ભિદ્યતે હૃદયગ્રંથિશ્છિદ્યન્તે સર્વસંશયાઃ।**
**ક્ષીયંતે ચાસ્ય કર્માણિ મયિ દૃષ્ટેઽખિલાત્મનિ॥**
**(ભા. ૧૧.૨૦.૩૦)**

ભક્તિ દ્વારા સર્વત્ર સ્થિત આત્મારૂપ મારું દર્શન કરીને મનુષ્યના હૃદયની અહંકારની ગાંઠો છૂટી જાય છે ત્યારે બધી શંકા અને સંશયોનું સમાધાન થાય છે અને બધાં જ કર્મનાં બંધનમાંથી મુક્તિ મળે છે. હવે ભગવાને ઉદ્ધવજીને ભિક્ષુગીતાનો ઉપદેશ કર્યો. લોકો ભિક્ષુકની નિંદા કરે છે, પરંતુ તે કદીયે પોતાના મન ઉપર અસર થવા દેતો નથી. ભિક્ષુકનું કથન છે -

**અર્થસ્ય સાધને સિદ્ધે ત્કર્ષે રક્ષણે વ્યયે।**
**નાશોપભોગ આયાસસ્ત્રાસશ્ચિંતા નૃણામ્॥**

ધનાર્જનમાં, ધનના ઉપભોગમાં, તેની વૃદ્ધિ કરવામાં, રક્ષા કરવામાં, તેનો નાશ થાય ત્યારે પરિશ્રમ અને ચિંતા તથા ત્રાસ થાય છે, તો પણ મનુષ્ય ધનની પાછળ ભાગતો ફરે છે. ધન કોઈ પણ પરિસ્થિતિમાં માનવ માટે દુઃખ જ પ્રદાયક છે, છતાં મનુષ્યને વિવેક નથી. અહીં પુરુરવા અને ઉર્વશીનાં દૃષ્ટાંતથી સ્ત્રીસંગથી પુરુષની કેવી દુઃખદ સ્થિતિ થાય છે તે પણ કહેવામાં આવ્યું. શ્રી શુકદેવજી કથા કરે છે, કહે છે, પ્રભુએ કહ્યું : 'હે ઉદ્ધવ !

**ભગતિહીન વિરંચિ કિન હોઈ।**
**સબ જીવહુ સમપ્રિય મોહિ સોઈ।**
**ભગતિવંત અતિ નિચઉપ્રાની।**
**મોરી પ્રાનપ્રિય અસિ મમ બાની॥**

ભગવાન કહે છે, 'ઉદ્ધવ ! મેં તમારું ધન નહીં, મન માગ્યું છે. મેં તમને બ્રહ્મજ્ઞાનનું દાન કર્યું છે. જે મને

પોતાનું 'સર્વસ્વ' સમર્પિત કરે તેને હું મારું સર્વસ્વ આપી દઉં છું. હવે તમે હિમાલયની ગિરિકંદરાઓમાં, હિમાચ્છાદિત ગિરિશૃંગોના ખોળે, અલકનંદા નદીના તટે શ્રી બદરીકાશ્રમ જાઓ. ઇન્દ્રિયોને સંયમિત કરો. બ્રહ્મજ્ઞાનનું ચિંતન કરો. બદરીકાશ્રમ તપોભૂમિ છે, યોગભૂમિ છે. અહીં નર-નારાયણ સનક સનંદન ઈત્યાદિ ભાઈઓ અને સ્વયં મહર્ષિ નારદે પણ તપ કર્યું છે. અહીં પ્રભુપ્રાપ્તિ સત્વરે થશે.

શ્રીકૃષ્ણ પરમાત્માએ ઉદ્ધવને પોતાનાં પાદુકાજીઓ આપ્યાં પછી કહ્યું, 'ઉદ્ધવ ! મને મારા વિદુરની બહુ યાદ આવે છે. 'અહો આશ્ચર્યમ્!' લોકો મૃત્યુ સમયે શ્રીકૃષ્ણનું ચિંતન કરવા આતુર હોય, અહીં શ્રીકૃષ્ણ સ્વયં સ્વકીય મહાપ્રયાણ પૂર્વે ભક્ત વિદુરનું ચિંતન કરે છે, ધન્ય છે. વિદુર ! પ્રભુએ કહ્યું, 'તમો બદરીકાશ્રમ જતાં પૂર્વે પ્રયાગરાજ થઈને જજો. ત્યાં મારો ભક્ત વિદુર છે, તેને મળજો અને મહાપ્રયાણપૂર્વે મેં તેને યાદ કર્યો હતો તેમ કહેજો. હે ઉદ્ધવ ! હું તમારી સાથે જ છું. હંમેશાં મારું સ્મરણ કરતા રહેજો. **'સિદ્ધિ સ્મરણ સંસિદ્ધિઃ ।'** પ્રયાગરાજમાં વિદુરજીનાં દર્શન-સત્સંગ કરીને ઉદ્ધવ બદરીકાશ્રમ આવ્યા, તેમને સદ્ગતિ પ્રાપ્ત થઈ.

શ્રી શુકદેવજી મહારાજ તો ત્યાગી છે. તેમને સુખ-દુઃખ, રાગ-દ્વેષ કશુંયે નથી, છતાં શ્રીકૃષ્ણ કથા કહેતાં તેઓ ભાવાવેશમાં અંતરના ઉલ્લાસમાં આવી જતા હતા. હવે યાદવોના વિનાશની કથા કહેતાં તેમનું પણ હૃદય થોડું ખિન્ન થયું છે. એમના પવિત્ર વદનકમળનાં સૌંદર્યમાં સ્વચ્છ આકાશમાં એક નાની વાદળી આવે તેવી અંતરમનોદશા શ્રીકૃષ્ણ વિરહની વાતના વિચારમાં જ તેઓ અંતરયાત્રાના ઊંડાણમાં ખોવાઈ ગયા.

શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે. સર્વ પાપનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ હૃદયથી અહંકારશૂન્ય થઈ, જે શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારે છે તે વસ્તુતઃ શ્રીકૃષ્ણ કૃપા અને શ્રીકૃષ્ણ ચરણને પામે છે.

## દ્વાદશ સ્કંધ

શ્રીમદ્ ભાગવતજીનો બારમો સ્કંધ આશ્રયલીલા છે.

ભાગવતજીનું પ્રતિપાદ્ય તત્ત્વ આશ્રય જ છે. રાજા પરીક્ષિતે પ્રશ્ન પૂછ્યો છે, 'મહારાજ હવે પૃથ્વી ઉપર કોનું આધિપત્ય થશે ?' ભગવાને કહ્યું, 'જરાસંધના પિતા બૃહદ્રથના વંશમાં અંતિમ રાજા પુરંજય થશે. તેમનો મંત્રી રાજાની હત્યા કરીને પોતાના પુત્ર પ્રદ્યોતને રાજસિંહાસન પર બેસાડશે. ત્યારબાદ પવિત્ર ભારતખંડમાં નંદ, ચંદ્રગુપ્ત, અશોક વગેરે રાજાઓ થશે. ત્યારબાદ આઠ યવન અને દશ શ્વેત રાજ્ય કરશે. કળિયુગમાં દુષ્ટ સ્વાર્થી રાજાઓ ભારતને અનેક ટુકડામાં વિભાજિત કરશે. કળિયુગના દુષ્ટ પ્રશાસકો ગૌહત્યા કરશે, પ્રજાનું ધન હડપ કરવાની જ પ્રવૃત્તિ રહેશે અને શાસકો વિલાસ-વૈભવ-સંપન્ન જીવન યાપન કરશે.

કળિયુગમાં બ્રાહ્મણો વેદ અને સંધ્યાવિહીન થઈ જશે. પોતાના કુટુંબ પરિવારનું ભરણપોષણ ખૂબ સારી રીતે કરી શકે તે જ ચતુર કહેવાશે. ધર્મનું આચરણ પોતાનાં યશ અને કીર્તિ માટે જ કરવામાં આવશે.

**દાક્ષ્યં કુટુમ્બ-ભરણં યશોડર્થે ધર્મસેવનમ્।**

ભાગવતજીમાં વર્ણવવામાં આવેલાં કળિયુગનાં લક્ષણો આજે આપણે પ્રત્યક્ષ અનુભવી રહ્યા છીએ. હે રાજન ! કળિયુગના અંતે ધર્મરક્ષા હેતુ ભગવાન કલ્કિ અવતાર ધારણ કરશે. કળિયુગમાં પુરુષ નારીને આધીન રહેશે.

**સ્ત્રૈણાઃ કલૌ નરાઃ ।** આ સ્કંધમાં કળિયુગમાં લક્ષણ, દોષ તથા તેમાંથી બચવા માટેના ઉપાય વર્ણવવામાં આવ્યા છે, પરંતુ શ્રેષ્ઠ ઉપાય

**'કલૌ કેશવ કીર્તનમ્.'**

**કલેર્દોષનિધે રાજન્નસ્તિ હ્યેકો મહાન્ ગુણઃ।**
**કીર્તનાદેવ કૃષ્ણસ્ય મુક્તસંગઃ પરં વ્રજેત્॥**
**(ભા. ૧૨.૩.૫૧)**

તદુપરાંત કહ્યું છે :

**કૃતે યદ્ ધ્યાયતો વિષ્ણું ત્રેતાયામ્ યજતો મખૈઃ।**
**દ્વાપરે પરિચર્યાયામ્ કલૌ તદ્ હરિકીર્તનાત્॥**
**(ભા. ૧૨.૩.૫૨)**

સત્યયુગમાં વિષ્ણુના ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞ દ્વારા, દ્વાપરયુગમાં વિધિપૂર્વક વિષ્ણુપૂજનનું જે ફળ મળે છે, કળિયુગમાં ભગવન્નામ્ સંકીર્તનથી મળે છે.

શુકદેવજી પરીક્ષિતને સાવધાન કરે છે, કહે છે, 'હે રાજન ! મૃત્યુ સમયે જે પરમેશ્વરનું ધ્યાન કરે છે તે જીવ પરમાત્માના સ્વરૂપમાં સમાહિત થાય છે.'

હે રાજન્ ! તમે હવે મૃત્યુઆસન્ન છો, માટે તમારા હૃદયમાં ભગવાન કેશવની સ્થાપના કરો. તે તમને પરમગતિ આપશે. જન્મ-જરા અને મૃત્યુ એ શરીરના ધર્મ છે, આત્માના નહીં. આત્મા તો અજર-અમર છે.

**અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ।**
**નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ॥**
**(ગીતા : ૨.૨૪)**

આત્માનું છેદન થઈ શકે નહીં. આત્માને બાળી-ભીંજવી કે સૂકવી શકાતો નથી. તે નિત્ય, સર્વવ્યાપી, સ્થિર, અવિચળ અને સનાતન છે.

**અવ્યક્તોઽયમચિન્ત્યોઽયમવિકાર્યોઽયમુચ્યતે।**
**તસ્માદેવં વિદિત્વૈનં નાનુશોચિતુ મર્હસિ॥**
**(ગીતા : ૨.૨૫)**

આ આત્મા અવ્યક્ત, અચિંત્ય અને અવિકારી કહેવાય છે. તેથી તેને એવો જાણીને તેનો શોક કરવો ન જોઈએ. માટે હું મરી જવાનો છું કે હવે મારે મરવાનું છે તેવી અજ્ઞાનસભર બુદ્ધિથી બહાર રહેવું જોઈએ. રાજન્ જે ઘડો ખાલી હોય તેમાં પણ હવા હોય છે, ખાલીપણું કે આકાશ હોય છે, ઘડો ફૂટી જાય તો અંદરની હવા બહારની હવાને અંદરનું ખાલીપણું બહારના ખાલીપણામાં મળી જાય છે. ઘટાકાશ મહાકાશમાં મળે છે. Individual Space merges in cosmic space. માટે સમજો કે દેહોત્સર્ગ થતાં જીવ બ્રહ્મમય થઈ જાય છે.

હે રાજન્ ! આજ તક્ષક આવીને તમને કરડવાનો છે. તે તમારા શરીરને મારી શકે, આત્માને નહીં. તમારો આત્મા તો પરમાત્મામાં તલ્લીન થઈ જશે. તદ્રૂપ થઈ જશે. નદીનું પાણી સાગરને મળ્યું, પછી સાગર જ સાગર, તમે શરીરથી ભિન્ન છો એમ વિચારીને તમારા આત્માને બ્રહ્મમાં વિલીન કરો. તક્ષક-કાળ પણ શ્રીકૃષ્ણનો જ અંશ છે. શરીર નાશવંત છે. આત્મા અમર છે, જ્યાં સુધી હું અહીં છું ત્યાં સુધી તક્ષક અહીં નહીં આવી શકે. માટે હજુ કંઈ જાણવાની-સાંભળવાની ઈચ્છા હોય તો કહો.

પરીક્ષિતે કહે છે, 'પ્રભો ! આપશ્રીએ મને વ્યાપક બ્રહ્મનું દર્શન કરાવ્યું છે, હું નિર્ભય થયો છું, કૃતકૃત્ય થયો છું.'

શ્રીમદ્ ભાગવત શ્રવણનાં પાંચ ફળ છે :

૧. નિર્ભયતા. ૨. નિઃસંદેહતા. ૩. હૃદયમાં પ્રભુનો પ્રત્યક્ષ પ્રવેશ. ૪. સર્વત્ર ભગવદ્ દર્શન. ૫. નિષ્કપટ નિષ્કામ વૈશ્વિક પરમ પ્રેમ. પ્રભુ ! મેં આ પાંચેય ફળની પ્રાપ્તિ કરી છે.

પ્રભુ ! ભાગવતજીના પ્રથમ સ્કંધનું શ્રવણ કરીને પરમાત્માના દક્ષિણ ચરણના, દ્વિતીય સ્કંધના શ્રવણથી પ્રભુના વામ ચરણના, તૃતીય અને ચતુર્થ સ્કંધના સ્મરણથી ભગવાનના બંને હસ્તકમળના, પંચમ અને ષષ્ઠમ્ સ્કંધના શ્રવણથી પ્રભુની બંને જંઘાના, સપ્તમ્ સ્કંધના શ્રવણથી શ્રીકૃષ્ણના કટિભાગ, અષ્ટમ્ અને નવમ સ્કંધના શ્રવણથી પ્રભુના વિશાળ વક્ષઃસ્થળના, દશમ સ્કંધના શ્રવણથી પ્રભુના મુખારવિંદ અને નયનનાં દર્શન થયાં છે. એકાદશ સ્કંધનું શ્રવણ મને ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ ગોવર્ધનનાથના ઉપર ઉઠાવેલા હાથનું દર્શન થયું છે. દ્વાદશ સ્કંધની કથા શ્રવણ કરીને હવે મને લાગે છે, શ્રીકૃષ્ણ બંને હાથ પસારીને મને તેમના બાહુપાશમાં આલિંગનાર્થે બોલાવી રહ્યા છે. બસ હવે ! પ્રભુનું જ દર્શન થાય છે. હું શ્રીકૃષ્ણ શરણમાં છું. મને શ્રીકૃષ્ણ સિવાય બીજું કંઈ પણ દેખાતું નથી. મહારાજ મને શ્રીકૃષ્ણ બોલાવે છે, હું આપની વિદાય લઉં છું. નાથ ! હું કૃતાર્થ થઈ ગયો.

પ્રભુ ! આપે મને કેવળ કથા સંભળાવી નથી. પ્રભુનાં દર્શન પણ કરાવ્યાં છે. આપે કહ્યું, 'સમગ્ર વિશ્વ બ્રહ્મરૂપ છે. તક્ષક પણ જગતથી પૃથક્ નથી, તે પણ

બ્રહ્મરૂપ જ છે. તેનું આગમન, આ શરીરને તેનું કરડવું. આ શરીરનું ભસ્મીભૂત થવું એ બધું તો **'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે જ છે.'** હું આપને વારંવાર પ્રણામ કરું છું. આપે મારા ઉપર બહુ ઉપકાર કર્યો છે. શુકદેવજી કહે છે, રાજન્ ! તમારી સાથે હું પણ કૃતાર્થ થયો છું, કારણ કે મને પણ સતત એક સપ્તાહ શ્રીકૃષ્ણ ચિંતન અને શ્રીકૃષ્ણ કથામૃત શ્રવણનો લાભ મળ્યો છે. તમારા કારણે હું પણ પ્રભુમાં લીન થઈ ગયો. તેઓ મારા હૃદયમાં સતત બિરાજમાન રહ્યા, તેની મને અનુભૂતિ થઈ છે. રાજન્ ! હવે પછી શું થશે તે જોવા-સાંભળવામાં મને કોઈ રુચિ નથી, છતાં તમારા મનમાં કોઈ શંકા હોય તો તમે પૂછી શકો છો. હું બ્રહ્મનિષ્ઠ હોવાના કારણે મારી દૃષ્ટિ તક્ષકના વિષને અમૃત બનાવી દેશે.

પરીક્ષિતે શ્રી શુકદેવજીને વંદન કર્યાં અને કહ્યું, 'પ્રભુ ! હવે મારા મનમાં કોઈ શંકા નથી. નિઃશેષ થયો છું. આપની કૃપાથી હું નિર્લેપ અને નિર્ભય થઈ ગયો છું.

શુકદેવજીએ પણ જવા માટે અનુમતિ માગી. રાજાએ ઈચ્છા વ્યક્ત કરી કે તેઓ તેમની પૂજા કરવાની અનુમતિ આપે. રાજાએ શુકદેવજીની પૂજા કરી. ચરણ પ્રક્ષાલન કરી, ચરણામૃત પાન કર્યું. શુકદેવજીએ પ્રસન્ન વદને રાજાના મસ્તક ઉપર પોતાનો વરદ હસ્ત મૂક્યો. તત્ક્ષણે રાજાએ પરમાત્માના શ્રી વિગ્રહનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. જીવ અને બ્રહ્મ એક થઈ ગયાં.

આ જ્ઞાનસત્રમાં ઉપસ્થિત સર્વે મહર્ષિઓને પરમ આશ્ચર્ય તથા આનંદ થયો. વ્યાસજી વિચારે છે કે મેં મારા પુત્રને ભાગવતજીનો અભ્યાસ કરાવ્યો, પરંતુ જે તત્ત્વ શુકદેવજી જાણી શક્યા તે જ્ઞાનની મને પ્રાપ્તિ થઈ નથી. વ્યાસજીએ પણ શુકદેવજીને પ્રણામ કર્યાં. ગુરુદેવ શુકદેવજી અંતર્ધ્યાન થઈ ગયા. રાજા પરીક્ષિતના શરીરમાંથી એક જ્યોતિ પ્રગટ થઈ અને મહાજ્યોતિમાં એકરૂપ થઈ ગઈ. તક્ષક આવ્યો, રાજાને કરડ્યો, પરંતુ તેઓ તો તે પૂર્વે જ ભગવદ્ધામમાં પધારી ગયા હતા.

પરીક્ષિતની જેમ કાળના આગમન પૂર્વે જ પરમધામ પ્રયાણ કરનારા ધન્ય છે.

સૂતજી કહે છે, 'પરીક્ષિતના મોક્ષનાં દર્શન મેં પ્રત્યક્ષ કર્યાં છે. તે દિવ્ય દર્શન હતું. જીવનની રોમાંચક અને અવિસ્મરણીય ક્ષણ હતી. મેં ધન્યતા અને કૃતકૃત્યતાનો અનુભવ કર્યો હતો. આવી રીતે ભાગવતજીમાં સર્વ પ્રકારનાં પાપના નાશનું અને ઐન્દ્રિય નિગ્રહ કરી ઇન્દ્રિયોના નિયંતા શ્રી ભગવાન શ્રીહરિની અમૃતમય કથાનું દિવ્ય વર્ણન છે.

કથાના શ્રવણ પછી મનન આવશ્યક છે. જેવી રીતે ગાય તેનું ખાદ્ય ખાઈ અને આહાર કર્યા પછી શાંતિથી બેસીને તેને વાગોળે છે તેવી જ રીતે કથા-શ્રવણ પછી ચિંતન-મનન અને નિદિધ્યાસનનો અભ્યાસ કરવો જોઈએ. આપણે શાંત મને એકાંતમાં આપણી જાતને નિરખવી પડશે. આપણે આ બાહ્ય દૃશ્યમાન જગતમાં તો બહુ જ ભ્રમણ કરીએ છીએ, થોડું પોતાની જાત સાથે પણ રહેવાની ટેવ પાડીએ.

વિચાર કરો, મારા જીવનનો ઉદ્દેશ શું ? હું આકૃતિ અને આવૃત્તિમાં માનવ દેખાઉં છું, પરંતુ મારી પ્રકૃતિ અને પ્રવૃત્તિમાં માનવ છું કે પાશવિક વિચારો અને વ્યવહારથી સંપન્ન બે પગનું પ્રાણી છું ? પોતાની જાતને ઢંઢોળો. Be ture to Thy own self - પોતાની જાતને વફાદાર રહો. એક નવી જ પ્રેરણા, પ્રકાશ અને દિવ્ય જીવનના માર્ગે પ્રકાશ પથરાશે. ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં તમામ કાર્યમાં પરમાત્માનું અનુસંધાન રાખો.

**પતિતઃ સ્ખલિતશ્ચાર્તઃ ક્ષુત્વા વા વિવશો બ્રુવન્ ।**
**હરયે નમ ઈત્યુચ્ચૈર્મુચ્યતે સર્વપાતકાત્ ॥**
**(ભા. ૧૨.૧૨.૪૬)**

અંતે જેનું નામ સર્વ પાતકોથી મુક્ત કરે છે, જેને પ્રણામ કરવાથી સર્વ દુઃખની નિવૃત્તિ થાય છે તે પરમાત્મા-શ્રીહરિને પ્રણામ છે.

**નામ સંકીર્તનં યસ્ય સર્વપાપપ્રણાશનમ્ ।**
**પ્રણામો દુઃખશમનસ્તં નમામિ હરિં પરમ્ ॥**
**(ભા. ૧૨.૧૩.૨૩)**

**॥ શ્રીકૃષ્ણાર્પણ અસ્તુ ॥**

# વૃત્તાંત

**● તા. ૫.૭.૨૦૨૦, રવિવાર, અમદાવાદ**

અષાઢ શુક્લ પૂર્ણિમા-ગુરુપૂર્ણિમાની પવિત્ર સવારે આશ્રમના અંતેવાસીઓએ શ્રી ગુરુદેવની પાદુકાજીની ષોડષોપચાર પૂજા કરી.

ગુરુપૂર્ણિમાનાં બ્રાહ્મમુહૂર્તે આશ્રમવાસીઓએ સામૂહિક પ્રાર્થના અને ધ્યાન કર્યું. દરિદ્રનારાયણ સેવા અર્થે આશ્રમથી ૩૨ કિ.મી. દૂર વિંછિયા ગામે મદારી-વણજારાની વસ્તીમાં જઈ ૧૫૦ પરિવારને પાંચ કિલો ચોખા, ત્રણ કિલો તુવેરદાળ, ત્રણ કિલો બટાકાનું (પ્રતિ પરિવાર) વિતરણ કર્યું.

ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે દેશ-વિદેશમાં વસેલા સૌ ભક્તોને ગુરુદર્શન અને અમૃતવાણીનો દિવ્ય લાભ મળે તે હેતુથી શિવાનંદ આશ્રમ, અમદાવાદ તરફથી Facebook પર સાંજના ૫.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી Live કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પરમ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ સાથે શ્રીશ્રી ચિદાનંદ ધ્યાન મંદિર ખાતે પૂજ્ય શ્રી સ્વામી કમલાનંદજી મહારાજ, પૂજ્ય શ્રી સ્વામી નારાયણાનંદજી મહારાજ તેમ જ હરિદ્વારથી પધારેલા સંતો ઉપસ્થિત હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને ગુરુસ્તોત્રથી કરવામાં આવી. આશ્રમના અંતેવાસી સુશ્રી ઉપાલી દાશ અને સુશ્રી મયૂરિકાબહેન ઓઝાએ ગુરુદેવની સેવામાં ભજન પ્રસ્તુત કર્યાં. ત્યારબાદ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે ખૂબ સુંદર ધ્યાન કરાવ્યું. જેમાં સૌ ભક્તોએ પોતાના ઘરમાં જ ગુરુદેવના સાંનિધ્યનો સાક્ષાત્ અનુભવ કર્યો અને પુલકિત થયા. સુશ્રી રૂપાબહેન મજમુદારે 'ગુરુમહિમા' ઉપર ઉદ્‌બોધન કર્યું. પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે 'ગુરુતત્ત્વ અને ગુરુપ્રેમ' પર ખૂબ જ મનનીય ઉદ્‌બોધન કર્યું. સમાપન પ્રાર્થના સાથે દેશ-વિદેશના સૌ ભક્તોએ પૂજ્ય સ્વામીજીનાં દિવ્ય દર્શન અને અમૃતવાણીનો ઓનલાઈન લાભ લઈ કૃતકૃત્યતાનો અનુભવ કર્યો.

રાત્રે વિશેષ સત્સંગ કાર્યક્રમ માત્ર આશ્રમ પરિવાર માટે જ આયોજાયો.

● તા. ૧૩.૭.૨૦૨૦ : આજરોજ ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજનો ૫૭મો મહાસમાધિ દિવસ બ્રાહ્મમુહૂર્તે પ્રાર્થના અને ગુરુ પાદુકાપૂજન તથા વિશેષ સત્સંગ દ્વારા થયો.

નિયમિત આ પૂજા દર ગુરુવારે શ્રી મરુતભાઈ દવે (ઉપાધ્યક્ષ, શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ)ની અગ્રિમતામાં થાય જ છે, પરંતુ ગુરુપૂર્ણિમા નિમિત્તે વિશેષ પાદુકાપૂજન બાદ શ્રી મરુતભાઈ દવે (ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજથી દીક્ષિત)એ ગુરુમહિમા ઉપર સુંદર-મનનીય ઉદ્‌બોધન કર્યું.

● કોરોના 'કોવિડ-૧૯'ને ધ્યાનમાં રાખી આશ્રમના અંતેવાસીઓ તથા આશ્રમના કામ સાથે સંકળાયેલા ૪૭ લોકોનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માધ્યમથી તા. ૨૪.૭.૨૦૨૦ને શુક્રવારના રોજ મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યું. ઈશ્વરકૃપા-ગુરુકૃપાથી બધા નેગેટિવ રિપોર્ટ જ આવ્યા.


● મંદિરના ઉત્સવ, શ્રાવણ મહિનાની પૂજા- લઘુરુદ્ર વગેરે યથાવત આયોજાયાં, પરંતુ યોગવર્ગ- રેઈકી શિક્ષણ, મંદિર દર્શન અને મુલાકાતીઓ માટે આશ્રમ પરિસર બંધ છે.

**● આશ્રમના શ્રી વિશ્વનાથ મંદિરમાં સોમવાર, શિવરાત્રિ અને શ્રાવણ મહિનામાં સદા ભક્તોનું મહેરામણ ઊભરાય છે. એ સમસ્યાના સમાધાન સ્વરૂપ મંદિર પરિસરમાં દ્વાદશ જ્યોતિર્લિંગની સ્થાપના કરવાનું પણ વિચારવામાં આવ્યું છે.**

**ઉદાર ચરિત દાતાઓને તેમનું યોગદાન આપવા વિનંતી છે. "શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ"ને આપવામાં આવતું દાન સરકારશ્રીના કરવેરા અધિનિયમનની કલમ હેઠળ ૮૦(જી) અંતર્ગત કરમુક્ત છે.**

**- શ્રી વિજય સોની, મંત્રી /ટ્રસ્ટી, શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ**

**● શ્રાવણ માસ નિમિત્તે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસપીઠે દરરોજ સાંજના ૬.૦૦ વાગ્યે AMDAVADTAK ફેસબુક ઉપર શિવકથાનું પ્રસારણ કરવામાં આવે છે, જે બુધવાર તા. ૧૯.૮.૨૦૨૦ સુધી પ્રસારિત કરવામાં આવશે. સૌને લાભ લેવા વિનંતી.**



BIS Hallmarked Jewellery
સાચવણ સુંદરતાની
સુંદર અલંકારથી
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
સી. જી. રોડ
નેશનલ પ્લાઝા, લાલ બંગલોની સામે
સી. જી. રોડ, અમદાવાદ - ૬
+91 99 2490 2223
SUNDAY CLOSED
સેટેલાઇટ
વિનસ અમેડીયસ, જોધપુર ચાર રસ્તા,
BRTS બસ સ્ટોપની સામે,
સેટેલાઇટ જોધપુર, અમદાવાદ - ૧૫
+91 63 5600 2300
SUNDAY OPEN
મણીનગર
TGB બેકરીની સામે,
મણીનગર ચાર રસ્તા, અમદાવાદ - ૮
+91 63 5600 2200
SUNDAY OPEN
www.suvarnakala.com

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

**રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.**
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity



પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ઓનલાઇન શિવકથા



પવિત્ર ગુરુપૂર્ણિમા નિમિત્તે ઓનલાઇન દર્શન



પવિત્ર ગુરુપૂર્ણિમા નિમિત્તે ઓનલાઇન સત્સંગ

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI





**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા શિવાનંદ આશ્રમના અંતેવાસીઓ અને સંબંધિત દૈનિક ભક્તોના કોરોના ચેકઅપ અભિયાન અંતર્ગત કેમ્પ યોજાયો.**

## શ્રીકૃષ્ણ પરમાત્મા

જે પોતે વિષમ સંજોગોમાં, કાજળ કાળી રાતે ભયાનક જોખમ અને માનસિક તાણ વચ્ચે જન્મ્યા હતા, જેમણે તમામ નકારાત્મક પરિબળો પર વિજય મેળવ્યો અને પોતાના કેદી માતાપિતાને છોડાવ્યાં, તે પરમાત્મા શ્રીકૃષ્ણ તમારા સૌ પર દિવ્ય કૃપા તથા આશીર્વાદ વરસાવે અને અંધકારમાંથી પ્રકાશ ભણી, અસત્યમાંથી સત્ય ભણી અને મૃત્યુમાંથી અમરત્વ ભણીની યાત્રામાં સફળતા પ્રાપ્ત કરાવવા સહાયરૂપ બને એવી મારી વિનમ્ર પ્રાર્થના છે ! **- સ્વામી ચિદાનંદ**

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh** Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234